BAOU
Education for All

ડૉ.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

# BACHELOR OF SOCIAL WORK



# BSWR-401

## સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-401
# સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

વિભાગ

# 1

## સામાજિક કાર્ય સંશોધન અને આંકડાઓ


એકમ-1 વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ

એકમ-2 વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ? અર્થ અને લક્ષણો તેમજ ખ્યાલ એટલે શું ? તેના પ્રકારો અને લક્ષણો

એકમ-3 વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ સંશોધકની લાક્ષણિકતાઓ

ISBN : 978-81-946447-8-1


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. વિપીન મકવાણા** | નિયામક, ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર, તા. દેથલી, જિ.ખેડા. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **પ્રો.(ડૉ.) ભરતભાઈ જોશી** | પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2022**

**Copyright©2022 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-401 સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

**વિભાગ-1 : સામાજિક કાર્ય સંશોધન અને આંકડાઓ**

એકમ-1 વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ

એકમ-2 વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ? અર્થ અને લક્ષણો તેમજ ખ્યાલ એટલે શું ? તેના પ્રકારો અને લક્ષણો

એકમ-3 વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ સંશોધકની લાક્ષણિકતાઓ

**વિભાગ-2 : સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધન**

એકમ-1 સામાજિક સંશોધનનો અર્થ, લક્ષણો અને મહત્ત્વ

એકમ-2 સમાજકાર્ય સંશોધનનો અર્થ અને લક્ષણો

એકમ-3 સમાજકાર્ય સંશોધનના હેતુઓ, મહત્ત્વ અને કાર્યક્ષેત્રો

**વિભાગ-3 : સંશોધન યોજના, સોપાનો અને નમૂના પસંદગી**

એકમ-1 સંશોધન યોજનાનો અર્થ અને પરિચય

એકમ-2 સમાજકાર્ય સંશોધનના સોપાનો, સમસ્યા પસંદગીના નિર્દેશકો

એકમ-3 સમસ્યાના સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા

એકમ-4 હેતુઓ, ચલ અને ઉત્કલ્પનાનું ઘડતર

એકમ-5 નમૂનાનો અર્થ અને પ્રકારો

**વિભાગ-4 : માહિતી એકત્રીકરણ, આંકડાશાસ્ત્ર અને અહેવાલ લેખન**

એકમ-1 માહિતી અર્થ અને પ્રકારો

એકમ-2 પ્રાથમિક માહિતી એકત્રિત કરવાની પ્રયુક્તિઓ

એકમ-3 આંકડાશાસ્ત્રનો અર્થ અને સમાજકાર્ય સંશોધનમાં મહત્ત્વ

એકમ-4 સંશોધન અહેવાલ લેખન, અર્થ, ઉપયોગિતા અને અહેવાલ લેખનનું માળખું

## ઘટક પરિચય :

આદિમાનવો પર્યાવરણની ખૂબ જ નજીક હતાં. ઇતિહાસમાં જો આપણે ડોકિયું કરીએ તો આ બાબત વિશે આપણને વિગતે ખ્યાલ આવી શકે છે. માણસ રખડતું અને ભટકતું જીવન જીવતો હતો. જંગલમાં રહીને જંગલમાંથી કેળું, સફરજન જે કંઈ મળે તે ખાઈ પોતાની ભૂખની જરૂરિયાત સંતોષતો હતો. અચાનક એકવાર જંગલમાં આગ લાગી, જેના પરિણામે તેને કાચા માંસને બદલે બાફેલું માંસ ખાવા મળ્યું. એટલે ફરી જ્યારે, માંસ ખાવાની ઈચ્છા થાય ત્યારે તે પથ્થરો વચ્ચે ટકરાવ કરે, જંગલમાં આગ લગાડે અને પોતાની ભૂખ સંતોષે. રખડતા અને ભટકતા જીવનના પરિણામે તેને થાકનો અનુભવો થયો. માટે તેણે પૈડું શોધ્યું. પછી ગાડાની શોધ કરી. આમ, તેણે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ગાડાનો ઉપયોગ કર્યો. સ્થાયી જીવનની શરૂઆત થઈ. ખેતીની શરૂઆત કરાઈ. અનાજનું ઉત્પાદન કર્યું. ભૌગોલિક સ્થિતિ જુદી-જુદી હોવાના કારણે ક્યાંક ઘઉં પાકે તો, ક્યાંક બાજરી. આમ, ઘઉં પકવનારને બાજરીની જરૂરિયાત હોય તો ઘંઉના સાટે બાજરી આપી ઘઉં લે. આમ, વિનિમય (આપ-લે)પ્રથાની શરૂઆત થઈ. કોઈકને આપેલી વસ્તુ યાદ રાખવી પડે માટે ગણિતની શરૂઆત થઈ. ગણન માટે એકા, અગિયારા અસ્તિત્ત્વમાં આવ્યાં.

આમ, આદિમાનવથી આધુનિક માનવ તરફનાં પ્રયાણને ક્રમશઃ સમજીએ તો વિજ્ઞાનના તબક્કાવાર વિકાસનો ખ્યાલ આવી શકે છે. વિજ્ઞાનની વિવિધ શોધો એ આખરે, જરૂરિયાતનું પરિણામ છે. માનવે પોતાની વિવિધ જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અનેક પ્રકારની શોધખોળો કરી છે. શોધખોળ કરનાર શાસ્ત્રને વિજ્ઞાન કહેવાય છે. પ્રસ્તુત એકમમાં વિજ્ઞાન એટલે શું અને તેને તેની વિવિધ લાક્ષણિકતાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવેલી છે.

## ઘટકના હેતુઓ :

1) સમાજકાર્યના વિદ્યાર્થીઓને સંશોધન વિશેની સમજણ પ્રાપ્ત થશે.

2) વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકશે.

3) સમાજકાર્યના વિદ્યાર્થીઓમાં સંશોધન વિશેની વૈજ્ઞાનિક દષ્ટિનો વિકાસ થશે.

4) વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ?, તેનો અર્થ વિદ્યાર્થીઓ સમજશે.

5) વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો વિશેની જાણકારી પ્રાપ્ત કરશે.

6) ખ્યાલ એટલે શું ? તેનો અર્થ સમજી અને તેના લક્ષણો વિશેની જાણકારી વિદ્યાર્થીઓને મળશે.

7) ભાવિ સંશોધકોમાં વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થશે.

8) વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ સંશોધકમાં કઈ જુદી-જુદી લાક્ષણિકતાઓ હોવી જોઈએ તેના વિશેની જાણકારી મેળવશે.

9) સમાજકાર્યના વિદ્યાર્થીઓમાં સંશોધન વિશે પાયાનો ખ્યાલ સ્પષ્ટ થશે.

10) વિદ્યાર્થીઓને સંશોધન વિશેની સૈદ્ધાંતિક સમજણ ઊભી થશે.

# એકમ–1 વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ

**: એકમનું માળખું :**

**1.0 પ્રસ્તાવના**

**1.1 એકમના હેતુઓ**

**1.2 વિજ્ઞાનનો અર્થ**

**1.3 વિજ્ઞાનના લક્ષણો**

**1.4 તમારી પ્રગતિ ચકાસો**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 સ્વાધ્યાય લેખન**

**1.9 પ્રવૃત્તિ**

**1.10 કેસસ્ટડી**

**1.11 સંદર્ભગ્રંથ**

## 1.0 પ્રસ્તાવના

વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. જ્ઞાન મેળવવા માટેની જુદી જુદી પદ્ધતિઓનો વર્ષો જૂનો ઇતિહાસ છે. આદિમાનવ જંગલમાં રહેતો હતો. જંગલમાંથી મળતી જુદી-જુદી વસ્તુઓનો ઉપયોગ કરી તેનું ગુજરાન ચલાવતો હતો. જંગલમાંથી કેળું, સફરજન વગેરે જે કંઈ મળે તે ખાતો હતો. જંગલી પ્રાણીઓનો શિકાર કરી તેનો ખોરાક તરીકે ઉપયોગ કરતો હતો. એક વખત જંગલમાં અચાનક આગ લાગે, જેના પરિણામે કાચા માંસને બદલે બાફેલું માંસ ખાવા મળ્યું, કાચા માંસ કરતા બાફેલું માંસ વધારે સ્વાદિષ્ટ લાગ્યું એટલે જ્યારે તેને માંસ ખાવાની ઇચ્છા થાય એટલે તે બે પથ્થરો વચ્ચે ટકરાવ કરે, જંગલમાં આગ લગાડે અને પોતાની માંસ ખાવાની જરૂરિયાત સંતોષે આ રીતે, જંગલમાં રખડતું અને ભટકતું જીવન જીવતો માણસ રખડીને થાકી જાય, માટે તેણે સ્થાયીજીવનની શરૂઆત કરી, ખેતી કરવાની શરૂઆત કરી. ચક્રની શોધ કરી, એક જગ્યાએથી તે બીજી જગ્યાએ જવા માટે તેણે વાહનની શોધ કરી. ગણતરી માટે અગિયારાનો ઉપયોગ કર્યો. એમ ક્રમશઃ આજે કેલ્ક્યુલેટર અને અતિ આધુનિક કમ્પ્યુટરની શોધ થયેલ છે.

ટૂંકમાં આદિમાનવથી લઈ આધુનિક માનવ તરફ પ્રયાણ કરીએ તો જરૂરિયાતના આધારે જુદા-જુદા પ્રકારના જ્ઞાનનું સર્જન થયું છે. જ્ઞાનની જુદી-જુદી શાખાઓનો વિકાસ થયો છે અને એ રીતે આપણને નવું જ્ઞાન પ્રાપ્ત થઈ રહ્યું છે. આજે રોજ-બરોજ નવાં-નવાં સંશોધનો થતા રહે છે. જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારનું જ્ઞાન ઉમેરાતુ જાય છે. આજે એકવીસમી સદીને માહિતી અને જ્ઞાનની સદી તરીકે ઓળખવામાં આવે છે. વિકાસની પ્રક્રિયામાં જ્ઞાનનું વિશિષ્ટ મહત્ત્વ છે. હિંસક

પ્રાણીઓથી બચવા માટે માણસે સમૂહમાં રહેવાની શરૂઆત કરી. હિંસકપ્રાણીઓનો સામનો કરવા વિવિધ પ્રકારનાં સાધનોની શોધખોળ કરી જેને પ્રકૃતિ સાથેના સમાયોજનનો એક ભાગ ગણાવી શકાય. આજે વિજ્ઞાન અને ટૅક્નોલોજીના આડેધડ ઉપયોગના પરિણામે માણસે એક બીજા ઉપર પ્રભુત્વ જમાવ્યું છે. એક દેશ બીજા દેશને ખતમ કરવાની પેરવીમાં છે. સામાજિક વિકાસની પ્રક્રિયામાં વિજ્ઞાનનું એક વિશિષ્ટ સ્થાન છે. આ સંદર્ભમાં વિજ્ઞાનની વિસ્તૃત વિભાવના સમજવાનો અહી પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 1.1 એકમના હેતુઓ

1) વિજ્ઞાનનો સ્પષ્ટ અર્થ સમજી શકાશે.

2) વિજ્ઞાનના લક્ષણો સમજી શકાશે.

3) સંશોધનના વિષયમાં વિજ્ઞાનનું મહત્ત્વ સમજી શકાશે.

## 1.2 વિજ્ઞાનનો અર્થ

વિજ્ઞાન શબ્દ અંગ્રેજીભાષાના સાયન્સ શબ્દનો ગુજરાતી પર્યાય છે. આ શબ્દ મૂળ લેટિન ભાષામાંથી બનેલો છે, જેનો અર્થ જાણવું એવો થાય છે. પરંપરાગત રીતે વિજ્ઞાનનો અર્થ ''વ્યવસ્થિત જ્ઞાન'' એવો થાય છે. પરંતુ વિજ્ઞાનનો આ અર્થ ઘણો સિમીત છે. વિજ્ઞાનની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. પરંતુ કેટલાંક વિદ્વાનો એ વિજ્ઞાનને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે. વિજ્ઞાન વિશેની કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

(1) મનોવૈજ્ઞાનિક હેવ લોક એલિસના જણાવ્યા પ્રમાણે વસ્તુઓના કારણોની શોધને વિજ્ઞાન કહેવામાં આવે છે.

(2) જુલિયન હક્સલે વિજ્ઞાનની વ્યાખ્યા કરતાં લખે છે કે, વિજ્ઞાન એક એવી પ્રવૃત્તિ છે જે વડે આપણે આજે પ્રકૃતિની વિગતો ઉપર નિયંત્રણ કરવા માટેનું ઘણું ખરું જ્ઞાન મેળવીએ છીએ.

(3) જ્યોર્જ ઝીમી વિજ્ઞાનની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''વ્યવસ્થિત અને સુસંગત નિરીક્ષણ દ્વારાં એકત્રિત કરાયેલ કોઈ સંગઠિત જ્ઞાન સમુદાયને વિજ્ઞાન કહી શકાય.''

(4) ગુડે અને હટ્ટના જણાવ્યા પ્રમાણે ''વિજ્ઞાનને જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે અથવા મર્યાદિત વિષય વસ્તુને લગતું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારાં મેળવેલુ જ્ઞાન એટલે વિજ્ઞાન.''

(5) હેનરી મોઈનકરના જણાવ્યા પ્રમાણે ''વિજ્ઞાન એ વસ્તુઓ વિશેનું જ્ઞાન નથી, પરંતુ તેમની વચ્ચેના સંબંધો વિશેનું જ્ઞાન છે.''

(6) વિલ્સન લખે છે કે, કોઈપણ મર્યાદિત વિષયવસ્તુને લગતાં સાર્વત્રિક નિયમો શોધવાના હેતુથી રચાયેલી જ્ઞાનની કોઈપણ શાખાને વિજ્ઞાન કહી શકાય.

(7) વેબ્સ્ટર શબ્દકોષમાં ઉલ્લેખ થયા પ્રમાણે પદ્ધતિસરના જ્ઞાનની કોઈપણ શાખાને વિજ્ઞાન કહેવાય. વિજ્ઞાનએ હકીકતો, નિરીક્ષણ અને વર્ગીકરણ સાથે સંકળાયેલી જ્ઞાનની શાખા છે. વિજ્ઞાનએ ખાસ કરીને ચકાસી શકાય તેવા સર્વ સામાન્ય નિયમો સ્થાપવા સાથે અને મુખ્યત્વે ઉપકલ્પના દ્વારા સર્વસામાન્ય નિયમો સ્થાપવા સાથે સંકળાયેલું છે. તેમજ તે સર્વ સામાન્ય નિયમો શોધવા માટે પદ્ધતિસર રીતે ગોઠવાયેલું અને રચેલું સંચિત જ્ઞાન છે.

(8) ડૉ. સિંગર જણાવે છે કે, વિજ્ઞાન એક પ્રક્રિયા છે. જે જ્ઞાન તારવે છે, અને સર્જન કરે છે.

(9) યંગ અને મેકના જણાવ્યા પ્રમાણે "વિજ્ઞાનએ જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. બીજા શબ્દોમાં કહીએ તો મર્યાદિત વિષયવસ્તુને લગતું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારાં મેળવેલું જ્ઞાન એટલે વિજ્ઞાન."

ટૂંકમાં ઉપરોક્ત જુદી-જુદી વ્યાખ્યાઓ ઉપરથી ટૂંકમાં કહી શકાય છે કે, વિજ્ઞાન એક વિશિષ્ટ જ્ઞાન છે અને તે એક એવી પદ્ધતિ છે કે જે આપણને જ્ઞાન તરફ લઈ જાય છે. વિજ્ઞાનનો મુખ્ય હેતુ પોતાના વિષય કે ક્ષેત્ર અંગે શક્ય હોય એટલી વધારે પ્રમાણભૂત માહિતી એકત્ર કરવાનો છે. જુદી-જુદી વ્યાખ્યાઓના આધારે નીચેની બાબતો જુદી તારવી શકાય છે.

(1) વિજ્ઞાન સંગઠિત જ્ઞાન સમુદાયનું એકત્રીકરણ કરે છે.

(2) વિજ્ઞાન જુદાં-જુદાં પ્રકારની માહિતી માટે અવલોકનનો આધાર લે છે.

(3) વૈજ્ઞાનિક નિરીક્ષણ પદ્ધતિસરનું હોય છે.

(4) કોઈપણ પ્રકારનાં વ્યવસ્થિત સંગઠિત સમુદાયને વિજ્ઞાન કહેવામાં આવે છે.

જ્યોર્જ ઝિમીએ આપેલ વ્યાખ્યામાં વિજ્ઞાનના હાર્દ સમી ઉપરોક્ત ચારેય બાબતોનો સમાવેશ કરેલ છે. સંગઠિત વૈજ્ઞાનિક જ્ઞાન સમુદાયમાં કોઈપણ એક વિષયના તથ્યો, સિદ્ધાંતો, નિયમો અને ઉપકલ્પના પરિકલ્પનાઓનો સમાવેશ થાય છે. આમ, વૈજ્ઞાનિક જ્ઞાનએ જુદાં-જુદાં પ્રકારના જ્ઞાનની સરખામણીમાં સંગઠિત હોવાથી એક જુદાં જ પ્રકારની છાપ પડે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં રોજ-બરોજ જુદાં-જુદાં અભ્યાસો અને નવી શોધખોળો થતી રહે છે. વધતી જતી વસ્તીની વિવિધ પ્રકારની જરૂરિયાતોને સંતોષવા માટે કૃષિક્ષેત્રે રોજ નવી શોધો થાય છે. દૂધની જરૂરિયાત સંતોષવા માટે પશુપાલનના નિષ્ણાંતો કાર્યરત છે. સરહદી સીમાઓની સુરક્ષા માટે જુદાં-જુદાં પ્રકારની યંત્ર સામગ્રીના નિર્માણ માટે વૈજ્ઞાનિકો કામ કરી રહ્યાં છે. કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેતક્રાંતિએ વૈજ્ઞાનિક શોધખોળોનું જ એક પરિણામ છે. આ દૃષ્ટિએ વિજ્ઞાન વિશેની પાયાની સમજણ સમાજવિજ્ઞાનનાં વિદ્યાર્થીમાં હોવી જરૂરી છે.

## 1.3 વિજ્ઞાનનાં લક્ષણો

વિજ્ઞાનનું કામ નવું-નવું જ્ઞાન શોધીને નવા-નવા સિદ્ધાંતો સ્થાપિત કરવાનું છે, જેનાથી સમાજજીવનની જુદી-જુદી જરૂરિયાતો સંતોષવા માટે નવા-નવા સંશોધનો વિકસાવી શકાય.

ફ્રાંકિસ દ્વારા વિજ્ઞાનની ઓળખ માટે કેટલાંક લક્ષણો દર્શાવાયા છે જે નીચે મુજબ છે.

**1) વિજ્ઞાન અનુભવજન્ય છે:**

તેનો અર્થ એ છે કે વિજ્ઞાન જાણી શકાય તેવા વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે. નજરે જોયેલી અને અનુભવે મેળવેલી માહિતીમાં જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈપણ બનાવ કે ઘટનાનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરવા માટે ઘટનાનું ધ્યાનથી નિરીક્ષણ કરવું જરૂરી છે. આંખે જોવાથી, કાનની મદદથી ધ્યાનથી સાંભળવાથી વાસ્તવિકતા જાણી શકાય છે અને વસ્તુ ઠંડી છે કે ગરમ છે તે જાણવા માટે સ્પર્શથી જાણી શકાય છે. પ્રત્યક્ષ અનુભવના આધારે મેળવેલી માહિતી ક્યારેય ભૂલાતી નથી. આ પ્રકારની માહિતીને અનુભવજન્ય માહિતી તરીકે ઓળખી શકાય. આમ, પ્રત્યક્ષ રીતે જ્ઞાનેન્દ્રિયો દ્વારા મેળવેલું જ્ઞાન એ વૈજ્ઞાનિક પદ્ધતિનું અંગ ગણાવી શકાય.

જ્ઞાનેન્દ્રિયો દ્વારા માહિતી મેળવવા માટે જુદી-જુદી ટેકનિક અને સંશાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં જુદા-જુદા સાધનો જેવા કે ટ્યુબ, બીકર, સ્ટવ, માઈક્રોસ્કોપ, બર્નર વગેરેનો ઉપયોગ કરીએ છીએ. જ્યારે, સમાજશાસ્ત્રીઓ મુલાકાત પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ, અનુસૂચિ,

પ્રશ્નાવલી, જૂથ ચર્ચા અને મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરે છે. ટૂંકમાં વિજ્ઞાનમાં કાલ્પનિક માહિતીને સ્થાન હોતું નથી. પરંતુ, તેમાં ચોક્કસ ઘટના કે પ્રસંગ સંદર્ભે જ્ઞાનેન્દ્રિયોની મદદથી અનુભવના આધારે મેળવેલ માહિતી વિશ્વસનીય ગણવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં એવા સમાસ અવરોધક ઘણા મુદ્દાઓ છે. જેમ કે સમાજમાં આજે છેડતી, બળાત્કાર કે ખેડૂતોની આત્મહત્યાઓનું પ્રમાણ કેમ વધી રહ્યું છે તે વિશેની વાસ્તવિક માહિતી અસરગ્રસ્તોની રૂબરૂ મુલાકાતનાં અંતે માહિતી મેળવી શકાય છે. સહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં તો સંશોધક પોતાની જાતને સીધી રીતે અભ્યાસમાં સામેલ કરી છે. જેના પરિણામે અનુભવલક્ષી માહિતી અને જ્ઞાન સંશોધક પ્રાપ્ત કરી શકે છે.

**2) વિજ્ઞાન હકીકતલક્ષી છે:**

વિજ્ઞાન કથનો સાથે સંકળાયેલું છે. કથનો એટલે વસ્તુ કે હકીકતો વિશેના સત્યમૂલક વિધાનો. અનુભવના આધારે જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે માહિતી એકત્રિત કરવામાં આવી હોય છે તેને હકીકતોનાં રૂપમાં ફેરવવામાં આવે છે. કઈ-કઈ હકીકતોની ચકાસણી કરવાની જરૂરિયાત છે તે અંગે નિર્ણય કરી શકાય છે. વિજ્ઞાનમાં હકીકતોની ચકાસણી, હકીકતો વચ્ચેના પરસ્પરના સંબંધોની ચકાસણી કરી તેને સિદ્ધાંતના રૂપમાં સ્થાપિત કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. સાચી એકત્રિત માહિતીને હકીકતોનાં સ્વરૂપમાં ફેરવવામાં આવે છે. કોફમેન જણાવે છે કે, જે માહિતીને હકીકતના સ્વરૂપમાં બદલવામાં આવી હોય તેનો વિજ્ઞાનમાં સ્વીકાર કરવામાં આવ્યો હોય અને ભવિષ્યમાં તે અસ્વિકૃત થાય તો તેમાં સુધારો કરી શકાય છે. એટલે વિજ્ઞાન હકીકતલક્ષી છે તેમ કહી શકાય. જેમ કે આપણો દેશ સ્વતંત્ર થયા પછી આપણે આયોજન બદ્ધ રીતે દેશના વિકાસની શરૂઆત કરી. આ માટે જુદી-જુદી પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી. યોજનાઓ પૂર્ણ થતાં યોજનાઓનું મૂલ્યાંકન કરી તેમાં જરૂરી સુધારા-વધારા કરી નવી પંચવર્ષીય યોજનાઓનું નિર્માણ કરવામાં આવે છે. મૂલ્યાંકનનાં અંતે આપણને વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવી શકે છે. યોજનાઓની નિષ્ફળતા માટે ઘણી ખરી યોજનાઓમાં લોકભાગીદારી મુખ્ય કારણભૂત બને છે. માટે આજકાલ આપણે જોઈએ તો સમાજ વિકાસ અને ગ્રામ વિકાસને લગતી કોઈપણ યોજનાઓમાં લોકભાગીદારી ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. લોકભાગીદારીના પરિણામે આજે આપણે જોઈએ છે કે, યોજનાઓની સફળતાની ટકાવારીનું પ્રમાણ વધી ગયું છે. આમ, વિજ્ઞાન હકીકત બક્ષી છે તેમ કહી શકાય.

**3) વિજ્ઞાન તાર્કિક છે દલીલોનો સંવાદ છે:**

તર્કશાસ્ત્ર વિજ્ઞાનનું પીઠબળ છે. વિજ્ઞાન એ તર્કના પાયા ઉપર રચાયેલું છે. વિજ્ઞાન અમુક તર્ક અને દલીલોના આધારે કોઈક તારણ ઉપર પહોંચે છે. આ તારણોને યોગ્ય ઠેરવવા માટે વ્યાજબી કારણને રજૂ કરવા પડે છે. આમ, આ દષ્ટિએ વિજ્ઞાન તાર્કિક છે તેમ કહી શકાય.

સંશોધનમાં માહિતી મેળવવાની જુદી-જુદી પદ્ધતિઓ છે. નિરીક્ષણ દ્વારા (અવલોકન પદ્ધતિ)થી માહિતી એકત્ર કરવામાં આવે છે. નિરીક્ષણ દ્વારા મેળવાયેલ માહિતી સાચી છે કે ખોટી તેના માટે મળેલ માહિતીને તર્કની કસોટી ઉપર ચઢાવવામાં આવે છે. વિજ્ઞાનમાં ઘણી જગ્યાએ તાર્કિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. માહિતી વેર-વિખેર પડેલી હોય છે. જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરી હકીકતો મેળવવામાં આવે છે; પરંતુ, આ પૂરતું નથી, કારણ કે હકીકતો પોતે કહેતી નથી. છૂટી-છવાઈ હકીકતો અર્થ વગરની છે. આ હકીકતોને તાર્કિક રીતે ગોઠવણી

કરવામાં આવે તે જરૂરી છે. વિજ્ઞાન અનેકવિધ પ્રક્રિયાના અંતે શાશ્વત સત્યનો સ્વીકાર કરે છે. કેમ ? ક્યારે ? શું ? કઈ રીતે ઘટના ઘટી તેના તર્કબદ્ધ જવાબો હોવાં જરૂરી છે. જેમ કે, કચ્છના ભૂકંપ દરમ્યાન જે લોકોના મકાનો પડી ગયા હતા તેમના મકાનો જુદી-જુદી યોજનાઓ થકી અતિ-આધુનિક સ્ટાઈલનાં બનાવવામાં આવ્યા હતા. પરંતુ આ મકાનોમાં કેટલાયે પરિવારો વસવાટ કરતા ન હતા. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે અહીના લોકોની રહેણીકરણી જુદાં જ પ્રકારની છે. બનાવેલ મકાનો તેમની પ્રકૃતિને માફક નથી. આ પ્રકારની પુનવર્સનને લગતી કામગીરી દરમ્યાન વસવાટ કરનાર લોકોની જરૂરિયાત શું છે ? તેઓ શું ઇચ્છે છે તેના વિશેની જાણકારી મેળવવી જરૂરી છે. પુનવર્સનની પ્રક્રિયામાં લોકભાગીદારીનો ખ્યાલ એકદમ પાયારૂપ છે. તાર્કિક દલિલો અને સંવાદના આધારે આપણને સેવાર્થીની વાસ્તવિક જરૂરિયાતો વિશેનો ખ્યાલ આવી શકે છે. ટૂંકમાં હાલની પદ્ધતિમાં શું ખામીઓ છે. તેના વિશેની જાણકારી મેળવી તેમાં જરૂરી સુધારણા કરી શકાય છે. કોઈપણ યોજનાને લોકભોગ્ય બનાવવા માટે લોકભાગીદારી વિશેના પાયાના ખ્યાલ વિશેની જાણકારી જરૂરી છે. આમ, વિજ્ઞાન તાર્કિક છે તેમ કહી શકાય.

**4) વિજ્ઞાન ચકાસણીજન્ય છે. વિજ્ઞાન તપાસી શકાય છે :**

વિજ્ઞાન દ્વારા કોઈપણ નિયમ કે સિદ્ધાંત એ માત્ર તર્ક કે દલીલના પાયા પર જ રચવામાં આવતા નથી. જે કંઈ નિયમ કે સિદ્ધાંત સ્થાપિત પ્રતિપાદિત કરવામાં આવે તેના માટે અનુભવજન્ય આધાર-પુરાવાઓ પૂરા પાડવામાં આવે છે. જેના પરિણામે મળેલ માહિતી વધુ વિશ્વસનીય બને છે. આ નિયમ કે, સિદ્ધાંત સાચો છે કે ખોટો તે અનુભવજન્ય પુરાવાના આધારે ચકાસી શકાય છે.

દા.ત. ઝાડ ઉપરથી સફરજન નીચે પડ્યું એટલે ન્યુટનને થયું કે આ સફરજન ઝાડ ઉપરથી નીચે જ કેમ પડ્યું ? ઉપર કેમ ન ગયું ? નીચે આવવા પાછળ વિજ્ઞાનનો કયો નિયમ કે સિદ્ધાંત કામ કરે છે તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમણે શોધખોળ ચાલું કરી અને પછી તેમણે ગુરુત્વાકર્ષણના નિયમ અંગેની શોધ કરી. વિજ્ઞાન સારા અને ખોટાનો ભેદ પારખી શકે છે. વિજ્ઞાન દ્વારા સ્થાપિત કોઈપણ નિયમ કે સિદ્ધાંતને પડકારી શકાય છે અને જો ખોટો સાબિત થાય તો તેનો અસ્વીકાર કરવામાં આવે છે. જેમ કે પહેલાં વધતી જતી અનાજની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ખેતીમાં જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરની વપરાશ ઉપર ભાર મૂકવામાં આવતો હતો પરંતુ, સમય જતાં જંતુનાશક દવાઓની આડ-અસરો વિશેનો ખ્યાલ આવ્યો માટે આજે જંતુનાશક દવા અને ખાતરના બદલે સજીવ ખેતી ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. આમ, વિજ્ઞાનને તપાસી અને ચકાસી શકાય છે.

**5) વિજ્ઞાનથી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છેઃ**

સ્પષ્ટીકરણ કે ખુલાસા માંગી લેતી બાબતો અને હકીકતોને વિજ્ઞાનમાં સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. કેમ ? શા માટે ? ક્યારે ? ક્યાં ? વગેરે જેવા શંકા ઊભા કરતાં પ્રશ્નો એટલે સમસ્યા. અહીં સમસ્યા શબ્દ સામાજિક સમસ્યાનાં સંદર્ભમાં તેનું પ્રયોજન કરવામાં આવ્યું નથી; પરંતુ, વિજ્ઞાનમાં સમસ્યા શબ્દનું પ્રયોજન વિશિષ્ટતાના સંદર્ભમાં કરવામાં આવે છે.

સમસ્યાના ઉકેલ માટે ઉપકલ્પનાનું નિર્માણ કરવામાં આવે છે. ઉપકલ્પના હકીકતમાં એક કામચલાઉ વિધાન છે; પરંતુ ઉપકલ્પના સમસ્યાના સૂચિત ઉકેલ માટે મદદરૂપ થાય છે.

ઉપકલ્પનાનું નિર્માણ કર્યા પછી સંશોધનના માધ્યમથી ઉપકલ્પનાની ચકાસણી થાય છે. વૈજ્ઞાનિક અભ્યાસ માટે સમસ્યા ખૂબ જ મહત્ત્વની બાબત છે. વિજ્ઞાન એ સમસ્યાના ઉકેલ માટે મદદરૂપ નીવડે છે. સમાજમાં એવા ઘણાં પ્રશ્નો છે કે જેનો ઉકેલ સંશોધનના આધારે ઉકેલી શકાય છે. જેમ કે સમાજમાં ગુનાખોરીનું પ્રમાણ વધી ગયું છે. ઝુંપડપટ્ટી વિસ્તારોમાં ગંદકીનું વિશેષ પ્રમાણ જોવા મળે છે. આમ, આવી જુદી-જુદી સામાજિક સમસ્યાઓનાં ઉકેલ માટે વિજ્ઞાનની મહત્વપૂર્ણ ભૂમિકા છે. વાસ્તવિક સ્થિતિ સુધી પહોંચવા માટે વિજ્ઞાન મદદરૂપ બની શકે છે.

**6) વિજ્ઞાન જાહેર બાબત છે :**

વિજ્ઞાન એ કથનાત્મક છે, એટલે વિજ્ઞાનનાં કથનો એક વિજ્ઞાની પાસેથી જુદા જુદા માધ્યમો દ્વારા અન્ય લોકો સુધી પહોંચે છે. આજે સંદેશાવહનનાં જુદા જુદા માધ્યમો થકી એક જગ્યાએથી બીજી જગ્યાએ માહિતી ખૂબ ઝડપથી પહોંચી જાય છે. જુદા જુદા જર્નલમાં લેખો પણ પ્રસિદ્ધ થાય છે. આમ, વિજ્ઞાન એ સાર્વજનિક બાબત છે, તેમ કહી શકાય. વિજ્ઞાનની હકીકતો, કથનો કે, ખ્યાલનો ઉપયોગ કોઈ પણ કરી શકે છે. આ દૃષ્ટિએ વિજ્ઞાન જાહેર બાબત છે, તેમ કહી શકાય. સમાજના સમતોલ વિકાસ માટે આ ખૂબ પાયાનો વિચાર છે. આજે સમાજમાં એવાં ઘણાં સંશોધનો રોજ-બરોજ થતા રહે છે. સામાજિક હીતમાં આ બધાં જ પ્રકારની માહિતી અને જ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય છે. જેના પરિણામે આજે સમાજ વૈજ્ઞાનિક જ્ઞાનની દૃષ્ટિએ ખૂબ સમૃદ્ધ બનેલ છે. આમ, વિજ્ઞાન જાહેર/ખુલ્લી બાબત છે તેમ કહી શકાય.

**7) વિજ્ઞાન અમૃત છે :**

વિજ્ઞાનને જોઈ શકાતું નથી; પરંતુ, તેની સમજણ, પ્રશ્ન સૂચક બાબતો, હકીકતો, નિયમો, સિદ્ધાંતો વગેરેને સમજી શકાય છે; પરંતુ, નક્કર ઘટના કે પ્રસંગના રૂપમાં તેને જોઈ શકાતું નથી. જેમ કે, ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત દરજ્જો કે ભૂમિકા જેવાં ખ્યાલો અમૂર્ત છે. વિજ્ઞાન વધુને વધુ અમૃત બનવા પ્રયત્ન કરે છે. વ્યક્તિની જુદી-જુદી ભૂમિકા, જવાબદારી, દરજ્જો વગેરે જોઈ શકાતા નથી. રોજ જુદા-જુદા પ્રકારના સંશોધનો થતાં રહે છે. નવી હકીકતોની શોધ થાય છે અને જૂની હકીકતો વધારે સ્પષ્ટ થતી જાય છે અને હકીકતો વચ્ચેના સંબંધોની જાણકારી મળે છે. ખાંડ ગળી છે તેનો ચાખવાથી ખ્યાલ આવી શકે છે; પરંતુ, ખાંડમાં જે ગળપણ છે તે જોઈ શકાતું નથી. હવામાં દુર્ગંધ છે આ દુર્ગંધનો અનુભવ કરી શકાય છે. પરંતુ દુર્ગંધને જોઈ શકાતી નથી. આમ, વિજ્ઞાન દ્વારા હકીકતો વચ્ચેના સંબંધોની જાણકારી મળે છે. વિજ્ઞાનએ સતત ચાલતી પ્રક્રિયા છે. એક વખત પ્રસ્થાપિત થયેલ માહિતીમાં પણ રોજ-બરોજ વૈજ્ઞાનિકો નવી શોધખોળો કરતા રહે છે. આમ, વિજ્ઞાન અમૂર્ત છે તેમ કહી શકાય.

**8) વિજ્ઞાન એક વ્યવસ્થા છે :**

સિદ્ધાંત એ વિજ્ઞાનનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. તેથી જેમ-જેમ વિજ્ઞાનનો વિકાસ થતો જાય તેમ તેમ વિજ્ઞાન વ્યવસ્થાના સ્વરૂપમાં વિકસતું જાય છે. વિજ્ઞાનમાં પ્રશ્નસૂચક બાબતો, સ્પષ્ટતાઓ, નિયમો વગેરે બાબતો વધતી જાય તેમ-તેમ સિદ્ધાંત એક વ્યવસ્થાનું સ્વરૂપ મેળવે છે. વિજ્ઞાનમાં ઉત્તરોત્તર પરસ્પર સંબંધિત ખ્યાલો સામાન્યીકરણો અને સિદ્ધાંતો વિકસતા જાય છે. આદિમાનવથી આધુનિક માનવ તરફના પ્રયાણમાં આપણે ડોકિયું કરીએ તો આ બાબત આપણને વધારે સ્પષ્ટપણે જાણવા મળે છે. ક્રમશઃ અનુભવના આધારે જ્ઞાનમાં વધારો થતો જાય છે. જેના પરિણામે માનવજીવન ઘણું સગવડતા ભર્યું બન્યું છે. ચક્રની શોધ પછી આજે

માણસ અતિ આધુનિક વિમાનો અને કમ્પ્યુટર સુધી પહોંચ્યો છે. માનવજીવનની સુખાકારી વધારવા માટે વિજ્ઞાનનો ફાળો વિશેષ છે. આમ, વિજ્ઞાન એક વ્યવસ્થા છે તેમ કહી શકાય.

## 1.4 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. "વિજ્ઞાનને જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. અથવા મર્યાદિત વિષયવસ્તુને લગતુ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન એટલે વિજ્ઞાન" — આ વ્યાખ્યા કયા વિદ્વાને આપી છે.

   (1) જુલિયન હસકલે (2) જ્યોર્જ ઝીમી

   (3) ગુડે અને હટ્ટ (4) હેનરી મેઈનકર

2. વિજ્ઞાનની ઓળખ માટેના લક્ષણો કયા વિદ્વાનોએ આપ્યા.

   (1) ફ્રાંકિસ (2) ડૉ. સિંગર

   (3) યંગ અને મેકના (4) એ. વુલ્ફ

3. વિજ્ઞાનના લક્ષણો કેટલાં છે ?

   (1) 4 (2) 12

   (3) 14 (4) 10

4. વિજ્ઞાનનાં સિદ્ધાંત સ્થાપિત કે પ્રતિપાદિત કરવા માટે અનુભવજન્ય આધાર-પુરાવાઓ પૂરા પાડવામાં આવે છે. જે કઇ વિજ્ઞાની લાક્ષણિકતા દર્શાવ્યું છે ?

   (1) વિજ્ઞાન ચકાસણીજન્ય છે વિજ્ઞાન તપાસી શકાય છે.

   (2) વિજ્ઞાનથી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

   (3) વિજ્ઞાન તાર્કિક છે. દલીલોનો સંવાદ છે.

   (4) વિજ્ઞાન હકીકતલક્ષી છે.

5. વિજ્ઞાનને જોઈ શકાતું નથી તે કયા સિદ્ધાંતનો નિર્દેશ કરો છે ?

   (1) વિજ્ઞાન અમૂર્ત છે. (2) વિજ્ઞાન એક વ્યવસ્થા છે.

   (3) વિજ્ઞાન હકીકતલક્ષી છે. (4) વિજ્ઞાન જાહેર બાબત છે.

## 1.5 ઉપસંહાર

વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. સામાજિક કાર્યકરમાં વિજ્ઞાન વિષયક સમજણ હોય તે જરૂરી છે. સંશોધન કાર્યમાં વિજ્ઞાન વિશેની સમજણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વિજ્ઞાન કોને કહેવાય અને વિજ્ઞાન વિશેની ઓળખ વિશે વિદ્યાર્થી અભ્યાસ કરે તો વિદ્યાર્થીમાં વિજ્ઞાન વિશેની સમજણ વ્યાપક બને. વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિશેનો ખ્યાલ જેટલો ઊંડો હશે તેટલો તે સંશોધન કાર્યમાં વધારે રસ દાખવી શકશે. વિજ્ઞાન વિશેની ઊંડી સમજણના પરિણામે વિદ્યાર્થીઓમાં સંશોધન અંગેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસશે. કોઈપણ સંશોધક સંશોધન કાર્ય કરતાં પહેલાં જેટલો વધારે વિજ્ઞાનનો અભ્યાસ કરે તે જરૂરી છે. વિજ્ઞાન વિશેના અભ્યાસના પરિણામે સંશોધકો સમાજજીવનનાં જુદા-જુદા પાસાંઓને તે ઊંડાણપૂર્વક સમજી શકે છે. આમ, વિજ્ઞાન એટલે શું ? અને વિજ્ઞાનનાં જુદાં જુદાં લક્ષણો વિશેની વિવિધ બાબતો ભાવી સંશોધકોનાં વૈચારિક ઘડતર માટે ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (3) ગુડે અને હટ્ટ
2. (4) એ. વુલ્ફ
3. (1) 4
4. (1) વિજ્ઞાન ચકાસણીજન્ય છે, વિજ્ઞાન તપાસી શકાય છે.
5. (1) વિજ્ઞાન અમૂર્ત છે.

## 1.7 ચાવીરૂપ શબ્દો

1. વિજ્ઞાન : લેટિન ભાષામાંથી બનેલો છે. જેનો અર્થ જાણવું એવો થાય છે.
2. કથન : વસ્તુ કે હકીકતો વિશેના સત્યમૂલક વિધાનો
3. તાર્કિક : તર્કના પાયા ઉપર રચાયેલું વિજ્ઞાન. અમુક તર્ક અને દલીલોના આધારે કોઈ તારણ ઉપર પહોંચે છે.

## 1.8 સ્વાધ્યાય લેખન

1. વિજ્ઞાનનો અર્થ સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. વિજ્ઞાન એટલે શું ? તેના લક્ષણો વિગતવાર સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. વિજ્ઞાનના લક્ષણો ઉદાહરણ સાથે સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. વિજ્ઞાનને જોઈ શકાતું નથી પણ સમજી શકાય છે – પ્રસ્તુત વિધાનની ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 1.9 પ્રવૃત્તિ

1. જુદા જુદા વૈજ્ઞાનિકે આપેલ વ્યાખ્યામાંથી સામાન્ય બાબત તારવો.
2. વિજ્ઞાનના લક્ષણોનો ચાર્ટ બનાવો.

## 1.10 કેસસ્ટડી

1. વિજ્ઞાન અનુભવજન્ય છે તેની એક ઘટના ઉદાહરણ સાથે વર્ણવો.
2. વિજ્ઞાનથી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ઉદાહરણ સાથે સમજાવો.

## 1.11 સંદર્ભસૂચિ


1) પટેલ આર. એસ. (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ, જય પબ્લિકેશન

2) ઉચાટ ડી.એ. (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ

3) દેસાઈ હરિભાઈ જી. અને દેસાઈ કૃષ્ણકાંત જી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

4) શાહ એ.જી અને દવે જે. કે. સામાજિક સંશોધનની પદ્ધતિઓ, અમદાવાદ, અનડા પ્રકાશન.

| એકમ–2 | વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ? અર્થ અને લક્ષણો તેમજ ખ્યાલ એટલે શું ? તેના પ્રકારો અને લક્ષણો |
|---|---|

## : એકમનું માળખું :

**2.0 પ્રસ્તાવના**

**2.1 એકમના હેતુઓ**

**2.2 વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ?**

**2.3 વૈજ્ઞાનિક પદ્ધતિનો અર્થ**

**2.4 વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો**

**2.5 ખ્યાલ એટલે શું ?**

**2.6 વિવિધ પ્રકારના ખ્યાલો**

**2.7 ખ્યાલના લક્ષણો**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

**2.9 ઉપસંહાર**

**2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.11 ચાવીરૂપ શબ્દો**

**2.12 સ્વાધ્યાય લેખન**

**2.13 પ્રવૃત્તિ**

**2.14 કેસસ્ટડી**

**2.15 સંદર્ભગ્રંથ**

### 2.0 પ્રસ્તાવના

સંશોધન જેવું નાજુક અને ઉત્કૃષ્ટ કાર્ય કરતાં પહેલાં તેના વિશેની પાયાની જાણકારી મેળવી લેવી જરૂરી છે, તેની સંકલ્પના સમજી લેવી જરૂરી છે. વ્યક્તિ જ્યારે જ્યારે કોઈપણ પ્રકારની મુશ્કેલી અનુભવે છે. ત્યારે તેનો ઉકેલ મેળવવા માટે પ્રયત્ન કરે છે. સમસ્યાનો ઉકેલ મેળવવા માટેના વ્યાવહારિક ઘણાં રસ્તાઓ હોય છે. પરંતુ, આ બધા ઉકેલોમાં સંશોધન એ સમસ્યાના ઉકેલ મેળવવા માટેનો સૌથી આધુનિક અને વૈજ્ઞાનિક રસ્તો છે. સંશોધન વડે પ્રથમ શક્ય સંબંધિત ઉકેલને ઓળખવામાં આવે છે. ત્યારબાદ પ્રત્યેક ઉકેલને પદ્ધતિસર રીતે તુલનાત્મક પરિસ્થિતિ હેઠળ આવરી લઈને કયો ઉકેલ શ્રેષ્ઠ છે તે નક્કી કરવામાં આવે છે. આમ, સમસ્યાના ઉકેલ માટેના માર્ગો કયાં-કયાં હોઈ શકે તેના વિશેની વિચારણા કરવામાં આવે છે. ઘણી વખત જે-તે ક્ષેત્રનાં નિષ્ણાંત વ્યક્તિઓનું માર્ગદર્શન મેળવી સમસ્યાનો ઉકેલ મેળવવા આવે છે.

સંશોધનમાં સમસ્યા નિવારણની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે છે. સંશોધન એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ વૈજ્ઞાનિક પ્રક્રિયા શરૂઆતથી અંત સુધી નિર્ધારિત કરેલી હોય છે. તેમાં જુદાં જુદાં તબક્કાઓ અને ક્રમ નક્કી કરેલાં હોય છે. જેવી રીતે પ્રયોગશાળામાં જુદા જુદા

પ્રકારના પ્રયોગો કરવામાં આવે છે. જેમાં સાધનોની ગોઠવણી, અવલોકનો, પૃથક્કરણો વડે અર્થઘટનની તારવણી સુધીની દરેક બાબતો ક્રમાનુસાર નક્કી કરવામાં આવે તો આપણે ઈચ્છિત પરિણામ સુધી પહોંચી શકતા નથી. આમ, આ દૃષ્ટિએ સંશોધન પણ આવી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

વૈજ્ઞાનિક પદ્ધતિને સાથે ખ્યાલ સમજવો પણ એટલો જ જરૂરી છે. માટે પ્રસ્તુત પ્રકરણમાં તેની પણ વિસ્તૃત સમજ મેળવીશું.

ખ્યાલ શબ્દનો અર્થ ખૂબ જ વિસ્તૃત અને વિશાળ છે. ખ્યાલને અંગ્રેજીમાં Concept તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત, ખ્યાલ વિશેની તમામ બાબતોનો જેમાં સમાવેશ થતો હોય તેવો ખ્યાલનો પર્યાય, શબ્દ સંકલ્પના છે. ખ્યાલને વિભાવના તરીકે પણ ઓળખવામાં આવે વિભાવના એટલે વિશિષ્ટ પ્રકારની ભાવના.

વાસ્તવિક દુનિયામાંથી સંશોધક જુદા જુદા પ્રકારની હકીકતનો અને તથ્યોને સંશોધનના માધ્યમથી એકત્રિત કરે છે. આ હકીકતનો વચ્ચે જોવા મળતા સંબંધને વ્યક્ત કરવા માટે ખ્યાલોનો ઉપયોગ જરૂરી બની રહે છે. વાસ્તવમાં ખ્યાલ એ હકકીતોના વર્ગને ઓળખવા માટેનું નામ છે. સંશોધક જુદાં જુદાં પ્રકારનાં ખ્યાલોની રચના કરે છે, તેને આપે છે, ખ્યાલને વ્યાખ્યાબદ્ધ કરે છે. આ સમગ્ર પ્રક્રિયાને ખ્યાલીકરણ કહે છે. અંગ્રેજીમાં તેને Coneceptualisation કહે છે. ગુજરાતી ભાષામાં તેના માટે સંકલ્પીકરણ શબ્દનું પ્રયોજન કરવામાં આવે છે.

આમ પ્રસ્તુત પ્રકરણમાં વૈજ્ઞાનિક પદ્ધતિ અને લક્ષણો, ખ્યાલ તેના પ્રકારો વિગતે સમજવા મળશે.

## 2.1 એકમના હેતુઓ

પ્રસ્તુત પ્રકરણ દ્વારા વિદ્યાર્થીઓને નીચેના હેતુઓ જાણવા અને શીખવા મળશે.

- સમાજકાર્ય સંશોધનમાં વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક પદ્ધતિ અંગેનું મહત્ત્વ સમજશે.
- વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક પદ્ધતિ, અર્થ, લક્ષણો અને ઉપયોગિતા વિશેનો ખ્યાલ પ્રાપ્ત કરશે.
- વિદ્યાર્થીઓ ખ્યાલનો અર્થ વિશેની જાણકારી પ્રાપ્ત કરશે.
- વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ખ્યાલ અને તેના લક્ષણોનો વિસ્તૃત પરિચય મળશે.
- સમાજકાર્ય સંશોધનમાં સામાજિક કાર્યકર્તાનો ખ્યાલ વિશેના વિચારો વધુ મજબૂત બનશે.

## 2.2 વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ?

વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે સામૂહિક શબ્દ છે જે અનેક પ્રક્રિયાઓને સ્પષ્ટ કરે છે.જેની મદદથી વિજ્ઞાનનું નિર્માણ થાય છે. વ્યાપક અર્થમાં વૈજ્ઞાનિક પદ્ધતિનું તાત્પર્ય નિષ્પક્ષ અને વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે.

સામાન્ય રીતે વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે એવી બાબત કે જેમાં સંશોધનકર્તા તટસ્થ રહીને, નિષ્પક્ષ રહીને કોઈપણ વિષય, સમસ્યા કે ઘટનાનો અભ્યાસ કરે છે. આ અભ્યાસ માટે માહિતી મેળવવા જુદી જુદી પદ્ધતિઓ જેવીકે પ્રશ્નાવલી, અનુસૂચિ પદ્ધતિ, મુલાકાત માર્ગદર્શિકા વગેરે દ્વારાં માહિતીને એકત્ર કરવામાં આવે છે. મળેલ માહિતીનું વર્ગીકરણ કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. તેના દ્વારા વૈજ્ઞાનિક નિષ્કર્ષો કે સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવે છે. વૈજ્ઞાનિક પદ્ધતિને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજાવવા માટે જુદા જુદા વિદ્વાનોએ કેટલીક વ્યાખ્યાઓ આપી છે, તે નીચે મુજબ છે.

## 2.3 વૈજ્ઞાનિક પદ્ધતિનો અર્થ

1) **લુન્ડબર્ગ :** વિશાળ અર્થમાં વૈજ્ઞાનિક પદ્ધતિમાં પદ્ધતિસરનું નિરીક્ષણ, વર્ગીકરણ અને માહિતીના અર્થઘટનની પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ કહે છે.

2) **કિમ્બોલ યંગઃ** જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ માહિતી એકત્ર કરવી, નિરીક્ષણ કરવા માટે શક્ય હોય ત્યાં સાધનો અને પ્રયુક્તિઓનો ઉપોયોગ કરવો અને તેના દ્વારા માહિતી એકત્રિત કરીને માહિતીને તાર્કિક રીતે માહિતીમાંથી હકીકતો અલગ તારવવી, હકીકતોને તર્કસંગત અને ક્રમબદ્ધ રીતે ગોઠવવી તથા હકીકતો વચ્ચેનો સંબંધ સૂચિત થાય તે રીતે તેમને કથનનાં રૂપમાં રજૂ કરવી એ સમગ્ર પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ કહેવાય.

3) **એ. વુલ્ફઃ** વિસ્તૃત અર્થમાં કોઈપણ સંશોધન પદ્ધતિ કે જેના દ્વારા વિજ્ઞાનનું નિર્માણ થાય છે. અથવા તેનો વિસ્તાર કરવામાં આવે છે. તેને વૈજ્ઞાનિક પદ્ધતિ કહેવાય છે.

4) એનસાયક્લોપિડિયા ઓફ બ્રિટાનિકામાં ઉલ્લેખ થયા મુજબ વૈજ્ઞાનિક પદ્ધતિમાં વિવિધ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આવી પ્રક્રિયાઓમાં નિરીક્ષણ, વર્ગીકરણ, અર્થઘટન, સામાન્યીકરણ વગેરે દ્વારા વિજ્ઞાનોનું ઘડતર થાય છે. વિશાળ અર્થમાં તટસ્થમૂલક અને પદ્ધતિસરનું જ્ઞાન મેળવવાની પદ્ધતિને વૈજ્ઞાનિક પદ્ધતિ કહેવાય.

આમ, વૈજ્ઞાનિક પદ્ધતિમાં વિવિધ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.આવી પ્રક્રિયાઓ, નિરીક્ષણ, વર્ગીકરણ, અર્થઘટન, સામાન્યીકરણ વગેરે દ્વારા વિજ્ઞાનોનું ઘડતર થાય છે. વિશાળ અર્થમાં તટસ્થ અને પદ્ધતિસરનું જ્ઞાન મેળવવાની પદ્ધતિને વૈજ્ઞાનિક પદ્ધિત કહેવાય. એ. વુલ્ફ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિની ઓળખ માટે જુદા જુદા લક્ષણો નક્કી કરવામાં આવ્યાં છે, જે નીચે મુજબ છે :

## 2.4 વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો :

**વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો**

- તટસ્થતા
- વૈજ્ઞાનિક અભિગમ
- અનુભવયુક્ત તપાસ
- સર્વસામાન્ય

વૈજ્ઞાનિક પદ્ધતિની ઓળખ માટે તેના લક્ષણો જાણવા ખૂબ જ જરૂરી છે. લક્ષણો વિશેની વિગતે ચર્ચા નીચે પ્રમાણે છે.

1) **તટસ્થતા :**

વૈજ્ઞાનિક પદ્ધતિની ઓળખ માટે તટસ્થતા નામનું લક્ષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં પદ્ધતિસરની પ્રક્રિયા કરવામાં આવે છે. આ પ્રક્રિયાએ સતત ચાલ્યા કરે છે. સંશોધનમાં સંશોધકે તથ્યો શોધવાના હોય છે. જૂના તથ્યોની ચકાસણી કરવાની હોય છે અને તથ્યો વચ્ચેનો સહસંબંધ તપાસવાનો હોય છે અને તેના આધારે ચોક્કસ પ્રકારના સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવે છે. સિદ્ધાંતો સ્થાપિત કરવા માટે સંશોધકમાં તટસ્થતાનો ગુણ હોવો જરૂરી છે. આ ગુણ વૈજ્ઞાનિક પદ્ધતિમાંથી મળે છે. સંશોધનકાર્યમાં તટસ્થતાનો ગુણ જો ન જાળવવામાં આવે તો સંશોધનમાંથી ઈચ્છનીય પરિણામો પ્રાપ્ત થઈ શકતા નથી. જે પરિણામો આવે છે તે

પરિણામો પૂર્વગ્રહિત હોય છે, જેમાં કોઈ વિશ્વાસ મૂકી શકતું નથી. જે સિદ્ધાંતો પ્રસ્થાપિત થાય છે તે સિદ્ધાંતો ખોટા સાબિત થવાની શક્યતા વધી જાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં પદ્ધતિસર રીતે પ્રક્રિયા કરી ચોક્કસ નિયમ કે સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવે છે. આમ, સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિમાં તટસ્થાને એક મહત્ત્વનું અને પાયાનું લક્ષણ ગણાવી શકાય.

**2) વૈજ્ઞાનિક અભિગમ :**

વૈજ્ઞાનિક પદ્ધતિનું મહત્ત્વનું લક્ષણ એ વૈજ્ઞાનિક અભિગમ છે. તેમાં પદ્ધતિવગર કામ કરવામાં આવતું નથી. જેમ કે, સમાજમાં ખેડૂતોની આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે. તો આ આત્મહત્યા પાછળના મહત્ત્વના કારણોની વૈજ્ઞાનિક ઢબે તપાસ થવી જરૂરી છે. ખેતીમાં બિયારણ, ખાતરો અને મજૂરીના દર વધ્યાં છે. આ ઉપરાંત, ખેતીમાં રોગ-જીવાતનું પ્રમાણ વધ્યું છે. જેના પરિણામે ખેતી ખર્ચની સામે ખેત ઉત્પાદન ઘટ્યું છે. ખેતી નિષ્ફળ જાય તેવા સંજોગોમાં સરકારની નીતિ શું છે ? આ બધી જ બાબતો ખેડૂતોની આત્મહત્યા માટે જવાબદાર હોઈ શકે છે. આત્મહત્યાના અનેક કારણો પૈકી કયા કારણોનાં પરિણામે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે. તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરવો જરૂરી છે. આ માટે ઘટના સંબંધી સત્ય હકીકતો શોધવા માટે અભ્યાસસના હેતુઓ નક્કી કરવા, ઉપકલ્પનાનું નિર્માણ, નમૂના પસંદગી, પ્રશ્નાવલિ / અનુસૂચિની રચના કરી અભ્યાસના વ્યાપ વિશ્વમાંથી માહિતી એકત્ર કરી મળેલ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. અભ્યાસના અંતે ચોક્કસ તારણો અને નિષ્કર્ષ પર પહોંચવામાં આવે છે. જેના પરિણામે નિયમ કે સિદ્ધાંત સ્થાપિત કરવામાં આવે છે. જેના પરિણામે સંશોધનના અંતે ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. માણસ કોઈપણ પ્રકારની હકીકતોનું વર્ગીકરણ કરે છે. હકીકતો વચ્ચેનો સંબંધ તપાસે છે. અને હકીકતોનું ક્રમશઃ વર્ણન કરે છે. આમ, આ માણસ વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસરી રહ્યો છે તેમ કહી શકાય. આ માણસમાં જે કામ કરવાની દૃષ્ટિ છે તેને વૈજ્ઞાનિક દૃષ્ટિ છે તેમ કહી શકાય. કોઈપણ વ્યક્તિ જયારે આ રીતે કામ કરે ત્યારે તેનામાં વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થાય છે. વૈજ્ઞાનિક અભિગમને સંશોધનનું ખૂબ જ પાયાનું લક્ષણ ગણાવી શકાય.

**3) અનુભવજન્ય તપાસ :**

જે તથ્યો કે હકીકતો એકત્રિત કરવામાં આવી હોય તેની વૈજ્ઞાનિક દૃષ્ટિએ તપાસ કરવી જરૂરી છે. જે તથ્યો કે હકીકતોનું એકત્રીકરણ કરવામાં આવેલ છે તે પ્રશ્નસૂચક વાક્ય તરીકે જોવામાં આવે છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં ચોક્કસ પ્રક્રિયાના અંતે કોઈ ચોક્કસ નિયમ કે સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવે છે. નક્કર માહિતી કે જ્ઞાનને જ ઉપયોગ કરાવમાં આવે તો જ હકીકતલક્ષી માહિતીનો સ્વીકાર થાય છે. જે માહિતીને તથ્ય કે હકીકતના રૂપમાં સ્વીકારવામાં આવે છે તેને અનુભવના આધારે ચકાસવામાં આવે છે. તેમજ તેના દ્વારા જે નિયમ કે સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે તેમાં સતત શોધ થતી રહેતી હોય છે. એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ અનુભવયુક્ત તપાસ છે તેમ કહી શકાય.

વિજ્ઞાન અનુભવલક્ષી છે તેનો અર્થ એ થાય કે વિજ્ઞાન જાણી શકાય તેવા વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે. વિજ્ઞાનમાં કાલ્પનિક જ્ઞાનને કોઈ સ્થાન નથી . તે ઈન્દ્રિયગમ્ય સામગ્રી અને માહિતી ઉપર રચાયેલું છે. નિરીક્ષણ પદ્ધતિએ જ્ઞાન મેળવવાની સૌથી મહત્ત્વની પદ્ધતિ છે. નિરીક્ષણ એ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. આમ, વૈજ્ઞાનિક પદ્ધતિનું મહત્ત્વનું

લક્ષણ અનુભવજન્ય તપાસને ગણાવી શકાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી જે તપાસ કરવામાં આવે છે તેમાં ભૂતકાળમાં શું થયું હતું. વર્તમાનમાં શું થઈ રહ્યું છે અને ભવિષ્યમાં શું થવાની સંભાવના છે તે અંગે તપાસવામાં આવે છે. તેમાં અનુભવલક્ષી જ્ઞાનની મદદ લેવામાં આવે છે. આમ, વૈજ્ઞાનિક પદ્ધતિનું મહત્ત્વનું લક્ષણ અનુભવલક્ષી તપાસ છે તેમ કહી શકાય.

**4) સર્વસામાન્ય :**

વૈજ્ઞાનિક પદ્ધતિમાં કોઈપણ બનાવ, ઘટના કે પ્રસંગ માટે મુખ્ય કયાં કારણો જવાબાર છે તેના વિશેનો અભ્યાસ કરવામાં આવે છે. અભ્યાસનાં અંતે ઘટના કે પ્રસંગ સંબંધી પાયાની માહિતી અને જાણકારી પ્રાપ્ત થઈ શકે છે. ઘટના કે પ્રસંગ સંબંધી જે તથ્યો કે હકીકતો એકત્ર કરવામાં આવી હોય તે બધા સમજી શકે તે રીતે તેને સર્વસામાન્ય કરવાનું કામ વૈજ્ઞાનિક પદ્ધતિ કરે છે, જેના આધારે સર્વસામાન્ય નિયમો શોધી શકાય છે. તથ્યો કે હકીકતોની સરળતાથી માહિતી મેળવી શકાય છે. અને તેના આધારે સ્થાપિત થયેલ નિયમ કે સિદ્ધાંતને સરળતાથી સમજી શકાય તે માટે તેને વૈજ્ઞાનિક મદદ મળે છે. આમ વૈજ્ઞાનિક પદ્ધતિની મહત્ત્વપૂર્ણ ઓળખ એ સર્વ સામાન્યીકરણ છે, તેમ કહી શકાય.

આમ, ઉપરોક્ત બાબતો ઉપરથી વૈજ્ઞાનિક પદ્ધતિની ઓળખ મેળવી શકાય છે. જેમાં ખાસ કરીને તટસ્થતા અનુભવજન્ય તપાસ, સર્વસામાન્યીપણું અને પદ્ધતિસરનો અભિગમ જેવા લક્ષણો મળે છે. આ લક્ષણોના આધારે જે નિયમો કે સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે. વાસ્તવિક સત્ય હોય છે તેમ છતાં પણ તેમાં સુધારણાને અવકાશ છે એટલે કે જે નિયમ કે સિદ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે તેમાં સતત શોધ થતી રહે છે અને નવો નિયમ પ્રસ્થાપિત થાય છે જે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા શક્ય બને છે.

## 2.5 ખ્યાલ એટલે શું ?

1) ખ્યાલ વાસ્તવમાં તાર્કિક રચના છે અને તેનું સર્જન આપણાં મનમાં પડેલી છાપો, નિરીક્ષણ અને જટિલ અનુભવ પરથી થાય છે. ''ખ્યાલ'' એ પોતે ઘટના નથી. ખ્યાલ એ તાર્કિક રચના છે અને તેનું અસ્તિત્ત્વ અમુક ચોક્કસ સંદર્ભ માળખાની બહાર હોતું નથી. - **ગુડે અને હટ્ટ**


2) વાસ્તવિક ઘટનાનું પ્રતિનિધિત્વ કરતી અને શબ્દદેહે રજૂ થતી તારવણીને અથવા અમૂર્તીકરણને ''ખ્યાલ'' તરીકે ઓળખવામાં આવે છે. **– ડૉ. ગોપાલ.**

3) ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી છે. **– જહોડા.**

4) ખ્યાલ એ વિવિધ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે. **– મેકલેલાન્ડ.**


ગડે અને હટ્ટ નામના લેખકો કહે છે કે, ખ્યાલ એ વાસ્તવિક ઘટનામાંથી કરવામાં આવેલી તારવણી છે અને તે વાસ્તવિક ઘટનાનાં અમુક પાસાંને રજૂ કરે છે.

## 2.6 વિવિધ પ્રકારના ખ્યાલો




આ બધા શબ્દો વાસ્તવિક ઘટનાને રજૂ કરે છે. આ ખ્યાલોના ઉપયોગોના પરિણામે જુદાં-જુદાં પ્રકારની ઘટનાઓનો અભ્યાસ કરવાનું, તેના વિશેની જાણકારી મેળવવાનું અને વિવિધ પ્રકારની માહિતીને બીજાઓ સુધી પહોંચાડવાનું શકય બને છે.

સમાજશાસ્ત્રના વૈજ્ઞાનિક ખ્યાલો લોકોના રોજિંદા વ્યવહારમાં ઘણાં શબ્દોનું પ્રયોજન થતું હોય છે.




આ સમાજશાસ્ત્રી ખ્યાલોને સમાજશાસ્ત્રીએ અને સામાન્ય લોકો તેનો ઉપયોગ કરે છે.

## 2.7 ખ્યાલના લક્ષણો

ખ્યાલની ઓળખ કરવા માટે તેના જુદાં-જુદાં લક્ષણોને સમજવા જરૂરી છે. વૈજ્ઞાનિક દષ્ટિએ ખ્યાલના મુખ્ય ત્રણ લક્ષણો :

1) ખ્યાલ અમૂર્ત છે.

2) ખ્યાલ વાસ્તવિક ઘટનામાંથી તારવેલો સારાંશ છે.

3) ખ્યાલ એ અમુક નિશ્ચિત કરેલા માળખાંઓ અંદર મહત્ત્વ ધરાવે છે. આ ત્રણેય મુખ્ય લક્ષણોની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે.

**1) ખ્યાલ અમૂર્ત છે:**

જુદા-જુદાં પ્રકારની હકીકતોની માફક ખ્યાલ એ અમૂર્ત બાબત છે. ખ્યાલને જે માળખાંમાં ગોઠવવામાં આવે તેમાંથી જે તે પોતાનો અર્થગ્રહણ કરે છે. ખ્યાલ એ તાર્કિક બાબત છે. જે જુદાં જુદાં પ્રકારના તર્કવિતર્ક અને દલીલો ઉપર આધારિત છે. ખ્યાલ એ પોતે વાસ્તવિક ઘટના નથી; પરંતુ, ઘટના વિશેની તાર્કિક અને ક્રમબદ્ધ વિચારણા છે. જેનું અસ્તિત્ત્વ અમુક ચોક્કસ સંદર્ભ માળખા પૂરતું સિમિત છે.

**2) ખ્યાલ એ ઘટનાનો સારાંશ છે :**

ખ્યાલનાં નિર્માણમાં નિરીક્ષણ ખૂબ જ મહત્ત્વની બાબત છે. ખ્યાલ એ અવલોકન કરેલી ઘટના પરથી કરવામાં આવેલી તારવણી છે, સારાંશ છે. કોઈપણ ઘટના કે બનાવનું નિરીક્ષણ ખ્યાલની રચના કરવામાં આવે છે. ખ્યાલ એ કોઈ ચોક્કસ ઘટનાને અમુક નામથી ઓળખવા માટે વપરાતી પરિભાષા છે.

ખ્યાલો હકીકતમાં કેટલાંક વિચારોની તારવણી કરે છે; પરંતુ, કોઈ વસ્તુ, ઘટના કે વ્યક્તિઓ તરફ અંગુલી નિર્દેશ કરે છે. વૈજ્ઞાનિક ખ્યાલએ વાસ્તવિક ઘટનાના કોઈ એક જ તત્ત્વની નહી પણ તેનાં બધા જ તત્ત્વોનો નિર્દેશ કરે છે.

**3) ખ્યાલ એ અમુક નિશ્ચિત કરેલા માળખાની અંદર જ મહત્ત્વ ધરાવે છે :**

આ ખ્યાલ વિશેનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ લક્ષણ છે. ખ્યાલ અમુક માળખાની અંદર જ, અમુક સૈદ્ધાંતિક, વ્યવસ્થાની અંદર જ પોતાનું મહત્ત્વ ધરાવે છે. સમાજ જુદા જુદા પ્રકારના સ્તરોમાં વિભાજિત છે. જેમાં દરજ્જો સત્તા, પ્રતિષ્ઠા, સામર્થ્ય જેવા ખ્યાલોનું મહત્ત્વ રહેલું છે. આ સ્તરીકરણના સિદ્ધાંત માળખાની બહાર આ બધા ખ્યાલોનું મહત્ત્વ જોવા મળતું નથી.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. "વિશાળ અર્થમાં વૈજ્ઞાનિક પદ્ધતિમાં પદ્ધતિસરનું નિરીક્ષણ, વર્ગીકરણ અને માહિતીના અર્થઘટનની પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ કહે છે." – આ વ્યાખ્યા કોણે આપી.

   (1) લુન્ડબર્ગ (2) કિમ્બોલ યંગ
   (3) એ. વુલ્ફ (4) એનસાયક્લોપિડિયા ઑફ બ્રિટાનિકા

2. વૈજ્ઞાનિક પદ્ધતના લક્ષણો કેટલા છે ?

   (1) 2 (2) 4
   (3) 6 (4) 8

3. ખ્યાલ એ વિવિધ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે – આ ખ્યાલ કોણે આપ્યો.

   (1) ગુડે અને હટ્ટ (2) ડૉ. ગોપાલ
   (3) જહોડા (4) મેકલેલાન્ડ

4. સમાજશાસ્ત્રી ખ્યાલનો ઉપયોગ કયા લોકો કરે છે ?

   (1) સામાન્ય લોકો (2) સમાજશાસ્ત્રીઓ
   (3) વૈજ્ઞાનિકો (4) 1 અને 2 બન્ને

5. ખ્યાલના કેટલા લક્ષણો છે ?

   (1) 4 (2) 6
   (3) 8 (4) 3

## 2.9 ઉપસંહાર

ઉપરોક્ત પ્રકરણમાં વિજ્ઞાન એટલે શું ? તેનો અર્થ, લક્ષણો અને ખ્યાલના અર્થ, લક્ષણો વિવિધ પ્રકારના ખ્યાલનો વિસ્તારથી પરિચય મેળવ્યો છે. પદ્ધતિસર રીતે મેળવેલ જ્ઞાન એટલે વિજ્ઞાન. આ અર્થમાં વિજ્ઞાનને વિશિષ્ટ પ્રકારના જ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પદ્ધતિસર રીતે જ્ઞાન મેળવવામાં આવે છે. ધ્યાનથી જોવું એટલે અવલોકન કર્યું કહેવાય. નિરીક્ષણ કર્યું ગણાય. નિરીક્ષણ કે અવલોકન એ વૈજ્ઞાનિક કાર્યનો ભાગ ગણી શકાય. નિરીક્ષણ દ્વારા તથ્યો એકત્રિત કરવામાં આવે છે. એકત્રિત તથ્યોનું વર્ગીકરણ કરવામાં આવે છે. વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે તથ્યો વચ્ચેના સંબંધો તપાસવા અને સ્વીકૃત નિયમો સ્થાપવા. સ્થાપિત નિયમ સાચો છે કે ખોટો તેની ચકાસણી કરવી વગેરે બાબતો વૈજ્ઞાનિક પદ્ધતિમાં સમાવેશ કરી શકાય. વૈજ્ઞાનિક અર્થ લક્ષણો સાથે ખ્યાલ એ પણ એટલો જ અગત્યનો છે. ખ્યાલ વિશે જાણકારી મેળવવી પણ જરૂરી બને છે. ખ્યાલ એ ખૂબ જ જટિલ બાબત છે. જુદાં જુદાં પ્રકારના ખ્યાલોને પરિભાષિત કરવામાં અને તેનું સંદેશાવહન કરવામાં ખૂબ મુશ્કેલી પડે છે. ખ્યાલો તેના યોગ્ય અર્થમાં પરિભાષિત થવા જોઈએ. નિરર્થક કે કામ વગરની ભ્રામક વાતો ઉપસાવે તેવા ખ્યાલો રચવા જોઈએ નહિં પરંતુ તેના બધા જ ઘટકો પાંસાઓ સમજી શકાય તેવા ખ્યાલો રચવાં જોઈએ.

વિજ્ઞાનનો વિકાસ કરવા માટે જુદાં જુદાં પ્રકારના સંશોધનો કરવા જરૂરી છે. આ વૈજ્ઞાનિક સંશોધનોને માર્ગદર્શન પુરું પાડવું જરૂરી છે. આ સંશોધનોને માર્ગદર્શન ઉપરાંત વિજ્ઞાનનો વિકાસ કરવા માટે ખ્યાલોનું ઘણું મહત્ત્વ છે. સંશોધનો બીજા લોકો સુધી પહોંચાડવી માટે ખ્યાલો જરૂરી છે. સામાજિક મુદ્દાઓ ખૂબ જ જટિલ છે. જુદાં જુદાં વિજ્ઞાનોની માફક સામાજિક વિજ્ઞાનોમાં પણ ખ્યાલો વિકસાવવા જરૂરી છે. આથી સામાજિક વિજ્ઞાનમાં ખ્યાલો રચવાની પ્રક્રિયા ખૂબ જ મહત્ત્વની છે.

## 2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (1) લુન્ડબર્ગ
2. (2) 4
3. (3) મેકલેલાન્ડ
4. (4) 1 અને 2 બન્ને
5. (4) 3

## 2.11 ચાવીરૂપ શબ્દો

1. વૈજ્ઞાનિક પદ્ધતિ : નિષ્પક્ષ અને વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે.
2. તટસ્થ : નિષ્પક્ષ રીતે કાર્ય કરવું.
3. અનુભવજન્ય : અનુભવના આધારે માહિતીને ચકાસવામાં આવે છે.
4. સર્વસામાન્ય : ઘટના કે તથ્યો હકીકતો સમજી શકાય તેવી હોય.
5. ખ્યાલ : નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી.

## 2.12 સ્વાધ્યાય લેખન

1. વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું ? તે જણાવી વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. સત્યને સ્થાપિત કરવા કે પ્રાપ્ત કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો સહારો લેવામાં આવે છે – વિધાનની ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. ખ્યાલનો અર્થ જણાવી તેના લક્ષણોની વિગતવાર ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. સમાજકાર્ય સંશોધનમાં જુદાં જુદાં ખ્યાલો વિશેની સમજણ આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 2.13 પ્રવૃત્તિ

1. વૈજ્ઞાનિક પદ્ધતિની અલગ અલગ વ્યાખ્યા લખી સામાન્ય બાબતો તારવો.
2. વૈજ્ઞાનિક પદ્ધતિના લક્ષણોના ઉદાહરણ આપો.
3. ખ્યાલની વ્યાખ્યા આપી સામાન્ય બાબત તારવી નોંધો.
4. વિવિધ પ્રકારના ખ્યાલનો ચાર્ટ બનાવો.

## 2.14 કેસસ્ટડી

1. અનુભવજન્ય તપાસ, સર્વ સામાન્ય અંગે સંશોધનનું ઉદાહરણ આપો.
2. ખ્યાલ એ ઘટનાનો સારાંશ છે. એ ઘટનાનું ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.

## 2.15 સંદર્ભસૂચિ


1) શાહ એ. જી. અને દવે જે. કે., સામાજિક સંશોધનની પદ્ધતિઓ, અમદાવાદ, અનડા પ્રકાશન

2) ઉચાટ ડી.એ. (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ.

3) દેસાઈ હરિભાઈ જી. અને દેસાઈ કૃષ્ણકાંત જી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (આઠમી આવૃત્તિ) અમદાવાદ,યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

4) પટેલ આર. એસ (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ, જય પબ્લિકેશન

5) દેસાઈ અરવિંદભાઈ (1992) સામાજિક સંશોધન પદ્ધતિઓ (દ્વિતિય આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

# એકમ–3 વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ સંશોધકની લાક્ષણિકતાઓ

## : એકમનું માળખું :

**3.0 પ્રસ્તાવના**

**3.1 એકમના હેતુઓ**

**3.2 સંશોધકની લાક્ષણિકતાઓ**

**3.3 તમારી પ્રગતિ ચકાસો**

**3.4 ઉપસંહાર**

**3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.6 ચાવીરૂપ શબ્દો**

**3.7 સ્વાધ્યાય લેખન**

**3.8 પ્રવૃત્તિ**

**3.9 કેસસ્ટડી**

**3.10 સંદર્ભગ્રંથ**

## 3.0 પ્રસ્તાવના

કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત હંમેશા જિજ્ઞાસાથી થાય છે. 'માટે જ્ઞાન માટે સંશોધકમાં જિજ્ઞાસાવૃત્તિ હોવી જરૂરી છે. સંશોધન એ વૈજ્ઞાનિક બાબત છે. કોઈપણ સંશોધકે નવું સંશોધનકાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધન અંગેની વિસ્તૃત સમજણ અને જાણકારી મેળવવી જરૂરી છે.

- અમુક પુસ્તક વાંચવું કે લખવું તે સંશોધન નથી.
- માહિતી માટે ભાગદોડ કરવી, દોડાદોડ કરવી તે સંશોધન નથી.

વાસ્તવમાં સંશોધન એ એક વ્યવસ્થિત પૂછપરછ છે. નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન. ''પદ્ધતિસર શબ્દ'' વૈજ્ઞાનિક પદ્ધતિનો સૂચક છે. સંશોધનની શરૂઆત હંમેશા અમુક પ્રકારના પ્રશ્નો, સવાલો કે સમસ્યાથી થાય છે.

દા.ત. - સૂર્ય ઉનાળાના દિવસોમાં શિયાળા કરતાં શા માટે વધુ વખત દેખાય છે ?

- ફળો હંમેશા આકાશમાં તરવાના બદલે શા માટે નીચે પડે છે ?
- વરસાદ ચોમાસાના બદલે વર્ષમા ગમે ત્યારે કેમ પડે છે ?

આમ, ક્યાં ? ક્યારે ? શું ? કેમ થાય છે ? વગેરે પ્રકારના અઘરા અને અટપટા સવાલોના જવાબો મેળવવા માટે સંશોધનનો સહારો લેવો પડે છે. સંશોધન મારફતે સવાલોના જવાબ મેળવવા માટે સવાલો એવા હોવાં જોઈએ કે જેના દ્વારા પ્રાકૃતિક જગતમાં નિરીક્ષણ કે પ્રયોગો મારફતે જરૂરી માહિતી મળી શકે. કેટલાક સવાલોનાં જવાબો ફક્ત માહિતીના આધારે આપી શકતા નથી. કારણ

કે, તે સવાલોમાં મૂલ્ય અને માહિતી બંનેનો સમાવેશ થાય છે. દા.ત. શું સરકારે ફરજિયાત આરોગ્ય વીમાની યોજના દાખલ કરવી જોઈએ ? આમ, આ પ્રકારના સવાલોના જવાબ મેળવવા માટે ઘણી મથામણ કરવી પડે છે. આ સવાલોમાં મૂલ્યો તથા માહિતી બંનેનો સમાવેશ થાય છે.

આમ, માહિતી મેળવવાની પ્રક્રિયામાં સંશોધકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિ, અને વૈજ્ઞાનિક અભિગમ સંશોધકમાં હોવો જરૂરી છે. પ્રસ્તુત એકમમાં સંશોધકની જુદી જુદી લાક્ષણિકતાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

## 3.1 એકમના હેતુઓ

1) સંશોધન વિશેની પાયાની જાણકારી પ્રાપ્ત થશે.

2) સંશોધનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કે, સમજણ વિશેનો ખ્યાલ મળશે.

3) વૈજ્ઞાનિક અભિગમ વિશેની જાણકારી મળશે.

4) સંશોધન કરવામાં કઈ-કઈ બાબતો વિશેની કાળજી રાખવી જોઇએ તેના વિશે ખ્યાલ આવશે.

5) સંશોધન માટે જરૂરી ગુણો વિષયક જાણકારી પ્રાપ્ત થશે.

6) સમાજકાર્ય સંશોધનશાસ્ત્ર વિશેના ખ્યાલો મજબૂત થશે.

7) વૈજ્ઞાનિક અભિગમ સાથે વ્યાવસાયિક ગુણોનો વિકાસ થશે.

8) ભાવિ સંશોધન કાર્ય માટે જરૂરી માહિતી અને જાણકારી પ્રાપ્ત થશે.

9) સંશોધન વિષયક દૃષ્ટિકોણ વિકસશે.

10) સંશોધકમાં કઈ-કઈ લાક્ષણિકતાઓ હોવી જોઈએ, તેના વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

નવું નવું જાણવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન. સંશોધનમાં જુદી-જુદી જગ્યાએથી માહિતી એકત્ર કરવાની ક્ષમતા કાર્યકરમાં હોવી જોઈએ. સંશોધકમાં નવું જાણવાની જિજ્ઞાનાસાવૃત્તિ જરૂરી છે. સંશોધકમાં ક્યાંથી શીખવાનું, જાણવાનું મળે, નવી માહિતી મેળવવી એ જ્ઞાનપ્રાપ્તિ માટેનો શ્રેષ્ઠ રસ્તો છે. સંશોધનમાં અસરકારક માહિતી મેળવવા માટે સંશોધકમાં જુદા જુદા પ્રકારની લાક્ષણિકતા હોવી જરૂરી છે, જે અંગેની વિગતો નીચે મુજબ છે.

## 3.2 સંશોધકની લાક્ષણિકતાઓ


**1) સંશોધક, રચનાત્મક, કલ્પનાશીલ, જિજ્ઞાનાસાવૃત્તિ, શ્રદ્ધાવાન, ચિંતનશીલ, વિચારશીલ અને સ્વપ્નિલ હોવા જોઈએ :**

સંશોધક માટે આ ખૂબ જ પાયાની લાક્ષણિકતા છે, તેનામાં રચનાત્મકવૃત્તિ જરૂરી છે. રચનાત્મક ખ્યાલ એ સંશોધક માટે જરૂરી છે. પોતે સંશોધન કરતા અગાઉ સંશોધન વિશેની કલ્પનાઓ કે ધારણાઓ બાંધે છે. સંશોધકની આ વૃત્તિ સંશોધનકાર્યને દિશાસૂચન કરવાનું કામ કરે છે. આ સંશોધનને વધુ અસરકારક બનાવવા સંશોધનના મૂળભૂત કયા ખ્યાલો હતા ? સંશોધનના આખરી શું પરિણામો હતા, સંશોધનની કઈ-કઈ મર્યાદાઓ સહિતનો ખ્યાલ સંશોધકને હોવો જોઈએ. ટૂંકમાં, સંશોધનલક્ષી સંશોધકનો દૃષ્ટિકોણ હોવો જોઈએ. સંશોધનના જે તે મુદ્દા સંબંધી સંશોધકમાં આ ક્ષેત્ર વિશેનું વિશાળ વાંચન હોવું જોઈએ. વાંચનના માધ્યમથી સંશોધક વિચારશીલ બને છે. સ્વભાવે સતત ચિંતનશીલ હોવો જોઈએ. આ સ્વભાવનાં પરિણામે સંશોધક સંશોધનમાં જુદા જુદા પાસાઓ વિશે ઊંડાણપૂર્વક વિચારી શકે છે. જેના પરિણામે સંશોધકને વાસ્તવિક સ્થિતને ખ્યાલ આવી શકે છે. સંશોધન એ સતત ચાલતી

પ્રક્રિયા છે. જેમાં સશોધકનો આ જુદી જુદી લાક્ષણિકતાઓ સંશોધનકાર્યને રસપ્રદ બનાવે છે. સંશોધનમાં આ બધા ગુણો હોય પણ તેનામાં સ્વપ્રશીલતાનું જો લક્ષણ ન હોય તો નકામું છે. સંશોધનકાર્યમાં કેટલીક ધારણાઓ, પૂર્વધારણાઓ, ઉપકલ્પનાઓ વાસ્તવમાં તેમાં કેટલું તથ્ય છે. સત્ય હકીકતોની ચકાસણીનું સંશોધકનું મહત્ત્વનું કામ છે.

દા.ત. ગુજરાતમાં જમીન સંપાદન થયેલા ખેડૂતોના જીવનની સ્થિતિ અને સમસ્યાના સંદર્ભે સંશોધક અભ્યાસ કરી રહ્યો છે. આ સંશોધનમાં સંશોધનના શીર્ષકને અનુરૂપ જુદા જુદા પાસાંઓનો અભ્યાસ કરવાનો છે.

આમ, સંશોધન કાર્યના શીર્ષકમાં આવેલ જુદા જુદા મહત્ત્વનાં શબ્દો કે જેને આપણે સંશોધનની





પરિભાષામાં ચલ કહીએ છીએ, આ મહત્ત્વના શબ્દનું વ્યાખ્યાયીકરણ થવું જરૂરી છે. વ્યાખ્યાનો અંતે સંશોધનની વાસ્તવિક સ્થિત વિશેનો ખ્યાલ આવી શકે છે. સંશોધનનાં જુદાં-જુદાં પાસાંઓને વિગતવાર અભ્યાસ કરવા માટે ઉપર જણાવેલી જુદાં-જુદાં પ્રકારની લાક્ષણિકતાઓ સંશોધનમાં હોવી જરૂરી છે. લાક્ષણિકતાના આ પ્રથમ ચરણમાં જણાવાયેલા કેટલાંક લક્ષણો જો સંશોધકમાં હોય તો જ સંશોધનના અંતે અસરકારક પરિણામો પ્રાપ્ત થઈ શકે છે.

**2) સંશોધકમાં વૈજ્ઞાનિક વલણ, બૌદ્ધિકતા, પૂર્વગ્રહ રહિત સ્વભાવ, મૂલ્યવાન, અને તેનામાં ખુલ્લાપણું હોવું જોઈએ :**

લાક્ષણિકતાઓનું આ બીજું ચરણ સંશોધનના મૂળભૂત હાર્દ તરફ સંશોધકને લઈ જાય છે. સંશોધનમાં આખરે, સત્યની શોધ કરવાની છે. સંશોધનમાં કંઈક વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સંશોધનમાં સામાન્ય રીતે માનવી જ્યાં રહે છે તેની આજુબાજુના પર્યાવરણને સમજવાનો પ્રયાસ કરવામાં આવે છે. સંશોધન કેટલીક ધારણા કે, અનુમાનો સાથે શરૂ થાય છે, અને પછી મૂળ તેના વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ પાયાનું કાર્ય કરવામાં સંશોધકમાં વૈજ્ઞાનિક વલણ હોવું જરૂરી છે.

સમાજકાર્યનો પાયો માનવીય દર્શન અને વૈજ્ઞાનિક જ્ઞાન ઉપર નિર્ભર છે. તેથી સામાજિક કાર્યકર પાસે વ્યક્તિના વર્તન અને તેના સામાજિક વ્યવસ્થાતંત્રો વિશેનું જ્ઞાન હોવું જરૂરી છે. આમ, સામાજિક કાર્યકર્તા પાસે મૂળભૂત રીતે માનવ સંબંધી, માનવ જીવનને સ્પર્શતા મુદ્દાઓની માહિતી, જાણકારી કે જ્ઞાન હોવું જરૂરી છે.

સંશોધન એ એક સંવેદનશીલ બાબત છે. સમાજકાર્યમાં સામાન્ય રીતે સમાજનાં વંચિત સમુદાયના પાયાના પ્રશ્નો વિશેના અભ્યાસ કરવામાં આવે છે.




આમ, જુદા જુદા વિષયો ઉપર સંશોધનકાર્ય હાથ ધરવામાં આવે છે. જેમાં દલિતો, મહિલાઓ, બાળકોને સ્પર્શતા જુદા-જુદા વિષયો છે. તેમાં સંવેદનાયુક્ત બાબતો યોગ્ય રીતે પ્રદર્શિત થવી જોઈએ. તેમાં પૂર્વગ્રહ ન હોવો જોઈએ. સંશોધક હંમેશા પૂર્વગ્રહ રહિત હોવો જોઈએ. વ્યક્તિગત અનુભવ એ જુદી બાબત છે; પંરતુ, સંશોધનમાં વ્યક્તિગત બાબતોને ધ્યાને ન લેતાં પૂર્વગ્રહ રહિત સંશોધન હોવું જરૂરી છે. સંશોધન પૂર્વગર્હોથી પર હોવું જોઈએ. તેની સાથે સંશોધકમાં ખુલ્લાપણાનું લક્ષણ હોવું જરૂરી છે. ખુલ્લાપણાથી સંશોધન વિષયને લગતી વાસ્તવિક માહિતી ઉજાગર થાય છે. આમ, સંશોધકમાં ખુલ્લાપણાનો ગુણ હોવો જરૂરી છે.

**3) સંશોધકની સમસ્યા સંબંધી સમજણ અને ક્ષેત્ર વિશેના જ્ઞાનની લાક્ષણિકતાઃ**

સંશોધકનું આ મહત્ત્વનું લક્ષણ છે. સંશોધકે જે વિષય ઉપર સંશોધન કરવાનું છે તેનાં વિશેની મુદ્દા આધારિત સમજણ તેનામાં હોવી જરૂરી છે. સમજણ ઉપર જ સંશોધનની સમગ્ર પ્રક્રિયાનો આધાર છે. સંશોધનમાં સમસ્યાની ઓળખ મહત્ત્વપૂર્ણ બાબત છે. સંશોધનના જુદા જુદા વિષયો જેવાં કે,

- પીવાના પાણી સંબંધી મુશ્કેલીઓ અને મહિલાઓ
- જમીન સંપાદનની અસરો અને ખેડૂતો
- ડ્રોપઆઉટ બાળકો અને માતા-પિતા
- મહિલા સશક્તિકરણ
- કિશોરોની મનોવ્યથા
- ઉદ્યોગોના લીધે આવેલું ગ્રામીણજીવનમાં પરિવર્તન
- યુવા નેતાગીરીનાં પરિણામો
- પંચાયતોમાં મહિલા અનામત

આમ, સંશોધનના જુદાં-જુદાં વિષયો અંગેની પાયાની સમજણ સંશોધન કર્તામાં હોવી જરૂરી છે. સંશોધનનો સાર્વત્રિક ખ્યાલ કાર્યકરમાં હોય તે જરૂરી છે.

**4) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, વ્યાવસાયિક લાક્ષણિકતા અને નિરીક્ષણ (અવલોકન) કરવાની ક્ષમતા હોવી જરૂરી છે.**

સંશોધન પોતે એક આગવું વિજ્ઞાન છે, શાસ્ત્ર છે. સંશોધન કરવા માટે સંશોધકમાં વૈજ્ઞાનિક પદ્ધતિ અને અભિગમ હોવો જરૂરી છે. સમાજકાર્યનો પાયો માનવીય દર્શન અને વૈજ્ઞાનિક જ્ઞાન ઉપર રચાયેલો છે. કોઈ પણ સંશોધનાત્મક અભ્યાસની શરૂઆતથી અંત સુધીમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

1) સમસ્યાની ઓળખ

2) સંશોધન સમસ્યા સંબંધિત જાણકારી

3) અભ્યાસનાં હેતુઓ

4) સંશોધનનું વ્યાય-વિશ્વ

5) ચલોની ઓળખ અને તેનું વ્યાખ્યાયીકરણ

6) માહિતીનાં એકમોની પસંદગી

7) માહિતી એકત્ર કરવાની જુદી જુદી  રીતો

8) માહિતી સંપાદન

9) માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ

10) સંશોધન અહેવાલ લેખન

આમ, સંશોધન અંગેના પદ્ધતિશાસ્ત્રમાં સંશોધન વિશેની વૈજ્ઞાનિક બાબતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સંશોધકમાં નિરીક્ષણ (અવલોકન) કરવાની કુશળતા હોવી જરૂરી છે. માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન સંશોધકનાં વિશિષ્ટ નિરીક્ષણો હોય તો તેને પણ અલગથી નોંધવા જોઈએ જેથી માહિતીનું રસપ્રદ બને છે. તેમાં વૈજ્ઞાનિક જ્ઞાનનું ઉમરેણ થાય છે. આમ, આ દૃષ્ટિએ સંશોધક માટે પદ્ધતિ વિશેનું જ્ઞાન અને અવલોકન સંબંધી લાક્ષણિકતા હોવી જરૂરી છે.

**5) સંશોધકમાં પુરુષાર્થ, વિવેકશક્તિ અને નિવેદન કે અભિપ્રાય વૈજ્ઞાનિક માહિતીના આધારવાળા હોવાં જોઈએ.**

સંશોધનમાં પુરુષાર્થનો ગુણ હોવો જોઈએ. મુદ્દાની પસંદગી કર્યા પછી મુદ્દા સંબંધિત વિવિધ માહિતી અને જાણકારી મેળવવા માટે સંશોધકે કઠિન પરિશ્રમ કરવો પડે. સંશોધનમાં માહિતી મેળવવાની પ્રક્રિયા દરમ્યાન જુદાં-જુદાં પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. આ સમયે સંશોધકમાં સારા-નરસાનો ભેદ પારખવાની વિવેક શક્તિ હોવી જરૂરી છે. સંશોધનના અંતે કોઈ નિવેદન કે અભિપ્રાય માહિતીના આધારવાળો હોવો જોઈએ. કેટલાક રાજકીય નિવેદનોની માફક તે આધાર પુરાવા વગરના ન હોવા જોઈએ. સંશોધક જે નિવેદન કે અભિપ્રાય આવે છે. તેના વિશે પૂરતી માહિતી કે આધાર સંશોધક પાસે હોવાં જરૂરી છે. પૂરતી માહિતીવાળા નિવેદનો વાચકવર્ગમાં ઉપર એક વિશિષ્ટ પ્રકારની છાપ ઊભી કરે છે, માટે સંશોધકમાં હંમેશા કોઈપણ પ્રકારના આધાર કે પુરાવા વગર ભ્રામક બાબતો ઉપર આધારિત ન હોવો જોઈએ. જેમકે, લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. આવા નિવેદન વખતે સંશોધકની પાસે સંશોધનના કાર્ય વિસ્તાર સંબંધી શિક્ષણની સ્થિતિ વિશેનો ખ્યાલ હોવો જરૂરી છે.

આમ, સંશોધકમાં ઉપરોક્ત જુદાં-જુદાં પ્રકારની લાક્ષણિકતા હોવી જરૂરી છે.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત શેનાથી થાય છે.

(1) જિજ્ઞાસા (2) જ્ઞાન

(3) ખ્યાલ (4) ઉપરોક્ત તમામ

2. સંશોધકમાં કઈ વૃત્તિ જરૂરી છે ?

(1) જીજ્ઞાસાવૃત્તિ (2) રચનાત્મકવૃત્તિ

(3) જ્ઞાનવૃત્તિ (4) ઉપરોક્ત તમામ

3. સંશોધન શિર્ષકના જુદા જુદા શબ્દોને આપણે કઈ રીતે પરિભાષિત કરીએ છીએ.

(1) ચલ (2) પાંસા

(3) તત્ત્વો (4) 2 અને 3

4. સમાજકાર્યમાં સામાન્ય રીતે સમાજના કેવા સમુદાયના પાયાના પ્રશ્નો વિશેના અભ્યાસ કરવામાં આવે છે.

(1) આદિવાસી (2) અનુસૂચિત જાતિ

(3) વિચરતા/વિમુક્ત સમુદાય (4) ઉપરોક્ત તમામ

5. સંશોધકની લાક્ષણિકતા કેટલી છે ?

(1) 5 (2) 6

(3) 4 (4) 8

## 3.4 ઉપસંહાર

સંશોધન એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સંશોધનને શોધ કે તપાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં શોધ એટલે કોઈપણ સમસ્યાની ચીવટ કે કાળજીપૂર્વક કરવામાં આવતી તપાસ તેવો અર્થ કરી શકાય. બીજી રીતે કહીએ તો, કોઈપણ સમસ્યાની વૈજ્ઞાનિક શોધખોળ કે વૈજ્ઞાનિક હકીકતો અને તથ્યોને તપાસવાની પ્રક્રિયા તેવો અર્થ કરી શકાય. શાબ્દિક અર્થ પ્રમાણે સંશોધન વાસ્તવમાં ફરી ફરીને શોધવાની પ્રક્રિયા છે.

સંશોધન કરવા માટે સંશોધકમાં વૈજ્ઞાનિક અભિગમ અને દૃષ્ટિ હોવી જરૂરી છે. સંશોધક પૂર્વગ્રહ રહિત હોવો જોઈએ. સંશોધકમાં નવું નવું જાણવાની જિજ્ઞાસાવૃત્તિ હોવી જોઈએ. સંશોધક પોતાના ક્ષેત્રમાં નિષ્ણાંત હોવો જોઈએ. પોતાના વિષય કે ફીલ્ડ વિશેનું તેનામાં વિશાળ વાચન હોવું જોઈએ. સંશોધકમાં જિજ્ઞાસાવૃત્તિની સાથો સાથ નિરીક્ષણ કરવાની એક આગવી સૂઝ અને દૃષ્ટિ હોવી જોઈએ. વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ તેનામાં જુદા જુદા પ્રકારની લાક્ષણિકતા હોય તો જ અસરકારક સંશોધન કરી શકાય છે. વૈજ્ઞાનિક અભિગમને પરિણામે સંશોધકમાં એક આગવી સૂઝ અને દૃષ્ટી હોવી જોઈએ. વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ તેનામાં જુદા જુદા પ્રકારની લાક્ષણિકતા હોય તો જ અસરકારક સંશોધન કરી શકાય છે. વૈજ્ઞાનિક અભિગમને પરિણામે સંશોધકમાં એક આગવી સૂઝ અને દૃષ્ટિ જોવા મળે છે, જેના પરિણામે સંશોધનકર્તા પોતાના અભ્યાસ વિસ્તારમાં જઈ ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકે છે. સંશોધન કાર્યને રસપ્રદ બનાવી શકાય છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (2) જ્ઞાન
2. (2) રચનાત્મકવૃત્તિ
3. (1) ચલ
4. (4) ઉપરોક્ત તમામ
5. (1) 5

## 3.6 ચાવીરૂપ શબ્દો

1. ચલ : સંશોધન શિર્ષકના જુદા જુદા શબ્દો.
2. રચનાત્મકવૃત્તિ : હકારાત્મક નવું કાર્ય કરવાની વૃત્તિ
3. કલ્પનાશીલ : વાંચન દ્વારા વિષયને સમજીને અનુમાન કરવું.
4. પૂર્વાગ્રહ રહીત : સંશોધનમાં વ્યક્તિગત બાબતોને ધ્યાને ન લેતાં પૂર્વાગ્રહરહીત હોવો જોઈએ.

## 3.7 સ્વાધ્યાય લેખન

1. વૈજ્ઞાનિક અભિગમને અનુરૂપ સંશોધકની લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

2. સંશોધકની જુદી જુદી લાક્ષણિકતાઓ વિશેની વિગતવાર સમજા આપો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

3. સંશોધકની જુદી જુદી લાક્ષણિકતાઓ જણાવી કોઈ પણ બે લાક્ષણિકતાને વિગતે સમજાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 3.8 પ્રવૃત્તિ

1. સંશોધકની લાક્ષણિકતાઓનો ચાર્ટ બનાવો.
2. સંશોધનની શરૂઆતથી અંત સુધીના મુદ્દાઓનો ફ્લો ચાર્ટ બનાવો.

## 3.9 કેસસ્ટડી

1. બાળકલ્યાણના વિષયને સ્પર્શતો કોઈપણ એક વિષય જણાવી તેની સમસ્યા વિસ્તૃતમાં વર્ણવો.
2. આદિવાસી લોકોની મુખ્ય સમસ્યા વિસ્તૃતમાં વર્ણવી તે ક્ષેત્રકાર્ય કરવાના વિષયો જણાવો.
3. યુવાઓની સ્થિતી અને એ ક્ષેત્રે સંશોધનના વિષયો જણાવો.
4. સંશોધકની લાક્ષણિકતાઓમાં આત્મસાત કરવાની બાબતો વિગતો જણાવો.

## 3.10 સંદર્ભસૂચિ :


1) શાહ એ. જી. અને દવે જે. કે., સામાજિક સંશોધનની પદ્ધતિઓ, અમદાવાદ, અનડા પ્રકાશન.

2) ઉચાટ ડી.એ. (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ.

3) દેસાઈ હરીભાઈ જી. અને દેસાઈ કૃષ્ણકાંત જી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (આઠમી આવૃત્તિ) અમદાવાદ, યુનિ, ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

4) પટેલ આર.એસ. (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ જય પબ્લિકેશન.

5) દેસાઈ અરવિંદભાઈ (1992) સામાજિક સંશોધન પદ્ધતિઓ (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-401
# સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

વિભાગ

# 2

## સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધન


એકમ-1 સામાજિક સંશોધનનો અર્થ, લક્ષણો અને મહત્ત્વ

એકમ-2 સમાજકાર્ય સંશોધનનો અર્થ અને લક્ષણો

એકમ-3 સમાજકાર્ય સંશોધનના હેતુઓ, મહત્ત્વ અને કાર્યક્ષેત્રો

ISBN : 978-81-946447-8-1


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. વિપીન મકવાણા** | નિયામક, ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર, તા. દેથલી, જિ.ખેડા. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **પ્રો.(ડૉ.) ભરતભાઈ જોશી** | પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2022**

**Copyright©2022 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

માનવ જીવનની પ્રગતિના મૂળ સંશોધનમાં રહેલાં છે. શરૂઆતમાં એકદમ પ્રાથમિક કક્ષાનું જીવન જીવતાં માણસે પૈડું, અગ્નિની વિવિધ પ્રકારની શોધખોળ કરી. આજે શિક્ષણ માટે કમ્પ્યૂટર, મોબાઈલ અને વિવિધ પ્રકારનાં અનેકવિધ સાધનોની શોધ કરી છે. વૈજ્ઞાનિક સંશોધનોએ માનવજીવનને પ્રગતિ તરફ લઈ જવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન, સામાજિકવિજ્ઞાન, તેમજ મનોવિજ્ઞાનનાં જેવા વિવિધ ક્ષેત્રે સંશોધનમાં ઘણી આગેકૂચ કરી છે.

સંશોધન એ કોઈ સમસ્યાના સંદર્ભમાં હકીકતો તથા તેના અર્થોને ઊંડાણપૂર્વક અને બૌદ્ધિક રીતે તપાસવાની પ્રક્રિયા ગણાવી શકાય. જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો કોઈપણ સમસ્યાનાં ઉકેલ માટે ઉપયોગ કરવામાં આવે છે, જેમાં નવા જ્ઞાનનું સર્જન થતું હોય છે. સામાજિક વિજ્ઞાનમાં સમાજજીવનમાં જુદા જુદા પાસાંઓનો સમાવેશ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં સંશોધકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંશોધકે સમગ્ર સંશોધન પ્રક્રિયા અંગે સતત ચિંતન અને મનન કરતા રહેવું જોઈએ, સંશોધનમાં સતત ઓતપ્રોત બની રહેવું જોઈએ.

પ્રસ્તુત ઘટકમાં સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવના સમજાવવામાં આવી છે. જેમાં સામાજિક સંશોધન એટલે શું ? સામાજિક સંશોધનનાં વિવિધ લક્ષણો, સામાજિક સંશોધનની ઉપયોગિતા, સમાજકાર્ય સંશોધન એટલે શું ? તેનાં વિવિધ લક્ષણો, સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ અને તેની ઉપયોગિતા વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત,આ ઘટકના અંત ભાગમાં સમાજકાર્ય સંશોધનનાં વિવિધ ક્ષેત્રોનો ઊંડાણપૂર્વક પરિચય કરાવવામાં આવેલો છે. જેના માધ્યમથી સામાજિક કાર્યકરો અત્યારથી જ સંશોધનના વિવિધ મુદ્દાઓ ઉપર વિચારતા થાય તે છે.

## ઘટકના હેતુઓ :

1) સામાજિક સંશોધન એટલે શું ? તે વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

2) સમાજકાર્ય સંશોધન વિશેની સમજણ પ્રાપ્ત થશે.

3) વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધન અને સામાજિક સંશોધન વચ્ચેનો ભેદ સમજતા થશે.

4) સામાજિક સંશોધનનો અર્થ, તેના વિવિધ લક્ષણો વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

5) સામાજિક સંશોધનનું શું મહત્ત્વ છે ? તેના વિશેની જાણકારી મળશે.

6) સમાજકાર્ય સંશોધનનો અર્થ અને તેના લક્ષણો શું છે ? તે જાણવા મળશે.

7) સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ અને મહત્ત્વ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

8) સમાજકાર્ય સંશોધન વિશેના જુદા જુદા ક્ષેત્રો અંગેનો પરિચય થશે.

9) સમાજકાર્યનાં જુદાં-જુદાં ક્ષેત્રો વિશે ભાવિ સમાજ કાર્યકર્તાઓ વિચારતા થશે.

# એકમ–1 સામાજિક સંશોધનનો અર્થ, લક્ષણો અને મહત્ત્વ

: એકમનું માળખું :

1.0 પ્રસ્તાવના
1.1 એકમના હેતુઓ
1.2 સામાજિક સંશોધનનો અર્થ
1.3 સામાજિક સંશોધનના લક્ષણો
1.4 સામાજિક સંશોધનનું મહત્ત્વ - ઉપયોગિતા
1.5 તમારી પ્રગતિ ચકાસો
1.6 ઉપસંહાર
1.7 તમારી પ્રગતી ચકાસોના જવાબો.
1.8 ચાવીરૂપ શબ્દો
1.9 સ્વાધ્યાય લેખન
1.10 પ્રવૃત્તિ
1.11 કેસસ્ટડી
1.12 સંદર્ભગ્રંથ

## 1.0 પ્રસ્તાવના

કોઈપણ વિષયના વિકાસ માટે સતત સંશોધન થવું જોઈએ. આ સંશોધન ખૂબ વ્યવસ્થિત અને પદ્ધતિસરનું હોવું જરૂરી છે. સામાજિક સંશોધન સમાજ જીવનમાં જુદાં-જુદાં પાસાંઓ વિશેનો અભ્યાસ કરે છે. સામાજિક સંશોધન એટલે સમુદાયોની સામાજિક ઘટનાઓનું અથવા સામાન્ય રીતે માનવ વર્તનનાં સ્વરૂપ તથા પ્રવાહોનું પૃથક્કરણ કરી વ્યાપક સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક તથ્યોની રચના. સંશોધનની શરૂઆત હંમેશા અમુક પ્રકારના સવાલ કે સમસ્યાથી થાય છે. સંશોધનનું પ્રયોજન વૈજ્ઞાનિક, પ્રક્રિયાઓના વિનિયોગ મારફત સવાલોના જવાબ મેળવવાનું છે. વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ મારફત જે માહિતી એકત્રિત કરવામાં આવે છે, તે સવાલ સાથે સુસંગત હોવી જરૂરી છે.

સામાજિક સંશોધન સામાજિક ઘટનાઓ સંબંધિત શું ? શા માટે ? કઈ રીતે ? ક્યારે ? ક્યાં ? અને કોણ ? જેવાં વિવિધ પ્રશ્નોનો જવાબો મેળવવા માટે હમેશા પ્રયત્ન કરે છે. ટૂંકમાં, જેના વિશે આપણે અજાણ છીએ. અથવા ઓછું જાણીએ છીએ તે વિશે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જાણકારી મેળવવાનો સામાજિક સંશોધનમાં પ્રયત્ન કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનનો સામાજિક ઘટનાઓના અભ્યાસ સાથે સાથે સંકળાયેલ છે. જેમકે, યુવાનોમાં વ્યસનોનું વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. અહીં યુવાનો વિશેના અભ્યાસમાં યુવાનો કયા કારણોથી વિવિધ પ્રકારના વ્યસનો કરે છે. આ પાછળના મુખ્ય કયા કારણો છે તેના વિશે વિગતવાર અભ્યાસ કરવામાં આવે છે. આવી જ રીતે સમાજ જીવનનાં જુદાં-જુદાં પાસાંઓ વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય. લગ્નો, છૂટાછેડા, આત્મહત્યા, વ્યસનો, સ્થળાંતર, બેરોજગારી, અસંતોષ વગેરે પ્રકારનાં જુદાં-જુદાં પ્રશ્નો ઉપર સંશોધનો હાથ ધરી આ

સમસ્યાનાં ઉદ્ભવ પાછળનાં વિવિધ કારણો જાણી શકાય છે. પ્રસ્તુત એકમમાં સામાજિક સંશોધનની વિસ્તૃત વિભાવનાં સમજાવવાનો પ્રત્યત્ન કરવામાં આવેલ છે. અહિં મુખ્ય ત્રણ બાબતો આવરી લેવામાં આવેલ છે. જેમાં સામાજિક સંશોધનનો અર્થ, લક્ષણો અને ઉપયોગિતા (મહત્ત્વ) વિશેની જાણકારી આપવામાં આવી છે.

## 1.1 એકમના હેતુઓ

1) સામાજિક સંશોધન એટેલ શું ? તે જાણવા મળશે.

2) સામાજિક સંશોધનનાં વિવિધ લક્ષણો વિશેની જાણકારી મળશે.

3) સામાજિક સંશોધનનું મહત્ત્વ શું છે ? તે વિશે જાણકારી પ્રાપ્ત થશે.

4) સામાજિક સંશોધન વિશેની સૈદ્ધાંતિક સમજણ મળશે.

5) વિદ્યાર્થીઓ સામાજિક સંશોધનનાં જુદાં-જુદાં પાસાંઓથી વાકેફ થશે.

6) સામાજિક સંશોધનની વિભાવના જાણવા મળશે.

7) સમાજકાર્ય સંશોધનથી સામાજિક સંશોધન કઈ રીતે જુદું પડે છે, તેના વિષયક જાણકારી પ્રાપ્ત થશે.

8) સમાજ જીવનનાં જુદાં-જુદાં સામાજિક પાસાંઓ ઉપર શું સંશોધન થઈ શકે ? તેનાં વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

## 1.2 સામાજિક સંશોધનનો અર્થ

સામાજિક ઘટનાઓ અને સમસ્યાના સંદર્ભમાં નવીન જ્ઞાનની પ્રાપ્તિ માટે કરવામાં આવતા સંશોધનને સામાજિક સંશોધન કહે છે. સામાજિક સંશોધનની વિવિધ વ્યાખ્યાઓ જુદાં-જુદાં વિદ્વાનોને આપી છે તે નીચે પ્રમાણે છે.

**1)** **પોલિન યંગ :** સામાજિક સંશોધનની હેતુલક્ષી વ્યાખ્યા આપતાં નોંધે છે કે, સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું આ હકીકતોની ક્રમબદ્ધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનનો વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતાં નવાં વૈજ્ઞાનિક ઉપકરણો ખ્યાલો અને સિદ્ધાંતો વિકસાવાનાં ધ્યેય ધરાવે છે.

2) **જહોડા** વગેરે લેખકો કહે છે કે, સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિનાં ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો શોધવાનો છે. સંશોધન હંમેશા અમુક પ્રકારના પ્રશ્નથી શરૂ થાય છે. આવા પ્રશ્નો સામાન્ય જિજ્ઞાસા સાથે માંડીને અત્યંત જટિલ સ્વરૂપનાં હોઈ શકે છે.

3) એક સાથે રહેવાવાળાં વ્યક્તિઓનાં જીવનમાં થતી ક્રિયા-પ્રતિક્રિયાનું અન્વેષણ કરવું એટલે સામાજિક સંશોધન.

4) **યંગ અને મેજર** સામાજિક સંશોધનની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, સામાજિક સંશોધનમાં નવા તથ્યોની શોધની સાથે સાથે જૂના તથ્યો અને સિદ્ધાંતોની પણ ચકાસણી કરવામાં આવે છે. સામાજિક સંશોધન માનવીય ક્રિયાઓ અથવા સામાજિક સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારણ સંબંધો સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે.

5) **પ્રો. ક્લીફોર્ડ મૂડી** સામાજિક સંશોધન અંગે વ્યાખ્યા જણાવે છે કે, સંશોધનમાં સમસ્યાને વ્યાખ્યાયિત કરવાની સમસ્યાના ઉકેલ માટે ઉપકલ્પનાનું ઘડતર કરવાની, ઉપકલ્પનાની ચકાસણી કરવા માટે માહિતી એકત્ર કરવાની, એ માહિતીને પદ્ધતિસર રીતે ગોઠવવાની અને તેની સમીક્ષા કરવાની, એકત્ર કરેલી માહિતી પરથી તારણો તારવવાની તથા એ તારણો શરૂઆતમાં ઘડેલી ઉપકલ્પનાઓ સાથે બંધબેસતા છે કે કેમ તેની ચકાસણી કરવાની વૈજ્ઞાનિક પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

## 1.3 સામાજિક સંશોધનનાં લક્ષણો

સામાજિક સંશોધન એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, આ પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. સામાજિક સંશોધનમાં સામાન્ય રીતે સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાઓ ઉપર સંશોધનો કરવામાં આવે છે. સામાજિક સંશોધન કોને કહેવાય ? તે વિશે જુદાં-જુદાં વિદ્વાનોએ વ્યાખ્યા આપેલી છે. આ વ્યાખ્યા ઉપરથી સામાજિક સંશોધનનાં નીચે મુજબનાં લણક્ષો તારવી શકાય છે.

**1) સમસ્યાની ઓળખ :**

સામાજિક સંશોધનનું આ પાયાનું લક્ષણ છે. સામાજિક સંશોધનમાં જે વિષય ઉપર સંશોધન કરવાનું છે તેની ઓળખ કરવી ખૂબ જરૂરી બની રહે છે. સામાન્યરીતે કેમ ?, ક્યારે ?, કઈ રીતે ?, શા માટે ? વગેરે જેવાં અઘરાં અને અટપટા સવાલો માટેનાં જવાબો સંશોધનનાં માધ્યમથી મેળવવાના છે. કોઈપણ સમસ્યાને સંશોધક, સમસ્યા તરીકે સ્વીકારતો નથી. સમસ્યા કોને કહેવાય તે અંગેની એક આગવી સમજણ સંશોધનમાં રહેલી છે. આ દૃષ્ટિએ સામાજિક સંશોધનમાં સમસ્યાની ઓળખ મેળવવા માટે તેની સંપૂર્ણ માહિતી અને સમસ્યા અંગેના સંભવિત કારણો વિશેની સમજ સંશોધક દ્વારા મેળવવામાં આવે છે. જેથી સંશોધક સંશોધનના ક્ષેત્રે પદ્ધતિસર આગળ વધી શકે છે. દરેક સામાજિક સંશોધનમાં આ પ્રક્રિયા કરવામાં આવે છે. આમ, સમસ્યાની ઓળખને સામાજિક સંશોધનનું મહત્ત્વનું લક્ષણ ગણાવી શકાય.

**2) પ્રશ્નસૂચક બાબત (ઉપકલ્પનાનું નિર્માણ):**

સામાજિક સંશોધનમાં કોઈપણ સંશોધન હાથ ધરતાં પહેલાં સમસ્યાના મૂળ સુધી પહોંચવા માટે કેટલાંક પ્રશ્નસૂચક વાક્યો તૈયાર કરવામાં આવે છે, જેને સંશોધનની પરિભાષામાં ઉપકલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રશ્નસૂચક વાક્યોની સંશોધનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. જેમકે, કોઈ સંશોધક જમીનના મુદ્દે સર્વેક્ષણ કરી રહેલ છે તો તે સંશોધનકાર્ય કરતાં પહેલાં નીચે પ્રમાણેની ઉકલ્પના બાંધે છે.

1) ખેડૂતોને ખેતીમાં રસ નહીં હોય.

2) ખેતી ખોટનો ધંધો બની છે માટે ખેડૂતો જમીન આપવા તૈયાર થયા હશે.

3) ખેડૂતો રોજગારી મેળવવા અર્થે સ્થળાંતરિત થયા હશે.

4) ખેડૂતો જમીન વિહોણા બનતાં તેમના સામાજિક દરજ્જામાં ફેરફાર પડ્યો હશે.

5) ખેડૂતોએ જમીન આપ્યા પછી હાલ તેઓ પ્રસ્તાવાની લાગણી અનુભવતા હશે.

6) જમીન ગુમાવતાં ખેડૂતોની આવક ઘટી હશે.

7) ખેડુતોએ જમીન ગુમાવતાં પશુપાલનનાં વ્યવસાય ઉપર ગંભીર અસરો પડી હશે.

8) જમીનમાંથી મળેલ પૈસાનો ખેડૂતોએ મોટાભાગે મોજશોખ માટે ઉપયોગ કર્યો હશે.

આમ, ઉપરોક્ત ઉપકલ્પના ખેડૂતોના અભ્યાસ અગાઉની સંશોધકની પોતાની ધારણાઓ છે. ઉપલ્કપના એટલે પ્રશ્નસૂચક વાક્યો કે, જેની સંશોધનમાં ચકાસણી કરવાની બાકી છે. ઉકલ્પના સંશોધનને દિશા-માર્ગદર્શન પૂરું પાડવાનું કામ કરે છે. ઉપકલ્પનાના માધ્યમથી સંશોધક સમસ્યાના મૂળ સુધી પહોંચી શકે છે. સંશોધનકાર્યમાં સત્યના સંશોધનની પ્રક્રિયામાં ઉપકલ્પનાની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાવી શકાય. આમ, સામાજિક સંશોધનનું ઉપકલ્પના મહત્ત્વનાં લક્ષણ ગણાવી શકાય.

**3) માહિતી એકત્રીકરણની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગઃ**

સંશોધનમાં માહિતી મુખ્ય આધાર છે. માહિતી વગર સંશોધન શક્ય નથી. સંશોધનમાં માહિતી મેળવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ સંશોધન કાર્યના પ્રારંભથી માંડી તેના અંત સુધીમાં સંશોધકે જુદાં-જુદાં પ્રકારની પ્રક્રિયા કરવાની છે. જુદાં-જુદાં તબક્કાઓમાંથી તેણે પસાર થવું પડે છે.

**સામાન્ય રીતે :**

1) સંશોધન વિષયની પસંદગી

2) સંશોધન યોજના

3) ઉપકલ્પનાનું નિર્માણ

4) માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિની પસંદગી

5) ઉપકલ્પનાની ચકાસણી માટે માહિતીનું એકત્રીકરણ

6) માહિતીનું પૃથક્કરણ અને વર્ગીકરણ

7) તારણો અને સામાન્યીકરણ

આમ, તબક્કાવાર સંશોધનનો આરંભ થાય છે. સંશોધનનું વ્યાપ વિશ્વ શું છે ?તેની ઓળખ કર્યા પછી ઉતરદાતાની પસંદગી માટે પણ જુદી-જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધી જ બાબતો એકદમ વૈજ્ઞાનિક છે. જેમાં સંશોધક પોતાની ઈચ્છા મુજબ કશું જ કરી શકતો નથી. સંશોધનના પ્રત્યેક તબક્કે સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિનો આધાર લેવો પડતો હોય છે. આમ, સંશોધનમાં વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ સંશોધનકાર્યનું મહત્ત્વનું વલણ ગણાવી શકાય.

**4) માહિતીનું તાર્કિક વિશ્લેષણઃ**

એકત્ર કરેલ માહિતીનું તાર્કિક રીતે વિશ્લેષણ થવું જરૂરી છે. સામાજિક સંશોધનમાં સંશોધક દ્વારા જે પ્રાથમિક કે ગૌણ માહિતી એકત્ર કરવામાં આવે છે તેની નોંધ તૈયાર કરવામાં આવે છે. એકત્રિત માહિતીનું વર્ગીકરણ કરવા માટે તેની સંજ્ઞા સૂચિ તૈયાર કરવામાં આવે છે. આ સંજ્ઞાસૂચિના આધારે મળેલ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવે છે. માહિતીના પૃથક્કરણ બાદ તેના આધારે કોષ્ટકીકરણ કરવામાં આવે છે. અને કોષ્ટકીકરણ પછી મળેલ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. વિશ્લેષણના આધારે મળેલ માહિતીનું અર્થઘટન કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા પછી પ્રાપ્ત થયેલ માહિતીનું સમસ્યાના નિદાનના રૂપમાં સ્થાપિત કરવામાં આવે છે. માહિતીનું તાર્કિક રીતે વિશ્લેષણ કરવામાં આવે તો જ સંશોધનના મૂળ

સવાલોના જવાબ સંશોધનનાં અંતમાં સંશોધકને મળી શકે છે. આમ, માહિતીનું તાર્કિક વિશ્લેષણ સામાજિક સંશોધનનું મહત્ત્વનું લક્ષણ ગણાવી શકાય.

**5) વૈજ્ઞાનિક તારણ :**

સામાજિક સંશોધનમાં એકત્રિત થયેલ માહિતીને વૈજ્ઞાનિક પદ્ધતિથી તેનું વર્ગીકણ કરી વિશ્લેષણ અને અર્થઘન કરવામાં આવે છે અને અર્થઘટનના આધારે ચોક્કસ નિષ્કર્ષ સુધી પહોંચવામાં આવે છે. જ્યાં કોઈ ચોક્કસ નિયમ કે સિદ્ધાંત સાથે સરખામણી કરવાની જરૂરિયાત પડે તો સરખામણી કરીને એ ચોક્કસ તારણ સુધી પહોંચવામાં આવે છે. જો અગાઉના નિયમ કે સિદ્ધાંતમાં કોઈ સત્યનો ઉમેરો થતો હોય તો અગાઉના નિયમ કે સિદ્ધાંતમાં સુધારણાની નવેસરથી નિયમ કે સિદ્ધાંત સ્થાપિત કરી શકાય છે. આ બધી જ પ્રક્રિયામાં વૈજ્ઞાનિક તારણો એ સંશોધનનું હાર્દ ગણાવી શકાય. સંશોધનમાં વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી શાશ્વત સત્યની શોધમાં કરવામાં આવે છે. આ, સંશોધનમાં વૈજ્ઞાનિક તારણ સંશોધનનું મહત્ત્વનું લક્ષણ ગણાવી શકાય.

## 1.4 સામાજિક સંશોધનનું મહત્ત્વ-ઉપયોગિતા :

સામાજિક સંશોધન એ જુદી-જુદી સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરે છે. જે ઘટના, પ્રશંગો કે બનાવો. વિશે આપણે અજાણ અથવા માહિતી ધરાવતાં નથી તેવી જુદી-જુદી ઘટનાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે માટે સામાજિક સંશોધન ઘણું ઉપયોગી છે. સામાજિક સંશોધનનું મહત્ત્વ બે રીતે આંકી શકાય.

**સામાજિક સંશોધનનું મહત્ત્વ**

યથાર્થતાના આધારે | ઉપયોગિતા આધારે

સામાન્ય રીતે સંશોધનના અતે,

- જે-તે સંશોધનની સમાજને શું ફાયદો થશે ?
- માર્કેટમાં સંશોધનનું શું મૂલ્ય છે ?
- સંશોધનનાં અંતે સમાજની સુખાકરી વધારો થશે ?
- સંશોધનની વ્યાવહારિક ઉપયોગિતા શું છે ?
- આર્થિક પાસાંનો જો અભ્યાસ હોય તો આ સંશોધનની ગરીબીના નિર્મૂલનમાં શું ભૂમિકા છે ?

જ્યારે, આપણે જુદાં-જુદાં પ્રકારનાં સંશોધનની ઉપયોગિતાના સંદર્ભમાં જ્યારે આપણે વિચારણા કરીએ છીએ ત્યારે ઉપરોક્ત મુદાઓ મહત્ત્વના બની રહે છે. ગૂડે અને હટ્ટના તે આ બંન માપદંડોને લક્ષમાં લઈને સામાજિક સંશોધનના મહત્ત્વ વિશે વિચાર કરવો જોઈએ. આ દષ્ટિએ નીચે મુજબનાં સામાજિક સંશોધનોના ઉપયોગ દર્શાવી શકાય.

**1) સામાજિક સિદ્ધાંતની સ્થાપનામાં ફાળોઃ**

સામાજિક સંશોધનનો વિજ્ઞાનનાં વિકાસમાં ઘણો ફાળો છે. સામાજિક સંશોધનનાં તારણો સંશોધનના વિકાસ માટે ખૂબ ઉપયોગી બની રહે છે. સામાજિક સંશોધકો સંશોધન માટેની

એક નવી દૃષ્ટિ પૂરી પાડે છે. જેમકે, આજે ગ્રામીણ વિસ્તારમાંથી શહેરો તરફ રોજગારી અર્થે લોકોનું સ્થળાંતર વધ્યું છે. આ પાછળનાં કારણો દેખીતા છે કે, આજે પાણીની તંગી છે,ખેતીમાં રોગ-જીવાતનું પ્રમાણ વધ્યું છે. મજૂરીના દરોમાં વધારો થવાનાં પરિણામે ઉત્પાદન આવકની સામે ઉત્પાદન ખર્ચ વધ્યું છે. મારે જો ગ્રામીણ વિસ્તારમાં શહેર તરફનું સ્થળાંતર કે આકર્ષણ જો ઘટાડવું હોય તો યોજનાકીય આયોજનોમાં સ્થાનિક સ્તરે પૂરતા પ્રમાણમાં રોજગારી મળી શકે તેવા પ્રયત્નો કરવાં જોઈએ. ખેતીને ઉપજાઉ બનાવવી પડે. ચીલાચાલુ ખેતીના બદલે આધુનિક ખેતી કરતા ખેડૂતો થાય તેવા પ્રયત્નો કરવાં જોઈએ. સમાજમાં ઘણા સામાજિક સવાલો છે. એવા ઘણા મુદ્દાઓ સંશોધનકાર્યની નવી ઉપકલ્પનાનો સ્રોત બની શકે છે. સામાજિક સિદ્ધાંત સ્થાપવા માટે અને પ્રવર્તમાન સિદ્ધાંતને વિસ્તૃત કરવામાં સામાજિક સંશોધન ઉપયોગી બની રહે છે.

**2) ભાવિ સંશોધકોને તાલીમ :**

સામાજિક સંશોધન ભાવિ સંશોધક માટે તાલીમની ગરજ સારે છે. તેઓને સારાં સંશોધક બનાવવા માટે સામાજિક સંશોધન ઘણું ઉપયોગી બની રહે છે. પદ્ધતિસર રીતે થયેલાં સંશોધનોમાંથી ભાવિ સંશોધકો ઘણી શીખ મેળવી શકે છે. સંશોધનના હેતુઓ, કાર્યપદ્ધતિ, નમૂના પસંદગી, અવલોકનો, અર્થઘટનો એવી રીતે સંશોધનનું પ્રત્યેક સોપાન ભાવિ સંશોધકોને ઘણી રીતે વિચારતા કરી મૂકે છે. ભાવિ સંશોધનકર્તામાં વૈજ્ઞાનિક વલણો અને કુશળતાઓના વિકાસ માટે સંશોધનો ખૂબ ઉપયોગી બની રહે છે. અન્ય સંશોધકોએ કરેલાં સંશોધનો, સાહિત્યની સમીક્ષા ભાવિ સંશોધકોને તાલીમ આપવાનું પાયાનું કામ કરે છે.

**3) આગાહી કરવામાં ઉપયોગી :**


સામાજિક સંશોધનો સમાજ જીવનનો અભ્યાસ કરે છે. ઘણાં સંશોધનો જુદાં-જુદાં સામાજિક પ્રવાહોને લગતા હોય છે. દા.ત. આજે સંયુક્ત કુટુંબપ્રથા તૂટી રહી છે?

- પ્રેમલગ્નો નિષ્ફળ જઈ રહ્યાં છે.
- જમીન સંપાદનનાં લીધે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે.
- ગામડાંમાંથી શહેર તરફ યુવાનો સ્થળાંતરિત થઈ રહ્યાં છે.
- આજે ગામડાંઓ તૂટી રહ્યાં છે અને શહેરોમાં કોંક્રિટના જંગલો ઊભા થઈ રહ્યાં છે.

આમ, આવા સમાજજીવનનાં જુદાં-જુદાં અભ્યાસોના પરિણામે સમાજને એક ચોક્કસ દિશા આપવા માટે આવો કથનો ખૂબ ઉપયોગી બની રહે છે. આવાં અભ્યાસો વર્તમાન પ્રવાહો તરફ ધ્યાન દોરી ભવિષ્યવાણી કરે છે. જેના પરિણામે સમાજને એક ચેતવણી મળે છે. આમ જુદાં-જુદાં પ્રકારની આગાહીઓ કરવા માટે સંશોધનો ખૂબ ઉપયોગી બની રહે છે.

**4) સામાજિક નીતિનાં ઘડતરમાં ઉપયોગી:**


સામાજિક નીતિના ઘડતરમાં સામાજિક સંશોધનો ખૂબ ઉપયાગી છે.



સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાંઓ વિશેનાં અભ્યાસો સામાજિક નીતિનાં નિર્ધારણ અને તેના અસરકારક આયોજન માટે સંશોધનની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આમ, સાજિક સંશોધનો સમાજનાં જુદાં-જુદાં પાસાંઓને લગતી હકીકતલક્ષી અને વસ્તુલક્ષી માહિતી તથા નિયમો પૂરા પાડે છે. જે વિકાસ માટેની ભાવિ નીતિ કેવી હશે તે ઘડવામાં ખૂબ ઉપયોગી બની રહે છે.

**5) સમસ્યાઓને નિયંત્રિત કરવામાં ઉપયોગીઃ**

સામાજિક સંશોધનનાં ચોક્કસ હેતુઓ છે તેના ચોક્કસ ઉદ્દેશો છે. સંશોધનનાં ચોક્કસ તારણો અને દિશા નિર્દેશ સમાજની આંખ ખોલે છે. એવી ઘણી સામાજિક સમસ્યાઓ છે. જેના અભ્યાસ દ્વારાં સમજમાં લોકજાગૃતિનું ઉત્તમ કામ થાય છે.




ઉપરોક્ત સમસ્યાઓ આજે સમાજમાં એક યા બીજા સ્વરૂપે આપણને જોવા મળે છે; જેમકે, સ્ત્રીઓનું ઘટતું જતું પ્રમાણ અંગેના વિવિધ અભ્યાસો સમાજને ચેતવે છે. એવી જ રીતે પ્રત્યેક સમસ્યાની અટકાયતમાં સંશોધનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા બની રહે છે. ભાવિ સમસ્યાઓની અટાકાયતમાં સંશોધનો ખૂબ ઉપયોગી બની રહે છે.

**6) સામાજિક જીવનને વાસ્તવિકરૂપે વર્ણવે છેઃ**

સામાજિક સંશોધનની આ મહત્ત્વની ઉપલબ્ધિ છે. સામાજિક સંશોધનો સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રોને લગતી હકીકતલક્ષી અને વસ્તુલક્ષી માહિતી તથા નિયમો પૂરા પાડે છે. જે નીતિ ઘડતર અને આયોજનની પ્રક્રિયામાં ખૂબ જ ઉપયોગી બની રહે છે. સામાજિક સંશોધન દ્વારા સામાજિક બાબતો અને તેના કાર્યને લગતું જ્ઞાન ઉપલબ્ધ થાય છે. આમ, આ પ્રકારનું જ્ઞાન સીધું સમાજ જીવનની વાસ્તવિક સ્થિતિ તરફ અંગુલી નિર્દેશ કરે છે. આ બાબતો, સામાજિક નીતિના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી બની રહે છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. એક સાથે રહેવાવાળા વ્યકિતઓના જીવનમાં થતી ક્રિયા-પ્રતિક્રિયાનું અન્વેષણને શું કહે છે ?

(A) સામાજિક ઘટના (B) સામાજિક હકીકતો

(C) સામાજિક સંશોધન (D) સામાજિક સમસ્યાઓ

2. એકત્ર કરેલ માહિતીનું તાર્કિક રીતે શું થવું જરૂરી છે ?

(A) સંશોધન (B) વિશ્લેષણ

(C) પૃથક્કરણ (D) અર્થઘટન

3. એકત્રિત માહિતીનું વર્ગીકરણ કરવા માટે શું તૈયાર કરવામાં આવે છે ?

(A) કોષ્ટકીકરણ (B) વર્ગીકરણ

(C) વિશ્લેષણ (D) સંજ્ઞાસૂચિ

4. માહિતીન પૃથક્કરણ બાદ તેના આધારે શું કરવામાં આવે છે ?

(A) કોષ્ટકીકરણ (B) માહિતીનું પૃથક્કરણ

(C) માહિતીનું તાર્કિક (D) માહિતીનું વિશ્લેષણ

5. કોના મતે સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પધ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો શોધવાનો છે ?

(A) પોલિન યંગ (B) યંગ અને મેજર

(C) જહોડા (D) પ્રો. ક્લીફોર્ડ મૂડે

## 1.6 ઉપસંહાર

સમાજમાં વિભિન્ન પાસાંઓનાં વૈજ્ઞાનિક અભ્યાસ માટે સામાજિક સંશોધન જરૂરી છે. સામાજિક સંશોધનની વિવિધ વ્યાખ્યામાં સામાજિક સંશોધનનું હાર્દ છે. સંશોધનની જુદી-જુદી વ્યાખ્યાઓમાંથી સામાજિક સંશોધનની ઓળખ ઊભી કરતાં કેટલાંક લક્ષણો જુદાં તારવી શકાય છે. સામાજિક સંશોધનનું એક આગવું વિજ્ઞાન છે, શાસ્ત્ર છે. સમાજ જીવનનાં જુદાં-જુદાં પાસાંઓને લઈ થતાં વિવિધ અભ્યાસો સમાજ માટે ઘણાં ઉપયોગી છે, ગરીબી, બેકારી, બેરોજગારી, આત્મહત્યા વ્યસનો, આરોગ્ય, પીવાનું પાણી, સ્થળાંતર, પ્રદૂષણ વગેરે પ્રકારના સમાજનાં ગંભીર સવાલોનું પ્રતિબિંબ જુદાં-જુદાં અભ્યાસો ઉપર પડે છે. આમ, વિવિધ સવાલોની અટકાયત સામાજિક સંશોધન ખૂબ ઉપયોગી રહે છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (3) સામાજિક સંશોધન
2. (2) વિશ્લેષણ
3. (4) સંજ્ઞાસૂચિ
4. (1) કોષ્ટકીકરણ
5. (2) જહોડા

## 1.8 ચાવીરૂપ શબ્દો

1 **સામાજીક સંશોધન :** એક સાથે રહેવાવાળાં વ્યક્તિઓનાં જીવનમાં થતી ક્રિયા-પ્રક્રિયાનું અન્વેષણ કરવું એટલે સામાજિક સંશોધન.

## 1.9 સ્વાધ્યાય લેખન

1. સામાજિક સંસોધનની અર્થ વ્યાખ્યા અને મહત્ત્વ

...........................................................................................

...........................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. સામાજિક સંસોધનની જુદી જુદી વ્યાખ્યાઓ આપો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. સામાજિક સંસોધનનો અર્થ સ્પષ્ટ કરી તેના વિવિધ લક્ષણોની ચર્ચા કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

4. સામાજિક સંસોધનના વિવિધ લક્ષણો વિશેની સવિસ્તૃત સમજણ આપો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 1.10 પ્રવૃત્તિ

1. સામાજિક સંશોધનની અલગ-અલગ વ્યાખ્યા આપી તેનો સાર તમારા શબ્દોમાં લખો.
2. સામાજિક સંશોધનની ઉપયોગિતાનો ચાર્ટ બનાવો.

## 1.11 કેસસ્ટડી

1. સામાજીક સંશોધનનો લક્ષણો ઉદાહરણ સાથે રજુ કરો.
2. સામાજીક સંશોધનનું મહત્ત્વ વાસ્તવિક ઉદાહરણ સાથે રજુ કરો.

## 1.12 સંદર્ભસૂચિ


1) દેસાઈ હરિભાઈ.જી. અને દેસાઈ કૃષ્ણકાંતજી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (આઠમી આકૃતિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

2) ઉચાટ ડી.એ. (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ,

3) પટેલ આર. એસ. (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ, જય પબ્લિકેશન.

4) શાહ એ.જી. અને દવે જે.કે. (2009) સામાજિક સંશોધની પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, અનડા બુક ડીપો.

5) દેસાઈ અરવિદંરાયના (1992) સામાજિક સંશોધન પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી, ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

# એકમ–2 સમાજકાર્ય સંશોધનનો અર્થ અને લક્ષણો

## : એકમનું માળખું :

**2.0 પ્રસ્તાવના**

**2.1 એકમના હેતુઓ**

**2.2 સમાજકાર્ય સંશોધનનો અર્થ**

**2.3 સમાજકાર્ય સંશોધનની જુદી-જુદી વ્યાખ્યાઓ**

**2.4 સમાજકાર્ય સંશોધનના વિવિધ લક્ષણો**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 ઉપસંહાર**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.8 ચાવીરૂપ શબ્દો**

**2.9 સ્વાધ્યાય લેખન**

**2.10 પ્રવૃત્તિ**

**2.11 કેસસ્ટડી**

**2.12 સંદર્ભગ્રંથ**

## 2.0 પ્રસ્તાવના

સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. જેમાં વૈજ્ઞાનિક જ્ઞાન અને કુશળતાનો સમાવેશ કરવામાં આવે છે. એકબાજુએ વ્યક્તિઓની સામાજિક સમસ્યાઓ હલ કરવામાં મદદરૂપ થાય છે, તો બીજી બાજુ એ એમનામાં પડેલી ઉત્તમોત્તમ શક્તિઓનાં વિકાસની આડે આવતાં અંતરાયોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. સમાજકાર્ય એક વ્યવસાય હોવાના નાતે વ્યવસાયને વિકાસાવવા માટે નવાં-નવાં સંશોધનની કરવાની જરૂરિયાત ઊભી થાય છે. નવી નવી હકીકતો કે તથ્યોની શોધ કરવામાં આવે છે, જેથી હકીકતો કે તથ્યોની ચકાસણી કરી નવી હકીકતો કે તથ્યોને સ્થાપિત કરવામાં આવે છે. સમાજ કાર્યકરો સમાજના અનેક ક્ષેત્રમાં લોકોને સીધી કે આડકતરી રીતે મદદ આપવાનો અને વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવનો પ્રયત્ન કરે છે. સમાજ કાર્યકર પોતાના ક્ષેત્રમાં લોકોને મદદ કરવા માટે જુદી જુદી પદ્ધતિઓ કે પ્રયુક્તિઓનો પોતાની સમજ અનુસાર ઉપયોગ કરે છે. ક્યારેક સમાજની ઘણી જટિલ સમસ્યાઓનો પણ સામનો તેમણે કરવો પડતો હોય છે. આ જટિલ પ્રકારની સમસ્યાઓના ઉકેલ માટે સમાજકાર્યના જુદાં-જુદાં ક્ષેત્રોમાં સંશોધન કરવું જરૂરી છે.

દરેક વ્યવસાયને ટકી રહેવા માટે કંઈક ને કંઈક નવી શોધખોળ કરવી પડે છે. પોતાની તાકાત અને નબળાઈઓને ઓળખવી પડે છે. પોતાના વ્યવસાયની નબળાઈઓ દૂર કરવા અને થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે નવા જ્ઞાનનું સર્જન કરવું પડે છે. સમાજકાર્ય સંશોધન એ વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી નવા જ્ઞાનની શોધ કરવાની એક પદ્ધતિ છે. આ પદ્ધતિ વિશેનો વિસ્તૃત ખ્યાલ આ એકમમાં આપવામાં આવ્યો છે. આ એકમમાં સમાજકાર્ય એટલે શું અને સમાજકાર્યની ઓળખ માટે તેનાં જુદાં-જુદાં કયા લક્ષણો છે, તેની સવિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## 2.1 એકમના હેતુઓ

1) સમાજકાર્ય સંશોધન વિશેની સમજણ પ્રાપ્ત થશે.

2) સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવના જાણવા મળશે.

3) સમાજકાર્ય સંશોધન અને સામાજિક સંશોધન વચ્ચેનો ભેદ જાણવા મળશે.

4) સમાજકાર્ય સંશોધન વિશેની સૈદ્ધાંતિક સમજણ પ્રાપ્ત થશે.

5) સમાજકાર્ય સંશોધનમાં કયા કયા મુદ્દાઓનો સમાવેશ થાય તે અંગેની વિશેષ જાણકારી મળશે.

6) સમાજકાર્ય સંશોધનમાં સમાવિષ્ટ જુદાં-જુદાં ક્ષેત્રનો પરિચય થશે.

7) સમાજકાર્ય સંશોધન કોને કહેવાય ? તેના વિવિધ લક્ષણો જાણવા મળશે.

8) સમાજકાર્યના ક્ષેત્રમાં કયા પ્રકારના સંશોધનો કરી શકાય તે અંગે ભાવિ સંશોધકો વિચારણા કરતા થશે.

9) સમાજકાર્ય સંશોધનનું મહત્ત્વ અને મૂલ્ય વિદ્યાર્થીઓ સમજતા થશે.

10) સમાજકાર્ય સંશોધનનાં જુદાં-જુદાં પાસાંઓ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

## 2.2 સમાજકાર્ય સંશોધનનો અર્થ

સામાજિક સંશોધન પદ્ધતિએ સમાજકાર્યની ગૌણ પદ્ધતિ છે. જેની મદદથી સામાજિક કાર્યકર્તા વ્યક્તિ, જૂથ કે સમુદાયની મુશ્કેલીઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જેનાથી વ્યક્તિ, જૂથ અને સમુદાય પોતે પોતાની મુશ્કેલીઓ દૂર કરી શકે અને સ્વમાનથી જિંદગી જીવી શકે. આ રીતે સમાજકાર્ય સંશોધન ક્રમબદ્ધ અને તાર્કિક રીતે નવા તથ્યો કે હકીકતોની શોધ કરે છે. જેનો હેતુ જ્ઞાનને વિકસાવવાનો હોય છે. મનુષ્ય સ્વભાવથી જન્મજાત જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. સમાજમાં ઊભી થતી ઘટનાઓનાં સંબંધમાં જુદાં-જુદાં અભ્યાસો કરે છે. જ્યારે, સમાજકાર્યના સંશોધનમાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં સંશોધન કરવામાં આવે છે. સંશોધનમાં સમાજના વંચિત અને છેવાડાના સમુદાયોના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે. આ પ્રકારના સંશોધનોને સમાજકાર્ય સંશોધન કહી શકાય.

સમાજકાર્ય સંશોધનમાં સમાજની જુદી-જુદી સમસ્યાઓનો અભ્યાસ કરી તે સમસ્યાઓની સુધારણા અને ઉકેલ માટે પ્રયત્ન કરવામાં આવે છે. જેમકે, અત્યારે ગુજરાતમાં ઔદ્યોગિક મૂડી રોકાણના લ્હાયમાં બહું મોટાપાયે જમીન સંપાદન કરવામાં આવે છે. જે જમીનો સંપાદિત કરવામાં આવેલ છે. તે જમીનોનું અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળ્યું છે કે કેમ ? જમીન ગુમાવનાર ખેડૂતોને રોજગારી આપવામાં આવી છે કે કેમ ? તે અંગેની વિગતો જુદી તારવી સંશોધનના અંતે આ સમસ્યાઓની સુધારણા માટેની યોજના તૈયાર કરી અસરગ્રસ્ત ખેડૂતોને રોજગારી અને યોગ્ય વળતર મળે તેવા પ્રયત્નો કરવાં જોઈએ. સમાજકાર્ય સંશોધન વિશેની વિસ્તૃત સમજણ માટે નીચેની વ્યાખ્યાઓ ઉપરથી સ્પષ્ટ કરી શકાય.

## 2.3 સમાજકાર્ય સંશોધનની જુદી જુદી વ્યાખ્યાઓ

**1) ફલેચર :** સમાજકાર્યમાં કાર્યો અને તેની પદ્ધતિઓની પ્રમાણિકતા, તેની જરૂરિયાતની ચકાસણી કરવી એટલે સમાજકાર્ય સંશોધન.

**2) ફિડલેન્ડર :** સમાજકાર્યનું જ્ઞાન, કુશળતાઓ, પદ્ધતિઓ, વિભાવનાઓ, સિદ્ધાંતોની તપાસ, સામાન્યીકરણ અને તેનો વિસ્તાર કરવા માટે સમાજકાર્યની પદ્ધતિઓની વિવિધતાની, ટીકાત્મક

તપાસ અને વૈજ્ઞાનિક પરિક્ષણ એટલે સમાજકાર્ય સંશોધન.

3) **જીનેલઃ** સમાજકાર્ય સંશોધન એ વ્યવસ્થિત પદ્ધતિસરની હેતુ પૂર્ણ તપાસ છે. જેમાં વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાઓને ઉકેલવામાં અને તેની પ્રત્યક્ષ કે વ્યવહાર કરવામાં નવા જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.

4) **નેશનલ એસોસીએશન ઓફ સોશિયલ વર્ક :** સમાજકાર્ય સંશોધનમાં પ્રશ્નો, સમસ્યાઓ કે તથ્યોની તપાસ કરવામાં આવે છે કે,જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે,જે સંશોધનનાં માધ્યમથી ઉકેલવા યોગ્ય હોય છે.

5) **મેકડોનાલ્ડ :** સમાજકાર્ય સંશોધનમાં એવી સમસ્યાઓ હાથ ધરવામાં આવે છે કે, જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જેને સંશોધનના માધ્યમથી ઉકેલવામાં આવે છે. તેમજ સમાજકાર્યના મૂળતત્ત્વો સાથે તેનું વિશ્લેષણ, અન્વેષણ અને પૃથક્કરણ કરવામાં આવે છે.

6) **સુરેન્દ્રસિંહઃ** સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્ય વ્યવસાય દ્વારા કરવામાં આવતી કામગીરી દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતી સહાયક પદ્ધતિ છે. જે સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે, સમાજકાર્ય સંબંધી માન્યતાઓ, ધારણા સંબંધિત માહિતીને ઉપકલ્પનાના રૂપમાં અને ત્યારબાદ પરીક્ષણ કરેલ જ્ઞાનના રૂપમાં સતત પરિવર્તિત કરાનો પ્રયાસ કરે છે અને પરિવર્તન કરે છે.

7) **રિમલ :** સમાજકાર્ય સંશોધન વ્યવહારિક સમસ્યાઓથી શરૂ થાય છે જેનો હેતુ એવા જ્ઞાનનો વિકાસ કરવાનો છે કે જેનાથી સામાજિક કાર્યકર્તા આયોજન અને અમલીકરણમાં ઉપયોગ કરી શકાય.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સમાજ કાર્ય સંશોધન એક એવી પદ્ધતિ છે. જેના દ્વારા સમાજકાર્યને નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉપયોગિતા સાથે સાથે સંશોધનનું ક્ષેત્ર પણ વિશાળ બને છે. ઉપરાંત, તેનો હેતુ પણ વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં જ્ઞાનનો વિકાસ કરવાનો છે. ટૂંકમાં, સમાજકાર્ય સંશોધનમાં પ્રશ્નો સમસ્યાઓ જોડાયેલી હોય છે. જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જેને સમાજકાર્ય સંશોધનની મદદથી ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવે છે.

## 2.4 સમાજકાર્ય સંશોધનનાં વિવિધ લક્ષણો

સમાજકાર્યનો મૂળ ઉદ્દેશ્ય સમસ્યાગ્રસ્ત સેવાર્થીનો સમસ્યામાંથી બહાર લાવવાનો છે. સમાજકાર્યકર સમાજકાર્યની પદ્ધતિઓની મદદથી સેવાર્થીને એવી રીતે મદદ કરે છે કે, સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતાની સમસ્યા સમજે અને તેને જાતે દૂર કરવાનો પ્રયત્ન કરે તેમજ ભવિષ્યમાં આવી સમસ્યાઓનો તે ભોગ ન બને અને જો સંજોગોવસાત સેવાર્થી સમસ્યાગ્રસ્ત બને તો તે હિંમતભેર તેનો સામનો કરી શકે અને સમસ્યા દૂર કરી સમાજમાં સ્વમાન અને ગૌરવભેર જીવન જીવી શકે તે રીતે તેને તૈયાર કરવા માટે સામાજિક કાર્યકર્તા સમાજકાર્યની જુદી-જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિઓની વધારે અસરકારકતા બનાવવા માટે સમાજકાર્ય સંશોધન મદદરૂપ થાય છે. એટલે વિદ્યાર્થીઓને સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવવી જોઈએ. નીચેની બાબતો પરથી વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવી શકશે. સમાજકાર્ય સંશોધનનાં જુદાં-જુદાં લક્ષણો નીચે પ્રમાણે છે,

1) **સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે તેને સંબંધિત જ્ઞાનનું સતત પરિક્ષણ કરવું :**

સમાજકાર્યનો મુખ્ય હેતુ સેવાર્થીની સમસ્યા દૂર કરી સમાજમાં તે સ્વમાન અને ગૌરવભેર જિંદગી જીવતો થાય તેમ કરવાનો છે. સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે સમાજકાર્યકર જુદી જુદી સમાજકાર્યની પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેમકે, એક વ્યક્તિની સમસ્યા દૂર કરવા માટે વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ, જૂથની સમસ્યા દૂર કરવા માટે જૂથકાર્ય પદ્ધતિ અને સમુદાયની સમસ્યા દૂર કરવા માટે સામૂદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત, સહાયક અથવા ગૌણ પદ્ધતિ તરીકે સામાજિકક્રિયા, સમાજકાર્ય સંશોધન અને સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે. સેવાર્થી એ કોઈપણ હોઈ શકે છે. વ્યક્તિ, જૂથ કે, સમુદાય સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે ક્યારેક બધી જ પદ્ધતિઓનો પણ સાથે ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આથી સમાજકાર્યની પદ્ધતિની અસરકારકતા વધારવા અને તેમાં જ્ઞાનનાં ઉમેરા માટે સમાજકાર્ય સંશોધન પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડે છે. એટલે સમાજકાર્ય સંશોધનમાં નવી નવી ઘટનાઓ કે, પ્રસંગોના કારણે ઊભી થતી સમસ્યાઓને દૂર કરવા માટે નવી હકીકતો શોધે છે. જૂની હકીકતોનું પરીક્ષણ પ્રાપ્ત થયેલ નવું જ્ઞાન સમાજકાર્યની પદ્ધતિઓથી પ્રાપ્ત થાય છે. આથી સમાજકાર્ય સંશોધન અન્ય સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવામાં મદદ કરે છે.

2) **સમાજકાર્ય સંશોધન પદ્ધતિ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવી.**

સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર અને સેવાર્થી વચ્ચે સીધી આંતરક્રિયા થાય છે. સીધી આંતરક્રિયા થવાના કારણે કાર્યકર્તા તેની જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરી માહિતી મેળવવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે તેનાં નિરીક્ષણની પ્રક્રિયા પણ સતત ચાલતી હોય છે. દા.ત. માનસિક તણાવ અનુભવતી વ્યક્તિને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકર્તા ને વૈયક્તિક અધ્યયન પદ્ધતિ મદદ કરે છે. સેવાર્થી સાથે આંતરક્રિયા દરમ્યાન કાર્યકર્તાને જણાય છે કે, સેવાર્થીને માનસિક તણાવમાંથી બહાર લાવવા માટે તેના પરિવાર અને આસપાસના વાતાવરણમાં બદલાવ લાવવાની જરૂરિયાત છે. આથી કાર્યકર્તા જૂથકાર્ય પદ્ધતિની મદદથી તેના પરિવારના સભ્યો સાથે કામ કરે છે. અને સેવાર્થીની આસપાસના વાતાવરણમાં બદલાવ લાવવાનો પ્રયાસ કરે છે.જરૂર જણાય ત્યાં કાર્યકર્તા સેવાર્થી અને તેના પરિવારને પરામર્શની સેવાઓ પણ પૂરી પાડે છે. એટલે કે કાર્યકર્તા સેવાર્થીનાં સંદર્ભમાં જે માહિતી એકત્રિત કરે છે, તેમાં તે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો ઉપયોગ કરે છે. જેમકે, કેટલીક અંગત બાબતો સેવાર્થી કાર્યકર્તાને કહેવા ન માંગતો હોય પણ કાર્યકર માટે તે બાબત જાણવી ઘણી જરૂરી હોય ત્યારે કાર્યકર્તા સેવાર્થી સાથે વિશ્વાસ કરે, સેવાર્થી કાર્યકર્તા ને જે કંઈ માહિતી આપશે તે ગોપનીય રાખશે તેનું આશ્વાસન આપે છે ત્યારે સેવાર્થી તેની અંગત માહિતી કાર્યકર્તાને આપવા સહમત થાય છે. એટલે અહીં, કાર્યકર્તા વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી એકત્રિત કરી છે. અને સેવાર્થીને મદદ કરે છે.

3) **સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્ય જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની વૈધિકતા અને પ્રમાણિકતાની તપાસ કરે છે અને પ્રમાણિત કરે છે.**

આ સમાજકાર્ય સંશોધનનું મહત્ત્વનું લક્ષણ છે. સમાજમાં માનસિક રીતે તણાવગ્રસ્ત વ્યક્તિઓ

જોવા મળે છે. માનસિક તણાવગ્રસ્ત વ્યક્તિઓને તણાવમાંથી બહાર લાવવા માટે કાર્યકર વૈયક્તિક સેવાકીય અને જૂથકાર્ય સેવા પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે સાથે ખૂબ જ મહત્ત્વની બાબત એ છે કે, સેવાર્થી ખરેખર શેના કારણે માનસિક તણાવ અનુભવે છે. તેના વિશેની સાચી માહિતી ન હોવાના કારણે કાર્યકર સમસ્યાનું યોગ્ય રીતે નિદાન કરી શકતો નથી. આવા સમયે કાર્યકરે ગોપનિયતાના સિદ્ધાંતનો ઉપયોગ કરી સેવાર્થી પાસેથી માહિતી મેળવવા જોઈએ. સેવાર્થી દ્વારા પોતાની અંગત માહિતી જે કાર્યકરને આપી છે તે માહિતીનો કાર્યકર દુરુપયોગ કરતો નથી ને કે જેનાથી ભવિષ્યમાં વ્યક્તિ, સમુદાય અને સમાજને નુકસાન થાય. આ બધી જ બાબતોની ચકાસણી સમાજકાર્ય સંશોધનના માધ્યમથી થવું જોઈએ. સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર્તા સેવાર્થી સાથેના વ્યવહારની આચારસંહિતા ઘડી કાઢવામાં આવી છે જેનાથી કાર્યકર્તાને પણ કામ કરવા અંગે દિશા નિર્દેશ મળી રહે છે. ક્યારેક સેવાર્થીની માનસિક તણાવની સમસ્યા બાહ્ય કારણોના લીધે પણ હોઈ શકે છે. જેમ કે, ખેડૂત પોતે પોતાની જમીન આપવા માંગતો ન હોય તો પણ તેની જમીન બળજબરીપૂર્વક આંચકી લેવામાં આવે છે. આવા સમયે સમાજકાર્યની વૈયક્તિકત સેવાકાર્ય પદ્ધતિ કે જૂથકાર્ય પદ્ધતિથી કામ કરે તો સમસ્યા ઉકેલવામાં સફળતા મળતી નથી. આથી, આવા સમયે સમાજકાર્ય સંશોધન કાર્યકરને દિશા-નિર્દેશન પૂરો પાડે છે કે, સેવાર્થીની સમસ્યા બાહ્ય પરિબળોના કારણે હોવાના કારણે તેને દૂર કરવા માટે સામાજિક ક્રિયા પદ્ધતિની મદદની જરૂરિયાત છે. ટૂંકમાં, કહી શકાય કે, સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યમાં જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની ઉપયોગિતા અને પ્રમાણિકતાની ચકાસણી કરે છે અને પ્રમાણિત કરે છે.

4) **સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓનું આયોજન, પ્રક્રિયા અને વહીવટ દરમ્યાન ઉદ્‌ભવતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે અને વિશ્લેષણ કરી સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરે છે.**

સમાજકાર્યમાં સેવાર્થી અને કાર્યકર્તા સાથે સીધી આંતરક્રિયા થતી હોય છે. વિકાસ અને કલ્યાણના કામો મોટાભાગે સમાજકાર્યકરો દ્વારાં આયોજિત અને ક્રિયાન્વીત કરવામાં આવતા હોય છે. વિકાસ કે કલ્યાણની કોઈ યોજનાને ક્રિયાન્વિત કરવામાં કાર્યકરને મુશ્કેલી પડતી હોય તેવા સમયે સમાજકાર્ય સંશોધન પદ્ધતિ કાર્યકરને ખૂબ જ ઉપયોગી નીવડે છે. દા.ત. કોઈ એક અંતરિયાળ ગામમાં ગામની આંતરિક પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા ઊભી કરવી છે. આ ગામ પાસે પોતાના ગામને બારેમાસ પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી શકે તેવા સ્ત્રોતો (બોર, કૂવા) નથી. પીવાના પાણીની યોજના માત્ર વિતરણવ્યવસ્થા ઊભી કરવા માટે નાણાંકીય મદદ કરે છે. ગામની આંતરિક પીવાના પાણીની વ્યવસ્થા તૈયાર કરવા માટે કાર્યકર્તા દ્વારા સમાજકાર્યની પદ્ધાંતિઓનો ઉપયોગ સિદ્ધાંતો, પ્રયુક્તિઓ, કુશળતાઓનો ઉપયોગ કર્યો તેમ છતાં લોકો તૈયાર થયા નહીં. કારણ કે ગામમાં પીવાનું પાણી બારેમાસ મળી શકે તેના સ્ત્રોતના હોવાના કારણે ગામ લોકોનું સ્પષ્ટ માનવું હતું કે ગામમાં પાણી વિતરણ માટેની વ્યવસ્થા કરવાનો કોઈ અર્થ નથી. કારણકે, પાણી જ નથી તો વિતરણ શાનું કરવાનું ? બીજી બાજુ યોજનાની માર્ગદર્શિકા મુજબ ગામમાં માત્ર પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા કરવાની નાણાંકીય જોગવાઈ નહતી. આથી, કાર્યકર્તા માટે પણ તેનાથી બહાર જવું મુશ્કેલ હતું. આવા સમયે કાર્યકર્તાને સમાજકાર્ય સંશોધન પદ્ધતિ મદદરૂપ થાય છે અને કામગીરી કરવા માટે દિશા નિર્દેશ પૂરાં પાડે છે.

પીવાના પાણીનાં સ્ત્રોત ન હોવાનાં કારણે વિતરણ વ્યવસ્થા ઊભી કરવા માટે જો ગામ લોકો તૈયાર ન થાય તો તેનો ઉકેલ શું હોઈ શકે ? અથવા આ સમસ્યાને હલ કરવા માટે શું થઈ શકે તેના માટે કાર્યકરે ગામ લોકો સામે યોજના શું થઈ શકે તેના માટે કાર્યકર ગામ લોકો સાથે

મળીને પ્રયત્નો કરવા જોઈએ. જરૂરિયાતમંદોને પૂછી તેઓને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં ભાગીદાર બનાવવા જોઈએ.

ટૂંકમાં સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓના આયોજન અને અમલીકરણ દરમ્યાન ઊભા થતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે અને યોગ્ય ઉકેલ પણ શોધી આપે છે.

**5) સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટના, સમસ્યાઓ, તેના તથ્યો, હકીકત અને તેના કારણોની શોધ કરે છે અને ઉકેલો સૂચવે છે.**

સમાજકાર્યનું મુખ્ય કામ એ સેવાર્થીને સ્વમાન ભેર જિંદગી જીવતો કરવાનું છે. જ્યારે, કાર્યકર્તા સેવાર્થી પાસે જાય કે સેવાર્થી કાર્યકર્તા પાસે જાય ત્યારે આ બાબતની કાર્યકર સમજ હોય છે. સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટનાઓ, સમસ્યાઓ, તેના તથ્યો અને કારણોની શોધ કરે છે અને ઉકેલો સૂચવે છે.

દા.ત. રણપ્રદેશના કાંઠાના એક ગામમાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલી હતી. લોકો પણ પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે તૈયારી દર્શાવી પછી પ્રારંભિક બેઠકોમાં લોકોએ તૈયારી બતાવી, પછી યોજના બનાવવાની કામગીરીની શરૂઆત કરવામાં આવી થોડા સમય પછી લોકો આ કામગીરીમાંથી દૂર થવા લાગ્યા. કાર્યકર્તાના સઘન પ્રયાસો પછી ખ્યાલ આવ્યો કે લોકોએ કેમ આ કામગીરી છોડી, કાર્યકર્તાના સઘન પ્રયાસોથી તેને જાણવા મળ્યું કે, સત્તાકીય હીર્તા દ્વારાં જે લોકોએ કામગીરીની શરૂ કરી હતી તે લોકા ઉપર કોઈક રીતે દબાણ ઊભું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, જેમાં રસ દાખવતાં લોકોને એક યા બીજા પ્રકાર હેરાનગતિ શરૂ કરવામાં આવી એટલે લોકોએ કામ કરવાનું છોડી દીધું આ સમસ્યાના ઉકેલ માટે કાર્યકર્તાએ સ્થાપિત હિત ધરાવતાં લોકોની મુલાકાત કરી તેમની સાથે ઊંડાણપૂર્વક યોજના અને તેની કામગીરી અંગેના નિયમોની તેમને જાણકારી આપી ગામમાં યોજના કેવી રીતે કાર્યાન્વિત થઈ શકે તેનું તેની સાથે પરામર્શન કર્યું. કાર્યકર્તા દ્વારા સ્થાપિત હિતો અને રસ ધરાવતાં લોકો સાથે સંયુક્ત બેઠકનું આયોજન કર્યું અને બંનેનું પ્રતિનિધિત્ત્વ જળવાઈ રહે તે રીતે સમિતિની રચના કરી અને અલગ-અલગ જવાબદારીઓ સોંપી કામગીરી માટેની માર્ગદર્શિકા અને નિયમો બંને સંમતિથી તૈયાર કરવામાં આવ્યાં. ટૂંકમાં, કાર્યકર્તાએ સમગ્ર ઘટનાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને સાચી હકીકતો શોધી કાઢી. સત્ય બાબતોની, તથ્યોની શોધ બાદ તેનાં વ્યવહારું ઉકેલ પણ સહભાગિતા દ્વારાં કરવામાં આવ્યો, જે સમાજકાર્ય સંશોધનથી શક્ય બની શકે છે.

**6) સમાજકાર્ય સંશોધનએ વધુ સારી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિઓથી સેવા આપવા માટે નવીન પદ્ધતિઓની શોધ કરે છે.:**

સમાજકાર્ય સંશોધન એ સેવાર્થીને સમસ્યામાંથી બહાર લાવવા માટે નવીન પદ્ધતિઓની શોધ કરવામાં મદદ કરે છે; જેમકે, જૂથની રચના કરવા અને જૂથના સભ્યોને પ્રોત્સાહિત કરવા માટે કાર્યકર્તા દ્વારા સ્થાનિક સ્તરે અલગ-અલગ પ્રયાસો કરવામાં આવે છે. જેવા કે ફળિયા કે મહોલ્લામાં બેઠકો, સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠકો, સ્થાનિક મહિલા કે યુવક મંડળો સાથે વાર્તાલાપ, દશ્ય-શ્રાવ્ય માધ્યમથી આદાન-પ્રદાનની ક્રિયાઓ વગેરે પ્રકારની પ્રયુક્તિઓ દ્વારા લોકો સુધી યોજનાકીય માહિતી પહોંચાડવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રયુક્તિઓ વખતોવખત લોકો સાથે કે સેવાર્થીઓ સાથે કરવા છતાં કાર્યકર્તાને જોઈએ

તેવું પરિણામ પ્રાપ્ત થતું નથી. આવા સમયે સમાજકાર્ય સંશોધન કાર્યકર્તાને નવી પ્રયુક્તિ શોધી આપે છે.

દા.ત.પીવાના પાણીની યોજના લોકભાગીદારીથી ગામોમાં અમલમાં મૂકવાની હતી. આ યોજનામાં યોજના બનાવવાની અને અમલીકરણની સમગ્ર જવાબદારી સ્થાનિક ગામમાં લોકોની હતી. સરકાર દ્વારા તેમને નાણાંકીય સહાય અપાતી હતી. તેની વહીવટી અને નાણાંકીય બાબતોનો હિસાબ, દસ્તાવેજીકરણ વગેરે સ્થાનિક લોકોને હિસાબ આપવાનો હતો. કામમાં કઈ કામગીરી કરવી, ક્યાં ઘટક ઊભું કરવું તે પણ ગામ લોકોએ નક્કી કરવાનું હતું. લોકોમાં સામાન્ય ખ્યાલ આવી ગયો હતો કે, જે કંઈ કામગીરી કરવાની છે તે લોકોના નામે સરકારી અધિકરીઓ કરશે અને ભ્રષ્ટાચાર થશે. આ નિરાશાના માહોલમાં સમાજકાર્યકર દ્વારા લોકોને તૈયાર કરવા માટે ઘણી બધી પ્રયુક્તિઓ અજમાવ્યા પછી પણ સફળતા મળતી ન હતી. આવા સમયે કાર્યકર દ્વારા લોકો ભાગીદારીથી પરામર્શન કરવામાં આવતું હતું, અને એમાંથી એ શોધી કાઢવામાં આવ્યું કે જે ગામોમાં લોકભાગીદારી કામો લોકોએ કર્યા છે તેને લોકો જુએ અને તેમની સાથે ચર્ચા કરે, સમજણ મેળવે જેનાથી લોકોનું વલણ બદલાઈ શકે. એટલે કે આ પ્રસંગ કે ઘટનામાંથી પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું, જેનાથી સમાજ કાર્યકરને ઘણી યોજનાનાં અમલીકરણમાં સફળતા મળી. આમ, સમાજકાર્ય સંશોધનની નવીન પ્રયુક્તિઓ વિકસી શકે જેના કારણે લોકને વધુ અસરકારક રીતે સેવાઓ પહોંચાડી શકાય.

7) **સમાજકાર્ય સંશોધન સમાજકાર્યકરને પ્રત્યક્ષ કાર્ય માટે નવીન જ્ઞાન, પદ્ધતિઓ અને કુશળતાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.**

સમાજકાર્ય સંશોધન કાર્યકર્તાને નવું જ્ઞાન પદ્ધતિઓ અને કુશળતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. દા.ત.આપણે દરેક ગામોમાં જોઈએ છીએ કે, જે ઘટકો સરકાર દ્વારા કોન્ટ્રાક્ટરોના માધ્યમથી તૈયાર થયા હોય છે. તેના પ્રત્યે ગામના લોકોમાં પોતાપણાની ભાવના જોવા મળતી નથી. પછી તે ઘટકોમાં શાળા હોય, આંગણવાડી હોય, આરોગ્ય કેન્દ્ર હોય કે પીવાના પાણીની વ્યવસ્થાના ઘટકો હોય જ્યારે ગામનાં જ કોઈ ધાર્મિક સ્થળ હશે તેમાં કોઈ સહેજ પણ નુકસાન કરશે તો તેને કોઈ રોકનાર કે ટોકનાર હશે જ આવું કેમ ? ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્યકર સંશોધનના માધ્યમથી આવા સવાલોના જવાબો શોધવાનો પ્રયત્ન કરે છે. તેમાંથી કાર્યકર્તાને જાણવા મળે છે કે, ધાર્મિક સ્થળો સિવાયના અન્ય ઘટકોમાં સ્થાનિક લોકોની કોઈ ભાગીદારી અથવા પોતાપણાંની ભાવના જોવા મળતી નથી. એટલે લાખોના ખર્ચે તૈયાર થયેલાઘટકો બિલકુલ ઉપયોગ વિના ખંડેર હાલતમાં ઊભા હોય છે. એમાં પણ ખાસ કરીને પીવાના પાણીના ઘટકો, ગામમાં જે કોઈ વ્યવસ્થા સ્થાપિત થાય, સ્થાનિક લોકો ખાસ કરીને જે તેનો ઉપયોગ કરનાર વર્ગ છે તે તેનો યોગ્ય ઉપયોગ કરે તે પ્રકારની વ્યવસ્થા પેયજળ અને સ્વચ્છતા યોજનામાં કરવામાં આવતી હતી. જેમકે કપડાં ધોવાના ઘાટની વ્યવસ્થા કરવી હોય તો તે ગામમાં મહિલાઓ કેવા પ્રકારની વ્યવસ્થા ઈચ્છે છે, તેમને કેવી વ્યવસ્થા વધુ અનુકૂળ છે વગેરે બાબતો લાભાર્થી જૂથ દર્શાવે છે. જેથી, તે ઘટક તૈયાર થયા પછી તેનો ઉપયોગ કરી શકાય. ગામમાં ખૂટતાં પાણીની સુવિધા ન હોય અને નળવાળા સ્નાનાગર બનાવવામાં આવે તો લાભાર્થી જૂથમાં અસંતોષ ઊભો થાય એને દૂર કરવામાં માટે યોજનામાં લાભાર્થી, સ્થાનિક લોકોની જરૂરિયાત અને માંગણી મુજબની વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી. લોકો તેનો મહત્તમ ઉપયોગ કરતા થયા અને જાળવણી માટે સ્વયંભૂ નિયમો પણ તૈયાર કર્યા. આ સમાજકાર્ય

સંશોધનના માધ્યમથી શક્ય બની શકે છે. એટલે કહી શકાય કે, સમાજકાર્ય સંશોધન સમાજકાર્યકર્તાને પ્રત્યક્ષ કાર્ય કરવા માટે નવીન જ્ઞાન, પદ્ધતિઓ અને કુશળતાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

સમાજકાર્ય સંશોધનની ઉપરોક્ત લાક્ષણિકતાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સમાજકાર્યમાં સેવાર્થી કેન્દ્રસ્થાને છે. આ સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા અને તે સમાજમાં સ્વમાનભેર જિંદગી જીવી શકે તેવી રીતે તૈયાર કરવામાં સમાજકાર્ય સંશોધન મદદરૂપ થાય છે. ઉપરાંત સમાજકાર્યને સમાજકાર્યની પદ્ધતિ અને પ્રયુક્તિઓ તેમજ જ્ઞાનમાં ઉમેરો કરે છે. જેનાથી સેવાર્થીને નક્કરરૂપે મદદરૂપ થઈ શકાય છે. વિદ્યાર્થીઓએ આ માટે સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવવી જરૂરી છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. સામાજિક સંશોધન પદ્ધતિ એ સામાજકાર્યની કઈ પદ્ધતિ છે ?

   (A) જૂથ (B) ગૌણ

   (C) મુખ્ય (D) ઉપરોકત તમામ

2. સમાજકાર્યમાં કાર્ય અને તેની પધ્ધતિઓની પ્રમાણિકતા તેની જરૂરીયાતોની ચકાસણી કરવી એટલે સમાજકાર્ય સંશોધન કોના મતે વ્યાખ્યા રજુ કરી છે ?

   (A) ફ્રિડલેન્ડર (B) મેકડોનાલ્ડ

   (C) ફ્લેચર (D) જીનેલ

3. સમાજકાર્ય સંશઓધનના કેટલા લક્ષણો છે ?

   (A) 5 (B) 4

   (C) 6 (D) 7

4. કોના મતે સમાજકાર્ય સંશોધન એ વ્યવસ્થિત પધ્ધતિસરની હેતુપૂર્ણ તપાસ છે ?

   (A) જીનેલ (B) મેકડોનાલ્ડ

   (C) રિમલ (D) સુરેમું સિંહ

5. સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર અને સેવાર્થી વચ્ચે કેવા પ્રકારની આંતરક્રિયા થાય છે ?

   (A) આંતરિક (B) સીધી

   (C) ઝડપી (D) બાહ્ય

## 2.6 ઉપસંહાર

સમાજકાર્ય સંશોધનમાં સંશોધનકર્તાની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. સમાજકાર્ય સંશોધનનો ઉદ્દેશ એ નવા જ્ઞાનની શોધ કરવાનો છે જે સમાજ માટે ઉપયોગી કાર્યક્રમનું આયોજન કરવા તથા લાગુ કરવામાં મદદરૂપ થઈ શકે છે. સમાજકાર્ય સંશોધન વ્યાવહારિક સમસ્યાઓથી શરૂ થાય છે. જેનો ઉદ્દેશ એ જ્ઞાનનો વિકાસ કરવાનો છે. જેનાથી સમાજ કાર્યકર્તાને નવું જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત થાય છે.

નવું જ્ઞાન શોધવામાં આવે છે તેની સાથો સાથ ઉપલબ્ધ જ્ઞાનને પ્રમાણિત કરવામાં આવે છે. સમાજમાં વિકાસ અવરોધક સમસ્યાઓ કઈ કઈ છે તે સમસ્યાઓની ઓળખ સમાજકાર્ય સંશોધનમાં કરવામાં

આવે છે. જેના પરિણામે સમસ્યાનું અસરકારક નિદાન કરી સમસ્યાના ઉકેલની દિશામાં પગલાં ભરવામાં આવે છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (2) ગૌણ
2. (3) ફ્લેચર
3. (4) 7
4. (1) જીનેલ
5. (2) સીધી

## 2.8 ચાવીરૂપ શબ્દો

**સમાજકાર્ય સંશોધન :**

સમાજની જુદી-જુદી સમસ્યાઓનો અભ્યાસકની તે સમસ્યાઓની સુધારણા અને ઉકેલ માટે પ્રયત્ન કરવામાં આવે છે.

## 2.9 સ્વાધ્યાય લેખન

1. સમાજકાર્ય સંશોધનનો અર્થ વ્યાખ્યા અને ઉપયોગિતા વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. સમાજકાર્ય સંશોધનનાં લક્ષણો વિગતવાર ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.10 પ્રવૃત્તિ

1. સમાજકાર્ય સંશોધનની જુદી-જુદી વ્યાખ્યાઓ પરથી સામાન્ય બાબતો તારવો.
2. તમારી લાઇબ્રેરી અથવા ઈ-લાઇબ્રેરીમાંથી સમાજકાર્ય સંશોધનના 10 નિબંધના શિર્ષકો લખો.

## 2.11 કેસસ્ટડી

1. સમાજકાર્યમાં સંશોધનની જરૂરીયાત, મહત્ત્વ તમારા શબ્દોમાં વર્ણવો.
2. સમાજકાર્યમાં સંશોધન માટેના નવા ક્ષેત્રોની યાદી બનાવો.

## 2.12 સંદર્ભગ્રંથ


1) દેસાઈ હરિભાઈ. જી અને દેસાઈ કૃષ્ણકાંતજી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (આઠમી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

2) ઉચાટ ડી એ (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ.

3) પટેલ આર. એસ. (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ, જય પબ્લિકેશન.

4) શાહ એ.જી. અને દવે જેકે (2009) સામાજિક સંશોધનની પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, અનડા બૂક ડીપો.

5) દેસાઈ અરવિંદરાય (1992) સામાજિક સંશોધન પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

# એકમ–3 સમાજકાર્ય સંશોધનના હેતુઓ મહત્ત્વ અને સંશોધના ક્ષેત્રો

## : એકમનું માળખું :


3.0 પ્રસ્તાવના

3.1 એકમના હેતુઓ

3.2 સમાંજકાર્ય સંશોધનની હેતુઓ

3.3 સમાંજકાર્ય સંશોધનની ઉપયોગિતા - મહત્ત્વ

3.4 સમાંજકાર્ય સંશોધનના ક્ષેત્રો વિશેની પાયાની સમજણ

3.5 સમાંજકાર્ય સંશોધનના ક્ષેત્રો વિશેનું વર્ગીકરણ

3.6 સમાંજકાર્યના વિવિધ ક્ષેત્રો વિશેનું વર્ણન

3.7 સમાંજકાર્ય સંશોધનના કાર્યક્ષેત્રો

3.8 તમારી પ્રગતિ ચકાસો

3.9 ઉપસંહાર

3.10 તમારી પ્રગતિ ચકાસાના જવાબ

3.11 ચાવીરૂપ શબ્દો

3.12 સ્વાધ્યાય લેખન

3.13 પ્રવૃત્તિ

3.14 કેસસ્ટડી

3.15 સંદર્ભગ્રંથ


## 3.0 પ્રસ્તાવના

સમાજકાર્ય સંશોધનનો મુખ્ય હેતુ સમાજની સુખાકારીનો છે. સમાજકાર્ય સંશોધન અંતર્ગત સમાજકાર્ય પ્રક્રિયા દરમ્યાન, સમાજકાર્ય વહીવટ દરમ્યાન અને સમાજકાર્ય નિયોજન દરમ્યાન ઉદ્‌ભવતા પ્રશ્નોનો સંશોધનના માધ્યમથી ઉકેલ લાવવાનો છે. સમાજકાર્ય સંશોધન માટેનાં મુખ્ય ત્રણ આધાર છે. જેમાં માનવીય વ્યવહાર અને સામાજિક સંગઠન કે,વ્યવસ્થાતંત્ર સંબંધી જ્ઞાનનું સંવર્ધન કરવા ઉપર ભાર મૂકવામાં આવે છે. સમાજકાર્ય એ સિમાન્ત જૂથો માટે ચિંતા કરે છે. વંચિત સમુદાયોને સામાજિક ન્યાય અને માનવ અધિકારની વાત કરે છે. ઉપરાંત, ત્રીજી મહત્વની બાબત એ છે કે, સમાજકાર્ય એ લોકકેન્દ્રિત વિકાસની વાત કરે છે. સમાજકાર્ય સંશોધનનો આ મહત્ત્વનો હેતુ છે. સમગ્ર વિકાસની પ્રક્રિયા લોકકેન્દ્રિ હોવી જોઈએ. વિકાસની પ્રક્રિયામાં વંચિત સમુદાય કે લાભાર્થી જૂથની ભાગીદારી લેવાય તે જરૂરી છે, જ્યાં લોકભાગીદરી આધારિત વિકાસ કરવામાં આવતો નથી તેના પરિણામો સમાજનાં છેવાડાના સમુદાય સુધી પહોંચતા નથી. લોકકેન્દ્રિત વિકાસમાં વિકાસની પ્રક્રિયામાં અસરગ્રસ્ત લોકોને ભાગીદારી બનાવવાની વાત ઉપર ભાર મૂકવામાં આવે છે. આ અભિગમ ખરેખર

ટકાઉ વિકાસ માટે જરૂરી છે.

સમાજકાર્ય સંશોધનનાં જુદાં-જુદાં હેતુઓમાં સમાજમાં છેવાડાના સમુદાયને મજબૂત બનાવવાની વાત ઉપર ભાર મૂકવામાં આવે છે. લોકો વિકાસના પરિણામોથી કેમ વંચિત રહ્યાં છે. તે બાબત ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. સાથો સાથ સંશોધન દરમ્યાન લોકોની ઓછી ભાગીદારી પાછળનાં કારણો જાણી લોકભાગીદારી વધારવા માટે શું કરી શકાય તે બાબત ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. જેના પરિણામે વાસ્તવિક પરિસ્થિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે. આમ, સમાજકાર્ય સંશોધનનું વિશેષ મહત્ત્વ છે. તેમજ તેના સંશોધનના ક્ષેત્રો વિશે સમજ મેળવવી પણ જરૂરી છે.

સંશોધનકાર્યમાં એક મહત્ત્વનું પગલું સંશોધન ક્ષેત્રની પસંદગીનું છે. સમાજકાર્ય સંશોધનનું ક્ષેત્ર ખૂબ જ વ્યાપક છે. જ્યાં વ્યક્તિ ત્યાં વિભિન્ન પ્રકારની સમસ્યાઓ છે. જ્યાં એવી કોઈ ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન થતી હોય કે જે વ્યક્તિને પ્રભાવપૂર્ણ સામાજિક ક્રિયા તથા તેના સમાયોજનના માર્ગમાં વ્યાધિ ઉત્પન્ન કરતી હોય ત્યાં સમાજકાર્યની જરૂરિયાત ઊભી થાય છે. પ્રસ્તુત એકમમાં સમાજકાર્યના જુદાં-જુદાં ક્ષેત્રો અંગેનો વિગતવાર પરિચય કરવામાં આવેલ છે. જેથી સામાજિક કાર્યકરોને સમાજકાર્યન સંશોધન વિશે પાયાની વિભાવના વિશેનો ખ્યાલ આવે છે. આ એકમના અભ્યાસના જુદાં-જુદાં હેતુઓ નીચે મુજબ છે.

## 3.1 એકમના હેતુઓ

- સમાજકાર્ય સંશોધનના વિવિધ હેતુઓ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.
- સમાજકાર્ય સંશોધનની ઉપગિતા અને મહત્ત્વ સમજાવો.
- સમાજકાર્ય સંશોધન વિશેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસશે છે.
- સમાજકાર્ય સંશોધનનાં ક્ષેત્રો વિશે વિદ્યાર્થી વિસ્તૃત પરિચય મળે છે.
- વિદ્યાર્થીઓને સમાજકાર્ય સંશોધનનાં ક્ષેત્રોનું વર્ગીકરણ વિશે સમજ વિકસશે.
- વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રો વિશેનું વર્ણન સમજમાં આવશે.

## 3.2 સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ

કોઈપણ કાર્ય હેતુ વગર નકામું છે. હેતુઓ કોઈપણ પ્રકલ્પને દિશાનિર્દેશ કરવાનું કાર્ય કરે છે. કોઈપણ કાર્ય અથવા પ્રવૃત્તિને હેતુઓ દ્વારા યોગ્ય દોરવણી મળી રહે છે. એટલે એક દૃષ્ટિએ જોઈએ તો હેતુઓની ભૂમિકા દીવાદાંડી સમાન છે. હેતુઓના નિર્ધારણના પરિણામે સમય, શક્તિ અને નાણાંના દુર્વ્યયને અટકાવી શકાય છે. સમાજકાર્ય સંશોધનમાં સેવાર્થીને એવી રીતે મદદ કરવામાં આવે છે જેના પરિણામે સેવાર્થી સ્વાવલંબી બની શકે, તે પોતાના પગ ઉપર ઊભો થઈ શકે. સમાજકાર્ય સંશોધન એ જ્ઞાન અને માહિતી પ્રાપ્તિનો એવો સ્રોત છે કે જેના પરિણામે સમાજકાર્ય ને નવું જ્ઞાન, નવી દૃષ્ટિ અને નવી દિશા મળે છે. નવા જ્ઞાનની પ્રાપ્તિની સાથે સંશોધનનું ક્ષેત્ર અને વ્યાપ પણ વધે છે. સમાજકાર્ય સંશોધનના વિવિધ હેતુઓ વિશે જુદાં-જુદાં વિદ્વાનો દ્વારા નીચે મુજબના વિચારો વ્યક્ત થયાં છે.

1) સમાજકાર્ય સંશોધનનું કાર્ય સમાજકાર્ય અભ્યાસની સમસ્યાઓનાં અભ્યાસમાં સામાજિક સંશોધનનો અભિગમ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાનો છે.

**- હોશવાલ્ડ**

2) સમાજકાર્ય સંશોધનનું કાર્ય સમાજકાર્યના હેતુઓ અને સાધનોને તેની સંપૂર્ણ રીતે પૂર્તિ કરવા માટે જ્ઞાનના સમૂહ વિકાસના ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાનો છે.

**- જ્હોન ડી.વી.**

3) એક સહાયતામૂલક વ્યવસાયમાં સંશોધનનું કાર્ય સેવાર્થી અથવા સમુદાયને આપવામાં આવતી સેવાની અસરકારક રીતે વૃદ્ધિ અને વિસ્તૃત કરવા તરફ નિર્દેશિત કરવામાં આવેલ સત્યાપિત જ્ઞાનના સમૂહનું પ્રાવધાન કરાવનો છે.

**- સમાકાર્ય સંશોધન જૂથ**

સમાજકાર્ય સંશોધનનાં સંદર્ભમાં ''ફ્લેચર'' દ્વારા આપવામાં આવેલ હેતુઓ નીચે મુજબ છે.

**1) સમુદાયને માટે સમાજકાર્ય સેવાઓની જરૂરિયાતોનું માપન અથવા મૂલ્યાંકન કરવા માટેઃ**


સમાજકાર્ય સંશોધનનો હેતુ એ છે કે,જે ખરેખર સેવાર્થી સુધી સેવાઓ પહોંચી છે કે કેમ? જે સેવાઓનો લાભ મળ્યો છે તે લાભાર્થીઓ સુધી જે સેવાઓ પહોંચી છે તેમની જીવનની શૈલી કે ગુણવત્તામાં આર્થિક, સામાજિક કે શૈક્ષણિક સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે કે, કેમ ? અસરકારક સેવાઓ પ્રાપ્ત થઈ નથી તો આ માટે ક્યા કારણો જવાબદાર છે ? સેવાઓ લાભાર્થી અથવા જરૂરિયાતમંદો સુધી પોહંચાડવા માટે શું થઈ શકે ? વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સમાજકાર્ય સંશોધન અભ્યાસ કરે છે. એ સેવાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે દરમ્યાનગીરીની પ્રયુક્તિઓ પણ શોધી આપે છે. જેથી સેવાર્થીઓના જીવનસ્તરમાં સુધારો લાવી શકાય. આમ, ફ્લેચર સમાજકાર્ય સંશોધનમાં મૂલ્યાંકન ઉપર સવિશેષ ભાર મૂકે છે.

**2) સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ કરવી.**

સામાજિક ક્રિયાઓના સંદર્ભમાં સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ કરવી, જેનાથી સામાજિક ક્રિયા ને તે સમસ્યાઓની અટકાયત માટે દિશા-નિર્દેશ મળી શકે. સમાજકાર્યનો મહત્ત્વનો હેતુ અન્યાય સામે ન્યાય મેળવવાનો છે. અને આ માટે સમાજકાર્ય સંશોધન સામાજિક કાર્યકરને મદદ કરે છે. દા.ત. આપણે જાણીએ છીએ કે, ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણના નામે મોટાપાયે જમીનોનું સંપાદન થઈ રહ્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે ઠેર-ઠેર આંદોલનો થઈ રહ્યાં છે. આ સમસ્યાના ઉકેલ માટે સામાજિક ક્રિયા પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. જે જમીનો સંપાદન કરવામાં આવી હતી તે જમીનો વાસ્તવમાં એકદમ ઉત્પાદક હતી. આંદોલન દરમ્યાન જમીનની ઉત્પાદકતા વિષયક માહિતી મેળવી સંપાદિત થયેલ જમીનો ઉત્પાદક છે તેમ સાબિત કરવામાં આવ્યું. જમીન સંપાદનની પ્રક્રિયાના પરિણામે કુલ કેટલા લોકો અસરગ્રસ્ત થવાનાં છે તે વિશે માહિતી મેળવવામાં આવી. હજારોની સંખ્યામાં ખેડૂતો જમીન ગુમાવતા હતા તેની સામે બહુ ઓછા લોકોને રોજગારી મળતી હતી. આ તમામ વિગતો સાથે રાજ્ય અને દેશની વડી અદાલતોમાં જાહેરાત હીતની અરજી કરાવમાં આવી. કોર્ટ દ્વારા લોક તરફી ચુકાદો આપવામાં આવ્યો. જેના પરિણામે જે ખેડૂતો ઉપર ઔદ્યોગીકરણની વિવિધ અસરો થવાની હતી તેમાંથી ખેડૂતો બચાવી શકાયા. આમ, સમાજકાર્ય સંશોધન અન્યાય સામે ન્યાય મેળવવા માટેની સમાજકાર્યની સામાજિક ક્રિયાપદ્ધતિ ઉપયોગી નીવડી. જેનાથી સામાજિક કાર્યકરો અને લોકોને યોગ્ય દિશા મળી.

**3) સામાજિક સમસ્યાનો ઉકેલ લાવવાનો હેતુ.**

સમાજમાં સામાજિક સમસ્યાઓ વિવિધ પ્રકારે જોવા મળે છે.




આ સામાજિક સમસ્યાના ઉકેલ માટે અસરકારક દરમ્યાનગીરી કરવા માટે સમાજકાર્ય સંશોધન કાર્યકરને ખૂબ ઉપયોગી બની રહે છે. દરમ્યાનગીરીનો આખરી હેતુ સમસ્યા નિવારણનો છે. આમ, આ દૃષ્ટિએ સમાજકાર્ય સંશોધનનો હેતુ સામાજિક સુધારણાનો છે તેમ કહી શકાય.

**4) સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવતી નિદાન અને સારવારની પ્રયુક્તિઓનો વિકાસ અને પ્રગતિ કરવાનો હેતુ.**

સેવાર્થીને સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકર દ્વારા જ નિદાન અને સારવાર કરવામાં આવે છે તે વધુ સચોટ અને સારી રીતે આપી શકાય તે માટે સમાજકાર્ય સંશોધન કાર્યકરને સતત નવું જ્ઞાન, નવી પ્રયુક્તિઓ અને નવી કુશળતાઓ પ્રદાન કરે છે. જેનાથી સેવાર્થીની સમસ્યાઓનું અસરકારક નિદાન અને સમસ્યાને અનુરૂપ યોગ્ય સારવાર કરી શકાય.

**5) સમાજકાર્યની કાર્યક્ષમતામાં વધારો કરવા અને તેના કાર્યોને એવા માધ્યમના રૂપમાં રજૂ કરવા કે જેના દ્વારા સમાજનો અભ્યાસ કરી શકાય.**

સમાજકાર્ય સેવાર્થીને સક્ષમ, મજબૂત અને સ્વાવલંબી બનાવે છે. સેવાર્થી બીજા ઉપર નિર્ભર હોય તે બરાબર નથી. સમાજકાર્ય સંશોધનમાં પણ સમાજકાર્યની આ મૂળભૂત ફિલોસોફીને કેન્દ્રસ્થાને રાખાવમાં આવે છે. સમાજકાર્ય સંશોધન સીધી કે આડકતરી રીતે સમાજકાર્યની કાર્યક્ષમતાના અને કાર્યોના માધ્યમથી કોઈપણ સમાજ કે કોઈપણ ભાગનો અભ્યાસ કરી શકાય છે. ટૂંકમાં, સમાજકાર્યમાં કાર્યોના માધ્યમથી કોઈપણ સમાજનો સમાજકાર્ય સંશોધન અભ્યાસ કરી દરમ્યાનગીરીની પ્રયુક્તિ શોધી આપે છે.

આમ, સમાજકાર્ય સંશોધન પદ્ધતિના ઉપરોક્ત હેતુઓ પરથી સ્પષ્ટ થાય છે કે, સમાજકાર્ય સંશોધન પદ્ધતિ સમાજકાર્ય સેવાઓ સેવાર્થી સુધી યોગ્ય રીતે પહોંચે તે માટે પ્રયાસો કરે છે. તેમજ તેના માટે ઉપયોગી દરમ્યાનગીરી શોધી આપે છે.

## 3.3 સમાજકાર્ય સંશોધનની ઉપયોગિતા-મહત્ત્વ :

સમાજકાર્ય સંશોધનની વિવિધ ઉપયોગિતાઓ નીચે પ્રમાણે છે:

1) સમાજકાર્ય સંશોધન સેવાર્થીને અસરકારક રીતે સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી જ્ઞાન માહિતી કે, જાણકારી આપવા માટે સમાજકાર્યકરને મદદ કરે છે.

2) અસરકાર સંદેશાવહન માટે યોગ્ય ભાષા અને પ્રયુક્તિઓ વિકસાવવા માટે સમાજકાર્ય સંશોધન સમાજકાર્યને મદદરૂપ થાય છે.

3) સમાજ કાર્યના જ્ઞાનમાં વધારો કરવા માટે અને જ્ઞાનને વિકસાવવા માટે સમાજકાર્ય સંશોધનનું યોગદાન ખૂબ અગત્યનું છે.

4) સમાજકાર્યકરમાં વૈજ્ઞાનિક અભિગમ કે દષ્ટિકોણ વિકસાવવા માટે સમાજકાર્ય સંશોધન મદદ કરે છે. જે કાર્યકરને સમાજકાર્યના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કાર્ય માટે, સમસ્યાઓ કે મુદ્દાઓની તાર્કિક વિચારણા કરવા માટે, પદ્ધતિસર ગોઠવવા, અમલીકરણ અને અનુસરણ કરવા સમાજકાર્ય સંશોધન ઘણું ઉપયોગી બની રહે છે.

5) સામાજિક જરૂરિયાતો સંતોષવા, સામાજિક સમસ્યાઓના ઉકેલ માટેની નીતિ નિર્ધારણ કરવાની પ્રક્રિયામાં સમાજકાર્ય સંશોધન મદદ કરે છે.

6) સામાજિક અને વૈયક્તિક સમસ્યાઓના ઉકેલ માટે સમાજકાર્ય સંશોધનની ઉપયોગિતા રહેલી છે.

7) સમાજકાર્યની જુદી જુદી પદ્ધતિઓના વિકાસ માટે ચોક્કસ પ્રકારની નિરીક્ષણલક્ષી, મૂલ્યાંકનલક્ષી ઉપકરણો વિકસાવવામાં સમાજકાર્ય સંશોધન ખૂબ ઉપયોગી છે.

8) સમાજકાર્યના, પ્રત્યક્ષકાર્યના માપન કે મૂલ્યાંકન માટે સમાજકાર્ય સંશોધન મહત્ત્વનું છે.

9) અસરકારક દરમ્યાનગીરીની પ્રક્રિયા તથા તેની દેખરેખ માટે સમાજકાર્ય સંશોધન ઉપયોગી છે.

10) સમાજકાર્ય સંશોધનની મદદથી સમસ્યા નિવારણની પ્રક્રિયા કરવા તથા તેનું અનુસરણ (ફોલોઅપ) કરવામાં મદદ કરે છે.

11) સમાજકાર્ય માટે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુરૂપ સાહિત્ય તૈયાર કરવા, વ્યવહારુ સમાજ વિજ્ઞાન માટે સામાયિક સંદર્ભસૂચિ, ઈન્ડેક્ષ અને પૂરક સાહિત્ય સમાજકાર્ય સંશોધનની મદદથી તૈયાર કરી શકાય છે.

12) શીખવા અને શીખવવા માટેના શૈક્ષણિક સાધનો તથાનવા તથાસમાજકાર્ય સંશોધનની તૈયાર કરી શકાય છે.

આમ, ઉપરોક્ત બાબતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે,સમાજકાર્ય સંશોધન અનેકવિધ રીત સમાજકાર્ય વ્યવસાયને સીધી કે આડકતરી રીતે મદદરૂપ નીવડે છે. જેનાથી કાર્યકર વધુ સારી અને અસરકારક સેવાઓ અને સંશાધનો સેવાર્થીને પૂરા પાડી શકે છે.

## 3.4 સમાજકાર્ય સંશોધનનો ક્ષેત્રો વિશેની પાયાની સમજણ

માનવીય દર્શન અને જ્ઞાનપ્રાપ્તિ એ સમાજકાર્યનો પાયો છે. માનવ જ્યાં વસવાટ કરે છે તેની આજુ બાજુનાં પર્યાવરણને જાણવાનો પ્રયાસ કરે છે, આ ખૂબ જ પાયાની બાબત છે. સંશોધનના માધ્યમથી સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવે છે. માનવજીવનના વિવિધ ક્ષેત્રની પ્રગતિના મૂળ સંશોધનમાં રહેલાં છે. સંશોધનો માનવને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણી મદદ કરી છે. નવા જ્ઞાનનું સર્જન, સમસ્યાનો ઉકેલ મેળવવા અને વિવિધ પરિબળો વચ્ચે સંબંધો પ્રસ્થાપિત કરવા એ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. માનવીય પ્રશ્નોમાંથી જુદી-જુદી સમસ્યાઓનો જન્મ થાય છે.

સંશોધક જયારે કોઈ સમસ્યાનું સંશોધન માટે પસંદગી કરે છે ત્યારે તે સમસ્યા કોઈને કોઈ ક્ષેત્ર સાથે સ્પર્શતીહોય છે. એટલે કે પ્રત્યેક સંશોધન કોઈ ચોક્કસ ક્ષેત્રને સ્પર્શતું હોય છે. સંશોધન પ્રક્રિયાનું પાયાનું સોપાન એ સંશોધન ક્ષેત્રની પસંદગીનું છે. સમાજકાર્ય સંશોધનમાં સંદર્ભમાં સમાજકાર્ય સંશોધનનાં વિવિધ ક્ષેત્રો વિશેનો પરિચય કરવો જરૂરી છે.

સમાજકાર્યકર પોતાની વ્યાવસાયિક સેવાઓ પ્રદાન કરે છે, ત્યારે તેને વ્યાવસાયિક સેવા વિષેની સમજણ પ્રાપ્ત કરવી જરૂરી બની રહે છે. સમાજજીવનની જુદી જુદી જરૂરિયાતના સંદર્ભમાં સંશોધન થવું જરૂરી છે. માનવી એક સામાજિક પ્રાણી છે. કુટુંબ, શાળા, રાજ્ય, દેશ વગેરે સમાજનાં વિવિધ એકમો છે. વિદ્યાર્થીઓ સમાજનો જ એક ભાગ છે. માટે વિદ્યાર્થી શાળા અને સમાજ સાથે તાદાત્મ્ય સાધે તે જરૂરી છે. શિક્ષણ અને સમાજને જાણવા અને સમજવા માટે સંશોધનના જુદાં-જુદાં ક્ષેત્રો ઉપર સંશોધન થવું જરૂરી છે. શીખવું અને આંતરક્રિયા કરવી એ માણસના વર્તનનો એક મહત્ત્વનો ભાગ છે. સમાજમાં વિવિધ ખ્યાલો અને માન્યતાઓ, સામાજિક સંસ્થાઓ વિશે અભ્યાસ, શિક્ષણ અને ધર્મ, લઘુમતી અને પછાત સમુદાયોનું શિક્ષણ, ગુનાહિત માનસ, સ્ત્રીશિક્ષણ વગેરે સંશોધનના પેટા ક્ષેત્રો ગણાવી શકાય. આ મુદ્દે પાયાનું સંશોધન થવું જરૂરી છે.

સમાજકાર્યકર જુદાં-જુદાં ક્ષેત્રે કાર્યરત હોય છે. પોતે જુદાં-જુદાં પ્રકારની જરૂરિયાતમંદોને સેવા આપ્યા બાદ આ સેવા વિષયક સેવાર્થીઓના શું પ્રતિભાવો છે તેના વિશેની જાણકારી મેળવવી જરૂરી છે. ટૂંકમાં, વિવિધ સેવાઓનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. મૂલ્યાંકનનાં અંતે સેવાઓ વિશેના સારા-ખરાબ અભિપ્રાયો કાર્યકરોને જાણવા મળે છે જેના પરિણામે મૂલ્યાંકનનાં અંતે સેવાઓને ભવિષ્યમાં વધારે બળવત્તર બનાવી શકાય છે.

## 3.5 સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રોનું વર્ગીકરણ

1) સમાજકાર્ય માટેની સેવાઓની જરૂરિયાતોની ઓળખ કરી અને તેનું માપન કરવા માટે અભ્યાસો કરવા.

2) જરૂરિયાતોના સંદર્ભ અપાતી સેવાઓના માપનનાં અભ્યાસો.

3) સમાજકાર્યની દરમ્યાનગીરી કે હસ્તક્ષેપોના પરિણામોની ચકાસણી.

4) સંસ્થાઓ અને સમાજ દ્વારા અપાતી સેવાઓની અસરકારક અને વિશિષ્ટ કે ચોક્કસ પ્રયુક્તિઓની યાદી તૈયાર કરવાનાં અભ્યાસો.

5) સમાજકાર્યના પદ્ધતિશાસ્ત્રનાં અભ્યાસો.

સામાન્ય રીતે સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રોને નીચે મુજબ વર્ણવી શકાયઃ

## 3.6 વિવિધ ક્ષેત્રો વિશેનું વર્ણન

**1) સામાજિક સમસ્યાઓ, વિઘટન, વિચલન પેદા કરતાં પરિબળો કે કારણોની તપાસ અને તેમાં સમાજસેવા કે કાર્યની જરૂરિયાતનો અભ્યાસ.**

દા.ત. વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો સંતોષાતી નથી જેનાં પરિણામે વિવિધ પ્રકારની સમસ્યાનો ઉદ્ભવ થાય છે. સામાજિક સંરચના કે વ્યવસ્થાતંત્રમાંથી ઉદ્ભવતી સમસ્યાઓ, વ્યક્તિને મળતો વારસો અને સામાજિક પર્યાવરણમાંથી ઉદ્ભવતી સમસ્યાઓ, આ ઉપરાંત ગરીબી, બેકારી, ભૂખમરો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, આ ઉપરાંત, યુદ્ધો, હુલ્લડો વગેરે જેવી માનવસર્જિત સમસ્યાઓ ઉપર વિવિધ પ્રકારનાં સંશોધનો હાથ ધરી શકાય છે.

**2) સેવા આપનારી સંસ્થાઓ અને દાન આપનારી સંસ્થાઓ વિશેના અભ્યાસોઃ**

સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રો ઉપર આજે જુદાં-જુદાં પ્રકારની ઘણી સંસ્થાઓ કાર્ય કરે છે અને બીજી કેટલીક સંસ્થાઓ પોતે ફિલ્ડમાં કાર્યરત નથી; પરંતુ, આ સંસ્થાઓ દાન આપી સમાજની જુદી જુદી સંસ્થાઓને આર્થિક મદદ કરે છે. આ બંને પ્રકારના સંગઠનો વિશેનો વિગતવાર કરવો જરૂરી છે. જેમાં સંસ્થાઆનો ઉદ્ભવ, વિકાસ તેનું પાયાનું દર્શન, નીતિ, પ્રમુખ વિચારાધારા, અભિગમ મૂલ્યો અને સિદ્ધાંતો, કાર્ય યોજનાઓ, પદ્ધતિઓ, સમા કલ્યાણની જરૂરિયાતોની પૂર્તિ માટેનાં વિવિધ પ્રયાસો વિશે સંશોધન થઈ શકે છે.

**3) સમાજકાર્યનાં સિદ્ધાંતો અને વ્યવહારનાં સંદર્ભમાં સમાજકાર્યનો વિભાવનાઓની પ્રમાણભૂતતા અને કાયદેસરતાના અભ્યાસો.**

**4) સમાજકાર્યની પદ્ધતિઓની ઉપયોગિતા અને અસરકારકતા વિશેનાં અભ્યાસો.**

વ્યક્તિ, જૂથ અને સમુદાયનાં વિવિધ પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરવા માટે કઈ પદ્ધતિ શ્રેષ્ઠ છે કઈ પદ્ધતિનાં ઉપયોગનાં પરિણામે અસરકારક પરિણામો પ્રાપ્ત થઈ શક્યાં છે, તે મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે છે, તેનાં સંદર્ભમાં અભ્યાસ થવો જરૂરી છે.

**5) સમાજકાર્ય માટે ઉપયોગમાં લીધેલ વિવિધ પ્રયુક્તિઓ, સાધનો અને માધ્યમોની અસરકારકતા વિશેનાં અભ્યાસો.**

સમાજકાર્યમાં અસરકારક દરમ્યાનગીરી માટે સમાજની વિવિધ જરૂરિયાતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. જેમ કે, જ્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેવા વિસ્તારોમાં લોકજાગૃતિ માટે શેરી-નાટકો, ભવાઈ, કે એકપાત્રીય અભિનય જેવા હાથવગાં માધ્યમોનો ઉપયોગ કરી શકાય, જેનાં પરિણામે લક્ષિત જૂથ સાથે સરળતાપૂર્વક સંદેશાનું વહન કરી શકાય છે.

**6) સમસ્યા નિવારણનું કાર્ય આયોજનઃ**

દરેક સમસ્યા વિશેનો ઊંડાણપર્વક અભ્યાસ કર્યા પછી તે સમસ્યાના નિવારણ માટેનું કાર્ય - આયોજન જરૂરી છે. સંશોધન હંમેશા પરિણામલક્ષી હોય તે ખૂબ જરૂરી છે. સંશોધનની સમાજ ઉપર કંઈ અસર ન થાય તો તે સંશોધનનો કોઈ અર્થ નથી. આ સંશોધન હંમેશા જરૂરિયાત આધારિત હોવું જોઈએ. આજીવિકા કે જીવનધોરણ ઊંચું આવે તે માટે હંમેશા લોકોની જરૂરિયાતને મહત્ત્વ આપવું જોઈએ. આજીવિકા માટે ગાય લેવી કે ભેંસ ? તે નક્કી કરવાનો અધિકાર લાભાર્થીનો હોવો જોઈએ. BPL નો લાભાર્થીનો અનાજ મળતું નથી. તો પહેલાં અનાજ આપો અને પછી અનાજ ભરવા માટે પીપ આપો. આજે ઉપરથી યોજનાઓ

બને છે, જેમાં લોકોની વાસ્તવિક જરૂરિયાત શું છે તેનાં ઉપર વિચારણા કરવામાં આવતી નથી.

7) **સમાજકાર્યકરની ભૂમિકા અને તેની કાર્યપદ્ધતિનાં મૂલ્યાંકન સંબંધી અભ્યાસોઃ**

સામાજિક બદલાવમાં સમાજકાર્યકારની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. છેલ્લાં એકાદ દશકાથી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા વિદ્યાપીઠનાં સ્નાતક, અને અનુસ્નાતકનો અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ગામડામાં બેસી કામ કરવા માંગતા હોય તે વિદ્યાર્થીઓને ગ્રામશિલ્પી કાર્યક્રમ અંતર્ગત જોડવામાં  આવે છે. આ વિદ્યાર્થીઓ પોતે એક ક્ષેત્ર કે વિસ્તાર પસંદ કરી લોકોની જરૂરિયાત મુજબ કામ કરતા હોય છે. આ અંગેના પરિણામો ખૂબ સુંદર મળ્યાં છે. ગ્રામશિલ્પીઓ ગ્રામસેવામાં કેમ સફળ રહ્યાં તે અંગેનો વિસ્તૃત અભ્યાસ કરી તેનાં પરિણામો લોકોને વહેંચવા જોઈએ જેથી ગ્રામશિલ્પીઓની કામ કરવાની શૈલી અને રીતનાં આધારે ભાવિ કાર્યકરો, તેમાંથી ઘણું શીખી શકે.

8) સમાજકાર્યનો એકમ ખર્ચ, વહીવટ કાર્યનો અભ્યાસ

9) સમાજકાર્યની ક્રિયાઓનું પરિક્ષણ તેનું માપન અને મૂલ્યાંકન સંબંધી અભ્યાસો.

10) સંસ્થાઓની દરમ્યાનગીરી, હસ્તક્ષેપો અને સેવાઓ વિશે, સેવાર્થીઓનાં પ્રતિભાવો વિષયક અભ્યાસો.

11) સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોની એકબીજા પ્રત્યેની અપેક્ષાઓનાં અભ્યાસો.

12) સમાજકાર્ય સંશોધનની પદ્ધતિઓ અંગેના પદ્ધતિશાસ્ત્રીય અભ્યાસો.

ટૂંકમાં, વ્યક્તિની જરૂરિયાતોની પૂર્તિ અને તેની સમસ્યાઓનાં સમાધાન માટેની જાણકારી મેળવવા સંબંધી તેના નિવારણ જરૂરિયાતો, વહીવટી ખર્ચ, કાર્યપદ્ધતિ અને તેમાં મૂલ્યાંકન અને સંશોધનના પધ્ધતિશાસ્ત્ર સંબંધી ખ્યાલો વિશેનાં અભ્યાસ એ સંશોધનના ક્ષેત્રો છે

## 3.7 સમાજકાર્ય સંશોધન કાર્યક્ષેત્રો

1) વ્યક્તિ અને જૂથ સાથે સમાજકાર્ય

2) પરિવાર કે કુટુંબકલ્યાણ

3) સામૂહિક સેવાકાર્ય

4) કામદારો સાથે સમાજકાર્યના કાર્યો

5) આરોગ્ય અને પર્યાવરણી

6) પહેલા કલ્યાણી અને જેન્ડર વિષયક અભ્યાસો

7) બાળકલ્યાણનાં સંદર્ભે વિવિધ ક્ષેત્રો

8) શાળાકીય સમાજકાર્ય

9) વ્યસન વિષયક ક્ષેત્ર

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs)

1. સમાજકાર્યના જ્ઞાનમાં વધારો કરવાં માટે અને જ્ઞાનને વિકસાવવા માટે શેનું યોગદાન ખૂબ અગત્યનું છે ?

(A) સામાજિક સમસ્યા (B) સમાજકાર્ય સંશોધન

(C) સમાજકાર્ય ક્ષેત્ર (D) સમાજકાર્ય પધ્ધતિ

2. સમાજમાં સામાજિક સમસ્યાઓ કેટલા પ્રકાર જોવા મળે છે ?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

3. માનવજીવનના વિવિધ ક્ષેત્રોની પ્રગતિના મૂળ શેમાં રહેલાં છે ?

(A) ક્ષેત્રોમા (B) સંશોધનમાં

(C) સમસ્યામાં (D) પ્રક્રિયામાં

4. સમાજકાર્ય સંશોધન કાર્યક્ષેત્રો કેટલા છે ?

(A) 7 (B) 8

(C) 9 (D) 10

5. કોને સમાજકાર્ય સંશોધનમાં મૂલ્યાકન ઉપર સંવિશેષ ભાર મૂકે છે.

(A) હોરાવલ્ડ (B) ફ્લેચર

(C) જહોન ડી.વી. (D) રિમેલ

## 3.9 ઉપસંહાર

સમાજકાર્ય સંશોધન વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને નવા જ્ઞાનની શોધ કરવા માટેનું એક વિજ્ઞાન છે. જે સમાજ કાર્યના કાર્યો અને પદ્ધતિઓની પ્રમાણભૂતતા અને આવશ્યકતાઓની ચકાસણી કરવાનું કાર્ય કરે છે. સમાજકાર્ય સંશોધનો મુખ્ય હેતુ સમાજકાર્ય હંમેશા લોક કેન્દ્રિત વિકાસની વાત કરે છે. સમાજના છેવાડાના સમુદાયનું કલ્યાણ અને વિકાસ થાય તેવા પ્રયત્નો કરે છે. કેટલાક વ્યક્તિ જૂથો અને વિવિધ સમુદાયો માનવ અધિકારથી વંચિતો છે. આ જૂથોના અધિકારોનું રક્ષણ થાય તે સમાજકાર્ય સંશોધનનો મહત્ત્વનો ઉદ્દેશ્ય છે. સાથો-સાથ સમાજકાર્ય સંશોધનની ઉપયોગિતા વ્યાવસાયિક ટકાઉપણાના સંદર્ભે છે. વ્યક્તિના વિકાસની સાથો-સાથ વ્યાવસાયિક સમાજકાર્યનો વિકાસ થાય તે પણ જરૂરી છે.

જરૂરિયાત એ શોધની જનની છે. માણસની વિવિધ પ્રકારની જરૂરિયાતોમાંથી સંશોધનનો જન્મ થાય છે. સંશોધનનાં અંતે માનવજીવનમાં કંઈક પરિવર્તન કે બદલાય આવે છે. સંશોધનનાં જુદાં-જુદાં ક્ષેત્રો ઉપર સંશોધન થવું જરૂરી છે. આજે સંશોધનનાં વિવિધ ક્ષેત્રો કાર્યકરો માટે ખુલ્યાં છે. બાળકલ્યાણથી લઈ વૃદ્ધકલ્યાણ સુધીનાં અભ્યાસોમાં સમાજજીવનની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ કાર્યકરને આપે છે. દેશની વસ્તીનો ઘણો હિસ્સો યુવાનો છે. આ યુવાનો પોતાનાં આગવાં પ્રશ્નો લઈ બેઠાં છે. તો દેશનાં વિકાસમાં યુવાશક્તિને કામે લગાડવા યુવા કલ્યાણ સંબંધી અભ્યાસ થવાં જરૂરી છે. યુવાઓની માફક મહિલાકલ્યાણને લઈને પણ જુદાં-જુદાં પ્રકારના સંશોધનો થવાં જરૂરી છે. સ્ત્રી સશક્તિકરણનાં સંદર્ભમાં થયેલા વિવિધ અભ્યાસો મહિલા કલ્યાણ માટે પાયારૂપ છે. આ ઉપરાંત, ગે લેસ્બિયન, કિન્નરો, ઉભયલિંગી અને ટ્રાન્સજેન્ડર સાથે સમાજકાર્યનાં વિવિધ અભ્યાસો થવા જરૂરી છે. સમયની સાથે આ વર્ગ પણ પોતાનાં આગવાં સવાલો લઈને બેઠો છે, માટે સમાજકાર્યનાં એક ઉભરતા ક્ષેત્ર તરીકે આ વર્ગને સાંકળી તેનાં વિવિધ પાસાંઓને લઈ તેના ઉપર સંશોધન થવું જરૂરી છે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (2) સમાજકાર્ય સંશોધન

2. (2) 7

3. (3) સંશોધનમાં

4. (3) 9

5. (2) ફ્લેચર

## 3.11 ચાવીરૂપ શબ્દો

- **સંશોધન :** નવુ જ્ઞાન મેળવવાનો પધ્ધતિસરનો પ્રયાસ.
- **દહેજ :** કન્યાને વરપક્ષ તરફથી આપવામાં આવતી ભેટ.
- **અસમાનતા :** અસમાનત્વ.
- **કુટુંબકલ્યાણ :** કુટુંબના વિકાસ માટે થતું કાર્ય.

## 3.12 સ્વાધ્યાય લેખન

1. સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને મહત્ત્વ જણાવો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. સમાજકાર્ય સંશોધનના હેતુઓ વિશે મુદ્દાસર સમજાવો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. સમાજકાર્ય સંશોધનો અર્થ જણાવી સમાજકાર્ય સંશોધના હેતુઓ સમજાવો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

.....................................................................................

4. સમાજકાર્ય સંશોધન ક્ષેત્ર એકમના વિદ્યાર્થીઓએ શા માટે અભ્યાસ કરવો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

5. સમાજકાર્ય સંશોધન ક્ષેત્રો વિશેની પાયાની સમજણ સ્પષ્ટ કરો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

6. સમાજકાર્યના જુદા-જુદા ક્ષેત્રોનો ટૂંકમાં પરિચય કરવો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 3.13 પ્રવૃત્તિ

1. સમાજકાર્ય સંશોધનના હેતુંઓ વિસ્તૃતમાં વર્ણવો.
2. સમાજકાર્ય સંશોધનની ઉપયોગિતા.
3. વિવિધ સમાજકાર્યનાં ક્ષેત્રો વર્ણવો.

## 3.14 કેસસ્ટડી

1. સમાજકાર્ય સંશોધનનાં વિવિધ ક્ષેત્રો ઉદાહરણ સાથે જણાવી તેમાં સંશોધનનાં વિષયો, જરૂરી સંશોધન સમજાવો.
2. સમાજકાર્ય સંશોધનનો સમાજકલ્યાણ, સમાજસુરક્ષા, ગ્રામિણ વિકાસ ક્ષેત્રમાં અગત્યતા જણાવો.

## 3.15 સંદર્ભસૂચિ


1) દેસાઈ હરિભાઈ જી અને દેસાઈ કૃષ્ણકાંતજી. (2013) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (આઠમી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

2) ઉચાટ ડી.એ (2009) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) રાજકોટ.

3) પટેલ આર. એસ. (2015) સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ, જય પબ્લિકેશન.

4) શાહ એ.જી અને દવે જે.કે (2009) સામાજિક સંશોધનની પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, અનડા બૂક ડીપો.

5) દેસાઈ અરવિંદરાય (1992) સામાજિક સંશોધન પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-401
# સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

વિભાગ

# 3

## સંશોધન યોજના, સોપાનો અને નમૂના પસંદગી


એકમ-1 સંશોધન યોજનાનો અર્થ અને પરિચય

એકમ-2 સમાજકાર્ય સંશોધનના સોપાનો, સમસ્યા પસંદગીના નિર્દેશકો

એકમ-3 સમસ્યાના સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા

એકમ-4 હેતુઓ, ચલ અને ઉત્કલ્પનાનું ઘડતર

એકમ-5 નમૂનાનો અર્થ અને પ્રકારો

ISBN : 978-81-946447-8-1

**લેખક**

| | |
|---|---|
| **ડૉ. હેમુભાઈ જાંબુકિયા** | મદદનીશ કુલસચિવ,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **પ્રો.(ડૉ.) ભરતભાઈ જોશી** | પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |

**Edition : 2022**

**Copyright©2022 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર ઘટક-3માં સંશોધન માટેની પાયાની બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે. સંશોધકની વિજ્ઞાન, વૈજ્ઞાનિક પદ્ધતિ, સંશોધન અને સમાજકાર્ય સંશોધનની સંકલ્પના સ્પષ્ટ થતાં સંશોધકે સંશોધનની પ્રત્યક્ષરૂપથી કામગીરી શરૂ કરવાની હોય છે. કામગીરી માટે સંશોધકને માર્ગદર્શન મળી રહે તે માટે આ ઘટકમાં સરળ અને સ્પષ્ટ રીતે માહિતી રજૂ કરવામાં આવે છે. આ ઘટકમાં સંશોધન યોજના, સોપાનો અને નમૂના પસંદગીનો સમાવેશ કરવામાં આવેલ છે. જે સંશોધનનાં હૃદય સમાન ગણાવી શકાય. સંશોધનની આ બાબતોની વિસ્તૃત સમજ અધ્યયન કર્તાને મળી શકે તે માટે આ એકમને પાંચ ભાગમાં વહેંચવામાં આવેલુ છે. જેમાં પ્રથમ ભાગમાં સંશોધન યોજના એટલે શું ? તેની પ્રવૃત્તિઓ, સંશોધન યોજના તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, સંશોધન યોજનાના વિભાગો, સંશોધન યોજનાના પ્રકારો અને નમૂનારૂપ સંશોધન યોજનાનો સમાવેશ કરવામાં આવેલો છે. ભાગ-2માં સંશોધન યોજનાનાં સોપાનો અને નિર્દેશકોને સરળતાથી ઉદાહરણ સાથે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ભાગ-3માં સંશોધનકાર્યને મજબૂત કરતી સંદર્ભ સાહિત્યની સમીક્ષાની ચર્ચા કરવામાં આવી છે. જેમાં સાહિત્ય સમીક્ષાનો ખ્યાલ, સાહિત્ય સમીક્ષાનાં હેતુઓ, સાહિત્ય સમીક્ષાનું આયોજન, સાહિત્ય સમીક્ષા માટે સંશોધકમાં જરૂરી કૌશલ્યો, ક્ષમતાઓ, અને ગુણો તથા સાહિત્ય સમીક્ષાના પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. ભાગ-4માં ઉત્કલ્પનાનું ઘડતર, ઉત્કલ્પનાના ઘડતર વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને ઉત્કલ્પનાના પ્રકાર, ચલ અને તેના પ્રકાર, હેતુઓ, સંશોધનમાં હેતુઓની અગત્ય અને હેતુઓના ઘડતર વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરવામાં આવી છે. જે સંશોધકને સંશોધન હેતુઓ નક્કી કરતી વખતે ખૂબ જ ઉપયોગી થશે; ઉપરાંત ભાગ-5માં નમૂના પસંદગી અંગે ચર્ચા કરવામાં આવી છે. જેમાં નમૂનાનો ખ્યાલ, નમૂના પસંદગીની અગત્યતા, નમૂના પસંદગીના સોપાનો, નમૂના પસંદગીના પ્રકારો/પદ્ધતિઓની અને તેનું સરળ ભાષામાં ઉદાહરણ સાથે વર્ણન કરવામાં આવેલ છે. નમૂના પસંદગીની પદ્ધતિનાં પેટા પ્રકારો પણ ઉદાહરણ સાથે સમજાવવામાં જેથી સંશોધક નમૂના પસંદગી અંગેની સ્પષ્ટતા વધુ સારી રીતે કરી શકે. નમૂના પસંદગીની પદ્ધતિઓમાં સંભાવ્ય નમૂના પસંદગી, બિન સંભાવ્ય નમૂના પસંદગી અને વિશિષ્ટ નમૂના પસંદગી તેમજ તેનાં પેટા પ્રકારોની સમજ આપવામાં આવી છે. ઘટકને મુખ્યરૂપે પાંચ ભાગમાં વહેંચવામાં આવેલ છે. દરેક ભાગનાં અંતમાં અધ્યયકર્તાની સમજની ચકાસણી માટે પ્રશ્નો મૂકવામાં આવ્યાં છે અને સાહિત્ય તૈયાર કરવા માટે મદદ લીધેલ સંદર્ભ ગ્રંથનાં નામ મૂકવામાં આવેલા છે, જે પણ અધ્યયન કર્તાને વિશેષ અભ્યાસ માટે ઉપયોગી થશે.

**ઘટકના હેતુઓ :**

1) અભ્યાસકર્તાને સંશોધન યોજના અને સંશોધન યોજના કેવી રીતે તૈયાર કરી શકાય તેની જાણકારી પ્રાપ્ત થશે.

2) સંશોધન યોજના તૈયાર કરવા માટે કયાં કયાં પગથિયાથી આગળ વધવાની જરૂરિયાત રહે છે, તેની સમજ પ્રાપ્ત થશે.

3) સાહિત્ય સમીક્ષાનો ખ્યાલ અને સંશોધનમાં સાહિત્ય સમીક્ષા તેની ઉપયોગિતા અંગેનું જ્ઞાન મળશે.

4) સંશોધનમાં ઉત્કલ્પના શું છે તેની વિભાવના વિશે માહિતી પ્રાપ્ત થશે.

5) ચલ એટલે શું ? તેનું સંશોધનમાં મહત્ત્વ તથા હેતુઓની રચના કેવી રીતે કરવી, તેનું માર્ગદર્શન મળશે.

6) નમૂના પસંદગીનો ખ્યાલ અને તેના પ્રકારોની સમજણ પ્રાપ્ત થશે, જે તેને સંશોધન કાર્ય માટે મદદરૂપ થશે.

# એકમ–1 સંશોધન યોજનાઓ અર્થ અને પરિચય

## : એકમનું માળખું :


1.0 પ્રસ્તાવના

1.1 એકમના હેતુઓ

1.2 સંશોધન યોજના એટલે શું ?

1.3 સંશોધન યોજનાની પ્રવૃત્તિઓ

1.4 સંશોધન યોજના તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

1.5 સંશોધન યોજનાના વિભાગો

1.6 નમૂનારૂપ સંશોધન યોજના

1.7 તમારી પ્રગતિ ચકાસો

1.8 ઉપસંહાર

1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખન

1.12 પ્રવૃત્તિ

1.13 કેસસ્ટડી

1.14 સંદર્ભગ્રંથ


## 1.0 પ્રસ્તાવના

કોઈપણ સંશોધન હાથ ધરતાં પહેલાં સંશોધન યોજના તૈયાર કરવાથી સંશોધકને સંશોધન કરવા માટે સમયે સમયે યોગ્ય દિશા-નિર્દેશ અને માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. જેવી રીતે બિલ્ડીંગ બાંધકામ કરતા પહેલાં એન્જીનિયર કે આર્કિટેક્ટર દ્વારા તેની ડિઝાઈન (યોજના) બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરવામાં આવે છે. જેનાથી જે બાંધકામ કરવાનું હોય તેની ગુણવત્તા જાળવી શકાય અને યોગ્ય આકાર મુજબ મજબૂત બાંધકામ કરી શકાય. કાળજીપૂર્વક અને આયોજનબદ્ધ તૈયાર કરેલ સંશોધન યોજનાથી સમસ્યાના ઉકેલ સુધી પહોંચવામાં સરળતા રહે છે તેમજ તેનાથી પ્રાપ્તિ પરિણામો વધુ સામાન્યીકૃત બની શકે છે. સંશોધન યોજના હંમેશા સંશોધન કાર્યની શરૂઆત કરતાં પહેલા હાથ ધરવામાં આવે છે. સંશોધન યોજનામાં કરવામાં આવનાર સંશોધનની રૂપરેખા દર્શાવવામાં આવે છે.

સંશોધન યોજના તૈયાર કરવા માટે સંશોધન પ્રશ્નની ઓળખ, પસંદગી અને ઘડતર એ ત્રણે પ્રક્રિયાઓ સંશોધન યોજનામાં આયોજન માટેની પ્રક્રિયાઓ છે. આ ત્રણેય પ્રક્રિયાઓ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી છે, તેમની વચ્ચે ખૂબ જ પાતળી ભેદરેખા જોવા મળે છે.

સંશોધન યોજના તાર્કિક તારણો કે નિષ્કર્ષ કાઢવા માટે પણ ખૂબ જ ઉપયોગી નીવડે છે. આ એકમથી સંશોધનકર્તાને સંશોધન યોજના એટલે શું ? સંશોધન યોજનામાં શરૂઆતથી લઈને અંત સુધીની પ્રક્રિયા, સંશોધન ડિઝાઈનનાં જુદાં-જુદાં વિભાગો, સંશોધનની નમૂનારૂપ સંયોજના મુકવામાં આવી છે. જેના અભ્યાસથી અભ્યાસકર્તાને યોજના અંગે માહિતી પ્રાપ્ત થશે.

## 1.1 એકમના હેતુઓ :

1. સંશોધન યોજના વિશેની જાણકારી પ્રાપ્ત થશે.
2. સંશોધન યોજનાની પ્રવૃત્તિઓ અને ધ્યાનમાં રાખવાની બાબતો વિશે સંશોધકનો ખ્યાલ વિકસશે.
3. સંશોધન યોજનાના વિભાગો અને પ્રકારોની સમજ વિકસશે.
4. સંશોધકને સંશોધન યોજના તૈયાર કરવા માટે નમૂનારૂપ સંશોધન યોજના દિશા-નિર્દેશ મળી રહેશે.

## 1.2 સંશોધન યોજના એટલે શું ?

સંશોધન યોજના સંશોધક દ્વારા જે વિષય/ઘટના પર સંશોધન હાથ ધરવામાં આવનાર હોય તેનું કામચલાઉ માળખું છે. જેમાં ફેરફાર અને સુધારા-વધારાને અવકાશ છે. તૈયાર માળખાને વિષય નિષ્ણાંતો સાથે ચર્ચા વિચારણાને અંતે આખરીકરણ કરવામાં આવે છે અને સંશોધનની કામગીરી સંશોધક દ્વારા હાથ ધરવામાં આવે છે.

સંશોધન યોજના સંશોધકને સંશોધનકાર્ય માટે જરૂરી દિશા-નિર્દેશ અને માર્ગદર્શન પૂરું પાડે છે, જેમ જેમ સંશોધન યોજના પ્રમાણે સંશોધક દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે તેમ તેમ સંશોધનની વિવિધ બાબતો અને નવાં પાસાંઓ ખૂલતાં જાય છે. નવી નવી બાબતો સામે આવતી જાય છે. નવી બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધક જરૂર જણાય ત્યાં સંશોધન યોજનામાં સુધારણા કરે છે. સંશોધન યોજના જેટલી વધુ ઝીણવટપૂર્વક અને નિષ્ણાંતો સાથે વિચાર વિમર્શ કરી તૈયાર કરવામાં આવે સંશોધનમાં આગળ વધવામાં સંશોધકને સરળતા રહે છે. સંશોધન યોજના સ્પષ્ટ, સરળ અને ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી હોય તો અનુદાન આપનારે અનુદાન આપવું કે કેમ વગેરે અંગે નિર્ણય કરી શકે. દા.ત. સંશોધન યોજનામાં સંશોધન, પ્રશ્ન, સંશોધન હેતુઓ, સંશોધન ઉત્કલ્પના, નમૂના પસંદગી માટે અનુદાન આપનાર સંસ્થા તેને મંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરે છે. જ્યારે સંશોધન યોજનામાં સંશોધન પ્રશ્ન હેતુઓ, સમય મર્યાદા વગેરે સ્પષ્ટ ન હોય તો અથવા સંશોધન વિશે સ્પષ્ટતા ના કરી હોય તો સંશોધન પ્રકલ્પની મંજૂરી મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે. એવી જ રીતે અભ્યાસના ભાગરૂપે હાથ ધરવા આવતાં સંશોધનોમાં પણ વિદ્યાર્થી સંશોધક દ્વારા આયોજિત રીતે સંશોધન યોજનાને તૈયાર કરવામાં આવી હોય તો તેના અભ્યાસની સમયમર્યાદા સત્રની સમયમર્યાદામાં સંશોધન અભ્યાસ પૂર્ણ કરી શકે છે. જો વિદ્યાર્થી સંશોધક દ્વારા સંશોધન યોજના તૈયાર કરવામાં ન આવી હોય અથવા ખામીયુક્ત સંશોધન યોજના તૈયાર કરી હોય તો વિદ્યાર્થી સંશોધકે હાથ ધરેલ સંશોધન પૂર્ણ કરવામાં મુશ્કેલી પડતી હોય છે.

સંશોધક દ્વારા સંશોધન કઈ રીતે હાથ ધરાશે, તેનો સ્પષ્ટ અક્ષરદેહ એટલે સંશોધન યોજના.

**યંગના મતે :** સંશોધન યોજના કામ ચલાઉ આયોજન છે. સંશોધન યોજનામાં ફેરફાર કરવાની જરૂરિયાત ન હોય તેવી ચોક્કસ અને ચુસ્ત સંશોધન યોજના ભાગ્યે જ હોય છે, જેમ જેમ સંશોધનકાર્ય આગળ વધે તેમ તેમ તેમાં સુધારા કરવાનું પણ જરૂરી બને છે, તેનો હેતુ માત્ર સંશોધનને દિશા નિર્દેશ પૂરો પડાવાનો છે. યંગના મતે સંશોધન યોજનામાં માહિતીના સ્રોત, અભ્યાસનાં હેતુ, સામાજિક-સાંસ્કૃતિક, ઐતિહાસિક સંદર્ભ, ભૌગોલિક વિસ્તારની સ્પષ્ટતા, સમયનો અંદાજ, અભ્યાસના પરિણામો, માહિતી એકત્ર કરવા માટેની પ્રયુક્તિઓ, સંશોધન એકમોની વ્યાખ્યા, ગ્રંથાલયનો ઉપયોગ, સંદર્ભસૂચિ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

સંશોધન અભ્યાસની શરૂઆતથી માંડીને સંશોધન અભ્યાસ પૂરો કરવા સુધીની સમગ્ર પ્રક્રિયાના માળખાને સંશોધન યોજના / રચના કે ડિઝાઈન કહેવામાં આવે છે. સંશોધન આયોજનથી માંડીને તેના અમલની સમગ્ર પ્રક્રિયાનો નિર્દેશ કરતો વિસ્તૃત એટલે સંશોધન યોજના સંદર્ભ ? ડો. વી.પી. શાહનાં જણાવ્યા મુજબ, કોઈ પણ સંશોધનાત્મક અભ્યાસની શરૂઆતથી અંત સુધીમાં કરવાની મુખ્ય પ્રવૃત્તિઓ એટલે સંશોધન યોજના તેમણે નીચે મુજબ દર્શાવી છે.

## 1.3 સંશોધન યોજનાની પ્રવૃત્તિઓ

1. સંશોધન પ્રશ્નની ઓળખ અને પસંદગી
2. સંશોધન પ્રશ્નને આનુષાંગિક સૈદ્ધાંતિક માળખાની પસંદગી તથા ભૂતપૂર્વ સંશોધન સાથે તેનો સંબંધ.
3. સંશોધન પ્રશ્નનું ઘડતર, સંશોધનના હેતુઓ, સંશોધનનો વ્યાપ તથા જે ઉત્કલ્પનાઓ ચકાસવાની હોય તે બધાની સ્પષ્ટ સમજ.
4. સંશોધનમાં કરવાના પ્રયોગ અથવા તપાસની ડિઝાઈન.
5. પરિવર્ત્યોની વ્યાખ્યા તથા તેમનું માપ કાઢવાની રીતો.
6. પ્રયોગપત્રો અથવા નિરીક્ષણ ઘટકોની પસંદગી.
7. માહિતીનું એકત્રિકરણ-માહિતી એકત્ર કરવા માટેના સાધનો તથા રીતો.
8. માહિતીનું સંજ્ઞાકરણ, સંપાદન તથા પ્રક્રિયન.
9. માહિતીનું પૃથક્કરણ-માહિતના સંક્ષેપ માટે તેમજ આંકડાશાસ્ત્રીય અનુમાન માટે યોગ્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓની પસંદગી તથા ઉપયોગ.
10. સંશોધન અહેવાલ લેખન સંશોધનની સમગ્ર પ્રક્રિયાનું વર્ણન.

## 1.4 સંશોધન યોજના તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

સંશોધન અભ્યાસની યોજના તૈયાર કરતી વખતે સંશોધકે નીચેની ચાર બાબતો લક્ષ્યમાં રાખવી આવશ્યક છે : (Suchman 1967b 309 ડો. વી.પી. શાહ, 1997, 12)

1) બધા વિજ્ઞાનોમાં સંશોધન કરવા માટે વિવિધ પ્રકારના સ્વીકૃત અને પ્રચલિત અભિગમો તથા પદ્ધતિઓ હોય છે. સંશોધક તેના સંશોધન પ્રશ્ન તથા ઉપલબ્ધ સમય, નાણાં, સાધનો વગેરેની મર્યાદાઓને ધ્યાનમાં લઈને એક કે બીજા અભિગમની પસંદગી કર છે. જરૂર લાગે ત્યાં તેમાં ફેરફાર કરે છે. સંશોધન યોજના વૈજ્ઞાનિક હોવી જોઈએ. વૈજ્ઞાનિક એટલે પદ્ધતિસર રીતે તૈયાર કરેલ હોય જેમાં સમય, નાણાંની સાથે સાથે સંશોધન અભ્યાસની બાબતોને તાર્કિક રીતે રજૂ કરવામાં આવી હોય, પ્રયોગ, નિરીક્ષણ, સર્વેક્ષણ વગેરે જેવી બાબતો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવા માટેના જુદા જુદા અભગિમો છે. વૈજ્ઞાનિક પદ્ધતિ એવી પ્રક્રિયા છે. જેમાં સંશોધન પ્રશ્નની પસંદગીથી લઈને સંબંધિત માહિતી એકત્ર કરી, તેનું વર્ગીકરણ, પૃથક્કરણ કરી, તેનાં તારણો અને સામાન્યીકરણો અને સિદ્ધાંત રચના કરવા સુધીના વિવિધ અને સમગ્ર તબક્કાઓનો સમાવેશ થાય છે.

2. સંશોધન સમસ્યાના ઉકેલ માટે કોઈ એક જ ડિઝાઈન સાચી હોય એવું નથી. સંશોધકો સંશોધન પ્રશ્ન માટે જુદા જુદા સિદ્ધાંતો અને અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરી પોતે પોતાની પસંદગીને અનુરૂપ જુદી જુદી ડિઝાઈન તૈયાર કરે એ સંભવિત છે. એક જ ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે વિવિધ પ્રક્રિયાઓ અને યોજનાનો ઉપયોગ થઈ શકે છે.

3. સામાજિક સંશોધનમાં કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ છે, આથી, સંશોધક સંશોધન ડિઝાઈન તૈયાર કરતી વખતે કેટલાક સમાધાન કરે છે. સંશોધક પાસે મર્યાદિત સંસાધનો હોય છે, જેમકે સમય, શક્તિ, નાણાં વગેરે, સંશોધક પોતાનાં સંસાધનની મર્યાદાને ધ્યાનમાં રાખી વ્યાવહારિક રીતે શક્ય અને અમલમાં મૂકી શકાય તેવી ડિઝાઈન તૈયાર કરે છે.

4. સંશોધન ડિઝાઇન આખરી નથી હોતી. અમલીકરણ દરમ્યાન જરૂર જણાય ત્યાં તેમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવે છે. સંશોધન ડિઝાઈન એ સંશોધકે જે દિશામાં આગળ વધવું છે અને જે રીતે અભ્યાસ કરવાનું વિચાર્યું છે, તે દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શનનું કામ કરે છે. પૂર્વ અભ્યાસો અને ક્ષેત્રના અનુભવોના આધારે સંશોધક તેને જરૂર જણાય ત્યાં ચાલુ અભ્યાસ દરમ્યાન સુધારા-વધારા કરી શકે છે. દા.ત. ક્ષેત્ર આધારિત માહિતી એકત્રિકરણ માટે સંશોધક દ્વારા સંશોધન ડિઝાઈનમાં સમય નિશ્ચિત કર્યો હોય; પરંતુ, કુદરતી કે આકસ્મિક વ્યક્તિગત કારણોસર તે પ્રમાણએ માહિતી એકત્રિત કરી ન શકાય તેવું બને. આવા સમયે સંશોધક પોતાની સંશોધન ડિઝાઇનમાં નક્કી કરેલ સમયગાળામાં ફેરફાર કરી નવેસરથી ક્ષેત્ર આધારિત માહિતી એકત્રિત કરવા માટે આયોજન કરે છે. એટલે કે, સંશોધન યોજનામાં ફેરફાર કરે છે.

એન્જિનીયર કે આર્કિટેક્ટ મકાનનો કે બિલ્ડીંગનો પ્લાન તૈયાર કરે છે. તેની સાથે સંશોધક દ્વારા સંશોધન માટે તૈયાર કરવામાં આવતી ડિઝાઈનને સરખાવવામાં આવે છે. આર્કિટેક્ટ મકાનના બાંધકામની ડિઝાઇન તૈયાર કરતી વખતે જુદી જુદી બાબતો જેવી કે જમીન, સ્થાનિક બાંધકામનાં ધોરણો, નાણાં, સમય, મકાન વાપરનારનાં ખ્યાલો, તેમની પસંદગી તેમની જરૂરિયાત, ઉપલબ્ધ

સાધન-સામગ્રી, કારીગરો વગેરે બાબતોને ધ્યાનમાં રાખે છે એવી જ રીતે સંશોધકો જે વિષયમાં સંશોધન કરવા માગતા હોય તે ક્ષેત્રમાં ઉપલબ્ધ સાધનો જેમની પાસેથી માહિતી એકત્રિત કરવાની છે તેમની અનુકુળતાઓ, મર્યાદાઓ વગેરેને ધ્યાનમાં રાખી સંશોધન ડિઝાઈન તૈયાર કરે છે.

સંશોધક દ્વારા સંશોધન ડિઝાઇન તૈયાર કરતી વખતે ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રખાવી જોઈએ.

## 1.5 સંશોધન યોજનાનાં વિભાગો

સંશોધન યોજનાઓ બે ભાગમાં વહેંચી શકાય.

### (1) પરિચયાત્મક વિભાગઃ

સંશોધન યોજનાના આ પ્રથમ ભાગમાં સંશોધનનું વિહંગાવલોકન કરી શકાય છે તેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. જેના અભ્યાસ દ્વારા અભ્યાસકર્તાને સંશોધન અંગેની ટૂંકી વિગતો પ્રાપ્ત થાય છે. આ ભાગમાં સંશોધનકર્તા સંશોધનનું સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સ્પષ્ટ કરે છે. સાથે સાથે સાહિત્ય સમિક્ષા પણ કરે છે. જે આ વિભાગની મહત્વની બાબત ગણી શકાય. સંશોધન યોજનાના પરિચયાત્મક વિભાગમાં ખાસ કરીને સંશોધનનું શિર્ષક, પ્રસ્તાવના, સમસ્યા કથન સંબંધિત સાહિત્યની સમીક્ષા, અભ્યાસના હેતુઓ, ઉત્કલ્પના/અભ્યાસ પ્રશ્ન, અભ્યાસ ક્ષેત્રની મર્યાદાઓ અને અભ્યાસના મહત્વનો સમાવેશ થાય છે.

### (2) કાર્યપદ્ધતિ વિભાગઃ

સંશોધન યોજનાના બીજા ભાગમાં સંશોધનમાં કેવી રીતે પ્રક્રિયા કરવામાં આવશે તેનું વર્ણન કરવામાં આવે છે. કાર્યપદ્ધતિ, એટલે કે પદ્ધતિ સંબંધિત પ્રક્રિયાનો સમાવેશ કરવામાં આવે છે. આ વિભાગમાં ખાસ કરીને ક્ષેત્ર આધારિત માહિતી અને તેના અર્થઘટન અને વિશ્લેષણનો સમાવેશ કરવામાં આવે છે. સંશોધન યોજનાના કાર્યપદ્ધતિ વિભાગમાં અભ્યાસનો વ્યાપ, અભ્યાસની નમુના પસંદગી, માહિતી એકત્રિકરણ માટે ઉપકરણની રચના, માહિતીનું એકત્રિકરણ, માહિતી વિશ્લેષણની યોજના, સમય વ્યવસ્થાપન, નાણાનું આયોજન અને સંદર્ભ સુચિનો સમાવેશ કરવામાં આવે છે. આ વિભાગમાં સંશોધન પ્રક્રિયાની પદ્ધતિશાસ્ત્રીય બાબતોથી શરુ કરીને અહેવાલ લેખન સુધીની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત સંશોધન યોજનાના બંને ભાગોની કામગીરીને શરૂથી અંત સુધી ઉતરતા ક્રમમાં નીચે મુજબ દર્શાવી શકાય.

**સંશોધન ડિઝાઈનમાં વિભાગો**

| **પરિચયાત્મક વિભાગ** | **કાર્યપદ્ધતિ વિભાગ** |
|---|---|
| ↓ | ↓ |
| સંશોધનનું શીર્ષક | અભ્યાસનું વિશ્વ / વ્યાપ |
| ↓ | ↓ |
| પ્રસ્તાવના | અભ્યાસના નમૂનાની પસંદગી |
| ↓ | ↓ |
| સમસ્યા કથન | ઉપકરણની પસંદગી / રચના |
| ↓ | ↓ |
| સંબંધિત સાહિત્યની સમીક્ષા | માહિતીનું એકત્રિકરણ |
| ↓ | ↓ |
| અભ્યાસના હેતુઓ | માહિતી વિશ્લેષણની યોજના |
| ↓ | ↓ |
| ઉત્કલ્પના / અભ્યાસ પ્રશ્ન | સમય વ્યવસ્થાપન |
| ↓ | ↓ |
| અભ્યાસની ક્ષેત્ર-મર્યાદાઓ | ખર્ચનું આયોજન |
| ↓ | ↓ |
| અભ્યાસનું મહત્વ | સંદર્ભ સૂચિ |

## 1.6 નમૂનારૂપ સંશોધન યોજના

સંશોધનમાં જુદા-જુદા અભિગમો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. તેવી જ સંશોધન યોજનાનાં જુદાં-જુદાં પ્રકારો નિષ્ણાંતો દ્વારા આપવામાં આવ્યાં છે. તે પૈકી મેકગ્રાથ દ્વારા આપવામાં આવેલ તપાસલક્ષી સંશોધન યોજનાની નમૂનારૂપ સંશોધન અહી રજૂ કરવામાં આવી છે.

**સંશોધનનું શીર્ષક :** પેયજળ અને સ્વચ્છતા યોજનાનાં અમલીકરણમાં મહિલાઓની સહભાગીતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલ અસર

**ભાગ 1 :** વિષય પ્રવેશ અને વિષય પસંદ કરવાનું પ્રાયોજન, સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય, પાણી અને સ્વચ્છતા ક્ષેત્રે મહિલાઓ

- વિષય પ્રવેશ
- પાણી અને સ્વચ્છતા ક્ષેત્રે મહિલાઓ
- લોકભાગીદારી ખ્યાલ અને અભિગમ

- સશક્તિકરણ ખ્યાલ અને વિભાવના

**ભાગ 2 :** સંશોધન સાહિત્ય સમીક્ષા અને સંશોધન પદ્ધતિ

- સંશોધન સાહિત્ય સમીક્ષા
- અભ્યાસનો અવકાશ અને ઉપયોગિતા
- અભ્યાસનું સ્વરૂપ અને વ્યાપ
- અભ્યાસનાં હેતુઓ અને ઉત્કલ્પનાઓ
- માહિતી એકત્રિકરણના સ્રોતો
- અભ્યાસનું વિશ્વ અને નમૂના પસંદગી
- માહિતી એકત્રિત કરવાના સાધનો અને તકનીક
- એકત્રિત માહિતીનું સંપાદન, વર્ગીકરણ, પૃથ્થક્કરણ અને વિશ્લેષણની પ્રક્રિયા
- ક્ષેત્રકાર્યમાં આવનાર મુશ્કેલીઓ
- અહેવાલલેખન

**ભાગ 3 :** સંદર્ભસૂચિ અને પરિશિષ્ટ

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

1. 1. સંશોધન યોજના સંશોધકને સંશોધનકાર્ય માટે જરૂરી દિશા - નિર્દેશન અને માર્ગદર્શન પૂરું પાડે છે – વિધાન-1

   2. સંશોધન યોજના સંશોધન દ્વારા જે વિષય ઘટના પર સંશોધન હાથ ધરવામાં આવનાર હોય તેનું કામચલાઉ માળખું છે – વિધાન-2

   (1) વિધાન-1 સાચું છે. (2) વિધાન-2 સાચું છે.

   (3) વિધાન-1 ખોટું વિધાન-2 સાચું છે. (4) બન્ને વિધાન સાચાં છે.

2. સંશોધન યોજનાના વિભાગો કેટલા છે ?

   (1) બે (2) ત્રણ

   (3) ચાર (4) છ

3. કાર્યપદ્ધતિ વિભાગમાં કયાં મુદ્દાનો સમાવેશ થાય છે ?

   (1) અભ્યાસનું વિશ્વ / વ્યાપ (2) અભ્યાસના નમૂનાની પસંદગી

   (3) ઉપકરણની પસંદગી / રચના (4) ઉપરોક્ત તમામ

4. પરિચયાત્મક વિભાગમાં કેટલાં મુદ્દાનો સમાવેશ થાય છે ?

   (1) 8 (2) 7

   (3) 6 (4) 10

5. સંશોધન યોજનાઓની પ્રવૃત્તિ કેટલી છે ?

(1) 10 (2) 8

(3) 11 (4) 12

## 1.8 ઉપસંહાર

કોઈપણ સંશોધન કાર્ય હાથ ધરતા પહેલા વૈજ્ઞાનિક રીતે સંશોધન યોજના (ડિઝાઈન) તૈયાર કરવી આવશ્યક છે. સંશોધન યોજના સમગ્ર સંશોધન કાર્ય દરમિયાન સંશોધકને દિશા-નિર્દેશ પૂરો પાડે છે એટલે કે રાહબર તરીકેની ભૂમિકા અદા કરે છે. સંશોધન ક્ષેત્રે પ્રથમ પગલું માંડનાર અને વિભિન્ન અનુભવના હોય તેવા સંશોધકોને તેમની સંશોધનની સમસ્યા માટે યોગ્ય યોજના તૈયાર કરવા ઉપરોક્ત બાબતો ખૂબ જ ઉપોયગી થશે તેમજ સંશોધકને તેના સંશોધનની ઉપકલ્પનાઓ ઉપલબ્ધ સાધનોની મર્યાદા વગેરે બાબતોને ધ્યાનમાં લઈને અપેક્ષિત માહિતીના સ્વરૂપ તથા તે એકત્ર કરવા માટેના સ્રોતો અને પ્રક્રિયા અંગે યોગ્ય નિર્ણય કરી શકે છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (4) એક અને બે બન્ને વિધાન સાચા
2. (4) ઉપરોક્ત તમામ
3. (4) ઉપરોક્ત તમામ
4. (1) 8
5. (1) 10

## 1.10 ચાવીરૂપ શબ્દો

1. સંશોધન યોજના : સંશોધનનું કામચલાઉ માળખું
2. પરિચયાત્મક વિભાગ : આ ભાગમાં સંશોધનકર્તાનું સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સ્પષ્ટ કરે છે.
3. કાર્યપદ્ધતિ વિભાગ : આ વિભાગમાં સંશોધનની પ્રક્રિયા સ્પષ્ટ કરવામાં આવે છે.

## 1.11 સ્વાધ્યાય લેખન

1. સંશોધન યોજના એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. સંશોધન યોજનાના સોપાનો જણાવો ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. સંશોધન યોજના તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.12 પ્રવૃત્તિ

1. સંશોધન યોજનાની પ્રવૃત્તિઓ જણાવો.
2. સંશોધન ડિઝાઈનના વિભાગોનો ચાર્ટ બનાવો.
3. સંશોધન યોજના તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની ટૂંકીનોંધ તૈયાર કરો.

## 1.13 કેસસ્ટડી

1. વ્યસન કરતાં વ્યક્તિના વ્યસન પાછળના કારણો, વ્યસનના પ્રકાર અને વ્યસનમુક્તિના પ્રયત્નોનો અભ્યાસ

   **નોંધ :** આ વિષય ઉપર સંશોધન યોજનાનો નમૂનો તૈયાર કરો.

2. કોઈપણ એક મહિલાની સમસ્યા ઉપર સંશોધનનું શિર્ષક બનાવી સંશોધન યોજનાને અનુસરી સંશોધન યોજના તૈયાર કરો.

## 1.14 સંદર્ભસૂચિ


1. ઉચાટ ડી.એ. 2009, શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર
2. દેસાઈ હરિભાઈ અને દેસાઈ કૃષ્ણકાંત - સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ
3. શાહ એ.જી. અને દવે જે. કે. 2008-09, સામાજિક સંશોધનની પદ્ધતિઓ
4. શાહ વી.પી. 1997, સંશોધન ડિઝાઇન

# એકમ–2 સમાજકાર્ય સંશોધનના સોપાનો, સમસ્યા પસંદગીના નિર્દેશકો

## : એકમનું માળખું :


**2.0 પ્રસ્તાવના**

**2.1 એકમના હેતુઓ**

**2.2 સમાજકાર્ય સંશોધનના સોપાનો**

**2.3 સમસ્યાની પસંદગીના નિર્દેશકો**

**2.4 તમારી પ્રગતિ ચકાસો**

**2.5 ઉપસંહાર**

**2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.7 ચાવીરૂપ શબ્દો**

**2.8 સ્વાધ્યાય લેખન**

**2.9 પ્રવૃત્તિ**

**2.10 કેસસ્ટડી**

**2.11 સંદર્ભગ્રંથ**


## 2.0 પ્રસ્તાવના

સંશોધનકર્તા એ સંશોધન હાથ ધરતા પહેલા સંશોધન સોપાનો અને સમસ્યા પસંદગી અંગે જાણકારી પ્રાપ્ત કરવી અનિવાર્ય છે. આ એકમનાં અભ્યાસથી સંશોધકને સંશોધનના સોપાનો અને સમસ્યા પસંદગી માટે ના ધોરણોની જાણકારી ઉપલબ્ધ થશે. કોઈપણ સંશોધન જ્ઞાનનું સર્જન કરવા, નવા સિદ્ધાંતો સ્થાપવા અથવા જ્ઞાનમાં ઉમેરો કરવા કે સ્થાપિત સિદ્ધાંતોમાં ઉમેરો કરવા માટે કરવામાં આવતા હોય છે. પ્રસ્તુત એકમનાં અભ્યાસથી સંશોધકને કે અધ્યયનકર્તાને તેની જાણકારી પ્રાપ્તી થશે અને તેઓ વધુ સારું અને સચોટ સંશોધન કાર્ય કરી શકશે.

## 2.1 એકમના હેતુઓ

1. અધ્યયનકર્તાને સંશોધનનો ખ્યાલ પ્રાપ્ત થશે.
2. અધ્યયનકર્તાને સંશોધનનાં સોપાનોની જાણકારી પ્રાપ્ત થશે.
3. અધ્યયનકર્તાને સમસ્યા પસંદગીની સમજ પ્રાપ્ત થશે.
4. સમસ્યા પસંદગી માટેનાં દિશા નિર્દેશકો વિશેની સમજ અધ્યયનકર્તાને પ્રાપ્ત થશે.
5. સંશોધનમાં સંશોધન માટે કઈ કઈ ક્ષમતાઓ હોવી જોઈએ, તેનો અધ્યયનકર્તાને ખ્યાલ પ્રાપ્ત થશે.

## 2.2 સમાજકાર્ય સંશોધનનાં સોપાનો

સંશોધનમાં વૈજ્ઞાનિક પ્રક્રિયા મુજબ કામગીરી કરવામાં આવે છે એટલે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવા માટે સૌ પ્રથમ સંશોધકે વિજ્ઞાન, વૈજ્ઞાનિક પદ્ધતિ અને વૈજ્ઞાનિક જ્ઞાન અંગેની સમજ કેળવવી પડે છે. કોઈપણ સંશોધનનો હેતુ જ્ઞાન સર્જવાનો છે તે માટે સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. વિજ્ઞાનનાં તારણો વૈજ્ઞાનિક પદ્ધતિની ફળશ્રુતિ છે. વિજ્ઞાનનો હેતુ જ્ઞાનની બધી જ શાખામાં સત્યની શોધ કરવાનો છે, એવી કોઈ ઘટના નથી કે જે વિજ્ઞાનના કાર્યક્ષેત્રની બહાર હોય. વૈજ્ઞાનિક પદ્ધતિ એક પ્રક્રિયા છે, જેમાં સંશોધનના પ્રશ્નોની પસંદગીથી શરૂ કરી સંબંધિત માહિતી એકત્રિત કરવી, તેનું પૃથક્કરણ કરવું, તેનાં તારણોમ, સામાન્યીકરણો અને અંતે સિદ્ધાંતની સ્થાપના કરવા સુધીની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં સંશોધનમાં સોપાનો સ્પષ્ટ ના હોય તો સંશોધકે શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? ક્યારે અને કોની મદદથી કરવાનું છે વગેરે બાબતો સમજવી મુશ્કેલ બને અને સંશોધક મુંઝવણ અનુભવે છે. સોપાનો એ સંશોધન યોજનાનો એક ભાગ છે. સંશોધન સોપાનો અંગે સંશોધકની જાણકારીથી સંશોધન કાર્ય માટે તેને દિશા નિર્દેશ મળે છે. સંશોધનના કયા તબક્કે શું કરવાનું છે તેનું માર્ગદર્શન પ્રાપ્ત થશે. ઉપરાંત સ્થાનિક અને બાહ્ય સંસાધનો કેવી રીતે, ક્યારે મદદરૂપ થઈ શકે તે અંગે અગાઉથી આયોજન કરી શકે છે. એટલે સંશોધક માટે સંશોધન સોપાનો અંગેનું જ્ઞાન ખૂબ આવશ્યક છે.

સંશોધન પ્રક્રિયામાનાં સોપાનોને આકૃતિ સ્વરૂપે નીચે મુજબ દર્શાવી શકાય.

- **સંશોધન પ્રક્રિયાના સોપાનો**

1. વિષય પસંદગી
2. સાહિત્ય સમીક્ષા
3. અભ્યાસનું સ્વરૂપ અને વ્યાપ
4. અભ્યાસના હેતુઓ
5. ચલની પસંદગી અને વ્યવહારિક સામાન્યીકરણ
6. ઉત્કલ્પાનાની રચના
7. નમુના પસંદગી
8. માહિતી એકત્રિકરણના સાધનોની રચના
9. ક્ષેત્રકાર્યનું આયોજન
10. માહિતીનું સંપાદન, વર્ગીકરણ, પૃત્થાકરણ અને વિશ્લેષણની પ્રક્રિયા
11. તારણો તારવવાની પ્રક્રિયા
12. ક્રિયાત્મક ભલામણો સૂચવવાની પ્રક્રિયા

13. અહેવાલલેખનની પ્રક્રિયા

ઉપર દર્શાવેલ સંશોધનના સોપાનોને પી.એચ.ડી. માટે અભ્યાસનાં ભાગરૂપે કરવામાં આવેલ સંશોધન અભ્યાસ પેયજળ અને સ્વચ્છતા યોજનાના અમલીકરણમાં માહિલાઓની સહભાગતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલી અસર અભ્યાસના આધારે સમજવાનો પ્રયાસ કરીએ.

**1. વિષય પસંદગી :**

પાણી અને સ્વચ્છતાની બાબત મહિલાઓ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલી છે. પાણી અને સ્વચ્છતા પ્રૌદ્યોગિકીના વપરાશકર્તા તરીકે, પાણી અને સ્વચ્છતાનાં અભિવર્ધક તરીકે, પાણી અને સ્વચ્છતા સુવિધાનાં વ્યવસ્થાપકો, તરીકે પાણી અને સ્વચ્છતાનાં કર્યક્રમમાં પરિવર્તનના પ્રતિનિધિ તરીકે કૌટુંબિક અને સામુદાયિક સ્તરે મહિલાઓની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.

પેયજળ અને સ્વચ્છતા યોજનાઓનાં આયોજન અમલીકરણ અને મરામત તથા નિભાવણીની કામગીરીમાં મહિલાઓ સક્રિય રીતે સહભાગી બને તે માટે સરકારી, બિનસરકારી, સ્વૈચ્છિક સંસ્થા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને ગ્રામ પંચાયતો દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. પાણી અને સ્વચ્છતા ક્ષેત્ર મહિલાઓની અનેકવિધ પાયાની ભૂમિકાઓ હોવાથી સંશોધન કર્તાએ ગુજરાત રાજ્ય પેયજળ અને સ્વચ્થતા મિશનના અંતર્ગત ધરતીકંપથી અસરગ્રસ્ત ગામોમાં કરવામાં આવેલ પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમનાં અમલીકરણનાં કારણે પેયજળ અને સ્વચ્છતા યોજનામાં મહિલાઓની ભાગીદારીથી સશક્તિકરણના કારણે તેમના જીવન પર થયેલ અસર વિષય પસંદ કરવામાં આવ્યો.

સંશોધકે સમસ્યા પસંદગી કરતી વખતે સમસ્યા પરની સંશોધન ક્ષમતા, સમસ્યાની નવીનતા અને ઉપયોગિતા, સંશોધકની આવડત અને રસ, જરૂરી સમય અને ખર્ચ વગેરે પાસાંઓને ધ્યાનમાં રાખવા જોઈએ.

**2. સાહિત્ય સમીક્ષા :**

સંશોધક તેની અભ્યાસ હેઠળની સફળતાના સંદર્ભમાં વધુ જાણકારી અને સ્પષ્ટતા મેળવવા માટે સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ / વાંચન કરે છે. જેમાં ખાસ કરીને લેખો, પુસ્તકો, અભિપ્રાયો, સિદ્ધાંતો, સામયિકો, જ્ઞાનકોષો, જીવનચરિત્ર્યો વગેરેનો સંશોધક દ્વારા અભ્યાસ કરવામાં આવે છે, જેનાથી સંશોધકને વિવેચનાત્મક બાબતે જાણકારી મળે છે. અને પોતાના અભ્યાસનાં સંદર્ભમાં ઊંડાણપૂર્વક વિચારી શકે છે. દા.ત. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધક દ્વારા સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યનાં સંદર્ભમાં પાણી અને સ્વચ્છતા ક્ષેત્રે મહિલાઓ લોકભાગીદારી : ખ્યાલ અને અભિગમ, સશક્તિકરણનો ખ્યાલ અને વિભાવનાની વિસ્તૃત સમજ રજૂ કરી છે.

સંશોધન સાહિત્ય સમીક્ષામાં સંશોધક દ્વારા સંશોધકે પસંદ કરેલ સંશોધન અભ્યાસ સંદર્ભે કયાં ક્યાં અભ્યાસો થયા છે, ક્યા દષ્ટિકોણથી એટલે કે સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય કે પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવ્યાં છે, તેનો ખ્યાલ સંશોધકને આવે છે, જેના કારણે અગાઉ વિષયના

સંદર્ભમાં થયેલા સંશોધન અભ્યાસોની સમીક્ષા કરવાથી સંશોધકનો અભ્યાસ કેવી રીતે અલગ છે કે તેમાં શું નવી ખાસિયત છે, તે અંગે સંશોધકની સ્પષ્ટ સમજણ વિકસે છે.

દા.ત. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સંશોધન સાહિત્ય સમીક્ષા કરવામાં આવી છે, જેમાં મોટાભાગનાં સંશોધન અભ્યાસો સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય અને પર્યાવરણીય દૃષ્ટિકોણથી કરવામાં આવ્યાં છે, પરંતુ, સમાજકાર્યનાં દૃષ્ટિકોણ અને મહિલાઓની સહભાગિતા વિશે અભ્યાસો જોવા મળેલ નથી. જે અભ્યાસો થયા છે તે મૂલ્યાંકન પ્રકારનાં છે જ્યારે પ્રસ્તુત અભ્યાસથી પેયજળ અને સ્વચ્છતા યોજનાનાં અમલીકરણનાં કારણે મહિલાઓનાં જીવન પર થયેલ અસર અને તેની બદલાયેલી સ્થિતિ જાણી શકાશે, સાથે સાથે સમસ્યા નિવારણ માટે સમાજકાર્યનાં સંદર્ભમાં કેવા ક્રિયાત્મક પગલાંઓ લેવા જોઈએ તેની જાણકારી મેળવી શકાશે. આ બાબતોની સંશોધન સાહિત્ય સમીક્ષાથી સ્પષ્ટતા સંશોધક મેળવી શકે છે, ઉપરાંત અગાઉ થયેલ સંશોધનોનું પુનરાવર્તન સંશોધન સાહિત્ય સમીક્ષાથી અટકાવી શકાશે. એ માટે સંશોધનમાં સંશોધન સાહિત્ય સમીક્ષાનું સોપાન ઘણું અગત્યનું છે.

**3. અભ્યાસનું સ્વરૂપ અને વ્યાપ :**

સંશોધન પ્રક્રિયામાં માહિતી કયા ક્ષેત્રમાંથી એકત્રિત કરવાની છે તે ખૂબ જ અગત્યની બાબત છે. ક્ષેત્રના આધારે સમસ્યાના વ્યાપવિશ્વ અંગેનો અંદાજ મેળવી શકાય છે. સંશોધકે પોતાના અભ્યાસનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનો વ્યાપ વિસ્તાર ક્યાં સુધી સીમીત કર્યો છે વગેરે બાબતો સંશોધનનાં આ સોવાનમાં સ્પષ્ટ કરે છે.

**4. અભ્યાસનાં હેતુઓ :**

સંશોધનના અભ્યાસમાં સંશોધનનાં હેતુઓ એ ખૂબ જ અગત્યનું સોપાન છે. સંશોધનનાં હેતુઓ નક્કી થાય પછી સંશોધક સંશોધનની દિશામાં આગળ વધી શકે છે. સંશોધક દ્વારા હાથ ધરવામાં આવેલ સંશોધનનાં હેતુઓથી સંશોધનનાં શીર્ષકનું પ્રતિબિંબ મળે છે. આથી, અભ્યાસનાં હેતુઓની રચના વખતે સંશોધકે સંશોધન સમસ્યાના શીર્ષકને ધ્યાનમાં રાખવું જોઈએ.

**5. ચલોની પસંદગી / વ્યાવહારિક સામાન્યીકરણ :**

સંશોધન અભ્યાસમાં આવરી લેવાયેલા ચલોને ઓળખવા અને તેની વ્યાવસાયિક ઓળખ કરવી એ સંશોધનનું મહત્ત્વ સોપાન છે. ઉંમર, જાતિમતા, બુધ્ધિ, સફળતા, કક્ષા કે ધોરણ આવક વગેરે ચલના ઉદાહરણ છે. ચલના જુદા જુદા પાંચ પ્રકાર જણાવવામાં આવેલ છે. 1) સ્વતંત્ર ચલ, 2) પરતંત્ર ચલ, 3) અંકુશિત ચલ, 4) પરિવર્તક ચલ અને 5) આંતરવર્તીય ચલ જેનો વિસ્તૃત અભ્યાસ કરવાથી તેની વિશેષ સમજણ મેળવી શકાશે.

1) સ્વતંત્ર ચલ - દા.ત. સ્ત્રી અને પુરુષ

2) પરતંત્ર ચલ - દા.ત. કિંમત

3) અંકુશિત ચલ - દા.ત. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્ત્રીઓનાં સામાજિક મૂલ્યમાં તફાવત

છે. અહીં વિસ્તાર એ સ્વતંત્ર ચલ છે. સામાજિક મૂલ્ય એ પરતંત્ર ચલ છે, અને જાતિયતા એ અંકુશિત ચલ છે.

4 પરિવર્તક ચલ - પરિવર્તક ચલ એ એવા પ્રકારનો ગૌણ સ્વતંત્ર ચલ છે કે જે મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેના સંબંધને અસર કરે છે, કે કેમ તે તપાસવા માટે પસંદ કરવામાં આવે છે. દા.ત. ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં સામાજિક આર્થિક કક્ષા અને ધર્મ પ્રત્યના લક્ષણ વચ્ચે ઊંચો ધન સંબંધ છે. અહીં, સામાજિક આર્થિક કક્ષાએ સ્વતંત્ર ચલ છે, ધર્મ પ્રત્યેનું વલણ એ પરતંત્ર ચલ છે અને વિસ્તાર એ પરિવર્તક ચલ છે. (ઉચાટ ડી. એ. 2009)

5) આંતરવર્તીય ચલ - આંતરવર્તીય ચલ એ ધારણાત્મક ચલ છે. દા.ત. પ્રયોગ દરમ્યાન કોઈ વિદ્યાર્થી બહારથી  શીખીને આવે, ટ્યૂશનમાં શીખીને આવે તો સિદ્ધિ પર તેની અસર થતી હોય છે; પંરતુ, જો તેનો અભ્યાસ કરવામાં આવેલો હોય તો અભ્યાસ એ અતિવર્તીય ચલ છે.

**6) ઉત્કલ્પનાની રચના :**

અભ્યાસના હેતુઓનાં સંદર્ભમાં સંશોધક કામચલાઉ ધારણા બાંધે છે. સંશોધન માટેનાં કામચલાઉ વિધાનને ઉત્કલ્પના તરીકે ઓળખવામાં આવે છે. જેમકે આ પ્રકારની માહિતી પ્રાપ્ત થશે, આવા પરિણામો આવશે ટૂંકમાં, એવું વિધાન કે જેની હજુ ચકાસણી કરવાની બાકી છે. દા.ત. પેયજળ અને સ્વચ્છતા યોજનાનાં, અમલીકરણનાં કારણે પાણીની ઉપલ્બધિમાં વધારો થયો હશે અને મહિલાઓની પાણી મેળવવાની હાડમારી ઘટી હોય, વગેરે જેવા પ્રશ્નસૂચક વાક્યને ઉત્કલ્પના તરીકે ઓળખાવી શકાય.

**7) નમૂના પસંદગી :**

અભ્યાસના હેતુઓને અનુરૂપ સમગ્ર વિશે અનુમાન કરવા માટે તેના પ્રતિનિધિરૂપ નાના ભાગને પસંદ કરવાની પ્રક્રિયાને નમૂના પસંદગી કહેવામાં આવે છે. દા.ત. અનાજ કે કઠોળ  ખરીદ કરતી વખતે ચપટી કે મૂઠી અનાજ કે કઠોળ હાથમાં લઈ અનાજ કે કઠોળની ગુણવત્તા જાણવવાને પ્રયાસ કરીએ છીએ, ચા બનાવતી વખતે ચા બરાબર થઈ કે કેમ તેની ચકાસણી માટે આપણે ચમચી જેટલી ચા લઈને ચાખીએ છીએ, તેવી જ રીતે કપાસ ખરીદતી વખતે કે કપાસની ગુણવત્તા જાણવા માટે આપણે કપાસનાં પગલામાંથી હાથ આવી શકે તેટલો કપાસ લઈ કપાસના રેસા જોઈ સમગ્ર કપાસની ગુણવત્તા નક્કી કરતા હોઈએ છીએ.  આ સમગ્ર બાબતને નમૂના પસંદગી તરીકે ઓળખાવી શકાય. ટૂંકમાં, સમગ્ર વિશે અંદાજ મેળવવા માટે વ્યાપ વિશ્વમાંથી અમુક નાના ભાગની પસંદગી કરવી તેને નમૂના પસંદગી કહી શકાય. સંશોધનમાં નમૂના પસંદગી એ ખૂબ જ અગત્યનું સોપાન છે.

**8) માહિતી એકત્રિકરણનાં સાધનોની રચના :**

સંશોધનમાં માહિતી એકત્રિકરણ સ્ત્રોતો જાણ્યા પછી માહિતી એકત્રિકરણનાં સાધનોની સમજ

સંશોધકે મેળવવી ખૂબ જ આવશ્યક છે. માહિતી એકત્રિકરણનાં સ્રોતો એટલે જયાંથી માહિતી એકત્રિકરણ કરવાની છે તે જ્યારે પ્રાપ્ત થવાની છે કે માહિતી એકત્રિકરણનાં સાધનો એટલે જેના વડે સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરવાની છે તે આપણે માહિતી એકત્રિકરણનાં સ્ત્રોતો એટલે માહિતી ક્યાંથી મળે તે આપણે ઉપર જોયું. હવે આ સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરવા જુદા જુદા સાધનોનો કે ટેકનિકોનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. મુલાકાત અનુસૂચિ દ્વારા સંશોધક રૂબરૂમાં પોતાના સંશોધન સંબંધી માહિતી એકત્રિત કરે છે. પ્રશ્નાવલિ દ્વારા સંશોધક પત્રવ્યવહાર મારફત પોતાના વિષય સંબંધી માહિતી એકત્રિત કરે છે. ટૂંકમાં, સંશોધન અભ્યાસના હેતુઓ અનુસાર જેના દ્વારા આવશ્યક માહિતી મેળવવામાં આવે છે તેને માહિતી એકત્રિકરણનાં સાધનો તરીકે ઓળખવામાં આવે છે. જેમાં મુલાકાત અનુસૂચિ, મુલાકાત, અવલોકન, મનોવૈજ્ઞાનિક કસોટી, વલણ માપદંડ વગેરે સાધનોનો સમાવેશ થાય છે. માહિતી એકત્રિત કરવા માટે સંશોધકે તેને સરળ, સ્પષ્ટ અને ક્રમબદ્ધ રીતે માહિતી પ્રાપ્ત થઈ શકે તે માટે રચના કરવાની હોય છે.

**9) માહિતી એકત્રિકરણ માટે ક્ષેત્રકાર્યનું આયોજન**

સંશોધક દ્વારા માહિતી એકત્રિકરણનાં સાધનોની રચના કર્યા પછી ક્ષેત્ર આધારિત પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરી શકાય. અહીં સંશોધકે ક્ષેત્ર આધારિત માહિતી એકત્રિત કરવા માટે એ ખાસ ધ્યાનમાં રાખવું પડે છે કે જે માહિતી આપનાર માહિતી દાતાઓ છે તેમની અનુકૂળતા કેવી છે દા.ત. પેયજળ અને સ્વચ્છતાં યોજનાનાં સંશોધનમાં સંશોધન દ્વારા જે તે ગામની માહિતી એકત્રિત કરવા વાસ્મોના જિલ્લા સ્તરના અધિકારીઓ સાથે બેઠક ગ્રામ પંચાયત/પાણી સમિતિનાં સભ્યો સાથે બેઠક, જે-તે ગ્રામની અમલીકરણ સહાયક સંસ્થાનાં સામાજિક કાર્યકરો સાથે બેઠક કરી પરામર્શન દ્વાર માહિતી એકત્રિત કરી જેમાં તેમને સમય અને સ્થળની અનુકૂળતા સંશોધકે ધ્યાનમાં રાખવી પડી. એવી જ રીતે પસંદગી પામેલ મહિલા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્રિત કરવા સંશોધકે મહિલાઓનાં નવરાશ સમય, જેમાંય ખાસ કરીને તહેવારોની આગળ, પાછળ, દિવસનાં બપોરનાં સમયે, તેમનાં કામનાં પ્રકારને ધ્યાનમાં રાખીને જેમકે, રણમાં મીઠું પકવવાના વ્યવસાય સાથે સંકળાયેલ મહિલા, ઉત્તરદાતાઓ પાસેથી, નવરાત્રી આસપાસનાં ગાળામાં માહિતી એકત્રિત કરવામાં આવી, કારણ કે, નવરાત્રી બાદ તેઓ મોટા ભાગે રણમાં મીઠું પકવવા માટે સ્થળાંતર કરતા હોય છે. ટૂંકમાં સંશોધકનાં સંશોધન વિષય સંદર્ભે ક્ષેત્ર આધારિત માહિતી સચોટ રીતે મેળવવા માટે માહિતી એકત્રિકરણ માટે ક્ષેત્રકાર્યનું આયોજન એ ખૂબ જ અગત્યનું સોપાન છે.

**10) એકત્રિત માહિતીનું સંપાદન, વર્ગીકરણ પૃથક્કરણ અને વિશ્લેષણની પ્રક્રિયા :**

આ સંશોધન અહેવાલનો ખૂબ જ અગત્યનો ભાગ છે. સંશોધકોના કાર્યનો અંત આ પ્રકરણમાં જ આવી જાય છે. કારણ કે, સંશોધનનાં પરિણામો અહીં પ્રાપ્ત થાય છે. આ ભાગમાં માહિતી એકત્રિકરણનાં ઉપકરણ દ્વારા એકત્રિત થયેલી જથ્થાબંધ માહિતીને ગુણાત્મક સ્વરૂપમાં ઠેરવવા માટે તેને સંખ્યાત્મક સ્વરૂપમાં વર્ગીકૃત કરવામાં આવે છે. તૈયાર કરેલ સંજ્ઞાસૂચન (Coding)ના

આધારે કમ્પ્યૂટરમાં એલ.પી.એસ.એસ. પ્રોગ્રામની મદદથી વર્ગીકરણ કરવામાં આવે છે.

એલ.પી.એસ.એસ. પ્રોગ્રામના વધારે માહિતીનુ કોષ્ટકીકરણ કરવામાં આવે છે. તેની મદદથી સંખ્યાત્મક માહિતીને સ્તરીત કરવા માટે, સમયનાં આધારે વર્ગીકરણ કરવા માટે તથા ભૌગોલિક ક્ષેત્રનાં આધારે સરળતાથી વર્ગીકૃત કરી શકાય છે. આથી, આંકડામાં માપી શકાય તેવા ઉંમર, આવક, જાવક, ખર્ચ, દેવું, જમીન, કુટુંબનું કદ, વગેરે સંખ્યાત્મક માહિતીના કોષ્ટકોને આંકડાકીય રીતે માપી શકાય છે. એકત્રિત માહિતીનાં કોષ્ટીકરણ બાદ તેનું પૃથક્કરણ અને વિશ્લેષણ કરીને અર્થઘટન કરવામાં આવે છે.

**11) તારણો તારવવાની પ્રક્રિયા :**

સંશોધક દ્વારા એકત્રિત માહિતીનું સંપાદન, વર્ગીકરણ, પૃથક્કરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે, ત્યારબાદ તેનું અર્થઘટન કરવામાં આવે છે. અર્થઘટિત માહિતીનાં આધારે સંશોધક દ્વારા સંશોધન અભ્યાસ અંગે તારણો તારવવામાં આવે છે. ટૂંકમાં, અહીં સંશોધક પોતાના અભ્યાસને અંતે કયા કયા પરિણામો મળ્યા તેની રજૂઆત કરે છે. સંશોધકે સામાન્ય વ્યક્તિ સમજી શકે તેવી ભાષામાં તારણો રજૂ કરવા જોઈએ અને તારણોમાં પોતાના અભિપ્રાયો રજૂ ન કરવા જોઈએ.

**12) ક્રિયાત્મક ભલામણોની પ્રક્રિયા :**

સંશોધન પોતાના સંશોધન અહેવાલમાં માત્ર પોતે હાથ ધરેલા સંશોધન કાર્યને વિગતો રજૂ કરે તે પૂરતું નથી; પરંતુ, પોતાના અભ્યાસનાં તારણોના આધારે કેટલીક ભલામણો પણ સૂચવે છે જેને સમાજકાર્યમાં ક્રિયાત્મક પગલાંઓ તરીકે ઓળખવામાં આવે છે. અહીં સંશોધનને ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમનાં સૂચનો સંશોધન તારણોને આધારે જ હોવા જોઈએ, સંશોધન વ્યાપના સંદર્ભમાં જ હોવી જોઈએ, આવશ્યક સુધારણાના હેતુ માટે હોવા જોઈએ, વ્યાવહારિક અમલ કરવા શક્ય હોય તેવા હોવા જોઈએ, તાર્કિક હોવા જોઈએ, ભલામણોનો અમલ કરવાથી કોઈ પણ પ્રકારનું નુકસાન થાય તેમ નથી, તે પ્રમાણે કરવા જોઈએ.

**13) અહેવાલલેખનની પ્રક્રિયા :**

કોઈ પણ મહત્વનું કાર્ય પૂર્ણ કર્યા બાદ તે કાર્ય અંગે પદ્ધતિસર અને વિશદ નોંધ કરવામાં આવે છે. આ નોંધને અહેવાલ તરીકે ઓળખવામાં આવે છે. સંશોધન કાર્ય પૂર્ણ કર્યા બાદ સંશોધક પોતાના કાર્યની તમામ બાબતોને, નાનામાં નાની વિગતોને, પદ્ધતિસર, સરળ અને સાદી ભાષામાં રજૂ કરે છે. જેને સંશોધન અહેવાલ કહેવામાં આવે છે. સંશોધન એ સંપૂર્ણ વૈજ્ઞાનિક ક્રિયા છે માટે સંશોધન પૂર્ણ થયા બાદ સંશોધનકાર્યમાં સમાવિષ્ટ બધી બાબતો બરાબર દષ્ટિગોચર થાય તે રીતે તટસ્થાપૂર્વક સંશોધન અહેવાલ તૈયાર કરવો જોઈએ.

ઉપરોક્ત દર્શાવેલ બાબતો સંશોધન સોપાન તરીકે ઓળખાવી શકાય, જેનાથી સંશોધનમાં વૈજ્ઞાનિક રીતે આગળ વધી શકાય.

## 2.3 સમસ્યાની પસંદગીના નિર્દેશકો

સમસ્યાની પસંદગી એટલે યોગ્ય સંશોધન ક્ષેત્ર પસંદ કરવું, પસંદ કરેલ ક્ષેત્રમાંથી શું શું સંશોધન થઈ શકે તેમ છે તે તપાસીને તેના સંદર્ભમાં સંશોધન અભ્યાસના હેતુઓ તૈયાર કરવા અને તેનાં અનુસંધાને સંશોધનના શીર્ષકની રચના કરવી. સંશોધન સમસ્યાની પસંદગી માટે સૌ પ્રથમ સમસ્યાનું ક્ષેત્ર નક્કી કરવું અને તેમાંથી કોઈ એક વિશિષ્ટ સમસ્યા સંશોધન માટે સ્પષ્ટ કરવી. કોઈ પણ સંશોધન માટે સમસ્યાનું હોવું આવશ્યક છે. સંશોધકે પોતાના રસ અને વ્યાવસાયિક ધ્યેયને નજર સમક્ષ રાખીને સંશોધન માટેનું ક્ષેત્ર પસંદ કરવું જોઈએ. ઉપરાંત પોતાનું સંશોધન જ્ઞાનમાં શું વધારો કરશે તે પણ વિચારવું જોઈએ. ટૂંકમાં, સંશોધકે સમસ્યા પસંદગી કરતી વખતે સમસ્યા પરની સંશોધન ક્ષમતા, સમસ્યાની નવીનતા અને ઉપયોગિતા સંશોધકની પોતાની આવડત અને રસ, જરૂરી સમય અને ખર્ચ વગેરે બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

**સમસ્યા પસંદગી માટેનાં નિર્દેશકો / ધોરણો :**

સંશોધન માટે યોગ્ય સમસ્યા પસંદ કરવી એ મુશ્કેલ કાર્ય છે. આ માટે સૌ પ્રથમ કોઈ એક સંશોધન ક્ષેત્ર પસંદ કરવું જોઈએ, ત્યારબાદ તેમાં વિવિધ વિશિષ્ટ સમસ્યાઓ તૈયાર કરવી જોઈએ. વિશિષ્ટ સમસ્યાઓ પૈકી કોઈ એક સમસ્યા સંશોધન માટે સંશોધકે પસંદ કરવાની હોય છે. આ સમસ્યા પસંદ કરતી વખતે કેટલાક સર્વગ્રાહી પ્રશ્નો સંશોધકે પોતાની જાતને પૂછવા જોઈએ. નીચેની બાબતોથી સંશોધકને સંશોધન સમસ્યા પસંદ કરવા માટે દિશાનિર્દેશ પ્રાપ્ત થાય છે.

1) સમસ્યા પર સંશોધન કઈ રીતે થઈ શકે તેમ છે ?

2) સમસ્યા નવીન છે ?

3) સમસ્યા સંશોધન હાથ ધરી શકાય તેવી અર્થપૂર્ણ છે ?

4) સમસ્યા સંશોધકના વ્યક્તિગત લક્ષણોને સુસંગત છે.?

5) વહીવટી સહકાર પ્રાપ્ત થઈ શકે તેમ છે ?

6) સમસ્યાનું સમિતિકરણ

**1) સમસ્યા પર સંશોધન થઈ શકે તેમ છે ?**

સંશોધક દ્વારા સંશોધન ક્ષેત્ર પસંદ કર્યા પછી તેમાં વિવિધ વિશિષ્ટ સમસ્યાઓ તૈયાર કરવી જોઈએ ત્યારબાદ સંશોધકે આ વિશિષ્ટ સમસ્યાઓ પૈકી કોઈ એક સમસ્યા સંશોધન માટે પસંદ કરવી જોઈએ. પસંદ કરેલ સમસ્યાની સંશોધનક્ષમતા સંશોધકે તપાસવાની છે. કેટલાક પ્રશ્નોના ઉકેલ સંશોધન પ્રક્રિયા દ્વારા મળી શકે નહિ તેથી સમસ્યા સંશોધન થઈ શકે તેવા પ્રશ્ન રૂપે જ વ્યક્ત થવી જોઈએ જેથી તેના જવાબો માહિતી એકત્રિકરણ, પૃથક્કરણ અને અર્થઘટન દ્વારા મળી શકે. ટૂંકમાં, સંશોધન માટે એવી સમસ્યા પસંદ કરવી જોઈએ કે જેના પર વ્યવસ્થિત રીતે સંશોધન પ્રક્રિયાનો અમલ કરી શકાય.

**2) સમસ્યા નવીન છે ?**

અગાઉ થઈ ગયેલ સંશોધનો પર ફરીથી સંશોધન કરવાનો કોઈ અર્થ નથી. આથી, સંશોધકે પોતે પસંદ કરેલા ક્ષેત્રમાં અગાઉ થઈ ચૂકેલા સંશોધનોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. જ્યાં સુધી સંશોધકને એવી ખાતરી ન થાય કે તેણે પસંદ કરેલી સંશોધન સમસ્યા નવીન નથી ત્યાં સુધી સંશોધકે સમસ્યા પસંદ ન કરવી જોઈએ. ટૂંકમાં, સંશોધકને પોતાની સમસ્યાની નવીનતા, જુદાપણું કે મૌલિકપણું જણાય તે સમસ્યા સંશોધન માટે પસંદ કરવી જોઈએ.

**3) સમસ્યા સંશોધન માટે અર્થપૂર્ણ છે ?**

સંશોધકે સમસ્યાની સાર્થકતા નક્કી કરવા માટે સૈદ્ધાંતિક અને વ્યાવહારિક મૂલ્ય તપાસવું જોઈએ સૈદ્ધાંતિક મૂલ્યમાં સંશોધન હાથ ધરીને કોઈ નવું જ્ઞાન પ્રાપ્ત થશે કે હાલમાં જ્ઞાનમાં વધારો થશે અથવા તેમાં ઉમેરા થશે વગેરે બાબતો સંશોધકે વિચારવી જોઈએ. આ ઉપરાંત અગાઉની સંશોધનની કેટલીક વિસંગતતાઓનું નિવારણ કરશે, હકીકતોનું પુનઃઅર્થઘટન કરવામાં મદદરૂપ થશે, સિદ્ધાંત સ્થાપિત કરવામાં મદદરૂપ થશે, સામાન્યીકરણો કરવામાં મદદરૂપ થશે વગેરે પ્રશ્નોના જવાબો હકારાત્મક ન મળે તો તે સમસ્યા પસંદ કરવાનો કોઈ અર્થ નથી. વ્યાવહારિક મૂલ્યમાં વ્યવસાય, સમાજ, સરકાર કે અન્ય સંસ્થાઓમાંથી કોને ઉપયોગી થશે, કોને તેનાં પરિણામોમાં રસ પડશે વગેરે બાબતો સંશોધકે અગાઉથી તપાસી લેવી જરૂરી છે, આવી બાબતો ધ્યાનમાં રાખવાથી સમસ્યા સંશોધન માટે અર્થપૂર્ણ છે કે કેમ તે સંશોધક નક્કી કરી શકે છે.

**4) સમસ્યા સંશોધકના વ્યક્તિગત લક્ષણોને સુસંગતા છે ?**

સમસ્યા પસંદગીમાં સશોધકનાં વ્યક્તિગત લક્ષણો પણ ખૂબ જ અગત્યનાં છે. સંશોધકની સંશોધનક્ષમતા સંશોધકનો રસ અને ઉત્સાહ, આર્થિક બાબતો, જરૂરી સમય વગેરે બાબતો ખૂબ જ અગત્યની છે. સંશોધકે સંશોધન માટે એવી સમસ્યા પસંદ કરવી જોઈએ કે જે ક્ષેત્રમાં પોતે નિપુર્ણ અને ગુણવત્તા ધરાવતો હોય, સંશોધક વિષયનાં સિદ્ધાંતો, ખ્યાલો અને નિયમોથી પરિચિત હોય. આ ઉપરાંત સંશોધન સમસ્યાને અનુરૂપ માહિતી એકત્રિકરણનાં સાધનો તૈયાર કરવા કે પસંદ કરવા, ઉપયોગ કરવા અને અર્થઘટન કરવાં માટેની આવડત અને ક્ષમતા સંશોધકમાં હોવી જોઈએ. સંશોધકે પોતે જ સમસ્યા અભ્યાસ માટે પસંદ કરે છે. તેમાં તેને પૂરેપૂરો રસ અને રૂચિ હોવી જોઈએ. સંશોધન દરમ્યાન કેટલીક નાની મોટી મુશ્કેલીઓ આવે તેમાં સમયે નિરાશ ન થતાં સંશોધકમાં સાતત્ય અને એકાગ્રતા જાળવી રાખે તેવા ગુણો હોવા જોઈએ. સંશોધકે પસંદ કરેલ સંશોધન સમસ્યા માટે થનાર ખર્ચની જોગવાઈ પ્રમાણે સમસ્યા પસંદ કરવી જોઈએ. આ ઉપરાંત અભ્યાસ માટે ક્યાંથી નાણાંકીય સહયોગ મળી શકે તેમ છે તેની ચકાસણી કરવી જોઈએ. આ ઉપરાંત, સંશોધન માટે નિશ્ચિત કરેલી સમયમર્યાદામાં સંશોધન કાર્ય પૂર્ણ કરી શકે, તે પ્રકારની ક્ષમતા સંશોધકમાં હોવી જોઈએ.

**5) વહીવટી સહકાર પ્રાપ્ત થઈ શકે તેમ છે ?**

સંશોધકે સમસ્યા પસંદ કરતી વખતે એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે તેમણે જે વિષય પસંદ કર્યો છે તેમાં કામ કરવામાં પ્રતિકૂળતા તો ઊભી નહિ થાય ને ? આ ઉપરાંત જરૂરી માહિતી એકત્રિત કરવા માટે ઉત્તરદાતાઓ સાથે મુલાકાત શક્ય બનશે ને ? જરૂરી રેકર્ડ કે દફ્તર પ્રાપ્ત થશે કે કેમ ? વગેરે બાબતો વિશે અગાઉથી વિચારીને સંશોધન સમસ્યા પસંદ કરવી જોઈએ.

**6) સમસ્યાનું સીમિતીકરણ :**

સમસ્યાનું સીમિતીકરણ એટલે તેનું ક્ષેત્ર નિશ્ચિત કરવું. સમસ્યાનું સંશોધનમાં સીમા રેખા નક્કી કરવી એટલે સીમિતિકરણ. સીમિતિકરણમાં સંશોધક પોતાની સમસ્યાને બરાબર સ્પષ્ટ કરે છે. કેટલું કાર્ય કરવાનું છે, કંઈ કંઈ બાબતો સમાવવાની છે. વગેરે બાબતે સ્પષ્ટીકરણ કરે છે.

સંશોધકે જે સમસ્યાની પસંદગી કરવાની હોય તેનું સીમિતીકરણ કરવું ખૂબ જ આવશ્યક છે. વિશાળ સમસ્યા પસંદ કરીને તેના પર મર્યાદિત કામ કરવા કરતા મર્યાદિત સમસ્યા પસંદ કરીને તેના પર ઊંડાણવાળું કામ કરવું વધારે યોગ્ય છે. સંશોધનના ઉદ્દેશ્યો અને રસ, સંબંધિત જરૂરી માહિતી અને સાધનોની ઉપલબ્ધતાનું પ્રમાણ, સૈદ્ધાંતિક ધારણાઓ, જે તે ક્ષેત્રમાં થયેલા અગાઉનાં સંશોધનો કઈ કઈ બાબતોમાં કામ કરવા પ્રેરિત કરે છે વગેરે બાબતો સંશોધન સમસ્યાને સીમિત કરવા સંશોધકને મદદરૂપ થાય છે. ટૂંકમાં, સંશોધકે શરૂઆતથી જ પોતાની સમસ્યાની પસંદ માટે હદ નક્કી કરી લેવી જોઈએ. જેથી, કામ હાથ ધરતી વખતે બહારની કોઈ બાબતો સાથે તેને સંબંધ નથી, તે અંગે સ્પષ્ટ થઈ શકે.

ઉપરોક્ત બાબતોને સંશોધકે સમસ્યા પસંદગી વખતે ધ્યાનમાં રાખી સમસ્યા પસંદગી કરવી જોઈએ. ટૂંકમાં, સમસ્યા પસંદગી માટે સંશોધકને ઉપરોક્ત બાબતે દિશા નિર્દેશ પૂરો પાડે છે.

## 2.4 તમારી પ્રગતિ ચકાસો

1. સંશોધન પ્રક્રિયાના સોપાનો કેટલા છે ?

   (1) 13 (2) 14

   (3) 11 (4) 15

2. 'સ્ત્રી' અને 'પુરુષ' એ કેવા પ્રકારના ચલનો નિર્દેશ કરે છે ?

   (1) સ્વતંત્ર ચલ (2) પરતંત્ર ચલ

   (3) અંકુશિત ચલ (4) પરિવર્તક ચલ

3. સંશોધન માટેના કામચલાઉ વિધાનને કયા નામ ઓળખવામાં આવે છે ?

   (1) ચલ (2) ઉત્કલ્પના

   (3) નમૂનો (4) વ્યાપવિશ્વ

4. માહિતી એકત્રિકરણના સાધનો કયા છે ?

(1) મુલાકાત અનુસૂચિ (2) પ્રશ્નાવલી

(3) વલણ માપદંડ (4) ઉપરોક્ત તમામ

5. કોઈપણ મહત્ત્વનું કાર્ય કર્યા પછી પદ્ધતિસર અને વિશદ નોંધ તૈયાર કરવામાં આવે છે જેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(1) કાર્યનોંધ (2) અહેવાલ

(3) ફુટનોંધ (4) મીનીટ્સ

## 2.5 ઉપસંહાર

પ્રસ્તુત એકમનાં અભ્યાસથી સંશોધન કાર્યને સંશોધન પ્રક્રિયાના સોપાનો અને સમસ્યા પસંદગી માટેના નિર્દેશકોની જાણકારી મળી હશે. સંશોધક દ્વારા સંશોધન સમસ્યાની પસંદગીથી શરૂ કરી તેનાં અંત સુધી એટલે કે અહેવાલ લેખનની પ્રક્રિયા સુધીનું વર્ણન સંશોધન પ્રક્રિયાના સોપાનોમાં જોવા મળે છે. તેમજ સંશોધકે સમસ્યા પસંદગી કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ અને સમસ્યા પસંદગી માટે સંશોધકને દિશા-નિર્દેશ મળી શકે તે બાબતોને મૂકવામાં આવેલ છે. આ એકમનાં અભ્યાસથી સંશોધકને સંશોધન અંગેની પ્રાથમિક જાણકારી પ્રાપ્ત થઈ હશે. જે સંશોધકને તેનાં સંશોધનકાર્ય માટે ઉપયોગી નીવડશે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (1) 13
2. (1) સ્વતંત્ર ચલ
3. (2) ઉત્કલ્પના
4. (4) ઉપરોક્ત તમામ
5. (2) અહેવાલ

## 2.7 ચાવીરૂપ શબ્દો

1. સાહિત્ય સમીક્ષા : વધુ માહિતી મેળવવા માટે સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ અને વાંચન
2. વ્યાપ : સંશોધનનું ક્ષેત્ર અને વિસ્તારનો નિર્દેશ કરે છે.
3. ઉત્કલ્પના : સમસ્યાના શક્ય ઉકેલ અંગેની બૌદ્ધિક ધારણા છે.
4. નમૂનો : અભ્યાસ માટેનાં પ્રતિનિધિરૂપ નાના ભાગને નમૂનો કહેવામાં આવે છે.
5. માહિતી એકત્રીકરણના સાધનો : જેના વડે સંશોધનની ક્ષેત્રીય માહિતી ભેગી કરવાની છે તે. ઉ.દા. પ્રશ્નાવલી, અનુસૂચિ

## 2.8 સ્વાધ્યાય લેખન

1. સમાજકાર્ય સંશોધનનો ખ્યાલ આપો.
2. સમાજકાર્ય સંશોધનના સોપાનો ઉદાહરણ સાથે સમજાવો.
3. સમસ્યા પસંદગીના નિર્દેશકો ઉદાહરણ સાથે સમજાવો.

## 2.9 પ્રવૃત્તિ

1. સમાજકાર્ય સંશોધનના સોપાનોનો ચાર્ટ બનાવો.
2. સમસ્યા પસંદગીના નિર્દેશકો / ધોરણો સમજાવો.

## 2.10 કેસસ્ટડી

1. સમાજકાર્ય સંશોધનના સોપાનો ઉદાહરણ સાથે સમજાવો. કોઇ એક સમસ્યાને ધ્યાનમાં રાખી.
2. સમસ્યા પસંદગીના નિર્દેશકો ઉદાહરણ સાથે સમજાવો.

## 2.11 સંદર્ભસૂચિ :


1. ઉચાટ. ડી. એ.-2009 શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર
2. દેસાઈ અને દેસાઈ - સંશોધન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ.
3. જાંબુકિયા હેમુ આર. - 2012 પેયજળ અને સ્વચ્છથા યોજનાનાં અમલીકરણમાં મહિલાઓની સદભાગિતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલ અસર-સંશોધન અભ્યાસ.
4. પટેલ આ. એસ.-2015, સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.
5. શાહ એ.જી. એ જે.કે. 2008-09, સામાજિક સંશોધનની પદ્ધતિ
6. શાહ વી.પી.-1997 સંશોધન ડિઝાઈન

# એકમ–3 સમસ્યાના સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા

## : એકમનું માળખું :

**3.0 પ્રસ્તાવના**

**3.1 એકમના હેતુઓ**

**3.2 સમસ્યાના સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા**

**3.3 તમારી પ્રગતિ ચકાસો**

**3.4 ઉપસંહાર**

**3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.6 ચાવીરૂપ શબ્દો**

**3.7 સ્વાધ્યાય લેખન**

**3.8 પ્રવૃત્તિ**

**3.9 કેસસ્ટડી**

**3.10 સંદર્ભગ્રંથ**

## 3.0 પ્રસ્તાવના

સંશોધક અભ્યાસ હેઠળની સમસ્યાનાં સંદર્ભમાં વધુ જાણકારી અને સ્પષ્ટતા માટે સૈદ્ધાંતિક સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરે છે. તેની સાથે સંશોધન સાહિત્યની પણ સમીક્ષા કરે છે. એટલે કે, સંશોધક પોતાની અભ્યાસ માટેની સમસ્યા સંદર્ભે સૈદ્ધાંતિક સાહિત્ય અને સંશોધન સાહિત્ય બંનેની સમીક્ષા કરે છે.

સમીક્ષા એટલે કોઈ ચોક્કસ વિષય પર બે કે તેથી વધુ પ્રકાશનોનું સંયોગીકરણ કરી તારણો મેળવવા પરંતુ, આ સમીક્ષામાં ઘણી વાર સમીક્ષા માટે સાહિત્ય પસંદગી માં કે તેનું મૂલ્યાંકન કરવામાં પૂર્વગ્રહના કારણે સમીક્ષાઓનું સાચું તારણ મળતું નથી. આ માટે સંશોધકે ખુલ્લા મને પૂર્વગ્રહ સહિત વાંચન કરી તારણો, તારવવા જોઈએ. સૈદ્ધાંતિક સમીક્ષા એટલે સંશોધન વિષયનાં સંદર્ભમાં જે લખાણો હોય તેનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે સંશોધન સાહિત્ય સમીક્ષામાં જે વિષયમાં સંશોધન હાથ ધરવામાં આવેલ છે. તે સંદર્ભે, પૂર્વે થયેલા સંશોધન અભ્યાસોનો અભ્યાસ કરી નવી બાબતો જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં સમસ્યાનાં સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા વિશે ખ્યાલ મેળવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 3.1 એકમનાં હેતુઓ

1) અધ્યયનકર્તાને સંશોધનમાં સંદર્ભ સાહિત્યની સમજ વિકસશે.

2) અધ્યયનકર્તાને સાહિત્ય સમીક્ષાનું સંશોધનમાં મહત્વ શું છે, તેનો ખ્યાલ પ્રાપ્ત થશે.

3) અધ્યયનકર્યાને સાહિત્ય સમીક્ષા કેવી રીતે કરવામાં આવે છે, તેની જાણકારી મળશે.

4) અધ્યયનકર્યાને સંદર્ભ સાહિત્ય સમીક્ષાનું આયોજન કેવી રીતે કરવું, તેની જાણકારી પ્રાપ્ત થશે.

5) અધ્યયનકર્યાને સંદર્ભ સાહિત્ય સમીક્ષાના પ્રકારોની સમજ મળશે.

## 3.2 સમસ્યાના સંદર્ભમાં સાહિત્ય સમીક્ષા

પોતાના સંશોધન અંગે વધારે જાણકારી અને સ્પષ્ટતા મેળવવા માટે સંશોધક દ્વારા બે પ્રકારનાં સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવામાં આવે છે. 1) સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા 2) સંશોધન સાહિત્ય સમીક્ષા.

**1) સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા :** સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષામાં સંશોધક દ્વારા પોતના સંશોધન સંબંધી લેખો, પુસ્તકો, અભિપ્રાયો, સિદ્ધાંતો, સામાયિકો, જ્ઞાનકોષો, જીવનચરિત્રો વેગરેનો અભ્યાસ કરવામાં આવે છે. જેનાથી સંશોધકને વિવેચનાત્મક બાબતોની જાણકારી પ્રાપ્ત થાય છે. અને પોતાનાં સંશોધન અંગે ઊંડાણપૂર્વક વિચારી શકે છે.

**2) સંશોધન સાહિત્ય સમીક્ષા :** સંશોધક દ્વારા સંશોધકે પસંદ કરેલ સંશોધન અભ્યાસ સંદર્ભે કયા કયા અયાસો થયા છે, કયા દષ્ટિકોણથી એટલે કે સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય કે પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવ્યા છે તેનો ખ્યાલ સંશોધકને આવે છે. જેનાં કારણે અગાઉ વિષયનાં સંદર્ભમાં થયેલા સંશોધન અભ્યાસોની સમીક્ષા કરવાથી સંશોધકનો અભ્યાસ કેવી રીતે અલગ છે કે તેમાં શું નવી ખાસીયત છે તે અંગે સંશોધકની સ્પષ્ટ સમજણ વિકસે છે.

સાહિત્ય સમીક્ષા અંગે કેટલાક વિદ્વાનોએ પોતાના વિચારો રજૂ કર્યા છે, જે આ મુજબ છે :

1) સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં સંશોધન સમમસ્યા સાથે સંબંધિત માહિતી ધરાવતા દસ્તાવેજોની સુઆયોજિત રીતે ઓળખ, સ્ત્રોત નિયમન અને વિશ્લેષણનો સમાવેશ થાય છે, (ગે અને એરાજિયન (2002))

2) સંશોધક પોતાના અભ્યાસની યોજનાની વિગતો તૈયાર કરતાં પહેલાં પોતાની સંશોધન સમસ્યા અંગે શું લખાયેલું છે, તે જાણવા માટે સાહિત્યની ઊંડી તપાસ કરે છે તે માટે નિષ્ણાંતોના અભિપ્રાય અને અન્ય સંશોધન અભ્યાસોના અહેવાલોનું વાચન કરે છે. (મેકમિલન અને શુમેકર (2001))

ઉપરોક્ત વિદ્વાનોનાં મંતવ્ય પરથી સ્પષ્ટ થાય છે કે, સંદર્ભ સાહિત્ય સમીક્ષા એ ચોક્કસ વૈજ્ઞાનિક યોજનાનો ઉપયોગ કરીને નક્કી કરેલી સમસ્યાનાં સંદર્ભમાં, પ્રાપ્ય તમામ સાહિત્ય એકત્રિત કરી તેનું સઘન રીતે મૂલ્યાંકન અને સંયોગીકરણ કરવાની પ્રક્રિય છે.

### સંદર્ભ સાહિત્ય સમીક્ષાનાં હેતુઓ શું હોઈ શકે ?

સંશોધકે પોતાનું સંશોધન કાર્ય હાથ ધરતા પહેલાં પુરોગામી અભ્યાસો અંગે ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી ઊંડી સમજ કેળવવી આવશ્યક છે. આ માટે સંશોધકને સાહિત્ય સમીક્ષા મદદરૂપ થાય છે એટલે

સંશોધકનો પાયો મજબૂત કરવા માટે સંશોધકે સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરી આગળ વધવું જોઈએ. તેમ છતાં સંદર્ભ સાહિત્યનાં કયા હેતુઓ કોઈ શકે, તે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થશે.

**1) સંશોધનનાં જુદા જુદા ક્ષેત્રોનો પરિચય કેળવવો :**

સંશોધક જ્યારે સંશોધન હાથ થવા માટે વિચારે છે ત્યારે તેણે સંશોધન માટેનાં જુદા જુદા ક્ષેત્રો જેમકે સામાજિક આર્થિક, રાજકીય ઐતિહાસિક, ધાર્મિક ગરીબી, બેરોજગારી, શૈક્ષણિક, આરોગ્ય, શોષણ, વેગરે જેવી ક્ષેત્રોની જાણકારી મેળવવાથી સંશોધનનો દષ્ટિકોણ સ્પષ્ટ બને છે.

**2) સંશોધનમાં આવતા નવીન પ્રવાહોની જાણકારી પ્રાપ્ત કરવી :**

સંદર્ભ સાહિત્યની સમીક્ષાથી સંશોધકમાં સંશોધનમાાં આવતી નવીન પ્રવાહો; જેમકે, સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતીને કેવી રીતે રજૂ કરવી, કયા પ્રકારનાં ચલનો ઉપયોગ કરવો, કોષ્ટકીકરણની પ્રક્રિયાના કેવી રીતે કરવી આ માટે કમ્પ્યૂટર ઉપયોજનની મદદ કેવી રીતે મેળવી શકાય વગેરે બાબતોની જાણકારી પ્રાપ્ત થાય છે.

**3) સંશોધકે પસંદ કરેલ સમસ્યાના અંગે થયેલા સંશોધનનો અભ્યાસ કરી પોતના સંશોધનની દિશા નક્કી કરવીઃ**

સંશોધક માટે સંશોધન અભ્યાસોની સમીક્ષા કરવી ખૂબ આવશ્યક કારણ કે સંશોધન અભ્યાસોની સમીક્ષાથી અગાઉ જે સંશોધનો થયેલ છે તેનાથી પોતાનું સંશોધન કેવી રીતે જુદું પડે છે તેની કઈ કઈ વિશેષતા છે વગેરે તે દર્શાવી શકે છે. દા.ત. પેયજળ અને સ્વચ્છ્તા ક્ષેત્રે અગાઉ જે સંશોધનો થયેલા હતા તે સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય, પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવેલ હતાં. પરંતુ સમાજકાર્યનાં દષ્ટિકોણથી મહિલાઓની સહભાગીતા વિશે અભ્યાસો થયેલા નહોતા ઉપરાંત જે અભ્યાસો થયા હતા તે પાણી અને સ્વચ્છતાની સ્થિતિનાં મૂલ્યાંકન પ્રકારનાં આધારે થયા હતાં. આથી, સંશોધનકર્તાએ પેયજળ અને સ્વચ્છતા યોજનાના અમલીકરણ પહેલા અને પછીની સ્થિતિ માટે તુલનાત્મકતાની સાથે સાથે યોજનામાં મહિલાઓની સહભાગિતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલી અસર જાણવા માટે સંશોધન હાથ ધર્યું. આમ, સંશોધક માટે સંશોધન સાહિત્ય સમીક્ષા ખૂબ જ અગત્યની છે.

**4) પોતાના કાર્યક્ષેત્રનો અવકાશ અને વ્યાપનો ખ્યાલ મેળવવો :**

સંશોધકે પોતાના સંશોધન માટે કાર્યક્ષેત્રનો અવકાશ અને તેનો વ્યાપ નક્કી કરવો પડે છે, જેમાં તે સંશોધન કરવા માંગે છે. દા.ત. મનરેગાના લાભાર્થીઓનો અભ્યાસ કરવાનો હોય તો આ બાબતે સંશોધકે સૌ પ્રથમ કાર્યક્ષેત્ર નક્કી કરવું પડે છે. જેમકે કોઈ એક જિલ્લાનો એક તાલુકાનો, એક ગામનો અને તેમાંના લાભાર્થી ઉદાહરણ તરીકે ગુજરાતનો કોઈ પણ એક જિલ્લો, જિલ્લા પૈકીના કોઈ પણ બે તાલુકા, કોઈ પણ બે તાલુકા પૈકીના પસંદગી કરવાના ગામો, પસંદગી કરેલા ગામોમાં લાભાર્થીની પસંદગી વગેરે અંગે સંશોધકે ખ્યાલ મેળવવો પડે છે. જેથી સંશોધક પોતાના અભ્યાસના વ્યાપ વિશ્વનો ખ્યાલ મેળવીશુ.

**5) સંશોધન માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવો :**

સંશોધકે સંશોધન માટે પદ્ધતિસર રીતે પ્રયોજન કરવાનું હોય છે. પદ્ધતિસર કામગીરી માટે સંશોધકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો આવશ્યક છે. પદ્ધતિસર કામગીરી ન કરવામાં આવે તો વધુ સફળતાપૂર્વકના પરિણામો પ્રાપ્ત થતા નથી.

**6) સમસ્યા સાથે સંકળાયેલ ચલોની ભૂમિકા સમજવી :**

સાહિત્ય સમીક્ષાથી સંશોધકે પોતાના સંશોધનમાં સમાવિષ્ટ ચલનો ખ્યાલ આપે છે. કયા પ્રકારના ચલ છે એ ચલો વચ્ચે પરસ્પર કેવા પ્રકારનાં આતંરસંબંધો રહેલા છે વગેરે બાબતોનો ખ્યાલ સાહિત્ય સમીક્ષાથી સંશોધકો સ્પષ્ટ થાય છે.

**7) સંશોધન પુનરાવર્તન અટકે છે :**

સાહિત્ય સમીક્ષાનાં કારણે સંશોધક પોતાના સંશોધનને લગતી સંશોધનોથી અલગ તારવી શકે છે એટલે તે પુનરાવર્તન થતું અટકી શકે છે. પુનરાવર્તન અટકાવવા સાહિત્ય સમીક્ષા મદદરૂપ થાય છે.

**8) સમસ્યાને વધુ ચોક્કસ સ્વરૂપ આપી શકાય છેઃ**

સાહિત્ય સમીક્ષાથી સંશોધક પોતાની સમસ્યાને વધુ સ્પષ્ટ અને ચોક્કસ કરી શકે છે તે માટે તેને મદદ મળે છે.

**9) સંશોધનની ઉપયોગિતા અંગે નિર્દેશ મળે છે :**

સાહિત્ય સમીક્ષાના કારણે સંશોધક જે સમસ્યા અંગે સંશોધન કરવા માંગે છે તે સંશોધનની શું ઉપયોગિતા છે ? સંશોધન શા માટે ઉપયોગમાં આવશે ?, તેની શું ખાસિયત છે ? વગેરે જેવી બાબતો અંગે ઊંડાણપૂર્વકનું જ્ઞાન સંશોધકને સાહિત્ય સમીક્ષાથી મળે છે.

**10) ઉત્કલ્પનાઓ રચનામાં મદદ મળે છે :**

સાહિત્ય સમીક્ષાના કારણે સંશોધકે પોતાના સંશોધન અંગે સ્પષ્ટ ઉત્કલ્પનાઓની રચના કરી શકે છે, જેનાથી તેને સિદ્ધાંત સ્થાપિત કરવામાં મદદ મળે છે.

**11) નમૂના પસંદગીમ તેના સાધનો, પદ્ધતિ યોજના વગેરે માટે મદદ મળે છે :**

સંશોધક જે સમસ્યા અંગે સંશોધન કરવાના છે તેની નમૂના પસંદગી કેવી રીતે કરશે ? નમૂનાની ઓળખ કેવી રીતે કરશે ? કઈ પદ્ધતિનો ઉપયોગ કરશે ? માહિતી એકત્રિકરણના સ્રોતો અને સાધનો કયા હશે. માહિતી એકત્રિકરણની યોજના શું હશે વગેરે અંગે સંશોધકને માહિતી પ્રાપ્ત થાય છે, જે માટે સાહિત્ય સમીક્ષા મદદરૂપ નીવડે છે.

**12) તારણોની ચર્ચા કરવી :**

સાહિય સમીક્ષા કારણે અગાઉનાં સંશોધકે તારવેલાં તારણો અને પોતાના સંશોધનનાં તારણોની તુલના કરી શકે છે અને જ્ઞાનમાં શું વધારો થઈ શકે છે અથવા તપાસવમાં આવેલી હકીકતોની વાસ્તવિક સ્થિતિનું દર્શન થાય છે અને તે પોતના વિષય અંગે યોગ્ય દિશા સૂચન આપી શકે છે.

ઉપરોક્ત બાબતોથી સાહિત્ય સમીક્ષા શા માટે અથવા સાહિત્ય સમીક્ષાનાં હેતુઓ અંગે ખ્યાલ આવે છે, જેનાથી તેની સંશોધનમાં ઉપયોગિતા સ્પષ્ટ થાય છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષાનું આયોજન :**

સંદર્ભ સાહિત્યની સમીક્ષા માટે એકત્રિત માહિતીને ક્રમબદ્ધ રીતે સમીક્ષા માટે હાથ પર લે છે જે આ મુજબ છે :

1) સમીક્ષા માટે સમસ્યા નિર્ધારણ

2) સંબંધિત સંદર્ભોનું એકત્રિકરણ

3) પ્રાપ્ત સંદર્ભોનું મૂલ્યાંકન

4) પ્રાપ્ત સંદર્ભોનું વર્ગીકરણ

5) અહેવાલલેખન અને વિવરણ

**સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે જરૂરી કૌશલ્યો ક્ષમતાઓ અને ગુણો**

1) વાચન કૌશલ્ય

2) નોંધલેખન કૌશલ્ય

3) લેખન કૌશલ્ય

4) કમ્પ્યૂટર માહિતી મેળવવાનું કૌશલ્ય

5) અર્થગ્રહણ ક્ષમતા

6) મૂલ્યાંકન ક્ષમતા

7) પૃથક્કરણ ક્ષમતા

8) સંયોગીકરણ ક્ષમતા

9) ધીરજ

10) સતત પ્રયત્નશીલતા

સંશોધક પાસે વાચન, નોંધલેખન, લેખન અને કમ્પ્યૂટર ઉપયોજનનું કૌશલ્ય હોવું જોઈએ. તો જ તે યોગ્ય રીતે સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરી શકે છે. વાચન તાર્કિક રીતે કરવું જોઈએ. એ જ રીતે વાચન દરમ્યાન યોગ્ય જગ્યાએ તેની નોંધ કરતા રહેવા જોઈએ. સંશોધક દ્વારા જે નોંધ તૈયાર કરવામાં આવે તે પોતાના સંશોધન અંગે, ક્રમબદ્ધ રીતે અને સંશોધકને પોતાને તેનો સરળતાથી ખ્યાલ અને સમજ પ્રાપ્ત થાય તે પ્રકારની હોવી જોઈએ. સંશોધક પાસે લેખન-કૌશલ્ય પણ હોવું જોઈએ. કારણ કે સંશોધકે સંશોધનનાં લખાણ માટે યોગ્ય ભાષા સરળ અને સ્પષ્ટ શબ્દો તથા દ્વિઅર્થી શબ્દનો નહિવત્ ઉપયોગ થાય વગેરે બાબતો સંશોધકે સંશોધન અહેવાલ લેખન વખતે ધ્યાનમાં રાખવાની હોય છે. આ ઉપરાંત બિનજરૂરી માહિતીને દૂર કરવાની મૂળ મુદ્દાને લગતી સ્પષ્ટતા, ટૂંકા વાક્યો વગેરે જેવી નાની નાની બાબતોની કુશળતા સંશોધક પાસે હોય તે આવશ્યક છે. સંશોધક પોતાના સંશોધન અંગે છેલ્લામાં છેલ્લી માહિતી રજૂ કરી શકે તેમજ સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતીને અલગ રીતે રજૂ કરી શકે તેની સાથે સાથે આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો પણ ઉપયોગ કરી શેક તે માટે સંશોધક પાસે કમ્પ્યૂટર

ઉપયોગની કુશળતા હોવી જોઈએ. સંશોધક અર્થગ્રહણ કરવાની, મૂલ્યાંકન કરવાની, પૃથક્કરણ કરવાની અને સંયોગીકરણની ક્ષમતા હોવી જોઈએ; કારણ કે, સંશોધકે જે માહિતી એકત્રિત કરી છે તે માહિતીને તાર્કિક રીતે રજૂ કરવા માટે સંજ્ઞાસૂચિ કોષ્ટકીકરણ, વર્ગીકરણ, વિશ્લેષણ અને તારણો તારવવા ની કામગીરી કરવાની હોય છે. આથી, સંશોધકે જે માહિતી એકત્રિત કરી છે તેનો અર્થ સમજવાની સમજાવવાની તેનું મૂલ્યાંકન કરવાની અન્ય સંશોધનોના તારણોની લોકો સમક્ષ તુલના કરવાની તેનું વર્ગીકરણ કરવાની ક્ષમતાઓ હોવી જોઈએ; જેથી, સંશોધનનાં પરિણામો અંગે વિશ્લેષણ કરી સમજાવી શકાય.

સંશોધન માટે સંશોધકમાં ધીરજ અને સતત પ્રયત્નશીલતા જેવા ગુણો હોવા આવશ્યક છે; કારણ કે, સંશોધન એ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે. માહિતી એકત્રિકરણ દરમ્યાન શક્ય બને કે માહિતીદાતા પાસેથી માહિતી ન મળે, અથવા અપૂરતી માહિતી મળે આવા સમયે સંશોધકે ધીરજ રાખી માહિતી એકત્રિત કરવાના અન્ય વિકલ્પો વિશે વિચારતા રહેવું જોઈએ. માહિતી એકત્રિતની સાથે સાથે સંશોધનની તમામ સ્તરે સંશોધન યોજના મુજબ આગળ વધવા અને સમયમર્યાદામાં સંશોધન પુરું કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. કયારેક સંશોધક સંશોધનના એકાદ સોપાનની કામગીરી કર્યા પછી ઘણા સમય સુધી બીજા પગથિયાં / સોપાનની કામગીરી હાથ ધરતા નથી જેનાં કારણે સંશોધન યોગ્ય સમયે પૂર્ણ થઈ શકતું નથી. આવી સંશોધકમાં ધીરજની સાથે સાથે પ્રયત્નશીલતાનાં ગુણો હોવા જોઈએ.

ઉપરોક્ત કુશળતાઓ, ક્ષમતાઓ અને ગુણો સંશોધકમાં હોય તો સંશોધન યોજના મુજબ સંશોધકને પોતાના સંશોધનને આખરીકરણ કરવા સુધી મદદ મળી રહે છે. આ માટે સાહિત્ય સમીક્ષા સંશોધકને મદદરૂપ થાય છે.

**સંદર્ભ, સાહિત્ય, સમીક્ષાના પ્રકાર:**

સંદર્ભ સાહિત્ય સમીક્ષાના મુખ્યત્વે બે પ્રકાર જોવા મળે છે :

1) **સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા-** સાહિત્ય સમીક્ષાના આ પ્રકારમાં લેખો, પુસ્તકો, અભિપ્રાયો, અનુભવો, સિદ્ધાંદો, સામાયિકો, જ્ઞાનકોષો, જીવનચરિત્રો વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારમાં મોટાભાગના ગૌણ માહિતી એકત્રિત કરવામાં આવે છે તેનો સમાવેશ થાય છે.

2) **સંશોધન સાહિત્ય સમીક્ષા :** સંશોધન સાહિત્ય સમીક્ષાના આ પ્રકારમાં સંશોધકે પસંદ કરેલ સમસ્યા સંદર્ભમાં અગાઉ થયેલા, સંશોધન અભ્યાસોનો અભ્યાસ કરવામાં આવે છે. જેનાથી સંશોધક પોતાનું સંશોધન કઈ દિશામાં કરવાની જરૂરિયાત છે તેનો ખ્યાલ આવે છે, ઉપરાંત પોતાનું સંશોધન અન્ય સંશોધનનુનં પુનરાવર્તન તો નથી કરતું વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. દા.ત. કોઈ સંશોધકે સેઝ જમીન સંપાદન થયેલા ખેડૂતોના જીવનની સ્થિતિ અને પ્રશ્નો અંગેનો અભ્યાસ હાથ ધરેલો હોય તો આ ક્ષેત્રે સંશોધન કરવા ઈચ્છતા સંશોધક જુદી રીતે એટલે કે નેનો પ્રોજેક્ટના કારણે જમીન સંપાદન થવાના કારણે ગ્રામ્ય તેની આસપાસનાં ગ્રામ્ય જીવન પર થયેલ અસરનો અભ્યાસ કરી નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

ટૂંકમાં, સંશોધકનો સંશોધન પ્રત્યે વિશાળ દૃષ્ટિકોણ વિકસે ઊંડાણપૂર્વકની સમજ કેળવે અને તેને

તાર્કિકતા સાથે રજૂ કરી શકે તેવી મત તેનામાં વિકસે તે માટે સંદર્ભ સાહિત્ય સમીક્ષા મદદરૂપ થાય છે.

**સંદર્ભ સાહિત્યનાં સ્ત્રોતો**

સંશોધક માટે સંદર્ભ સાહિત્ય એકત્રીકરણની મહત્વની પ્રક્રિયા કરવાની હોય છે. સંદર્ભ સાહિત્ય એકત્રિત કરવા માટે સંશોધક પોતાના હેતુઓને ધ્યાનમાં રાખી વ્યાપવિશ્વ નક્કી કરે છે. સંદર્ભ સાહિત્યના જે સ્ત્રોતો સુધી સંશોધક પહોચી શકે અને તે સ્ત્રોતોમાંથી જે સ્ત્રોતો સુધી સંશોધક પહોચી શકે અને તે સ્ત્રોતોમાંથી જે સાહિત્ય એકત્રિત કરી શકેતેને સંદર્ભ સાહિત્યના સ્ત્રોતો ત્રણ પ્રકારના દર્શાવી શકાય છેઃ (1) પ્રારંભિક સ્ત્રોત, (2) પ્રાથમિક અને (3) ગૌણ સ્ત્રોત.

**(1) પ્રારંભિક સ્ત્રોતઃ**

સંશોધનના ક્ષેત્રમાં થયેલા સંશોધનો કે લેખોની યાદી પ્રાપ્ત થાય તેને પ્રારંભિક સ્ત્રોત કહેવાય. દા.ત. શોધગંગાની વેબસાઈટ ઉપર જે-તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પીએચ.ડી.ના સંશોધન અભ્યાસો જોવા મળે છે. એટલે કે સંદર્ભ સાહિત્યના પ્રારંભિક સ્ત્રોત તરીકે શોધગંગાની વેબસાઈટ ગણી શકાય. આ ઉપરાંત ગ્રંથાલયના વિષય પ્રમાણે લેખક કે સંશોધકનું નામ, પ્રકાશનવર્ષ વગેરેનો કેટલોગ જોવા મળે છે. જેને પણ સંદર્ભ સાહિત્યના પ્રારંભિક સ્ત્રોત ગણી શકાય.

**(2) પ્રાથમિક સ્ત્રોતઃ**

પ્રાથમિક સ્ત્રોતોમાં મુખ્યત્વે સામયિકો, અહેવાલો, પુસ્તકો, મોનોગ્રાફ, શોધનિબંધો, વગેરેનો સમાવેશ થાય છે.

**(3) ગૌણ સંદર્ભ સ્ત્રોતઃ**

ગૌણ સંદર્ભ સ્ત્રોતોમાં જ્ઞાનકોષો, જીવનચરિત્ર, સમીક્ષાત્મક લેખો, જુના સમાચાર પત્રમાં પ્રકાશિત થયેલા સમાચાર, વગેરેનો સમાવેશ થાય છે.

## 3.3 તમારી પ્રગતિ ચકાસો

1. સંશોધક અભ્યાસ હેઠળની સમસ્યાના સંદર્ભમાં વધુ જાણકારી માટે શેનો અભ્યાસ કરવામાં આવે છે ?

   (1) સંદર્ભ સાહિત્ય (2) પૂરક સાહિત્ય

   (3) સૈદ્ધાંતિક સાહિત્ય (4) 1 અને 3 બન્ને

2. સંશોધન સંદર્ભમાં સાહિત્ય સમીક્ષાના કેટલા પ્રકાર પડે છે ?

   (1) એક (2) બે

   (3) ત્રણ (4) ચાર

3. સાહિત્ય સમીક્ષાના હેતુઓ કેટલા છે ?

   (1) 5 (2) 10

   (3) 11 (4) 12

4. સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે કેવા ગુણ હોવા જોઈએ ?

(1) વાચન કૌશલ્ય (2) નોંધલેખન કૌશલ્ય

(3) લેખન કૌશલ્ય (4) ઉપરોક્ત તમામ

5. સંદર્ભ સાહિત્ય સમીક્ષાના પ્રકાર કેટલા છે ?

(1) 5 (2) 2

(3) 3 (4) 4

## 3.4 ઉપસંહાર :

પ્રસ્તુત એકમમાં સંદર્ભ સાહિત્ય સમીક્ષાનું વર્ણન કરવામાં આવ્યું છે; જેમાં, ખાસ કરીને સંદર્ભ સાહિત્યની સમીક્ષા એટલે શું ? તેના હેતુઓ, સાહિત્ય સમીક્ષાનું આયોજન, સાહિત્ય સમીક્ષા માટે સંશોધકમાં જરૂરી કૌશલ્યો, ક્ષમતાઓ અને ગુણો તથા સાહિત્ય સમીક્ષાના પ્રકારોની ચર્ચા કરવામાં આવી. સાહિત્ય સમીક્ષા એ સંશોધનનું મહત્ત્વનું સોપાન હોવાથી સમસ્યા પસંદગી કરવા સંશોધકને દિશા નિર્દેશ મળે છે. સાહિત્ય સમીક્ષામાં જેટલી કાળજીપૂર્વકની કામગીરી સંશોધક દ્વારા કરવામાં આવે તેટલું સંશોધકનું સંશોધન વધુ સૈદ્ધાંતિક તથ્યો તારવી શકે છે. આ માટે સંદર્ભ સાહિત્ય સમીક્ષા આવશ્યક છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (4) 1 અને 3 બન્ને
2. (2) બે
3. (4) 12
4. (4) ઉપરોક્ત તમામ
5. (1) 5

## 3.6 ચાવીરૂપ શબ્દો

1. સંદર્ભ સાહિત્ય : સંશોધનના વિષયને લગતું સાહિત્યનું વાંચન લેખન
2. સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા : સંશોધન સંબંધી લેખો, પુસ્તકો, અભિપ્રાયો, સિદ્ધાંતોનો અભ્યાસ કરવો.
3. સંશોધન સાહિત્ય સમીક્ષા : સંશોધન વિષયને અનુરૂપ થયેલ સંશોધન અભ્યાસની સમીક્ષા

## 3.7 સ્વાધ્યાય લેખન

1. સંદર્ભ સાહિત્ય સમીક્ષા એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.................................................................

.................................................................

2. સંદર્ભ સાહિત્ય સમીક્ષાના પ્રકારોની ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. સંદર્ભ સાહિત્ય સમીક્ષા એ સંશોધનનું અગત્યનું સોપાન છે – સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. સંદર્ભ સાહિત્ય સમીક્ષા માટેનાં સંશોધકના કૌશલ્યો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.8 પ્રવૃત્તિ

1. સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષામાં આવતાં સાહિત્યનું લીસ્ટ બનાવો.
2. સંશોધન સાહિત્ય સમીક્ષામાં સમાવેશ થતી બાબતો અને તેની પદ્ધતિ વર્ણવો.
3. સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે જરૂરી કૌશલ્ય ક્ષમતાઓ અને ગુણોને આત્મસાત કરવા લેખનકાર્ય કરો.

## 3.9 કેસસ્ટડી

1. વ્યસન કરતા વ્યક્તિની પરિસ્થિતિના અભ્યાસ સંદર્ભે સૈદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા કરો, પુસ્તક, સામાયિક, અનુભવો પરથી નોંધ તૈયાર કરો.
2. વ્યસન કરતા વ્યક્તિની પરિસ્થિતિના અભ્યાસ પર સંશોધન સાહિત્ય સમીક્ષા કરો.

**મુદ્દા :**

1. અભ્યાસનું શિર્ષક
2. સંશોધનકર્તાનું નામ
3. સંશોધનનું વ્યાપવિશ્વ
4. સંશોધનનો નમૂના પસંદગી અને કદ
5. હેતુ
6. ઉત્કલ્પના
7. તારણ
8. નિષ્કર્ષ

   ઉપરોક્ત મુદ્દાનું સંશોધન સાહિત્ય સમીક્ષા કરી. કોઈ એક સંશોધનના સંદર્ભમાં આપેલ વિષય અનુસંધાને

## 3.10 સંદર્ભસૂચિ


1. ઉચાટ. ડી. એ.-2009 શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર
2. જાંબુકિયા હેમુ આર. - 2012 પેયજળ અને સ્વચ્છતા યોજનાનાં અમલીકરણમાં મહિલાઓની સદભાગિતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલ અસર-સંશોધન અભ્યાસ.
3. પટેલ આ. એસ.-2015, સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.
4. શાહ એ.જી. એ જે.કે. 2008-09, સામાજિક સંશોધનની પદ્ધતિ
5. શાહ વી.પી.-1997 સંશોધન ડિઝાઈન

# એકમ–4 સંશોધનનાં હેતુઓ, ચલ અને ઉત્કલ્પનાની રચના

## : એકમનું માળખું :

**4.0 પ્રસ્તાવના**

**4.1 એકમના હેતુઓ**

**4.2 સંશોધનના હેતુઓ**

**4.3 ચલ અને પ્રકાર**

**4.4 ઉત્કલ્પનાનું ઘડતર અને પ્રકાર**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 ઉપસંહાર**

**4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**4.8 ચાવીરૂપ શબ્દો**

**4.9 સ્વાધ્યાય લેખન**

**4.10 પ્રવૃત્તિ**

**4.11 કેસસ્ટડી**

**4.12 સંદર્ભગ્રંથ**

### 4.0 પ્રસ્તાવના :

સંશોધનમાં વિષય પસંદગી પછી તેના હેતુઓની રચના સંશોધક દ્વારા કરવામાં આવે છે. સંશોધક પોતાના સંશોધનમાં શું કરવા માંગે છે અથવા કઈ સમસ્યાને ધ્યાનમાં રાખીને સંશોધન કરવા માંગે છે તેને ધ્યાનમાં રાખીને હેતુઓની રચના કરે છે. સંશોધનના હેતુઓને ધ્રુવીભુત કરી શકાય તે માટે સંશોધક કેટલાક પૂર્વાનુમાન કરે છે અને તેના માટેના વાક્યો કે પ્રશ્ન સૂચક બાબતોની રચના કરે છે. આ પ્રશ્નસૂચક વાક્યો, જેની ચકાસણી કરવાની બાકી છે તેને 'ઉત્કલ્પના' તરીકે ઓળખવામાં આવે છે. સંશોધનના હેતુઓના નિર્માણ બાદ સંશોધનમાં કયા કયા ચલનો સમાવેશ કરવામાં આવેલ છે તેનું સ્પષ્ટીકરણ સંશોધકે કરવું પડે છે. જેનાથી સંશોધનમાં યોગ્ય રીતે આગળ વધી શકાય. પ્રસ્તુત એકમના અભ્યાસ પરથી અભ્યાસકર્તાને સંશોધનના હેતુઓ, ચલ અને ઉત્કલ્પના વિશેની સમજણ પ્રાપ્ત થશે.

### 4.1 એકમનાં હેતુઓ

1) અભ્યાસકર્યાને સંશોધનમાં હેતુઓનું મહત્ત્વ શું છે ? તેનું જ્ઞાન પ્રાપ્ત થશે.

2) અભ્યાસકર્યાને સંશોધન અંગે હેતુઓ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની માહિત પ્રાપ્ત થશે.

3) અભ્યાસકર્યાને ચલ એટલે શું ? અને તેના પ્રકારોની જાણકારી પ્રાપ્ત થશે.

4) અભ્યાસકર્યાને સંશોધનમાં ચલની ઉપયોગિતા વિશે જાણકારી પ્રાપ્ત થશે.

5) અભ્યાસકર્તાને અભ્યાસકર્તાને ઉત્કલ્પનાનો ખ્યાલ અને તેની રચના વિશેની સમજ પ્રાપ્ત થશે.

6) અભ્યાસકર્તાને ઉત્કલ્પનાના પ્રકારોનો ખ્યાલ આવશે.

## 4.2 સંશોધન હેતુઓ

સંશોધન અભ્યાસમાં સંશોધનનાં હેતુઓ એ ખૂબ જ અગત્યનું સોપાન છે. સંશોધનનાં હેતુઓ નક્કી થયા પછી સંશોધક સંશોધનની દિશામાં આગળ વધે છે. સંશોધક દ્વારા હાથ ધરવામાં આવેલ સંશોધનના હેતુઓથી સંશોધનનાં શીર્ષકનું પ્રતિબિંબ મળે છે. અભ્યાસનાં હેતુઓની રચના વખતે સંશોધકે સંશોધન શીર્ષકને ધ્યાનમાં રાખવું જોઈએ.

સંશોધનમાં હેતુઓ દિશાસૂચક યંત્ર સમાન હોય છે. જે યોગ્ય દિશા નિર્દેશ કરે છે. અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યનો ભાગ છે. હેતુઓની સ્પષ્ટતા વિના સંશોધક કાર્ય માટે આગળ વધી શકતો નથી. સંશોધનનાં હેતુઓ અંગે કેટલીક સ્પષ્ટ સમજણ સંશોધકે કેળવવી પડે છે. જે આ મુજબ દર્શાવી શકાય.

1) સંશોધનનાં હેતુઓ અભ્યાસની અગત્ય દર્શાવે છે..

2) સંશોધનનાં હેતુઓ એ અભ્યાસ હાથ ધરવા માટેનાં કારણો છે.

3) સંશોધનનાં હેતુઓ એ અભ્યાસ કેટલો ઉપયોગી થશે, તે દર્શાવે છે.

4) અભ્યાસનાં હેતુઓ અભ્યાસ કઈ રીતે અને ક્યારે હાથ ધરવો, તે દર્શાવે છે.

1) સંશોધનના હેતુઓ કઈ કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવનાર છે, તે દર્શાવે છે.

2) સંશોધનના હેતુઓ અભ્યાસમાં કયા કાય ચલોનો ઉપયોગ થનાર છે, તે દર્શાવે છે.

3) સંશોધનનાં હેતુઓ અભ્યાસનાં વિભાગોને સ્પષ્ટ કરે છે.

4) સંશોધનનાંહેતુઓ એ અભ્યાસનાં પેટા શીર્ષકો છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી સંશોધન યોજના તૈયાર કરતી વખતે તેમાંય ખાસ કરીને હેતુઓ તૈયાર કરતી વખતે નીચેની બાબતો સંશોધકે ધ્યાનમાં રાખવી જોઈએ :

1) હેતુઓ સ્પષ્ટ હોવા જોઈએ અને તે વિધાન સ્વરૂપે હોવા જોઈએ, તેની સંખ્યા અગત્યની નથી.

2) અભ્યાસમાં જરૂરિયાત મુજબ જ હેતુઓ હોવા જોઈએ વધારે પડતા બિનજરૂરી હેતુઓ ન મૂકવા જોઈએ.

3) ઉત્કલ્પનાઓ હેતુઓને ધ્યાનમાં રાખી રચવી જોઈએ.

4) માહિતી એકત્રિકરણનાં સાધનોની પસંદગી હેતુઓને આધારે જ કરી શકાય છે.

5) હેતુઓના આધારે જ માહિતી પૃથક્કરણની કામગીરી સંશોધક કરી શકે છે.

6) સંશોધન અહેવાલનાં આખરીકરણમાં એટલે કે તેનાં પરિણામો પણ હેતુનાં સંદર્ભમાં પ્રાપ્ત થવા જોઈએ.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખી સંશોધકે સંદર્ભ સાહિત્યનાં ઊંડાણપૂર્વકનાં અભ્યાસ બાદ સંશોધનનાં હેતુઓની રચના કરવી જોઈએ.

## 4.3 ચલ અને તેના પ્રકારો :

ચલ એટલે એવું લક્ષણ કે જેમાં વિવિધ મૂલ્યો હોઈ શકે છે. ચલની કિંમત સતત બદલાતી રહે છે. ચલ સંશોધન પ્રક્રિયાના મહત્ત્વનાં ભાગની ઓળખ કરાવે છે. ચલનો સામાન્ય અર્થ જે ચાલી શકે તે ચલ એવો કરવામાં આવે છે. ચલ એ ગુણધર્મ છે, જેને મૂલ્યો આપી શકાય છે. વ્યક્તિ, જૂથ કે પર્યાવરણનું કોઈપણ લક્ષણ કે જે બદલાઈ શકે તે છે તે ચલ તરીકે ઓળખાય છે. ઉંમર, જાતીયતા, બુધ્ધિ, સફળતા, કક્ષા કે ધોરણ આવક વગેરે ચલના ઉદાહરણ છે. ટૂંકમાં, સંશોધન શીર્ષકના મુખ્ય શબ્દોનું વ્યાખ્યાયીકરણ થવું જરૂરી છે. જેનાથી વિષય અંગેની એક પાયાની સમજણ વિકસે છે.

ચલના જુદા જુદા પ્રકાર આ મુજબ છે.

1) સ્વતંત્ર ચલ

2) પરતંત્ર ચલ

3) અંકુશિત ચલ

4) પરિવર્તક ચલ

5) આંતરવર્તીય ચલ

**1) સ્વતંત્ર ચલઃ** સ્વતંત્ર ચલ એ એવો ઘટક છે કે જેને સંશોધક અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા માટે પસંદ કરે છે. દા.ત. સ્ત્રી અને પુરુષ

**2) પરતંત્ર ચલ** - પરતંત્ર ચલ એ એવો ઘટક છે કે જે સ્વતંત્ર ચલની અક્ષર તપાસવા માટે અવલોકવામાં આવે છે અને માપવામાં આવે છે. સ્વતંત્ર ચલનો અમલ કરવાથી દૂર કરવાથી કે તેમાં ફેરફાર કરવાથી જે ઘટક ઉદ્‌ભવે છે, દૂર થાય છે કે ફેરફાર પામે છે. તેને પરતંત્ર ચલ કહેવામાં આવે છે.

**3) અંકુશિત ચલઃ** અંકુશિત ચલ એ એવો ચલ છે જે સંશોધન દરમ્યાન સ્વતંત્ર ચલ ઉપરાંત તેની પણ અસર પરતંત્ર ચલ ઉપર થઈ શકે છે; પરંતુ, સંશોધક તેને નિયંત્રણ કરે છે જેથી અસરહીન બને છે કે તેની અસર તટસ્થ થાય, અંકુશિત ચલ એ સ્વતંત્ર ચલના જેવો જ છે. દા.ત. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્ત્રીઓની સામાજિક, મૂલ્યમાં તફાવત છે. અહીં વિસ્તાર એ સ્વતંત્ર ચલ છે, સામાજિક મૂલ્ય એ પરતંત્ર ચલ છે અને જાતીયતા એ અંકુશિત ચલ છે.

**4) પરિવર્તક ચલ :** પરિવર્તક ચલ એ એવા પ્રકારનો ગૌણ સ્વતંત્ર ચલ છે કે જે મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેનાં સંબંધને અસર કરે છે કેમકે તે તપાસવા માટે પંસદ કરવામાં આવે છે. દા.ત. ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં સામાજિક આર્થિક કક્ષાએ સ્વતંત્ર ચલ છે, ધર્મ પ્રત્યેનું વલણ એ પરતંત્ર ચલ છે અને વિસ્તાર એ પરિવર્તક ચલ છે.

5) **આંતરવર્તીય ચલ :** કેટલાક ચલોની અસર કલ્પિત હોય છે. એટલે કે, આવા ચલોની અસર જોઈ શકાય કે નિરીક્ષણ કરી શકાય કે માપી શકાય તેમ હોતી નથી. આંતરવર્તીય ચલ એ ધારણાત્મક ચલ છે. દા.ત. પ્રયોગ દરમ્યાન કોઈ વિદ્યાર્થી વ્યવહારથી શીખીને આવે, ટ્યુશનમાં શીખીને આવે તો સિદ્ધિ પર તેવી અસર થતી હોય છે; પરંતુ, જો તેઓ અભ્યાસ કરવામાં આવેલો હોય તો અભ્યાસુ એ આંતરવર્તીય ચલ છે.

કોઈપણ સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે સંશોધનના માધ્યમથી ઉકેલ લાવવા માટે ઉત્કલ્પના અને ચલોની મહત્ત્વની ભૂમિકા છે. ચલ એ વ્યક્તિ, જૂથ અને પર્યાવરણનું એવું લક્ષણ છે કે જે વિવિધ મૂલ્યો ધારણ કરી શકે છે. સંશોધક પોતાના અભ્યાસમાં આવરી લીધેલા ચલોને અને તેમના પ્રકારોને ઓળખીને વિવિધ ઉત્કલ્પનાઓ ઉચિત રીતે રચી શકે છે અને આ ઉત્કલ્પનાઓને ચકાસીને ઊંડાણપૂર્વકના તારણો તારવી શકે છે. માટે સંશોધનમાં ચલની અગત્યતા રહેલી છે.

## 4.4 ઉત્કલ્પનાની રચના અને પ્રકારો :

### ઉત્કલ્પનાનો ઉદ્ભવ કેવી રીતે થાય છે ?

ઉત્કલ્પના અનેક રીતે ઉદ્ભવે છે અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક વાતાવરણમાંથી એ ઊભી થઈ શકે છે. દા.ત. આપણા દેશમાં ધર્મ, રીતરિવાજ આપણી જીવનરીત ઉપર શાસન કરે છે એની પ્રતિક્રિયા આર્થિક મૂલ્યો ઉપર અને જીવનમાં અનેક પાસાંઓમાં વ્યક્તિગત આરંભવૃત્તિ ઉપર થાય છે. આ પરિસ્થતિમાં સમાજવૈજ્ઞાનિક, સાંસ્કૃતિક, રાજનૈતિક અને આર્થિક પરિકલ્પના ઉદ્ભવી શકે છે. દા.ત. અમેરિકાના સંયુક્ત રાષ્ટ્રોમાં જ્યાં સુખનો સંબંધ આવક, શિક્ષણ અને સુખસગવડનાં સાધનો સાથે છે ત્યાં સુખ ઉપર સાંસ્કૃતિક ભાર આપવાને લીધે અમેરિકન સામાજિક વિજ્ઞાનોમાં અસંખ્ય કલ્પનાની ઉત્પત્તિ થઈ. લોકબુધ્ધિ અને ચાલુ સર્વપ્રિય વિશ્વાસો અને રીતોનાં કારણે પણ ઉત્કલ્પના ઉદ્ભવે છે જે સવાલ અને કલ્પના બંનેનું સૂચન કરે છે. દા.ત. કોઈ એક સમાજમાં લગ્ન પર પ્રતિબંધ અને મનોવૈજ્ઞાનિક રીતે અનુકરણ કરવાથી કે કુટુંબ નિયોજનની માહિતી આપવાની જ્ઞાન અને પરિભાષાની મદદ વિના ઉત્કલ્પના રચી શકાય છે. બીજાના આકસ્મિક નિરીક્ષણ અને અધ્યયનથી પણ ઉત્કલ્પના ઉદ્ભવે છે.

કેટલાંક કિસ્સાઓમાં માન્ય સિદ્ધાંતના અપવાદ હોય છે. આવી વિસંગતતાઓનું કાળજી અને ધીરજપૂર્વક પૃથ્થક્કરણ સંશોધનની નવી દિશાઓ સૂચવે છે. વ્યક્તિગત અનુભવ પ્રતિક્રિયામાંથી પણ ઉત્કલ્પના ઉદ્ભે છે. આમ ઉપરોક્ત બાબતોથી ઉત્કલ્પનાની રચના કે તેનું ઘડતર કેવી રીતે થાય છે, તેનો ખ્યાલ પ્રાપ્ત થાય છે.

સંશોધનમાં ઉત્કલ્પનાનું કાર્ય હકીકતો કે તથ્યોનો ખુલાસો કે વ્યાખ્યા સૂચવવાનું છે. સાથે સાથે બીજા સંશોધનને માર્ગદર્શન આપવાનું કામ કરે છે. ઉત્કલ્પનાએ સંશોધન માટેનું કામચલાઉ વિધાન છે, જેની ચકાસણી કરવાની બાકી છે. સંશોધક ઘરના અંગેના તથ્યો કે હકીકતો વચ્ચેનાં સંબંધનું કામચલાઉ વિધાન નક્કી કરતી વખતે સંશોધન પહેલાનાં પોતાના અનુભવો બીજાઓના પૂર્વઅનુભવોને ધ્યાન પર લે છે. ઉત્કલ્પનાની રચના કરવામાં સંશોધકને પોતાના અને બીજાના અનુભવો ઉપયોગી થાય છે. સંશોધનનું શીર્ષક નક્કી થયા પછી સંશોધકે માટે બે મહત્ત્વનાં કાર્યો છે, જેમાં સંશોધનનાં હેતુઓ

નક્કી કરવા અને હેતુઓને ધ્યાનમાં રાખી ઉત્કલ્પનાની રચના કરવી અને તેની સાથે સાથે ચલોને ઓળખી તેને વ્યાખ્યાયીત કરવા.

ગુડે અને હટ્ટ, લુન્ડબર્ગ, બ્લેક અને વેબસ્ટર શબ્દકોષ અનુસાર ઉત્કલ્પનાનો અર્થ આ મુજબ સમજી શકાય.

1. ઉત્કલ્પના એક વિધાન છે.

2. ઉત્કલ્પના નહી ચકાસાયેલું સત્ય દર્શાવતું વિધાન છે.

3. ઉત્કલ્પનાના વિધાનની ચકાસણી થઈ શકે છે, કેમ કે તેની યથાર્તતા ચકાસવાની બાકી હોય છે.

4. ઉત્કલ્પનાનું વિધાન સાચું કે ખોટું હોતું નથી.

5. ચકાસણીના પરિણામોને આધારે ઉત્કલ્પનાના વિધાનની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ નક્કી થાય છે.

6. ઉત્કલ્પનાને પૂર્વાનુમાન તરીકે ઓળખી શકાય છે.

ઉત્કલ્પના ક્યારે રચવી એનો આધાર સવાલના સ્વરૂપ ઉપર અને એ વિશેના પૂર્વજ્ઞાન ઉપર રહે છે. સંશોધનના સવાલોની રચના અને પૂર્વરચના એક સતત પ્રક્રિયા છે. સંશોધક જ્યારે વિવિધ હકીકતોનું અવલોકન કરે છે અને પૃથ્થક્કરણ માટે અમુક સવાલ હાથ ધરે છે, ત્યારે તેમણે અમુક જગ્યાએથી શરૂઆત કરવી પડે છે. જે સ્થળેથી એ શરૂઆત કરે છે તે ઉત્કલ્પના કહેવાય છે. પ્રો. નોર્થરોય જણાવે છે કે, ઉત્કલ્પનાનું કાર્ય આપણા સંશોધનની વિગતોને વ્યવસ્થિત કરવા માટે માર્ગદર્શન આપવાનું છે. કોઈપણ ઉત્કલ્પનામાં અપાયેલા સૂચનો સવાલના ઉકેલો હોઈ શકે છે. પણ એ સૂચનો ખરેખર ઉકેલ જ છે, એ પૂછપરછનું કાર્ય છે. માટે પરિકલ્પના પૂછપરછનો મુદ્દો આપે છે. જો ઉત્કલ્પનના ન હોય તો સંશોધક અનાવશ્યક તેમજ બિનઉપયોગી માહિતી એકત્રિત કરી શકે છે અને સાર્થક તથા ઉપયોગી વિગતોની ઉપેક્ષા કરી શકે છે. આવું ન બને તે માટે ઉત્કલ્પનાથી સંશોધનમાં આયોજન અને દિશાસૂચનનું મિશ્રણ થાય છે. એટલે કોઈપણ સંશોધનમાં ઉત્કલ્પનાનું ઘડતર કરવું ખૂબ જ અગત્યનું છે.

**ઉત્કલ્પનાની રચના વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

1. સંબંધિત સાહિત્યની સમીક્ષા કર્યા પછી ઉત્કલ્પનાની રચના કરવી.

2. સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી ઉત્કલ્પના રચવી.

3. ઉત્કલ્પના વિધાનના સ્વરૂપમાં હોવી જોઈએ.

4. ઉત્કલ્પના ચકાસણી કરી શકાય તેવી હોવી જોઈએ.

5. ઉત્કલ્પનાની રચના સ્પષ્ટ રીતે કરવી.

6. સંશોધકે સંશોધનને ધ્યાનમાં રાખી એક કરતાં વધું ઉત્કલ્પનાની રચના કરવી.

7. ઉત્કલ્પનામાં સરળ ભાષાનો ઉપયોગ કરવો.

**ઉત્કલ્પનાના પ્રકારો :**

ઉત્કલ્પનાના પ્રકારો આ મુજબ છેઃ

**(1) દિશા સૂચક ઉત્કલ્પનાઃ**

આ ઉત્કલ્પનામાં અપેક્ષિત તફાવત કે સંબંધ અંગે દિશા સ્પષ્ટ થતી હોય છે. દા.ત. સમાજના નબળા વર્ગના લોકો કરતાં આર્થીક રીતે સંપન્ન લોકોનું સમાજ પ્રત્યે વલણ ઊંચું હશે.

**(2) બિન-દિશા સૂચક ઉત્કલ્પનાઃ**

ઉત્કલ્પનામાં કોઈ અપેક્ષિત તફાવત કે સંબંધની દિશા સ્પષ્ટ ન હોય ત્યારે તે બિન દિશા સૂચક ઉત્કલ્પના કહેવાય છે. દા.ત. ગરીબ અને અમીર વર્ગના લોકોના સમાજ પ્રત્યેના વલણમાં તફાવત જોવા મળે છે.

**(3) પ્રશ્ન સ્વરૂપ ઉત્કલ્પનાઃ**

અપેક્ષિત પરિણામને રજુ કરવાના બદલે પરિણામ કેવી હશે તેવો પ્રશ્ન પુછાય છે. દા.ત. ગરીબ અને અમીર વર્ગમાં લોકોમાં સમાજ પ્રત્યેનું વલણ ઊંચું હશે.

**(4) સંશોધન ઉત્કલ્પનાઃ**

આ ઉત્કલ્પનાને નિવેદનાત્મક ઉત્કલ્પના કે વૈકલ્પિક ઉત્કલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉત્કલ્પનામાં સંશોધક ઉત્કલ્પના વિશે અપેક્ષિત તફાવત કે સંબંધ હોવાનું અનુમાન કરે છે.

**(5) શૂન્ય ઉત્કલ્પનાઃ**

ઉત્કલ્પનાને નિરાકરણીય ઉત્કલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉત્કલ્પનામાં અપેક્ષિત તફાવત કે સંબંધ નહિ હોય તેવું અનુમાન કરવામાં આવે છે. દા.ત. ગરીબ અને અમીર લોકોના સમાજ પ્રત્યેના દ્રષ્ટિકોણમાં તફાવત નહિ હોય.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. સંશોધનના હેતુ એ શેનું પ્રતિબિંબ છે ?

   (1) શિર્ષકનું (2) ચલનું

   (3) ઉત્કલ્પનાનું (4) વ્યાપવિશ્વનું

2. સંશોધન હેતુમાંથી કઈ બાબત સ્પષ્ટ થાય છે ?

   (1) ચલનો ઉપયોગ (2) અભ્યાસના વિભાગ

   (3) અભ્યાસના પેટા શિર્ષક (4) ઉપરોક્ત તમામ

3. ચલ એ શું છે ?

   (1) ગુણધર્મ છે. (2) મૂલ્ય છે.

   (3) ઉદાહરણ છે. (4) ઉપરોક્ત તમામ

4. ઉત્કલ્પનાના પ્રકાર કેટલા છે ?

(1) 6 (2) 8

(3) 5 (4) 7

5. શૂન્ય ઉત્કલ્પનાને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(1) નિરાકરણીય (2) નિવેદનાત્મક

(3) અપેક્ષિત તફાવત અંગે દિશા સ્પષ્ટ થતી હોય (4) ઉપરોક્ત તમામ

## 4.6 ઉપસંહાર

આપણે આગળ જોયું તેમ કોઈપણ સંશોધનમાં ઉત્કલ્પના ચલ અને હેતુઓનું હોવું આવશ્યક છે. ઉત્કલ્પના એ હેતુઓને ધ્યાનમાં રાખી સમસ્યાનાં સંદર્ભમાં રચવામાં આવે છે. તેમાં સમાવિષ્ટ વિશિષ્ટ ચલોને પણ ઓળખવામાં આવે છે. જેના કારણે હકીકતો વચ્ચેનો પરસ્પરનો કાર્યકારણ સંબંધ જાણી શકાય છે. અને ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ યોગ્ય સિદ્ધાંત સ્થાપિત કરી શકાય છે. આમ, સંશોધનમાં ઉત્કલ્પના ચલ અને હેતુઓનું આગવી ઉપયોગિતા અને અસ્તિત્ત્વ રહેલું છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (1) શિર્ષક
2. (4) ઉપરોક્ત તમામ
3. (1) ગુણધર્મ
4. (3) 5
5. (1) નિરાકરણીય

## 4.8 ચાવીરૂપ શબ્દો

1. સંશોધનના હેતુ : સમગ્ર સંશોધન કાર્યનો ભાગ છે.
2. ચલ : જે ચાલી શકે તે ચલ. ગુણધર્મ છે. (વ્યકિત જુથ કે પર્યાવરણનું કોઇ પણ લક્ષણ જે બદલાઈ શકે છે.)
3. સ્વતંત્ર ચલ : સંશોધક અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા પસંદ કરે છે. (સ્ત્રી-પુરુષ)
4. પરતંત્ર ચલ : એ એવો ચલ છે જે સ્વતંત્ર ચલની અક્ષર તપાસવા માટે આપે અવલોકવામાં આવે છે.
5. અંકુશિત ચલ : જે સંશોધન દરમ્યાન સ્વતંત્ર ચલ ઉપરાંત તેની અસર પરતંત્ર ચલ ઉપર થઈ શકે છે.
6. પરિવર્તક ચલ : એવા પ્રકારનો ગૌણ સ્વતંત્ર ચલ છે. જે મુખ્ય સ્વતંત્ર ચલ પર પરતંત્ર ચલ વચ્ચેનાં સંબંધને અસર કરે છે.
7. આંતરવર્તીય ચલ : આવા ચલોની અસર કલ્પિત હોય છે.
8. ઉત્કલ્પના : હકીકતો કે તથ્યોનો ખુલાસો કે વ્યાખ્યા સૂચવવી અથવા સંશોધનનાં પરિણામની કલ્પના

## 4.9 સ્વાધ્યાય લેખન

1. ઉત્કલ્પનાનો અર્થ અને વ્યાખ્યા આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. ઉત્કલ્પનાના વિવિધ પ્રકારો ઉદાહરણ સાથે જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. ચલનો અર્થ સ્પષ્ટ કરી તેના પ્રકારો વર્ણવો

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. સંશોધનનાં હેતુઓની અગત્યતા જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 4.10 પ્રવૃત્તિ

1. ચલના પ્રકારો અને તેના ઉદાહરણ ચાર્ટમાં દર્શાવો.
2. ઉત્કલ્પનાના પ્રકારો ઉદાહરણ સાથે ચાર્ટ બનાવો.

## 4.11 કેસસ્ટડી

1. એઈડ્સ અંગે યુવાનોમાં જાગૃતતાનો અભ્યાસ

   **નોંધ :** 1. ઉપરોક્ત વિષયના હેતુઓ બનાવો.

   2. ઉત્કલ્પના બનાવો.

2. વ્યસન કરતા વ્યક્તિની પરિસ્થિતિનો અભ્યાસ

   **નોંધ :** ચલની ઓળખ કરી દર્શાવો.

## 4.12 સંદર્ભસૂચિ


1) ઉચાટ ડી.એ. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.

2) ડૉ. દેસાઈ એ. એન. સામાજિક સંશોધન પદ્ધતિ (1997)

3) પટેલ આ. એસ.-2015, સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.

4) શાહ એ.જી. એ જે.કે. 2008-09, સામાજિક સંશોધનની પદ્ધતિ

5) શાહ વી.પી.-1997 સંશોધન ડિઝાઈન

| એકમ–5 | # નમૂનાનો અર્થ અને પ્રકારો |
|---|---|

## : એકમનું માળખું :

**5.0 પ્રસ્તાવના**

**5.1 એકમના હેતુઓ**

**5.2 નમૂના પસંદગીનો અર્થ**

**5.3 નમૂના પસંદગીની અગત્યતા**

**5.4 નમૂના પસંદગીના સોપાનો**

**5.5 નમૂના પસંદગીના પ્રકારો / પદ્ધતિઓ**

**5.6 તમારી પ્રગતિ ચકાસો**

**5.7 ઉપસંહાર**

**5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.9 ચાવીરૂપ શબ્દો**

**5.10 સ્વાધ્યાય લેખન**

**5.11 પ્રવૃત્તિ**

**5.12 કેસસ્ટડી**

**5.13 સંદર્ભગ્રંથ**

## 5.0 પ્રસ્તાવના

જેમના માટે અને જેમના દ્વારા સંશોધન કરવાનું હોય તે બધા પાસેથી માહિતી મેળવવી મુશ્કેલ છે. વળી સમય અને ખર્ચની મર્યાદાનાં કારણે તે શક્ય થઈ શકતું નથી. આથી સંશોધન માટે માહિતી એકત્રિકરણ માટે એકમોને પસંદ કરવા તે સંશોધન યોજનાનું મહત્ત્વનું સોપાન છે. સંશોધનની શરૂઆતમાં જ સંશોધકે નક્કી કરી લેવું પડે છે કે તે માહિતી ક્યાંથી અને કેવી રીતે તથા કયા સ્ત્રોતોનાં આધારે મેળવશે અને તેનું ક્ષેત્ર કેટલું અને કયું હશે. મોટાભાગે સંસોધકો સમગ્રમાંથી થોડા ભાગનું પરીક્ષણ કરી સમગ્ર વિશે અનુમાન કરે છે, સામાન્યીકરણો કરે છે અને તારણો તારવે છએ. આ માટે નમૂના પસંદગીનાં જ્ઞાન, તેની પદ્ધતિઓ અને અગત્ય વિશેની જાણકારી સંશોધકને હોવી જોઈએ. પ્રસ્તુત એકમમાં નમૂના પસંદગીનો અર્થ તેની અગત્ય અને નમૂના પસંદગીના પ્રકારો અંગે ચર્ચા કરવામાં આવી છે.

## 5.1 એકમનાં હેતુઓ

1) અધ્યયનકર્તાને નમૂનો એટલે શું તેનો ખ્યાલ મળશે.

2) સંશોધનમાં નમૂનાની ઉપયોગિતા શું છે, તે જાણવા મળશે.

3) નમૂના પસંદગીનાં પ્રકારો વિશે માહિતી પ્રાપ્ત થશે.

## 5.2 નમૂના પસંદગીનો અર્થ

અભ્યાસના હેતુઓને અનુરૂપ સમગ્ર વિષે અનુમાન કરવા માટે તેના પ્રતિનિધિરૂપ નાના ભાગને પસંદ કરવાની ક્રિયાને નમૂના પસંદગી કહેવાય છે. (ઉચાટ ડી.એ.)

સંશોધન અભ્યાસના હેતુઓને આધારે રચાયેલી ઉત્કલ્પનાની ચકાસણી માટે માહિતી એકત્રિત કરવી પડે છે. અભ્યાસનાં હેતુઓનાં સંદર્ભમાં અભ્યાસનાં વ્યાપ વિશ્વમાંથી પ્રતિનિધિત્વ ધરાવતો નાનો ભાગ પસંદ કરવામાં આવે છે, આ નાના ભાગને નમૂના કે નિદર્શ કહેવામાં આવે છે.

સમદૃષ્ટિનો ગમે તે ભાગ નિદર્શ નથી;પરંતુ, સમષ્ટિના જે ભાગની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા ભાગને સમષ્ટિનો નમૂનો કહેવાય.

નમૂનો જે જૂથમાંથી લેવામાં આવ્યું હોય તે જૂથનું લઘુચિત્ર હોય છે. (પોલિન યંગ)

સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો ભાગ એટલે નમૂનો (ગુડે અને હટ્ટ)

સમષ્ટિ વિશે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોનો સમૂહ નમૂનો કહેવાય (વોકર અને લેવ)

નમૂનો એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ દા.ત. અનાજ ખરીદતી વખતે આપણે અનાજનો થોડો ભાગ લઈ ચકાસીએ છીએ. રસોઈ તૈયાર કરતી વખતે થોડી વસ્તુને ચકાસીને નક્કી કરીએ છીએ કે રસોઈ બરાબર છે કે કેમ ? એવી જ રીતે ચા બનાવતી વખતે એકાદ ચમચી ચા લઈને આપણે ચા ચાખીએ છીએ અને નક્કી કરીએ છીએ કે ચા બરાબર છે કે કેમ ?વ્યક્તિના લોહીના ટીંપાંના આધારે ડોક્ટર વ્યક્તિનાં શરીરમાંનું લોહી કયા જૂથનું છે તે નક્કી કરે છે. તેમજ બીમારી સમયે તેમાં કયા તત્ત્વો વધઘટ થયા છે તે જાણી શકાય છે. ટૂંકમાં, સમષ્ટિનાં નાના ભાગને નિદર્શ કહેવાય. આપણે આપણા જીવનમાં જાણે અજાણ્યે આ ક્રિયા કરીએ છીએ નિદર્શ પાછળ રહેલી સમજ સામાન્ય બુદ્ધિનો એક ભાગ છે. સંશોધનમાં નિદર્શ પસંદ કરી તેની પાસેથી માહિતી મેળવવાનું કામ ખૂબ જ અગત્યનું છે.

સંશોધન અભ્યાસનાં હેતુઓનાં સંદર્ભમાં નમૂનો એટલે,

1) વિશાળ સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનકડો ભાગ

2) જેની પાસેથી માહિતી મેળવવામાં આવે છે તેવો નાનો ભાગ

3) વ્યાપ વિશ્વની લઘુ આવૃત્તિ

ઉપરની બાબતો પરથી કહી શકાય કે, વ્યાપવિશ્વ અંગેની માહિતી મેળવવા અને તારણો તારવવાના હેતુથી વ્યાપવિશ્વમાંથી પસંદગી કરવામાં આવતા પ્રતિનિધિરૂપ એકમોના નાના સમૂહને નમૂનો / નિદર્શ કહે છે.

## 5.3 નમૂના પસંદગીની ઉપયોગિતા :

સંશોધનમાં નમૂના પસંદગી એ ખૂબ જ અગત્યની પ્રક્રિયા છે. કારણ કે, સમગ્ર સમષ્ટિ પાસેથી

માહિતી મેળવાવના બદલે તેમાં અમુક એકમોને પસંદ કરી માહિતી મેળવાવમાં આવે છે અને એકત્રિત માહિતીના આધારે સંજ્ઞાસૂચિ કોષ્ટકીકરણ વર્ગીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરી તારણો તારવવાની પ્રક્રિયા કરવામાં આવે છે, આથી નમૂના પસંદગી એ સંશોધનમાં આગવું મહત્ત્વ ધરાવે છે. નીચેની બાબતો પરથી નમૂનાની ઉપયોગિતા સ્પષ્ટ થશે.

1) સંશોધન માટે સમગ્રના બધા પાત્રો પાસેથી માહિતી મેળવવી મુશ્કેલ હોય તેવા સમયે નમૂનો ઉપયોગી થાય છે.

2) સમગ્ર પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવે તેમાં ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત થતી નથી.

3) નમૂના પસંદગી સમય, ખર્ચ અને શક્તિ બચાવે છે.

4) વ્યાપવિશ્વ મર્યાદિત ન હોય ત્યારે નમૂના પસંદગી ઉપયોગી નીવડે છે.

5) વ્યાપવિશ્વનાં સમગ્ર પાત્રોની યાદી કે વિગતો પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય ત્યારે નમૂના પસંદગી ઉપયોગી નિવડે છે.

6) માહિતી એકત્રિકરણ માટે કાળજી રાખી શકાય છે.

7) એક કરતાં વધુ ચલોનો ઉપયોગ કરી ઊંડાણપૂર્વક માહિતી મેળવી શકાય છે.

8) વ્યાપવિશ્વનાં પાત્રનો ભૌગોલિક વિસ્તાર ખૂબ જ વધારે હોય ત્યારે નમૂના પસંદગી ઉપયોગી થાય છે.

## 5.4 નમૂના પસંદગીનાં સોપાનો :

યોગ્ય નમૂના પસંદગી માટે પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે તેમાં કઈ કઈ ક્રિયાઓ કયા કયા ક્રમે કરવી જોઈએ તે સંશોધકે જાણવું જરૂરી છે. સમગ્ર વ્યાપવિશ્વનો સમાવેશ કરી શકાય તે માટે નમૂના પસંદગી કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

**1) વ્યાપવિશ્વની વ્યાખ્યા કરવી :**

અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી રચવામાં આવેલી ઉત્કલ્પનાના આધારે માહિતી એકત્રિત કરવાની હોવાથી વ્યાપવિશ્વની વ્યાવહારિક સમજ નક્કી કરવી ખૂબ જ આવશ્યક છે. અહીં ભૌગોલિક હદ, ઉંમર, જાતીયતા, સામાજિક આર્થિક કક્ષા, શૈક્ષણિક સ્તર વગેરેની સ્પષ્ટતા કરવામાં આવે છે. દા.ત. પેયજળ અને સ્વચ્છતા યોજના સંબંધી સંશોધન કરવા માટે સૌ પ્રથમ તેનું વ્યાપ વિશ્વ નકકી કરવું પડે છે. જેમકે ગુજરાતમાં તમામ જિલ્લાઓ પૈકી કોઈ એક (જિલ્લો) જિલ્લાના તમામ તાલુકા પૈકી પસંદગી કરેલ બે કે ત્રણ તાલુકા, પસંદગી કરેલ બે કે ત્રણ તાલુકાનાં ગામો, પૈકી પદ્ધતિસર રીતે નમૂના માટે પસંદગી કરેલ ગામો બાબોત અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે, આ રીતે વ્યાવિશ્વની વ્યાખ્યા કરવામાં આવે છે.

**2) નમૂના પસંદગી એકમ સ્પષ્ટ કરવું :**

સંશોધક દ્વારા વ્યાપવિશ્વનું નક્કી કર્યા પછી નમૂના પસંદગી માટેનું એકમ કયું હશે તે સ્પષ્ટ કરવું પડે છે. દા.ત. નમૂનાના એકમ તરીકે કોણ છે. બાળકો, મહિલાઓ, પુરૂષો, વૃદ્ધો, અમુક જ્ઞાતિઓ

વગેરે પૈકી કોની પાસેથી માહિતી એકત્રિત કરવાની છે તે તેમજ સ્થાનિક સંસ્થાઓ પાસેથી જે માહિતી મેળવાવની થાય છે તે સ્પષ્ટતા કરવામાં આવે છે.

**3) અપેક્ષિત માહિતી અંગેની સ્પષ્ટતા :**

અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં રાખી કઈ કઈ માહિતી એકત્રિત કરવાની છે, તેનું ધ્યાન સંશોધકે નમૂના પસંદગી કરતી વખતે રાખવું જોઈએ. દા.ત. સંશોધન અભ્યાસ તુલનાત્મક પ્રકારો હોય તો તે રીતે માહિતી એકત્રિત કરવાની હોય છે. મૂલ્યાંકન કરવાનું હોય તો તે પ્રમાણે માહિતી એકત્રિત કરવી પડે છે, જેની અસર નમૂના પસંદગી ઉપર થાય છે.

**4) વ્યાપવિશ્વના પાત્રોની યાદી બનાવવી :**

નમૂના પસંદગીકરવા માટે વ્યાપવિશ્વનાં પાત્રોની યાદી હોવી જોઈએ. જો તે તૈયાર ન હોય તો તેને તે કાળજીપૂર્વક તૈયાર કરવી જોઈએ. દા.ત. સાણંદમાં જમીન સંપાદન થયેલ ખેડૂતોની અદ્યતન યાદી ન હોય તો સંશોધકે તે યાદી તૈયાર કરવી પડે છે અને ત્યારબાદ તેમાંથી પદ્ધતિસર રીતે નમૂના પસંદગી કરી માહિતી એકત્રિત કરી શકાય છે.

**5) નમૂનાનું કદ નક્કી કરવું :**

સંશોધકે સંશોધન માટે માહિતી એકત્રિત કરવા માટે નમૂનાનું કદ નક્કી કરવું પડે છે. નમૂનાનું કદ મોટું પણ ન હોવું જોઈએ અને ખૂબ નાનું પણ ન હોવું જોઈએ. સંશોધન યોગ્ય પ્રમાણમાંથી થાય અને સમગ્ર સમષ્ટિનો સમાવેશ થઈ શકે તે પ્રકારે નમૂનાનું કદ સંશોધકે રાખવું જોઈએ.

**6) નમૂના પસંદગીના પ્રયુક્તિ કરવી :**

નમૂનો કેવી રીતે પસંદ કરવો તેની પ્રયુક્તિ વિશેની જાણકારી સંશોધકને હોવી જોઈએ. નમૂનો પસંદગી કરવાની વિવિધ પ્રયુક્તિનો પૈકી સંશોધકે હાથ ધરેલ સંશોધનમાં કયા પ્રકારની પ્રયુક્તિ નમૂના પસંદગી માટે અનુકૂળ છે, તે સંશોધકે નક્કી કરવાનું રહે છે.

**7) નમૂનો પસંદ કરવો :**

નમૂના પસંદગીના અંતિમ સોપાનમાં સંશોધક દ્વારા જેની પાસેથી ખરેખર માહિતી એકત્રિત કરવાની છે તેને નમૂના તરીકે પસંદ કરવામાં આવે છે.

સંશોધક સંશોધન માટે નમૂનો પસંદ કરતી વખતે એક સ્તરથી બીજા સ્તર એમ પ્રક્રિયા કરી નમૂનો પસંદ કરી શકે છે.

## 5.5 નમૂના પસંદગીના પ્રયુક્તિઓ/પદ્ધતિઓ :

વ્યાપવિશ્વમાંથી નમૂના પસંદગી કરવા માટે વિવિધ પદ્ધતિઆ/પ્રયુક્તિઓ જોવા મળે છે. આ પ્રયુક્તિઓને આધારે નમૂના પસંદગીના પ્રકારો ઓળખાય છે. આ પ્રકારો નીચે મુજબ છે.


**નમૂના પસંદગીના પ્રકારો / પદ્ધતિઓ**

| સંભાવ્ય નમૂના પસંદગી (Probability Sampling) | બિનસંભાવ્ય નમૂના પસંદગી (Non Probability Sampling) | વિશિષ્ટ નમૂના પસંદગી (Special Sampling) |
|---|---|---|
| 1 આકસ્મિક નમૂના પસંદગી | 1 અનુકૂળ નમૂના પસંદગી | 1 જોડકાં નમૂના પસંદગી |
| 2 સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગી | 2 સહેતુક નમૂના પસંદગી | 2 બમણાં નમૂનાં પસંદગી |
| 3 યોજનાબદ્ધ નમૂના પસંદગી | 3 નિયત હિસ્સાની નમૂના પસંદગી | 3 ક્રમશઃ નમૂના પસંદગી |
| 4 ઝૂમખાં નમૂના પસંદગી | | 4 સ્નોબોલ નમૂના પસંદગી |

સંભાવ્ય નમૂના પસંદગીમાં વ્યાપવિશ્વનો દરેક પાત્રને નમૂના તરીકે પસંદ થવાની સમાન તક રહે છે. બિનસંભાવ્ય નમૂના પસંદગીમાં નમૂના તરીકે પસંદગીનો આધાર સંશોધક પર રહે છે. એટલે કે સંશોધકની ઈચ્છાનુસાર નમૂનાની પસંદગી થાય છે. જ્યારે વિશિષ્ટ પ્રકારના નમૂનાની પસંદગીમાં ખાસ પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખી નમૂના પસંદગી થાય છે. નમૂના પસંદગીની પ્રત્યેક પ્રયુક્તિ /પ્રકાર/ પદ્ધતિઓની પોતાની આગવી વિશિષ્ટતાઓ, લાભો અને મર્યાદાઓ હોય છે. તેને અહીં આપણે ટૂંકમાં સમજવાનો પ્રયાસ કરીશું.

### 1) સંભાવ્ય નમૂના પસંદગી (Probability Sampling) :

સંભાવ્ય નમૂના પસંદગીની પ્રયુક્તિઓમાં વ્યાપ વિશ્વનાં દરેક પાત્રને નમનાના રૂપમાં પસંદ થવાની સમાન તક મળે છે. આુપરાંત આંકડાશાસ્ત્રીય પૃથક્કરણો અને અર્થઘટનો કરવામાં પણ આ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. નમૂનો પસંદગી માટેનાં આ પ્રકારમાં મુખ્યત્વે ચાર પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે.




સંભાવ્ય નમૂના પસંદગીમાં ચાર પ્રયુક્તિઓ ખૂબ જ જાણીતી છે જે જોઈએ.

### 1) આકસ્મિક (Random) નમૂના પસંદગી :

નમૂના પસંદગીની આ પ્રયુક્તિને યદચ્છ નમૂના પસંદગી તરીકે પણ ઓળખવામાં આવે છે. નમૂના પસંદગી માટેની આ પ્રયુક્તિ ખૂબ જ સાદી, સરળ અને જાણીતી પ્રયુક્તિ છે, જેમાં વ્યાપવિશ્વનાં બધા પાત્રોને નમૂના પસંદગી તરીકે પસંદ થવાની સમાન તક મળે. જે પાત્રોની નમૂના પસંદગી કરવામાં આવે તેની એકબીજા પર અસર પડતી નથી. આ પ્રયુક્તિમાં નમૂનાની પસંદગીમાં કોઈપણ પૂર્વગ્રહ થવાનો સંભવ રહેતો નથી. આકસ્મિક નમૂના પસંદગીમાં સંશોધખ પોતાના વિષયનાં સંદર્ભમાં જે માહિતી એકત્રિત કરવાની હોય તેમાં જેનો નમૂના તરીકે પસંદગી કરવાની હોય તે પાત્રોને સંશોધક આકસ્મિક રીતે જ પસંદ કરે છે અને તેની પાસેથી માહિતી મેળવે છે. દા.ત. લોટરીનાં નંબર ખેંચવા, જુદીજુદી ચિઠ્ઠીઓ બનાવી તે ઉછાળી જે ચિઠ્ઠી હાથ

આવે તેની નમૂના તરીકે પસંદગી, જુદા જુદા પાત્રોમાં નાનો કાર્ડ પર ચોંટાડી કાર્ડ ખેંચવા વગેરે જેવી પ્રયુક્તિનો સમાવેશ આકસ્મિક નમૂના પસંદગીમાં થાય છે.

**2) સ્તરીકૃત (Stratified) આકસ્મિક નમૂના પસંદગી :**

સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગીમાં અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને વ્યાપવિશ્વનું સ્તરીકરણ કરવા માટેનાં ચલોને નક્કી કરી વ્યાપવિશ્વને સ્તરોમાં ભાગ કરવામાં આવે છે. ત્યારબાદ પ્રત્યેક સ્તરમાંથી આકસ્મિક રીતે નમૂનો પસંદ કરવામાં આવે છે. આ બધા પેટા નમૂનાઓ મળીને મુખ્ય નમૂનો બને છે. સ્તરીકરણ માટે મુખ્યત્વે જાતીયતા, ઉંમર, સામાજીક-આર્થિક કક્ષા, શૈક્ષણિક લાયકાત, રહેઠાણ વિસ્તાર,વ્યવસાય, ધર્મો,જ્ઞાતિ, બુધ્ધિકક્ષા વગેરે જેવા ચલોને ધ્યાનમાં રાખાવમાં આવે છે. દા.ત. પેયજળ અને સ્વચ્છતા અંગેના અભ્યાસમાં સ્તરકૃત નમૂના પસંદગીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં જોઈએ તો .......

**3) યોજનાબદ્ધ (Systematic) નમૂના પસંદગી :**

જ્યારે વ્યાપવિશ્વની યાદી સંશોધક પાસે તૈયાર હોય ત્યારે યોજનાબદ્ધ રીતે નમૂનો પસંદગી કરી શકાય છે. આ પ્રયુક્તિમાં ખાસ કરીને વ્યાપવિશ્વમાં બધા પાત્રોની કક્કાવારી પ્રમાણે યાદી કરવામાં આવે છે, ત્યારબાદ વ્યાપવિશ્વમાંથી કુલ કેટલાં પાત્રોની નમૂના તરીકે પસંદગી કરવાની તે નક્કી કરવામાં આવે છે. દા.ત. કુલ 100 પાત્રો પૈકી 10 પાત્રોની નમૂના તરીકે પસંદગી કરવી ત્યારબાદ કુલ પાત્રોમાંથી કોઈ એક પાત્રની આકસ્મિક રીતે પસંદગી કરવામાં આવે છે.

કુલ પાત્રો પૈકી 10 ટકા પાત્રોની પસંદગી કરવાની હોય તો પાત્રોની એકથી સો સુધીની યાદી પૈકી કોઈ એક પાત્ર એટલે કે, પાંસમાં ક્રમાંકની પસંદગી કરવામાં આવે તો તે પછીનાં ક્રમની પસંદગી માટે સરખું અંતર રાખી પાંચમાં ક્રમાંક પછી દસનું અંતર છોડી નમૂનાનાં બીજા પાત્રની પસંદગી તરીકે 15મો ક્રમાંક પસંદગી પામે. એ જ રીતે ત્રીજો ક્રમાંક પચ્ચીસ પસંદગી પામે, અહીં પાત્રોની નિશ્ચિત અંતરાલથી પસંદગી થતી હોવાથી આ પદ્ધતિને નિશ્ચિત / નિયમિત અંતરાલોવાળી નમૂના પસંદગી પણ કહેવામાં આવે છે.

**4) ઝૂમખાં (Cluster) નમૂના પસંદગી :**

અભ્યાસનાં હેતુઓનાં સંદર્ભમાં વ્યાપવિશ્વ વિશાળ હોય ત્યારે આ ઝૂમખા નમૂના પસંદગીથી નમૂના પસંદગી કરવામાં આવે છે. આ પ્રયુક્તિમાં વ્યાપવિશ્વનાં પાત્રોને સમૂહોમાં પહોંચવામાં આવે છે. આ સમૂહને ઝૂમખા કહે છે જે નમૂના તરીકે પસંદગી કરવામાં આવે છે. દા.ત. શહેરની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાંથી દસ ટકા વિદ્યાથીઓનો નમૂનો પસંદ કરવા માટે બધા જ વિદ્યાર્થીઓની યાદી કરવાના બદલે બધી જ પ્રાથમિક શાળાઓની યાદી બનાવીને તેમાંથી દસ ટકા શાળાઓ આકસ્મિક રીતે પસંદ કરવામાં આવે છે. પસંદગી કરેલ શાળાઓના બધા જ વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ થાય છે. સંશોધન માટે જરૂરી માહિતી વ્યક્તિગત વિદ્યાથી પાસેથી એકત્રિત કરવામાં આવે છે; પરંતુ, નમૂના પસંદગીનો એમ તો શાળા એટલે કે વિદ્યાર્થીઓનો સમૂહ (ઝૂમખૂ) છે.

**2) બિનસંભાવ્ય નમૂના પસંદગી (Non Probability Sampling) :**

બિનસંભાવ્ય નમૂના પસંદગી પ્રયુક્તિમાં વ્યાપવિશ્વના બધા પાત્રો નમૂના તરીકે પસંદગી થવાની સમાન તક હોતી નથી. કેટલાંક પાત્રોને નમૂના પસંદગી તરીકે ખાતરી મળે છે. આ પ્રકારની નમૂના પસંદગીમાં નમૂના પસંદગીનો આધાર સંશોધક પર રહેલો છે. આ પ્રકાની નમૂના પસંદગીની પ્રયુક્તિને બિનઆકસ્મિક નમૂના પસંદગી / સંશોધક સંપાદિત નમૂના પસંદગી કે બિનઅંકુશિત નમૂના પસંદગી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકાની નમૂના પસંદગીમાં નીચે મુજબની પ્રયુક્તિનો સમાવેશ થાય છે :

1) અનુકૂળ કે સહજ (Convenient or Incidental) નમૂના પસંદગી

2) સહેતુક (Purpasive) નમૂના પસંદગી

3) નિયત હિસ્સા (Quata) નમૂના પસંદગી

**1) અનુકૂળ કે સહજ (Convenient or Incidental) નમૂના પસંદગી**

નમૂના પસંદગીની આ પ્રયુક્તમાં અનુકૂળ કે સહજ નમૂના પસંદગીમાં સંશોધકને સહેલાઈથી તેમજ ઝડપથી પ્રાપ્ત થઈ શકે તેવો નમૂનો પસંદ કરવામાં આવે છે. એટલે આ પ્રયુક્તિમાં નમૂના પસંદગીનો આધાર સંશોધક પર રહેલો છે. સંશોધકને યોગ્ય લાગે કે અનુકૂળતા પ્રમામે, નમૂનાના પાત્રની પસંદગી કરે છે. દા.ત. પોતાની શાળાનાં બાળકોની નમૂના માટે પસંદ કરવા અથવા પોતાની આસપાસ નિવાસ કરતા પાત્રોની નમૂના માટે પસંદગી કરવી વગેરે આ પ્રયુક્તિના ઉદાહરણ છે.

**2) સહેતુક (purposive) નમૂના પસંદગી :**

નમૂના પસંદગીની આ પ્રયુક્તિમાં મોટ વ્યાપવિશ્વનાં લણક્ષોનું પ્રતિનિધિત્વ કોણ ધરાવી શકે, જરૂરી માહિતી કોણ આપી શકશે તે અંગે સંશોધકની નિર્ણય ક્ષમતાનો ઉપયોગ કરીને નમૂનો પસંદ કરવમાં આવે છે. દા.ત. ચૂંટણીના સમેય લોકોનો જનમત જાણવા સંબંધિત તંત્રો અભિપ્રાયો મેળવવા તેમજ જેલના કેદીઓ વિશે અભ્યાસ કરવાનો હોય તો તેવા સમયે નમૂનાનાં રૂપમાં જેલનાં કેદીની જ નમૂનાના રૂપમાં પસંદગી કરવામાં આવે છે. તેને સહેતુક નમૂના પસંદગી તરીકે ઓળખવામાં આવે છે. નમૂનામાં ઘણા ઓછા પાત્રો પંસદ કરવાના હોય છે. તેમજ વિશાળ વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરવો હોય ત્યારે વિશેષ રીતે આ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

**3) નિયત હિસ્સા (Quota) નમૂના પસંદગી :**

બિનસંભાવ્ય નમૂના પસંદગીમાં નિયત હિસ્સા નમૂના પસંદગીની પદ્ધતિનો ઉપયોગ મોટાભાગે વ્યાપારિક સંગઠનો દ્વારા કરવામાં આવે છે. નમૂના પસંદગી માટેની આ પ્રયુક્તિ માર્કેટ મિલાકાત સર્વેક્ષણોમાં ઉપયોગી છે.આ પ્રયુક્તિમાં વ્યાપ વિશ્વનાં પેટા વિભાગોનાં કદનું અનુમાન કરવામાં આવે છે. ત્યારે પેટા વિભાગોમાંથી નમૂનાની કુલ સંખ્યામાંથી નિયત હિસ્સાના પાત્રોની ફાળવણી કરવામાં આવે છે.

કોઈ ઘટના કે બનાવનાં સંદર્ભમાં લોકોની પ્રતિક્રિયાનું તાત્કાલિક સર્વેક્ષણ કરવાનું હોય કે તે અંગે પ્રતિભાવો જાળવવાના હોય ત્યારે આ પ્રયુક્તિ એક માત્ર વિકલ્પન છે. દા.ત. ભારત સરકા દ્વારા 8મી નવેમ્બરે રૂા. 500 અને રૂા. 1000ની નોટ ચલણમાંથી રદ કરી. આ અંગે લોકોનાં તાત્કાલિક અભિપ્રાયો જાણવા માટે સમાચાર માધ્યમો દ્વારા નમૂના પસંદગીની આ પ્રયુક્તિનો ઉપયોગ કરી નોટબંધીની હકારાત્મક અને નકારાત્મક બાબતો લોકો સમક્ષ મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ટૂંકમાં, ઓછા સમયમાં ઘટના કે બનાવના સંદર્ભે પ્રતિક્રિયા જાણવા માટે નિયત હિસ્સા નમૂના પસંદગીનો ઉપયોગ કરવામાં આવે છે.

**3) વિશિષ્ટ નમૂના પસંદગી (Special Sampling):**

સંશોધનમાં માહિતી એકત્રિકરણ વખતે કેટલીક વખત ખાસ પ્રકારની પરિસ્થિતિ ઊભી થતી હોય છે. ઘણી વખત માહિતી મેળવવા માટે સંશોધકે નિયત કરેલ પ્રયુક્તિથી માહિતી પ્રાપ્ત કરવામાં મુશ્કેલી જણાતી હોય ત્યારે સંશોધક આ પ્રકારથી નમૂના પસંદગી કરી માહિતી એકત્રિત કરે છે. આ પધ્ધતિને બિનસંભાવ્ય નમૂના પસંદગી સાથે પણ સરખાવવામાં આવે છે. નમૂના પસંદગીમાં મુખ્યત્વે ક્રમમાં 1) નમૂના પસંદગી 2) જોડકાં નમૂના પસંદગી 3) ક્રમઃ નમૂના પસંદી 4) સ્નો-બોલ નમૂના પસંદગીની પ્રયુક્તિઓ જોવા મળે છે.

**1) બેવડાં (Double) નમૂના પસંદગીઃ**

નમૂના પસંદગીની આ પ્રયુક્તિમાં સૌ પ્રથમ મોટો નમૂનો પસંદ કરવામાં આવે છે. તેની પાસેથી માહિતી એક્તરિકરણ કર્યા બાદ નાનો નમૂનો  પસંદ કરી ઊંડાણ પૂર્વકની માહિતી એક્તરિત

કરવામાં આવે છે. દા.ત. કોઈ શાળામાં એક ધોરણનાં વિદ્યાર્થીઓની નમૂનાના રૂપમાં પસંદગી કર્યા પછી તેમની પાસે પોતાના અભ્યાસમાં કયા વિષયો અઘરા લાગે છે તે વિશેની સામાન્ય માહિતી એકત્રિત કરવામાં આવે છે ત્યારબાદ શાળાનાં બાળકોને ખાસ એક વિષયનાં સંદર્ભમાં ઊંડાણપૂર્વક માહિતી મેળવવામાં આવે છે.

**2) જોડકાં (Matched Pairs) નમૂના પસંદગી :**

જોડકાં નમૂના પસંદગીની પ્રયુક્તિમાં બે કે તેથી વધુ સરખાં પાત્રોને અલગ તારવે છે અને તેમને આકસ્મિક જૂથોમાં ફાળવે છે અને માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ પ્રયુક્તિનો ઉપયોગ મોટાભાગે પ્રાયોગિક સંશોધન પદ્ધતિમાં કરવામાં આવે છે.

**3) ક્રમશઃ (Sequential) નમૂના પસંદગી :**

ક્રમશઃ નમૂના પસંદગીની પ્રયુક્તિનો ઉપયોગ નિર્ણયો લેવા માટે જરૂરી સાર્થક પરિણામ ન આવે ત્યાં સુધી ક્રમશઃ નમૂનો પસંદ કરતા જવાય છે. આ પ્રયુક્તિમાં નમૂનાનું કદ નિશ્ચિત હોતું નથી; પરંતુ, જરૂરી માહિતીને ધ્યાનમાં રાખીને ગણતરી કરીને પ્રથમ નમૂનાનું શક્ય કદ વિચારવામાં આવે છે. ત્યારબાદ તેમાંથી થોડો ભાગ પંસદ કરવામાં આવે છે. અને તેની પાસેથી માહિતી મેળવી પરિણામ મેળવામાં આવે છે. જો પરિણામ પ્રાપ્ત ન થાય તો ફરીથી બીજો તેટલો જ થોડો ભાગ કરી તેની પાસેથી માહિતી મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા કર્યા પછી પણ પરિણામ પ્રાપ્ત ન થાય તો નમૂના પસંદગી કરવામાં આવતી નથી.

**4) સ્નોબોલ (Snow-ball) નમૂના પસંદગી :**

નમૂના પસંદગીની આ પ્રયુક્તિમાં બટકુના ભુક્કામાંથી બટકુનો ગોળો રચવાની બાબતના તર્કનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. શરૂઆતમાં બરફનો થોડો ભૂક્કો લઈ નાનો ગોળો કરવામાં આવે છે. ત્યાર બાદ આ બરફના ગોળાને બરફમાં જ ગબડાવવામાં આવે તો બીજો બરફ તેમાં ચોંટતો જાય છે અને તેનું કદ વધતું જાય છે. એ રીતે ગોળો મોટો બનતો જાય છે. નમૂના પસંદગીમાં આવી પ્રયુક્તિ વપરાય ત્યારે તેને સ્નોબોલ નમૂના પસંદગી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. છુટાછેડા લીં બીજી વાર લગ્ન કર્યા હોય તેવો લોકોનો અભ્યાસ હાથ ધરવો હોય તો સૌ પ્રથમ એવા પાત્રો શોધી કાઢી તેમની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવે છે. ત્યારબાદ તેમની પાસેથી જ બીજા આ પાત્રોની શોધી કાઢવામાં આવે છે અને તેમની પાસેથી જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવે છે. થેલેસિમિયા કે સિક્લસેલ રોગનો ભોગ બનેલા લોકોનો અભ્યાસ કરવો હોય ત્યારે નમૂના પસંદગી માટે આ પ્રયુક્તિ ઉપયોગી નીવડે છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

1. 'નમૂનો જે જૂથમાંથી લેવામાં આવ્યો હોય તે જૂથનું લઘુ ચિત્ર છે' આ વ્યાખ્યા કોણે આપી ?

   (1) પોલિન યંગ (2) ગુડે અને હટ્ટ

   (3) ઉચાટ ડી. એ. (4) વૉકર અને લેવ

2. સંશોધન અભ્યાસના હેતુઓના સંદર્ભમાં નમૂનો એટલે ....

   (1) સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનકડો ભાગ

   (2) જેની પાસેથી માહિતી મેળવવામાં આવે છે તેવો નાનો ભાગ

   (3) વ્યાપવિશ્વની લઘુ આવૃત્તિ

   (4) ઉપરોક્ત તમામ

3. નમૂના પસંદગીના સોપાનો કેટલા છે ?

   (1) 8 (2) 7

   (3) 10 (4) 12

4. નમૂના પસંદગીના મુખ્ય કેટલા પ્રકાર છે ?

(1) 2 (2) 3

(3) 4 (4) 6

5. આકસ્મિક નમૂના પસંદગી એટલે શું ?

(1) નમૂનાને પસંદગીની સમાન તક મળે છે.

(2) પાત્રોની પસંદગી કરવામાં આવે છે તેની એકબીજા પર અસર થતી નથી.

(3) આકસ્મિક જ પાત્રો પસંદ કરી માહિતી લેવામાં આવે છે.

(4) ઉપરોક્ત તમામ

6. સ્નોબોલ નમૂના પસંદગી એટલે શું અર્થ જણાવો.

(1) બરફના ભૂકાનો તર્ક લઈ નમૂનો રચવામાં આવે.

(2) બરફનો ગોળો બરફના બબડાવતા બીજાં લેઅર થાય.

(3) નમૂનાનું કદ મોટું બનતું જાય

(4) ઉપરોક્ત તમામ

## 5.7 ઉપસંહાર

સંશોધનમાં નમુના પસંદગી એ મહત્વનું સોપાન છે. સંશોધકનું નમુના પસંદગી અંગેનું જ્ઞાન જેટલું ઊંડાણ પૂર્વકનું અને સચોટ હોય તેટલું તે વધુ સચોટપણે અને સારી રીતે માહિતી પ્રાપ્ત કરી શકે છે. પ્રસ્તુત એકમમાં નમુનો એટલે શું, નમુના પસંદગીના પ્રકાર, નમુના પસંદગીની પદ્ધતિઓ વગેરે બાબતો વિશે અભ્યાસકર્તાને જાણકારી મળી શકશે જે સંશોધન કાર્ય માટે તેને મદદરૂપ થશે.

## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (1) પોલિનયંગ
2. (4) ઉપરોક્ત તમામ
3. (2) 7
4. (2) 3
5. (4) ઉપરોક્ત તમામ
6. (4) ઉપરોક્ત તમામ

## 5.9 ચાવીરૂપ શબ્દો

1. નમૂનો : સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતો નાનો ભાગ
2. સંભાવ્યા નમૂનો : સમષ્ટના તમામ પાત્રોને પસંદગીની સમાનતક મળે.
3. બિનસંભાવ્યા નમૂનો : સમષ્ટિના તમામ પાત્રોને પસંદગીની સમાન તક મળતી નથી.

## 5.10 સ્વાધ્યાય લેખન

1. નમૂનાનો અર્થ અને વ્યાખ્યા સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

....................................................................

....................................................................

....................................................................

2. નમૂના પસંદગીના સોપાનો વિસ્તૃતમાં જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

3. નમૂના પસંદગીના પ્રકારો વિસ્તૃતમાં વર્ણવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

## 5.11 પ્રવૃત્તિ

1. નમૂનાની વ્યાખ્યા દર્શાવવી સમાન બાબતો તારવો.
2. નમૂનાના પ્રકારનો ચાર્ટ બનાવો.

## 5.12 કેસસ્ટડી

1. શાળામાં અભ્યાસ કરતી તરૂણીઓની સમસ્યા અને ઉપાયોનો અભ્યાસ.

   **નોંધ :** ઉપરોક્ત શિર્ષકમાં સંભાવ્ય નમૂનામાંથી કોઈપણ એક નમૂના પસંદગીની પદ્ધતિનો ઉપયોગ કરી દર્શાવવો.

2. અફીણના વ્યસન કરતા વ્યક્તિની પરિસ્થિતિનો અભ્યાસ.

   **નોંધ :** બિન સંભાવ્યા નમૂના પસંદગીમાંની પદ્ધતિનો ઉપયોગ કરી વિગત દર્શાવો.

## 5.13 સંદર્ભ સૂચિ


1. ઉચાટ. ડી. એ.-2009 શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર
2. જાંબુકિયા હેમુ આર. - 2012 પેયજળ અને સ્વચ્છતા યોજનાનાં અમલીકરણમાં મહિલાઓની સદભાગિતાથી સશક્તિકરણનાં કારણે તેમનાં જીવન પર થયેલ અસર-સંશોધન અભ્યાસ.
3. પટેલ આ. એસ.-2015, સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.
4. શાહ એ.જી. એ જે.કે. 2008-09, સામાજિક સંશોધનની પદ્ધતિ
5. શાહ વી.પી.-1997 સંશોધન ડિઝાઈન

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# BSWR-401
# સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર

વિભાગ

# 4

## માહિતી એકત્રીકરણ, આંકડાશાસ્ત્ર અને અહેવાલ લેખન


એકમ-1 માહિતી અર્થ અને પ્રકારો

એકમ-2 પ્રાથમિક માહિતી એકત્રિત કરવાની પ્રયુક્તિઓ

એકમ-3 આંકડાશાસ્ત્રનો અર્થ અને સમાજકાર્ય સંશોધનમાં મહત્ત્વ

એકમ-4 સંશોધન અહેવાલ લેખન, અર્થ, ઉપયોગિતા અને અહેવાલ લેખનનું માળખું

**ISBN : 978-81-946447-8-1**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. હેમુભાઈ જાંબુકિયા** | મદદનીશ કુલસચિવ,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **પ્રો.(ડૉ.) ભરતભાઈ જોશી** | પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2022**

**Copyright©2022 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે અને જ્યાં સમસ્યા છે ત્યાં સામાજિક કાર્યકર્તા છે. સમાજકાર્ય સમાજનાં દુઃખી શોષિત, એ પીડિત વ્યક્તિઓને મદદ કરે છે. સહાય કરે છે. આજે આપણી આજુબાજુ વિકાસ... વિકાસ... શબ્દનું સૌથી વધારે પ્રયોજન થતું જોવા મળે છે; પરંતુ, વિકાસની ભૂલ ભરેલી નીતિના પરિણામે સાચો માનવવિકાસ થઈ શક્યો નથી. આજે સમાજનો દરેક વ્યક્તિ પોતના આગવા સવાલો લઈને બેઠો છે. જરૂરિયાતમંદોને મદદ કરવી એ સમાજકાર્યનું પાયાનું કામ છે. આ દૃષ્ટિએ સમાજકાર્ય વિષય એ વૈશ્વિક ફલક પર ઝડપથી વિકસતો જાય છે. આજે સમાજમાં ભૌતિક વિકાસ થયો છે. ગામડામાંથી લોકોનું શહેરો તરફ સ્થળાંતર વધ્યું છે. શહેરોમાં પ્રદૂષણ વધ્યું છે. શહેરોમાં વાસ્તવિક જંગલોથી વિપરીત કોક્રિટના જંગલો ઊભા થયા છે. લોકોની આર્થિક સમૃદ્ધિ વધી છે; પરંતુ, સામાજિક કે માનસિક સમૃદ્ધિ કેટલી વધી હશે તે એક સવાલ છે.

સમાજકાર્ય સંશોધનનું સામાજિક વિકાસમાં ખૂબ મહત્ત્વનું યોગદાન છે. સમાજકાર્ય સંશોધન અંતર્ગત એવા પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાની તપાસ કરવામાં આવે છે કે, જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન, વહીવટ દરમ્યાન, સમાજ સેવાના આયોજના દરમ્યાન ઉદ્ભવે છે. આ તમામ પ્રશ્નોનો ઉકેલ સંશોધનના માધ્યમથી કરવામાં અને તેના સિદ્ધાંતોની તપાસ કરવામાં આવે છે. મળેલ માહિતીનું સામાન્યીકરણ કરવામાં આવે છે અને પૂછપરછના આધારે આમ, સમાજજીવનનાં જુદાં જુદાં પાસાંઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરી સામાજિક વિકાસ માટે દિશા નિર્દેશનનું કામ સમાજ કાર્ય સંશોધન દ્વારા કરવામાં આવે છે.

સમાજકાર્ય સંશોધન માટે માહિતી ખૂબ જ મહત્ત્વની બાબત છે. આ માહિતીના એકત્રીકરણ માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. સમાજકાર્ય સંશોધનની સફળતાનો મુખ્ય આધાર આંકડા ઉપર છે. આંકડાશાસ્ત્રનું સમાજકાર્ય સંશોધનમાં ખૂબ જ મહત્ત્વ છે. મળેલ માહિતીને વર્ગીકરણ કરી વિશ્લેષણ કરવું જરૂરી છે. જરૂરિયાતમંદ લોકો સુધી અભ્યાસના મહત્ત્વના તારણો અને સૂચનો પહોંચે તે માટે અહેવાલલેખન કરવું જરૂરી છે. આ તમામ બાબતોની વૈજ્ઞાનિક દષ્ટિએ વિગતવાર છણાવટ આ ઘટકમાં કરવામાં આવી છે. સમાજકાર્યના વિદ્યાર્થી સમાજકાર્ય સંશોધનને એક વિષયના રૂપમાં અભ્યાસ કરે છે. સમાજકાર્ય સંશોધનના સૈદ્ધાંતિક પાસાંઓનો અભ્યાસ કર્યા પછી દરેક વિદ્યાર્થીઓ પોતાની રસ-રૂચિ મુજબના ક્ષેત્રમાં જઈ સંશોધન કરશે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમાજકાર્ય સંશોધન હાથ ધરવા માટે પ્રસ્તુત ઘટકમાં સમાયેલ મુદ્દાઓ ભાવિ સામાજિક કાર્યકર્તાઓને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

## ઘટકના હેતુઓ :

1. સમાજકાર્ય સંશોધનમાં માહિતી એકત્રીકરણનું મહત્ત્વ સમજાશે.
2. માહિતીની વિભાવના જાણવા મળશે.
3. માહિતીનો અર્થ અને તેના જુદા જુદા પ્રકારો વિશેની સમજણ પ્રાપ્ત થશે.
4. વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી એકત્ર કરવાની જુદી જુદી પ્રયુક્તિઓ વિશેની સમજણ પ્રાપ્ત થશે.
5. વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રનું મહત્ત્વ સમજાશે.
6. સમાજકાર્ય અને આંકડાશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થશે.
7. વિદ્યાર્થીઓ અહેવાલલેખનની ઉપયોગિતા સમજશે.
8. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે જુદા જુદા મુદ્દાઓના અહેવાલલેખન અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
9. અહેવાલ લેખનના માળખા વિશેની ભાવિ સંશોધકોને જાણકારી પ્રાપ્ત થશે.
10. ભાવિ સંશોધકો સમાજકાર્યના જુદાજુદા પાસાઓથી માહિતગાર થશે.
11. વિદ્યાર્થીઓ ભાવિ સંશોધન વિષયો અંગે વિચારતા થશે.
12. અભ્યાસકર્તા માહિતી એકત્રીકરણ, આંકડાશાસ્ત્ર અને અહેવાલલેખન અંગેના સૈદ્ધાંતિક પાસાંઓથી વાકેફ થશે.

# એકમ–1 માહિતીનો અર્થ અને પ્રકારો

: એકમનું માળખું :

1.0 પ્રસ્તાવના
1.1 એકમના હેતુઓ
1.2 માહિતી એટલે શું ?
1.3 માહિતીનો અર્થ
1.4 માહિતીના પ્રકારો
1.5 પ્રાથમિક માહિતી એટલે શું ?
1.6 પ્રાથમિક માહિતીના સ્રોતો
1.7 ગૌણ માહિતીનો અર્થ
1.8 દસ્તાવેજી માહિતીનો અર્થ
1.9 તમારી પ્રગતિ ચકાસો
1.10 ઉપસંહાર
1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
1.12 ચાવીરૂપ શબ્દો
1.13 સ્વાધ્યાય લેખન
1.14 પ્રવૃત્તિ
1.15 કેસસ્ટડી
1.16 સંદર્ભગ્રંથ

## 1.0 પ્રસ્તાવના

સામાજિક વિકાસમાં સમાજકાર્ય સંશોધનનું ઘણું મહત્ત્વ છે. સમાજકાર્ય સંશોધન વગર અસરકારક સામાજિક વિકાસ કરવો શક્ય નથી. સમાજકાર્ય સંશોધનમાં સામાન્ય રીતે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને સમાજજીવનનાં જુદા જુદા પાસાંઓની તપાસ કરવામાં આવે છે, કે જેનાથી સેવાર્થી વ્યક્તિ, સમૂહ અને સમુદાયને સારી સેવા આપી શકાય અને સમસ્યાનું સમાધાન વધારે પ્રભાવક રીતે કરી શકાય. આમ, સમાજકાર્ય સંશોધન સમાજ અવરોધક જુદી જુદી સમસ્યાઓનો અભ્યાસ કરી અટકાયતી દરમ્યાનગીરીમાં મદદ કરે છે. આ સમગ્ર પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે માહિતી ખૂબ જ ઉપયોગી છે.

સમાજકાર્ય સંશોધનમાં માહિતીનું વિશેષ મહત્ત્વ છે. માહિતી વગર કોઈ કામ શક્ય નથી. માહિતી

જ્ઞાન છે, શક્તિ છે. તેના ઉપર જ વિકાસની પ્રક્રિયાનો પ્રમુખ આધાર રહેલો છે. સમાજમાં રોજ-બરોજ જુદાં જુદા પ્રકારના ફેરફારો થતાં રહે છે. આ તમામ બાબતો વિશેની માહિતી સંશોધકને હોય તે જરૂરી છે. સંશોધન માટે માહિતીવગર આગળ વધવું શક્ય નથી. સમાજકાર્ય સંશોધન અન્ય સંશોધનો કરતા અલગ પડે છે. સામાન્ય સમાજ કાર્ય સંશોધનનો ઉદ્દેશ નવા જ્ઞાનની શોધ કરવાનો છે. જે સમાજ માટે સમાજ જીવનની જુદી જુદી સમસ્યાઓના ઉકેલ માટે ખૂબ ઉપયોગી બની રહે છે. સમાજકાર્ય સંશોધન સમાજના પાયાના પ્રશ્નો અંગે કામ કરે છે.

જેમકે,

- સમાજમાં ગરીબી કેમ વધી રહી છે ?
- લોકો ગામ છોડી શહેર તરફ કેમ જાય છે ?
- શહેરોમાં બેરોજગારીનું પ્રમાણ કેમ વધી રહ્યું છે ?
- ખેડૂતો શા માટે આત્મહત્યા કરી રહ્યાં છે ?
- સરકારી યોજનાઓ ગરીબો સુધી કેમ પહોંચતી નથી?
- સમાજમાં ભ્રષ્ટાચાર કેમ વધી રહ્યો છે ?
- બળાત્કાર અને છેડતી વધવા પાછળનાં કારણો કયા છે ?
- સ્ત્રી ભ્રુણ હત્યા વધવા પાછળ સમાજની શું માનસિકતા છે ?
- મનરેગાથી લોકોની આર્થિક સ્થિતિમાં શું બદલાવ આવ્યો છે ?
- લોકો શા માટે ઉદ્યોગોને જમીનો આપી રહ્યાં છે ?
- ખેતીમાંથી ખેડૂતોનો રસ કેમ ઘટી રહ્યો છે?

આ તમામ પ્રકારના મુદ્દાઓમાં માહિતીની સવિશેષ ભૂમિકા છે. પ્રસ્તુત એકમમાં માહિતીની વિસ્તૃત વિભાવના સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 1.1 એકમના હેતુઓ :

1. માહિતીનો અર્થ શું છે તે જાણવા મળશે.
2. માહિતીની ઉપયોગિતા અંગેની વિદ્યાર્થીઓમાં સમજણ સ્પષ્ટ થશે.
3. સંશોધનમાં માહિતીનો અસરકારક રીતે ઉપયોગ કરવો તે જાણવા મળશે.
4. સમાજકાર્ય સંશોધનમાં માહિતીના વિવિધ ઉપયોગ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

5. માહિતીના પ્રકારો વિશે અભ્યાસકર્તાઓને જાણકારી મળશે.

6. જ્ઞાનના આ યુગમાં માહિતીનું મહત્ત્વ સમજાશે.

7. માહિતીની વિસ્તૃત વિભાવના પ્રાપ્ત થશે.

8. વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય દરમ્યાન માહિતીની વાસ્તવિક ઉપયોગિતા જાણી શકશે.

## 1.2 માહિતી એટલે શું ?

આજનો યુગ એ માહિતીનો યુગ છે માટે દેરક ક્ષેત્રમાં માહિતીની ઉપયોગિતા વધતી જાય છે. માહિતી વગર કોઈ પણ કામ શક્ય નથી. જેમકે, મારે અમદાવાદથી સુરત જવું છે. તો સુરત જવા માટે કઈ રીતે જવું ? બસ, ટ્રેન કે પછી ખાનગી વાહન. બસ કે ટ્રેનનો સમય, કેટલું અંતર છે ? બસસ્ટેશન કે રેલ્વે સ્ટેશને પહોંચ્યા પછી નિર્ધારીત કરેલી જગ્યાએ કઈ રીતે પહોંચવું ? ઓટો-રીક્ષા કે ટેક્ષી ક્યાંથી મળશે ? અંદાજિત શું ભાડું થશે ? આ બધા જ મુદ્દાઓ વિષયક માહિતી કે જાણકારી હોવી જરૂરી છે. આ માહિતી વગર અમદાવાદથી સુરત પહોંચી શકાય ? આમ આ દૃષ્ટિએ આપણે જે મુદ્દા કે વિષય ઉપર કામ કરવા માંગીએ છીએ તેના વિશેની પાયાની માહિતી આપણી પાસે હોવી જરૂરી છે. માહિતી વગર આપણે એક ડગ પણ આગળ વધી શકતા નથી અને જો વધીએ તો દિશા વગર ગમે ત્યાં જવાય. આપે નીકળ્યા હોય સુરત જવા અને પહોંચી જવાય સુરેન્દ્રનગર અને અંતે, માહિતીના અભાવે સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય. આ વાત થઈ આપણા વ્યાવહારિક જીવનની. વ્યાવહારિક જીવનની માફક વિકાસના જુદા જુાદ ક્ષેત્રોમાં પણ માહિતીની ઘણી ઉપયોગિતા છે.

આપણે જ્યારે સમાજકાર્ય સંશોધન કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ કયા વિષય ઉપર સંશોધન કરવું તે માટે વિષયની પસંદગી કરવામાં આવે છે. સંશોધન માટે વિષયની પસંદગી કરવામાં આવે છે. સંશોધક સૌ પ્રથમ આ માટે સંશોધન યોજના તૈયાર કરે છે. આ સંશોધન યોજનામાં સંશોધકે પોતે જે વિષય ઉપર સંશોધન કરવા માંગે છે તેનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. જેમકે, અત્યારે ઔદ્યોગિક વિકાસ માટે સરકાર જુદા જુદા પ્રકારની જમીનોનું સંપાદન કરી રહી છે, કોઈક સંશોધક હાલની વર્તમાન સ્થિતિનો જો અભ્યાસ કરવા માંગતા હોય તો આ સંશોધકની પાસે સૌ પ્રથમ,

- જે જમીન ઉદ્યોગોની સ્થાપના માટે પસંદ કરવામાં આવે છે, તે જમીન ઉત્પાદક છે કે પછી બિનઉત્પાદક
- જમીન સરકારી છે કે ખાનગી ?
- જમીન કયા પ્રકારની છે ? (કાળી જમીન, રેતાળ જમીન, ગોરાળુ જમીન)

- આ જમીનમાં મુખ્ય કેટલાં પાક થતાં હતાં ?
- ખેડૂતોને ખેતીમાંથી કેટલી વાર્ષિક આવક પ્રાપ્ત થતી હતી ?
- જમીન સંપાદનમાં પરિણામે કેટલા લોકો રોજગરી વિહોણા બનેલા છે ?
- હાલ જમીન ગુમાવનારા ખેડૂતોની આવકનું મુખ્ય સાધન શું છે ?
- કેટલા ખેડૂતોએ પોતાની જમીન સંપાદન થયા પછી અન્ય જગ્યાએ જમીન રાખેલ છે ?
- જમીન સંપાદન વખતે શું ભાવ ખેડૂતોને મળ્યો હતો ?
- નવી જગ્યાએ જમીન રાખી છે, ત્યાં શું કિંમત છે ?
- જમીન સંપાદનના પરિણામે ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતમાં શું પરિવર્તન આવ્યું છે ? તે મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

ટૂંકમાં, સંશોધનનાં વિષયના સંદર્ભમાં સંશોધક પાસે પૂરતી માહિતી હોવી જરૂરી છે. સમાજકાર્ય સંશોધનમાં આગળ વધતા સંશોધકો પાસે માહિતી વિશેની પૂરતી જાણકારી હોવી જરૂરી છે.


અંગ્રેજીમાં માહિતી માટે DATA શબ્દ વપરાય છે. DATA શબ્દનો વિશેષ અર્થ છે, પરંતુ, આજકાલ માહિતી શબ્દ વધારે પ્રચલિત બન્યો છે. DATA શબ્દનો સીધો અર્થ તારણ કે નિષ્કર્ષ કાઢવા માટેની આધારભૂત માહિતી એવો થાય છે. ઉપરાંત અંગ્રેજીમાં Information શબ્દ પણ લોકો પ્રયોજે છે. Information નો સીધો અર્થ જ્ઞાન, માહિતી, ખબર, બાતમી વગેરે થાય છે. માહિતીની વિભાવના સમજવા માટે આ શબ્દોની પૂરતી જાણકારી સંશોધકને હોવી જરૂરી છે. આ દૃષ્ટિએ અહીં માહિતીની વિસ્તૃત વિભાવના સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 1.3 માહિતીનો અર્થ

માહિતીનો અર્થ વિસ્તૃત અને વિશાળ છે. સામાન્ય રીતે વિવિધ ઘટનાઓ, પ્રસંગો, બનાવો, હકીકતો, વિશેની જાણકારીને માહિતી તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સંશોધનમાં જુદા જુદા વિદ્વાનોએ માહિતીની અલગ-અલગ વ્યાખ્યાઓ આપી છે. સંશોધનમાં માહિતી શબ્દ ખૂબ વિશાળ અર્થમાં વપરાય છે. કેટલાંક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યા નીચે મુજબ છે:

**- શ્રીમતી યંગ :**


અભ્યાસ અને વિશ્લેષણના આધાર તરીકે કામમાં આવતી સંશોધન વિષયને આનુષંગિક બધી જ ભૂતકાલીન અને વર્તમાન વિગતોની માહિતી કહેવાય.




માહિતીમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે માટે જોહન ડોલાર્ડ વગેરે જેવા લેખકો માહિતીને વિદ્યમાન મસાલો કે, સામગ્રી તરીકે ઓલખાવે છે; પરંતુ મહદ્અંશે જેનો વ્યાપક અર્થ એ નીકળે છે કે, માહિતી એટલે સામાજિક સંશોધન માટે ઉપયોગી એવી અભ્યાસ સામગ્રી એટલે માહિતીનો ખ્યાલ સંશોધનમાં ખૂબ જ વિશાળ છે. માટે સમાજકાર્ય સંશોધનમાં સંશોધકે ક્ષેત્રમાં પડેલ વેર-વિખેર માહિતીને એકત્ર કરી સંશોધન કાર્ય હાથ ધરવું પડે. માહિતીનો વિસ્તૃત અર્થ સંશોધકને માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન ખૂબ જ ઉપયોગી બની રહે છે.

## 1.4 માહિતીના પ્રકારો

સામાજિક સંશોધનમાં વિવિધ પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. આ જુદા જુદા પ્રકારની માહિતીને મુખ્ય બે પ્રકારમાં વહેંચવામાં આવે છે, જે અંગેની વિગત નીચે મુજબ છે:




### 1. પ્રાથમિક માહિતી :

સંશોધન પ્રક્રિયામાં પ્રાથમિક માહિતીનું ઘણું મહત્ત્વ છે. સંશોધક ઉત્તરદાતા પાસેથી જે માહિતી મેળવે છે તેને પ્રાથમિક માહિતી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. વાતાવરણ બદલાવની ખેતી ઉપરની અસર જાણવા માટે ઉત્તરદાતા તરીકે ખેડૂતો પસંદકર્યા હોય તો ખેડૂતો પાસેથી એકત્રિત કરવામાં આવતી માહિતી પ્રાથમિક માહિતી તરીકે ઓળખવામાં આવે છે.


### 2. ગૌણ માહિતી :

ગૌણ માહિતીને દ્વિતીય માહિતી (Secondary Data) તરીકે ઓળખવામાં આવે છે. આ માહિતી

જુદા જુદા પ્રકારના દસ્તાવેજોમાંથી મેળવાવમાં આવે છે. જેમાંથી માહિતી મેળવવામાં આવે છે તેને ગૌણ માહિતી કહી શકાય. દા.ત. વાતાવરણ બદલાવ અંગેની માહિતી ગ્રંથાલય, જુદા અહેવાલો, અભ્યાસો, સામયિકો કે દસ્તાવેજોમાંથી એકત્રિત કરવામાં આવે તે માહિતીને ગૌણ માહિતી તરીકે ઓળખવામાં આવે છે.

## 1.5 પ્રાથમિક માહિતી એટલે શું ?

પ્રો. રોબર્ટસ અને રાઈટ્સના જણાવ્યા અનુસાર અમુક સંશોધન સમસ્યાનો ચોક્કસ હેતુ માટે એકઠી કરવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી (Primary Data) કહેવાય છે.




સંશોધન હેતુ માટે ક્ષેત્રીય સ્ત્રોતોમાંથી મેળવવામાં આવેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય. ક્ષેત્રિય સ્ત્રોતમાંથી માહિતી મેળવવાની પ્રક્રિયામાં સંશોધક અને ઉત્તરદાતા વચ્ચે સંબંધ સ્થાપિત થતો હોવાના પરિણામે ચોક્કસાઈપૂર્ણ માહિતી મેળવી શકાય છે.

સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રિય સ્ત્રોતનું ઘણું મહત્ત્વ છે. આ ક્ષેત્રિય સ્ત્રોતો જટિલ સમસ્યાઓના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી બની રહે છે. જેમકે, પીવાના પાણીની સમસ્યાના ઉકેલમાં મહિલાઓની જવાબદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અત્યારે વાસ્મો સંસ્થા દ્વારા ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિની રચના કરવામાં આવે છે. પાણી સમિતિમાં મહિલાઓની ભૂમિકા શું છે ? મહિલાઓ પાણી સમિતિમાં કેમ વધુ સક્રિય છે ? આ ઉપરાંત પાણીના પ્રશ્ને મહિલાઓની દરમ્યાનગીરીથી અસરકારક પરિણામો કેમ મળે છે ? આ બધા સાવલોના જવાબ માહિતી મેળવાવની પ્રક્રિયા દરમ્યાન સંશોધક કરે છે. જેના પરિણામે કોઈપણ અઘરા કે અટપટા મુદ્દાને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા અસરકારક રીતે સમજી શકાય છે.


પ્રાથમિક માહિતી મેળવવા સંશોધકે ફિલ્ડમાં જાતે જવું પડે છે. જેના પરિણામે વાસ્તવિક અનુભવ થાય છે. ઉત્તરદાતાની જે-તે મુદ્દા આધારિત માનસિકતા શું છે તે સમજી શકાય છે. તેના મનોવલણો જાણી શકાય છે. તેના મોઢા પરના હાવ-ભાવ ઉપરથી વાસ્તવિક સ્થિતિ વિશેનો અંદાજ જાણી શકાય છે. સંશોધનમાં માહિતી મેળવવા માટે નિરીક્ષણ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત. જમીન સંપાદન વખતે કેવી લાગણી થઈ હતી ? આ પ્રકારના સવાલ વખતે સંશોધક ઉત્તરદાતાનું

જમીન ગુમાવ્યાનું દુઃખ પોતે જોઈ શકે છે. સંશોધન પ્રક્રિયામાં પ્રત્યક્ષ જોવાથી ઘણું શીખી શકાય છે. આ દૃષ્ટિએ પ્રાથમિક માહિતીનું મહત્ત્વ ઘણું વધી જાય છે. ઉત્તરદાતા પાસેથી વિશ્વસનીય માહિતી મેળવી શકાય છે.

## 1.6 પ્રાથમિક માહિતીના સ્રોતો :

જે વિસ્તારમાં સંશોધન કરવાનું છે તે સંશોધન ક્ષેત્ર પોતે જ પ્રાથમિક માહિતીનું મુખ્ય સ્રોત છે. જેમાં જે સમસ્યાના સંદર્ભમાં અભ્યાસ કરવાનો છે તે સમસ્યાના અસરગ્રસ્તો કે જેને આપણે સંશોધનની પરિભાષામાં ઉત્તરદાતા કહીએ છીએ તે છે. સંશોધનના જે-તે ક્ષેત્રમાંથી માહિતી મેળવવા માટે સંશોધકે ઉત્તરદાતા કે માહિતી દાતાનો સંપર્ક કરવો પડે છે. માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ, અનુસૂચિ, નિરીક્ષણ કે, મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવે છે. દા.ત. સંશોધક જમીન સંપાદનના મુદ્દે સંશોધનકાર્ય માટે જમીન સંપાદનની પ્રક્રિયાનો ભોગ બનેલા જુદા જુદા લોકો માહિતી દાતા બને છે.




આમ, જમીન સંપાદનના મુદ્દાને સમગ્રતાના દૃષ્ટિકોણથી તપાસવા માટે તમામ અસરગ્રસ્તોને મળી જમીન સંપદાનના પરિણામે ઊભી થયેલ અસરોને તપાસી શકે છે.


## 1.7 ગૌણ માહિતીનો અર્થ

1. પ્રો. રોબર્ટસન અને રીટના ગૌણ માહિતીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, અન્ય હેતુ માટે એકઠી કરવામાં આવેલી; પરંતુ, સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય છે.

2. ડેનીસ અને સ્ટીફન રીચરના જણાવ્યા પ્રમાણે, જેને સામાજિક સંશોધનના ચોક્કસ સંશોધન હેતુની પરિપૂર્તિ માટે એકત્ર કરવામાં આવી ન હોય તેવી પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી કે નોંધાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય.

3. પોલિંગ યંગ ગૌણ માહિતીની વ્યાખ્યા આપતા જણાવે છે કે, મૂળ સ્રોતમાંથી સંપાદિત થયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય.

આપણા દેશમાં દર દસ વર્ષે વસ્તીની ગણતરી થાય છે. તો આ વસ્તી ગણતરીના આંકડા પ્રાથમિક માહિતી છે; પરંતુ, આ વસ્તી ગણતરીના આંકડાનો સંશોધનોમાં ઉપયોગ થાય છે. અહીં આ સંશોધનમાં ઉપયોગ થયેલ માહિતી કે આંકડા એ ગૌણ માહિતી છે.




ગૌણ માહિતી આપણને ઉપરોક્ત જુદા જુદા પ્રકારના દસ્તાવેજોમાંથી મળે છે. આ ગૌણ માહિતીને દસ્તાવેજી માહિતી તરીકે પણ ઓળખવામાં આવે છે.

સંશોધનકાર્યમાં દસ્તાવેજી સ્રોતનું ઘણું મહત્ત્વ છે. કોઈપણ સમસ્યા ઉપર સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધકે દસ્તાવેજી સ્રોતોનો અભ્યાસ કરવો જરૂરી છે. જો દસ્તાવેજી સ્રોતોનો ઉપયોગ ન કરવામાં આવે તો સંશોધનકાર્ય વધારે ઉપયોગી બની શકતું નથી.

## 1.8 દસ્તાવેજી સ્રોતોનું મહત્ત્વ

1. દસ્તાવેજી સ્રોતોમાંથી મળતી માહિતી સંશોધક માટે માર્ગદર્શકનું કામ કરે છે.
2. સંશોધકે સંશોધન અભ્યાસ માટે કેવા પ્રકારની માહિતી એકત્રિત કરવાની છે તે અંગે સંશોધકને જાણકારી મળે છે.
3. દસ્તાવેજી સ્રોતોના અભ્યાસના આધારે સંશોધકોના વિવિધ ખ્યાલો, માન્યતાઓ અને ઉત્કલ્પનાઓનું પરીક્ષમ કરવામાં ઉપયોગી બની રહે છે.
4. સંશોધકને સંશોધન અંગેની યોજનાના ઘડતરમાં દસ્તાવેજી સ્રોતો ઘણાં ઉપયોગી છે.
5. દસ્તાવેજી સ્રોતોથી સમયનો બચાવ થાય છે. પ્રત્યક્ષ માહિતી લેવા માટે જવું પડતું નથી.

6. દસ્તાવેજી સ્રોતોના આધારે સંશોધકની દૃષ્ટિ ચોક્કસ દિશા તરફની બની રહે છે.

7. જુદા જુદા પ્રકારની માહિતીની તુલના માટે દસ્તાવેજી માહિતી ખૂબ ઉપયોગી બની રહે છે.

8. દસ્તાવેજી માહિતીનાં ઉપયોગનાં પરિણામે સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય અટકાવી શકાય છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

1. અંગ્રેજીમાં માહિતી માટે કયો શબ્દ વપરાય છે ?

   (A) BETA (B) DETA

   (C) DATA (D) SETA

2. માહિતીના પ્રકાર કેટલા છે ?

   (A) એક (B) ત્રણ

   (C) બે (D) ચાર

3. ગૌણ માહિતી ક્યાંથી મેળવવામાં આવે છે ?

   (A) ગ્રંથાલય (B) જુદા જુદા અહેવાલ

   (C) સામાયિકો (D) ઉપરોક્ત તમામ

4. પ્રાથમિક માહિતી કઈ રીતે મેળવવામાં આવે છે ?

   (A) અનુસૂચિ દ્વારા (B) પ્રશ્નાવલિ દ્વારા

   (C) મુલાકાત દ્વારા (D) ઉપરોક્ત તમામ

5. પ્રાથમિક માહિતીના સ્રોત કયા છે ?

   (A) બાળકો (B) મહિલાઓ

   (C) પુરુષો (D) ઉપરોક્ત તમામ

## 1.10 ઉપસંહાર

સમાજકાર્ય સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ માહિતીનું એક આગવું મહત્ત્વ અને મૂલ્ય છે. પ્રાથમિક માહિતીનો મુખ્ય સ્રોત ક્ષેત્રીય સ્રોતો જેમાં સંશોધક દ્વારા ઉત્તરદાતાની પાસે જઈને પ્રાથમિક માહિતી જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરી મેળવવામાં આવે છે. પ્રાથમિક માહિતી સમસ્યા સંબંધિત હકીકતોની શોધ કરવા માટે ઘણી ઉપયોગી બની રહે છે. આ હકીકતલક્ષી માહિતી જુદા જુદા પ્રકારની નીતિઓનું ઘડતર કરવામાં, જુદા જુદા પ્રકારના સિદ્ધાંતો સ્થાપવા માટે ઉપયોગી બની રહે છે. સંશોધન માટે જ્યારે, સંશોધકને કોઈપણ જગ્યાએથી માહિતી ન મળે ત્યારે પ્રાથમિક માહિતી મેળવવો અનિવાર્ય બની જાય છે. પ્રાથમિક માહિતી સંશોધક પ્રત્યક્ષ ઉત્તરાદાતાની રૂબરૂ મુલાકાત મેળવી માહિતી એકત્ર કરે છે. જેના પરિણામે આ માહિતીની વિશ્વસનીયતા ખૂબ વધી જાય છે. આમ, આ રીતે જોઈએ તો પ્રાથમિક માહિતીમાં ગૌણ માહિતીની સરખામણીમાં ભૂલો થવાની શક્યતા ઓછી છે. માટે આ

માહિતીને વધારે આધારભૂત માહિતી કહી શકાય.

માહિતીની મહત્ત્વની બીજી બાજુએ ગૌણ માહિતી છે. ઉપયોગિતાની દૃષ્ટિએ ગૌણ માહિતીનું ઘણું મહત્વ છે. સંશોધનકાર્યની શરૂઆત કરતાં પહેલાં ગૌણ માહિતીનું અધ્યયન સંશોધનકાર્યની શરૂઆત કરતાં પહેલાં ગૌણ માહિતીનું અધ્યયન સંશોધકને દિશાસૂચન કરવાનું કામ કરે છે. આમ, પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી એ સંશોધક માટે ખૂબ ઉપયોગી છે.

## 1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (3) DATA
2. (3) બે
3. (4) ઉપરોક્ત તમામ
4. (4) ઉપરોક્ત તમામ
5. (4) ઉપરોક્ત તમામ

## 1.12 ચાવીરૂપ શબ્દો

1. **માહિતી :** સામાજીક અભ્યાસમાં ઉપયોગી એવી માહિતી સામગ્રી.
2. **પ્રાથમિક માહિતી :** ઉત્તરદાતા પાસેથી મેળવવામાં આવતી માહિતી.
3. **ગૌણ માહિતી :** આ માહિતી ગ્રંથાલય, પુસ્તકો, સામાયિકો, લેખો, સંશોધનમાંથી લેવામાં આવે છે.

## 1.13 સ્વાધ્યાય લેખન

1. માહિતીનો અર્થ અને વ્યાખ્યા સ્પષ્ટ કરો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

2. માહિતીના પ્રકારો જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

3. માહિતીના સ્ત્રોત ઉદાહરણ સાથે જણાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

4. સમાજકાર્ય સંશોધનમાં દસ્તાવેજી સ્ત્રોતનું મહત્ત્વ સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 1.14 પ્રવૃત્તિ

1. માહિતીના પ્રકારો દર્શાવતો ચાર્ટ બનાવો.
2. માહિતીના સ્ત્રોત દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.

## 1.15 કેસસ્ટડી

1. ગ્રામીણ લોકોની આરોગ્ય પરિસ્થિતિ પર ગૌણ માહિતી પ્રાપ્ત કરી દર્શાવો.
2. માહિતીમાં સમાવિષ્ટ બાબતોનું લીસ્ટ તૈયાર કરો.

## 1.16 સંદર્ભ સૂચિ


1. સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર : ડૉ. આર. એસ. પટેલ

   જય પબ્લિકેશન, ઓગણજ, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ - 2015

2. સામાજિક સંશોધન પધ્ધતિ : ડૉ. અરવિંદરાય નારણજી દેસાઈ

   યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, દ્વીતીય આવૃત્તિ - 1992

3. શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર : ડી. એ. ઉચાટ

   રાજકોટ, પ્રથમ આવૃત્તિ - 2009

4. સામાજિક સંશોધનની પદ્ધતિ : પ્રો. એ.જી. શાહ
પ્રો. જે. કે. દવે
અનડા પ્રકાશન, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ- 2008

5. સમાજકાર્ય સંશોધન : ડૉ. તૃપ્તિ એસ. કપુરીયા
ડૉ. જજ્ઞેશ બી. તાળા
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
પ્રથમ આવૃત્તિ - 2011

# એકમ–2 પ્રાથમિક માહિતી એકત્રિત કરવાની પ્રયુક્તિઓ/ઉપકરણો

## : એકમનું માળખું :

**2.0 પ્રસ્તાવના**

**2.1 એકમના હેતુઓ**

**2.2 પ્રાથમિક માહિતી એકત્ર કરવાની વિવિધ પદ્ધતિઓ**

**2.3 તમારી પ્રગતિ ચકાસો**

**2.4 ઉપસંહાર**

**2.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.6 ચાવીરૂપ શબ્દો**

**2.7 સ્વાધ્યાય લેખન**


**2.8 પ્રવૃત્તિ**

**2.9 કેસસ્ટડી**

**2.10 સંદર્ભગ્રંથ**

## 2.0 પ્રસ્તાવના

સંશોધક જેની પાસે જઈને જે માહિતી એકત્ર કરે છે તેને પ્રાથમિક માહિતી કહેવાય. સમાજકાર્ય સંશોધનમાં પ્રાથમિક માહિતીનું ઘણું મહત્ત્વ છે. સંશોધક માહિતદાતા પાસે જઈને વ્યવસાયિક સંબંધો વિકસાવે છે. સંશોધક પોતાના સંશોધનના મૂળ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને ઉત્તરદાતા સાથે ચર્ચા વિચારણા કરે છે. આમ, ઉત્તરદાતાનો વિશ્વાસ સંપાદિત કરી તેની પાસેથી માહિતી મેળવે છે. એટલે અન્ય માહિતીના સ્રોતો કરતાં પ્રાથમિક માહિતીના સ્રોતોનું મહત્ત્વ વધી જાય છે. સંશોધક ઉત્કલ્પનાનું નિર્માણ કર્યા પછી ઉત્તરદાતાની પાસે જઈને વિશ્વસનીય અને આધારભૂત માહિતી એકત્ર કરે છે.



સંશોધન કાર્યમાં સંશોધનના જુદાં જુદાં સોપાનોનું એક આગવું મહત્ત્વ છે. સંશોધનની સફળતાનો મહત્તમ આધાર પ્રયુક્તિની પસંદગી ઉપર રહેલો છે. સંશોધનના વિષયને અનુરૂપ જુદી જુદી પ્રયુક્તિની પસંદગી કરવી પડે છે. જેમકે, અભણ ઉત્તરદાતા હોય તો પ્રશ્નાવલી પ્રયુક્તિ કામ ન લાગી શકે. આ માટે અનુસૂચિનો ઉપયોગ કરવો પડે. સંશોધક જે મુદ્દે સંશોધનકાર્ય હાથ ધરે છે તે મુદ્દે તપાસ કરવાના સાધનો અસરકારક હોવા જરૂરી છે. જો આ સાધનો ધારદાર ન હોય તો સંશોધન પાછળનો મૂળ હેતુ સિદ્ધ થતો નથી.આ માટે સંશોધનના હેતુઓની પરિપૂર્તી માટે માહિતી મેળવાવની પ્રયુક્તિ બરાબર હોવી જરૂરી છે. સંશોધન અંગેનું વિષયવસ્તુ, અને તેના હેતુ / ઉદ્દેશોના સંદર્ભમાં વિચાર કરીને પ્રાથમિક માહિતી મેળવવાની જુદી જુદી પ્રયુક્તિઓની પસંદગી કરી જરૂરી છે. સંશોધન વિશેની ઉત્કલ્પનાનું નિર્માણ કરતી વખતે અને ત્યારપછી સંશોધન યોજના બને તે વખતે પ્રયુક્તિનીપસંદગી અંગે વિચારણા કરી સંશોધન કાર્ય હાથ ધરવું જોઈએ.

## 2.1 એકમના હેતુઓ

1) પ્રાથમિક માહિતી એટલે શું, તે અંગે જાણવા મળશે.

2) પ્રાથમિક માહિતીમાં સમાવિષ્ટ બાબતો વિશેની માહિતી અને જાણકારી પ્રાપ્ત થશે.

3) સમાજકાર્ય સંશોધનમાં પ્રાથમિક માહિતીની ઉપયોગિતા સમજાશે.

4) પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી વચ્ચેનો તફાવત સમજાશે.

5) પ્રાથમિક માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિઓ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

6) ભાવિ સંશોધનકર્તાઓને પ્રાથમિક માહિતીની વિસ્તૃત વિભાવના સંબંધી સૈદ્ધાંતિક સમજણ પ્રાપ્ત થશે.

7) સંશોધનના વિવિધ સોપાનો / પગલાંમાં પ્રયુક્તિની પસંદગીનું વિદ્યાર્થીઓ મહત્ત્વ સમજશે.

8) અભ્યાસકર્તાઓ સમાજકાર્ય સંશોધનને વધુ અસરકારક બનાવવા પ્રયુક્તિની પસંદગીની કાળજીપૂર્વક વિચારણા કરતા થશે.

## 2.2 પ્રાથમિક માહિતી એકત્રિકરણના વિવિધ ઉપકરણોનો ટૂંકમાં પરિચયઃ

### 2.2.1 પ્રશ્નાવલિ ઉપકરણ :

સંશોધનમાં માહિતી મેળવવા માટે ખૂબ જ અગત્યનું આ ઉપકરણ છે. સંશોધનમાં જ્યાં નિરીક્ષણ પ્રયુક્તિ જેવી બીજી પ્રયુક્તિઓ કામે લાગતી નથી ત્યાં પ્રશ્નાવલિ પ્રયુક્તિ ખૂબ જ અસરકારક છે. પ્રશ્નાવલિ પ્રયુક્તિમાં સામાન્ય રીતે સંશોધક જે વિષય પર સંશોધકે સંશોધન કરવાનું છે તે વિશેના પ્રશ્નોની રચના કરવામાં આવે છે. પ્રશ્નાવલિ ઉપકરણનો ઉપયોગ વ્યાવહારિક જીવન અને ઘડતરમાં પણ કરીએ છીએ. જેમકે, છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી જુદા જુદા પ્રકારની વિગતો

ભરે છે આવું નોકરી મેળવવા, શિક્ષણ ક્ષેત્રે જુદી જુદી શાળા કોલેજમાં પ્રવેશ મેળવવા માટે આ ઉપકરણનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે.

**પ્રશ્નાવલી એટલે શું?**

ગુડે અને હટ્ટ પ્રશ્નાવલિની વ્યાખ્યા આપતાં જણાવે છે કે પત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોનાં ઉત્તરો મેળવવાની એક પ્રયુક્તિ એટલે પ્રશ્નાવલી.

સેમફોર્ડ લેકો વિટ્ઝ અને રોબર્ટે હેગેડોર્ને પ્રશ્નાવલીની વ્યાખ્યા આપતા જણાવે છે કે, પ્રશ્નાવલિ એ શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું એક પત્રક છે. આ પત્રકમાં ઉત્તરદાતા પોતે જ પ્રશ્નોના ઉત્તરો લખે છે.

પ્રશ્નાવલિ એ સામાન્ય રીતે રૂબરૂ કે ટપાલ દ્વારા પણ મોકલાવી શકાય છે. આ એકદમ સગવડભર્યુ ઉપકરણ છે. પૈસાનો પણ બચાવ થાય છે. તેને પ્રશ્નાવલિનાં વિવિધ પ્રકારો છે. પ્રતિબંધિત, અપ્રતિબંધિત, પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રશ્નાવલિ એમ ચાર પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય.

પ્રતિબંધિત પ્રશ્વાવલી એટલે જે પ્રશ્નો પૂછવામાં આવે છે. તેનાં જવાબો માટેનાં વિકલ્પો તેમાં મુકવામાં આવેલા હોય છે. જ્યારે અપ્રતિબંધિતમાં પ્રશ્નોને ખુલ્લા રાખવામાં આવે છે. જેમાં પ્રશ્ન અંગે ઉત્તરદાતાને જે જવાબ આપવો હોય તે આપવાની મોકળાશ રહે છે.

- પ્રશ્નાવલિમાં નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાય ?
- તમારી પાસે કેટલી જમીન છે ?
- તમારી જમીન કયા પ્રકારની છે ?
- તમે આ જમીનમાં વાર્ષિક કેટલા પાક લો છો ?
- ખેતીમાંથી તમને કેટલી વાર્ષિક આવક પ્રાપ્ત થાય છે ?

આમ, આ રીતે જે વિષયનાં સંદર્ભે માહિતી મેળવવાની છે તે મુદ્દાને ધ્યાનમાં રાખીને બંધ પ્રકારના સવાલો, અને મુક્ત સવાલો પૂછી શકાય. આ ઉપકરણની મર્યાદા એ છે કે, આ ઉપકરણ ફક્ત શિક્ષિત ઉત્તરદાતાઓ પૂરતુ જ સીમિત છે. અભણ ઉત્તરદાતાઓને આ ઉપકરણમાં સામેલ કરી શકતા નથી.

**પ્રશ્નાવલિનાં સ્વરૂપ :**

સંશોધક માહિતીદાતા પાસેથી માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નો પૂછવા માટેની યાદી બનાવી પ્રશ્નાવલિનાં રૂપમાં તેની રચના કરે છે. પ્રશ્નાવલિની રચના વખતે સંશોધક કેટલાંક પ્રશ્નો ખુલ્લા રાખે છે, કેટલાંક પ્રશ્નો નિશ્ચિત પ્રકારના એટલે કે વિકલ્પો સાથેના અને ક્યારેક જુદા જુદા ચિત્રોનાં માધ્યમથી પ્રશ્નો પૂછવાનો પ્રયાસ કરે છે. એ રીતે પ્રશ્નાવલિના ઉપકરણને ત્રણ ભાગમાં વહેંચી શકાય.

1) નિશ્ચિત જવાબી

2) મુક્ત જવાબી

3) આકૃતિ કે ચિત્રોવાળી પ્રશ્નાવલિ

**1) નિશ્ચિત જવાબી પ્રશ્નાવલી :**

આ પ્રકારની પ્રશ્નાવલિમાં સંશોધક માહિતીદાતાને જે પ્રશ્નો પૂછે છે તેમાં પ્રશ્નોનાં જવાબ માટે વિકલ્પો આપે છે. જેમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી માહિતીદાતા કરી માહિતી આપે છે. આ પ્રશ્નાવલી હેતુ લક્ષી પ્રકારની હોય છે. જેમાં ઉત્તરદાતાને સાચો લાગે તે વિકલ્પ પસંદ કરે છે.

2) મુક્ત જવાબોવાળી પ્રશ્નાવલી આ પ્રકારની પ્રશ્નાવલીમાં સંશોધક માહિતદાતાને પ્રશ્નો પૂછે છે પણ તેના જવાબો માટેનાં વિકલ્પો આપતા નથી. આથી પ્રશ્નનાં સંદર્ભમાં માહિતીદાતાને યોગ્ય લાગે અને પોતાની કોઠા સૂઝ મુજબ જવાબ આપે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં માહિતીદાતાનો સચોટ દૃષ્ટિકોણ પ્રાપ્ત થવાની શક્યતા રહે છે.

3) આકૃતિ કે ચિત્રોવાળી પ્રશ્નાવલી સંશોધનમાં ઘણી વખત સંશોધક માહિતીદાતા પાસેથી માહિતી એકત્રિત કરવા માટે જુદી આકૃતિ કે ચિત્રોનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરે છે. જેમકે સહભાગી સૂક્ષ્મ મોજણીથી માહિતી એકત્રિત કરવા માટે સંશોધક મોજણી માટેની જુદી જુદી ટેકનિકનો ઉપયોગ કરે છે જેમાં ખાસ કરીને માહિતીદાતા પાસેથી વિષયના સંદર્ભમાં આકૃતિ કે ચિત્રો દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે.

ઉપરોક્ત મુજબ પ્રશ્નાવલીનાં વિવિધ સ્વરૂપો છે. સંશોધક પોતાની અનુકૂળતા મુજબ યોગ્ય સ્વરૂપનો ઉપયોગ કરે છે.

**પ્રશ્નાવલિના લાભાલાભ :**

પ્રશ્નાવલિથી માહિતી એકત્રિત કરવામાં કેટલાક ફાયદાઓ પણ છે અને મર્યાદાઓ પણ છે, જેને સંશોધકે ધ્યાનમાં રાખવા જોઈએ. પ્રશ્નાવિલનાં લાભ નીચે મુજબ છે:

1) સર્વેક્ષણ માટે માહિતી એકત્રિત કરવાની હોય ત્યાં પ્રશ્નાવલિ ઉપયોગી નિવડે છે.

2) પ્રશ્નાવલિમાં માહિતીદાતા માહિતી ભરીને મોકલે છે. આથી, સંશોધકનો સમય બચી જાય છે.

3) દૂર રહેતા પાત્રો પાસેથી માહિતી મેળવી શકાય છે.

4) નમૂનાનું કદ મોટું રાખી શકાય છે.

5) માહિતીદાતા સમજી વિચારીને પોતાની અનુકૂળતા માહિતી પ્રમાણે

6) પ્રશ્નાવલિથી માહિતી એકત્રિત કરવામાં ખર્ચ ઓછો લાગે છે.

**પ્રશ્નાવલિના મર્યાદા :**

1) અભણ કે નાના બાળકો પાસેથી પ્રશ્નાવલિ દ્વારા માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી.

2) પ્રશ્નાવલિમાં ક્યારેક માહિતીદાતા માહિતી અધૂરી પણ આપે છે.

3) માહિતીદાતાને માહિતી આપવામાં રસ ન હોય તો માહિતી ઉપર છલ્લી જ પ્રાપ્ત થાય છે.

4) માહિતીદાતા ઘણી વખત લેખિત માહિતી આપવાનું ટાળતા હોય છે.

5) સંશોધકે પ્રશ્નાવલીમાં સમાવિષ્ટ કરેલા પ્રશ્નો અંગે કોઈપણ જવાબ મળવાની શક્યતા રહેલી છે.

6) ક્યારેક માહિતીદાતાઓ સંશોધકને ધ્યાનમાં રાખી માહિતી આપતા હોય છે.

આમ, પ્રશ્નાવલિથી માહિતી એકત્રિત કરવાના ફાયદા અને મર્યાદાઓ છે.

**અનુસૂચિત મુલાકાત :**

અનુસૂચિ એ સમાજકાર્ય સંશોધનમાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રશ્નાવલિ અને અનુસૂચિમાં ફરક એ છે કે અનુસૂચિ સંશોધક જાતે ભરે છે જ્યારે પ્રશ્નાવલિ સંશોધન ટપાલ દ્વારા ઉત્તરદાતાને માહિતી માટે મોકલી આપે છે. પછી ઉત્તરદાતા પ્રશ્નાવલિ ભરીને સંશોધકને મોકલી આપે છે. ટૂંકમાં, અનુસૂચિ એ પ્રશ્નોનું એવું પત્રક છે કે જે ઉત્તરદાતાને રૂબરૂ મળીને સંશોધક પોતે ભરે છે. અનુસૂચિ પદ્ધતિમાં સંશોધક જાતે માહિતી ભરતા હોવાનાં કારણે ભૂલો થવાની શક્યતા પ્રમાણમાં ઓછી રહે છે. અહીં પણ પ્રશ્નાવલિની માફક સંશોધન સમસ્યાનાં સંદર્ભમાં જુદા જુદા પ્રકારના પ્રશ્નોની રચના કરવામાં આવે છે.

અનુસૂચિમાં ઉત્તરદાતાના કુટુંબ વિશેની માહિતી મેળવવાની હોય તો પ્રાથમિક માહિતીમાં નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાય.

**<u>ઉત્તરદાતાની કૌટુંબિક માહિતી</u>**

1.1 ઉત્તરદાતાનું નામ :

1.2 ઉત્તરદાતાનું સરનામું :

ગામ .............. તાલુકો.............. જિલ્લો.............

1.3 ઉંમર

1.4 જાતિ : સ્ત્રી ........ પુરુષ ............

1.5 શિક્ષણ - પ્રાથમિક ........... માધ્યમિક............ ઉચ્ચશિક્ષણ ............... અભણ

1.6 વ્યવસાય :

1.7 કુટુંબના સભ્યોની સંખ્યા :

1.8 કુટુંબનો પ્રકાર

1.9 માસિક આવક :

1.10 વાર્ષિક આવક

1.11 કુટુંબમાં કમાનાર સભ્યોની સંખ્યા :

1.12 મકાનનો પ્રકાર : કાચું મકાન............. પાકું મકાન........... ઝૂંપડી ............

આ રીતે સંશોધનનાં ઉદ્દેશોને અનુરૂપ અનુસૂચિનું ઘડતર કરી ઉત્તરદાતાની પાસેથી માહિતી મેળવી શકાય. માહિતી એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચિમાં માધ્યમથી સંશોધન કર્તા માહિતીદાતા સાથે આમને સામને બેસીને માહિતી એકત્રિત કરે છે. આથી, મુલાકાત અનુસૂચિ ને નિશ્ચિત જણાવી અને મુક્ત જવાબી રાખી શકે છે અને જરૂર જણાય ત્યાં આકૃતિ કે ચિત્રનો પણ ઉપયોગ કરી શકે છે.

### 2.2.2 મુલાકાત પદ્ધતિ (Interview Method)

સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાના ઉપકરણ તરીકે મુલાકાત પદ્ધતિનું ઘણું મહત્ત્વ છે. મુલાકાત પદ્ધતિમાં મુલાકાત લેનાર અને મુલાકાત આપનાર એમ બે પક્ષો હોય છે. મુલાકાત લેનાર વ્યક્તિ પ્રશ્નો પૂછે છે અને મુલાકાત આપનાર વ્યક્તિ પ્રશ્નોના જવાબ આપે છે. જ્યાં પ્રમાણમાં શિક્ષણ ઓછું છે નિરક્ષરોનું પ્રમાણ વધારે હોય તેવા વિસ્તાર માટે મુલાકાત પદ્ધતિ ઘણી ઉપયોગી બને છે. ખાસ કરીને વૈશ્વિક ફલક પર વાત કરીએ તો વિકસતા અને અલ્પવિકસિત દેશોમાં વ્યાપક પ્રમાણમાં આ ઉપકરણ વાપરવામાં આવે છે.

**મુલાકાત એટલે શું ?**

મોકર અને કાલટન મુલાકાતની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, માહિતીદાતા પાસેથી અમુક માહિતી મેળવવાના હેતુ સાથે મુલાકાત લેનાર અને માહિતીદાતા વચ્ચે થતી વાતચીતને મુલાકાત કહેવાય.

રીચર મુલાકતા પદ્ધતિને એક પ્રકારની સંવાદની પરિસ્થિતિ તરીકે ઓળખાવે છે. મુલાકત એ સંશોધક અને માહિતીદાતા વચ્ચેની શાબ્દિક આપ-લેની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં માહિતીદાતા તરફથી મળતી નોંધ સંશોધક પોતે કરે છે.

મુલાકાત પદ્ધતિમાં સંશોધક સંશોધન વિષયના સંદર્ભમાં પહેલેથી નક્કી કરેલા પ્રશ્નોનો ક્રમબદ્ધ પૂછીને

તે માહિતી મેળવે છે. દા.ત. કોઈ સંશોધક રોજગારીના સંદર્ભે અભ્યાસ કરવા માંગે તો મુલાકતામાં નીચે મુજબનાં પ્રશ્નો પૂછી માહિતી મેળવી શકે છે:

- કુલવસ્તી કેટલી છે ?
- શિક્ષણ સ્થિતિ
- આર્થિક ઉપાર્જનના સાધનો, નોકરી, ખેતી, પશુપાલન કે અન્ય કામો.
- સ્ત્રીઓ અને પુરુષો કયા પ્રકારનાં વ્યવસાય કરે છે. કેટલા લોકોને કામ મળે છે ? કેટલા બેકાર છે ?
- ગામમાં કેટલો સમય કામ મળે છે ?
- સ્થળાંતરીત થઈને રોજગારી માટે ક્યાં જાય છે ?
- વર્ષમાં કેટલો સમય કામ મળે છે ?
- કેટલી રોજગારી મળે છે ?

મુલાકાત પદ્ધતિમાં જુદા જુદા પ્રકારે મુલાકાત કરાવામાં આવે છે. આમ, આ દૃષ્ટિએ મુલાકાતને બે રીતે વર્ગીકૃત કરી શકાય.

**મુલાકાતના પ્રકાર**

| નિદાનાત્મક મુલાકાત | ઉપચારાત્મક મુલાકાત |
| --- | --- |

નિદાનાત્મક મુલાકાતમાં નામ પ્રમાણે ઉત્તરદાતાની સમસ્યા શું છે તે અંગે સમસ્યાની ઓળખ કરવામાં આવે છે. જ્યારે, ઉપચારાત્મક મુલાકાતમાં ઉપચાર ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સામાન્ય રીતે સમાજમાં વ્યક્તિ જુદી જુદી સમસ્યાઓથી પીડિત હોય છે. આવા સમયે ખાસ કરીને કૌટુંબિક પ્રશ્નોમાં કુટુંબની સમસ્યાઓનો વિસ્તૃત અભ્યાસ કરીને તેના ઉકેલના સંદર્ભમાં વિચારણા કરવામાં આવે છે. ઘણા પ્રશ્નોની સેવાર્થીને મનોચિકિત્સાની જરૂર પડે છે. વ્યક્તિ માનસિક રીતે હતાશ, નિરાશ થઈ ગઈ હોય તેવા સમયે વ્યક્તિને કાઉન્સેલિંગ પદ્ધતિનો ઉપયોગ કરી તેને સાંત્વના આપી શકાય.

મુલાકાત પદ્ધતિની વિસ્તૃત વિભાવના છે. મુલાકાત જુદા જુદા પ્રકારે કરવામાં આવે છે. કેટલીક મુલાકાત વ્યકગિત રીતે કરવામાં આવે છે જ્યારે, કેટલીક મુલાકત જૂથમાં કરવામાં આવે છે. વ્યક્તિગત મુલાકતામાં વ્યક્તિગત બાબતો ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. દા.ત. વર્તમાન સમયમાં નોટબંધીની સમાજજીવન ઉપર શું અસરો છે. આ પ્રકારના વિષયમાં મુલાકત લેનાર પ્રશ્નોની રચના કરી મુદ્દા

આધારિત માહિતી મેળવે છે જ્યારે જૂથ અથવા સમૂહ મુલાકાતમાં એક જ મુદ્દા ઉપર અલગ-અલગ વ્યક્તિઓના શું અભિપ્રાયો છે તે જાણી શકાય છે; જેમકે, નોટબંધી (રૂા. 500 અને 1000)ના કારણે આર્થિક તંત્ર ઉપર શું અસરો પડેલ છે તે અંગે જુદા જુદા પક્ષો, અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોને સાથે રાખી મુલાકાત લઈ શકાય ટી.વી. ચેનલોમાં મોટાભાગે આ પ્રકારની ચર્ચાઓ ગોઠવાતી હોય છે જેને સમૂહ મુલાકાત તરીકે ગણી શકાય.

**મુલાકાત દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો :**

સંશોધક અને માહિતીદાતા બંનેની પ્રરસ્પરની અનુકૂળતાના આધારે મુલાકાત ગોઠવવામાં આવે છે. સંશોધક જે હેતુ માટે માહિતીદાતા સાથે મુલાકાત કરે  છે તે હેતુની પરિપૂર્તિ માટે અથવા યોગ્ય રીતે માહિતી પ્રાપ્ત કરી શકાય તે માટે નીચેની બાબતો સંશોધકે ધ્યાનમાં રાખવી જોઈએ:

**1) મુલાકાત માટે જરૂરી આયોજન કરવું :**

મુલકાતા માટે જરૂરી આયોજનમાં સંશોધકે મુલાકતાનો હેતુ અને કેવા પ્રકારની માહિતી એકત્રિત કરવાની છે તેને ધ્યાનમાં રાખવું જોઈએ અને માહિતીદાતાને તેની સમજણ આપવી જોઈએ, સાથે સાથે મુલાકાત દ્વારા કેટલા માહિતીદાતા પાસેથી માહિતી એકત્રિત કરવાની છે તેનું આયોજન કરવું જોઈએ. મુલાકાત દરમ્યાન માહિતીની નોંધ કેવી રીતે કરવી તેનું પણ સંશોધકે આયોજન કરવું જોઈએ. માહિતી એકત્રિત કરતાં પહેલાં માહિતીદાતા સાથે વિશ્વાસ સંપાદન કરવું જોઈએ. જેથી સાચી માહિતી પ્રાપ્ત કરી શકાય. સાથે સાથે જે માહિતીદાતાઓ સાથે મુલાકાત કરવાની છે તેની રહેણીકરણી, સંસ્કૃતિ, ભાષા વગેરેનો પણ સંશોધકે ખ્યાલ રાખવો જોઈએ. દા.ત. ગ્રામ્ય વિસ્તારમાં લોકો સાથે મુલાકાત માટે સરળ અને સ્પષ્ટ શબ્દો અને સ્થાનિક લોકો સમજી શકે તેવી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. પોશાક પણ સાદો હોવો જોઈએ. આવી નાની નાની બાબતો સંશોધકે મુલાકાતનાં આયોજન વખતે ધ્યાનમાં રાખવી જોઈએ.

**2) મુલાકાત દરમ્યાન યોગ્ય આયોજન :**

સંશોધક અને માહિતીદાતા સાથે મુલાકાત ચાલુ હોય એ દરમ્યાન પણ સંશોધક અને માહિતીદાતાનું ધ્યાન મૂળ હેતુ ઉપર કેન્દ્રિત થાય તે ખૂબજ જરૂરી છે. માહિતીદાતા પાસેથી ક્રમબદ્ધ રીતે માહિતી મેળવી શકાય તેવી રીતે પ્રશ્નો પૂછવા જોઈએ અને માહિતીદાતા માહિતી આપવા અસહમત હોય તો તેમની પાસેથી બળજબરી કે માનસિક તણાવ ઉભો કરી માહિતી ન મેળવવી જોઈએ. માહિતી એકત્રીકરણ વખતે વાતાવરણ એકદમ સામાન્ય રહે તે રીતે મુલાકાતનો ઉપયોગ કરવો જોઈએ.

**3) મુલાકાત વખતે પ્રાપ્ય માહિતીની નોંધ :**

આ બાબત સંશોધક માટે ખુબ જ અગત્યની છે. કારણ કે, સંશોધક દ્વારા જે માહિતી મેળવવામાં આવી રહી છે તેનો ગેરઉપયોગ નહીં થાય તેની ખાતરી આપવી જોઈએ તેમજ માહિતીદાતાને શંકા ઊભી થાય તે પ્રકારે નોંધ કરવી જોઈએ નહીં. મુલાકાત દરમ્યાન સંશોધકે મુદ્દાઓને નોંધ લેવી જોઈએ જે કંઈ નોંધ કરવામાં આવે છે તેનો સ્પષ્ટ ઉદ્દેશ્ય માહિતીદાતાને આપવો જોઈએ. બને ત્યાં સુધી મુલાકત દરમ્યાન લેખિત નોંધ ઓછી કરવી, જેથી માહિતીદાતા સાથેના વાર્તાલાપમાં સાતત્યતા જળવાઈ રહે. આ ઉપરાંત જરૂર જણાય તો માહિતી એકત્રીકરણ માટેના બીજા ઉપકરણોનો પણ ઉપયોગ કરી શકાય.

ઉપર મુજબની બાબતોનો સંશોધકે મુલાકાત દરમ્યાન ધ્યાનમાં રાખવી જોઈએ. જેથી, હેતુના સંદર્ભમાં આગળ વધી શકાય.

**મુલાકાતના ફાયદા અને ગેરફાયદા :**

સંશોધકે મુલાકાતના ફાયદા અને ગેરફાયદા જાણવા જરૂરી છે. જેથી, તે યોગ્ય રીતે કામગીરી કરી શકે છે. મુલાકાતના ફાયદા અને ગેરફાયદા આ મુજબ છે:

**મુલાકતાના ફાયદા :**

1) મુલાકાતથી સંશોધક અને માહિતીદાતા વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણ ઊભું કરી શકાય છે. જેથી ગોપનીય માહિતી પણ પ્રાપ્ત થઈ શકે છે.

2) કોઈ પ્રશ્ન અંગે સ્પષ્ટતાની જરૂરિયાત હોય તો સ્પષ્ટતા કરી યોગ્ય માહિતી પ્રાપ્ત થાય છે.

3) ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકાય છે.

4) અભણ, બાળકો કે માહિતી આપવા સક્ષમ ન હોય તેમને પાસેથી પણ માહિતી મેળવી શકાય છે.

5) માહિતીદાતાની લાગણીઓ અને ભાવનાઓ સંશોધક સમજી શકે છે.

6) માહિતીદાતા માહિતી આપવાનો થાક અનુભવતો હોય તો વર્તમાન પ્રવાહને અનુરૂપ વાત કરી વાતાવરણ હળવું બનાવી શકાય છે. જેની માહિતી મેળવવાની પ્રક્રિયામાં સાતત્યતા અને સરલતા રહે છે.

**મુલાકાતના ગેરફાયદા :**

1) કેટલાંક કારણોસર માહિતી દાતા મુલાકાત આપવા તૈયાર થતા નથી.

2) ઘણા સમયની જરૂરિયાત રહે છે.

3) ક્યારેક માહિતીદાતા સંશોધકને શું ગમશે તેને ધ્યાનમાં રાખી માહિતી આપે છે.

4) ખર્ચાળ પદ્ધતિ છે.

મુલાકાતો ટૂંકાગાળાની અને લાંબા સમય માટેની પણ હોઈ શકે છે. આ તમામ બાબતો મુલાકાતોનાં હેતુઓને આધારે નક્કી કરવામાં આવે છે.

**મૂલાકાત અનુસૂચિના લાભાલાભ :**

પ્રશ્નાવલિથી માહિતી એકત્રિત કરવાનાં ફાયદા એ ગેરફાયદા છે તેમ મુલાકાત અનુસૂચિથી માહિતી એકત્રિત કરવાના પણ ફાયદા અને ગેરફાયદાઓ છે, જે આ મુજબ છે:

**મુલાકાત અનુસૂચિનનાં ફાયદાઓ :**

1) મુલાકત અનુસૂચિમાં સંશોધક માહિતીદાતા પાસેથી આામને સામે બેસીને માહિતી એકત્રિત કરતા હોવાથી પ્રશ્નનાં સંદર્ભમાં સ્પષ્ટતાની જરૂરિયાત ઊભી થાય તો સંશોધક તેની સ્પષ્ટતા કરી યોગ્ય માહિતી પ્રાપ્ત કરી શકે છે. દા.ત. આવક અને ખર્ચ તથા દેવુ અને બચતની વિગતો.

2) મુલાકાત અનુસૂચિથી સંશોધનના હેતુઓ અનુરૂપ માહિતી માહિતીદાતા પાસેથી મળવાની શક્યતા વધુ છે.

3) સંશોધનકર્તા મુલાકાત અનુસૂચિમાંથી માહિતી એકત્રિત કરતી વખતે પોતનં નિરીક્ષણનો ઉપયોગ કરી વાસ્તવિક કે તેની નજીક માહિતી પ્રાપ્ત કરી શકે છે.

4) માહિતી ઝડપથી એકત્રિત કરી શકાય છે, એટલે સમયનો બચાવ થાય છે.

5) મુલાકાત અનુસૂચિમાં સમાવિષ્ટ નથી તેવી પણ સંશોધન માટે ઉપયોગી છે. તે માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**મુલાકાત અનુસૂચિના ગેરફાયદા :**

1) માહિતી એકત્રિત કરનાર અને માહિતી આપનાર બંનેના સમયની અનુકૂળતા હોવી આવશ્યક છે. મોટાભાગે માહિતીની અનુકૂળતા મુજબ માહિતી પ્રાપ્ત કરી શકાય છે એટલે સંશોધકને સમય આયોજન મુજબ કામગીરી કરવામાં અડચણ ઊભી થાય છે.

2) ક્યારેક આકસ્મિક સંજોગોમાં માહિતીદાતા અન્ય કામમાં રોકાય જાય ત્યારે સંશોધકને માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી.

3) પ્રશ્નાવલિની સરખામણીમાં મુલાકાત અનુસૂચિત માહિતી એકત્રિત કરવામાં ખર્ચ વધુ આવે છે.

ઉપરોક્ત મુજબ મૂલાકાત અનસૂચિથી માહિતી એકત્રિત કરવાના ફાયદા અને ગેરફાયદા જોવા મળે છે.

### 2.2.3 નિરીક્ષણ

સંશોધનમાં માહિતી મેળવવાની વિવિધ ઉપકરણો પૈકી નિરીક્ષણનું આગવું મહત્ત્વ છે. નિરીક્ષણ માટે ગુજરાતીમાં અવલોકન શબ્દ વધારે પ્રચલિત છે. નિરીક્ષણ એટલે જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. રોજ-બરોજ આપણે ઘણું જોતા હોઈએ છીએ; પરંતુ, અહીં સંશોધનના મૂળ ઉદ્દેશોના સંદર્ભમાં સેવાર્થીની લાગણી, ભાવના અને મનોવલણો જાણવા પર ધ્યાન આપવામાં આવે છે. માહિતી મેળવવાની પ્રક્રિયા દરમ્યાન સેવાર્થીના શું હાવ-ભાવ છે તે જોવાની અને ચકાસવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અને સમસ્યાગ્રસ્ત સ્થિતિનું અવલોકન કરવા ઉપર ભાર મૂકવામાં આવે છે.

**નિરીક્ષણ એટલે શું ?**

સામાન્ય રીતે જોવું એટલે નિરીક્ષણ કર્યું અથવા અવલોકન કર્યું તેવો અર્થ કરવામાં આવે છે; પરંતુ તેને નિરીક્ષણ કર્યું તેમ ન કહેવાય. વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન વિજ્ઞાનમાં જ્ઞાન મેળવવા માટે નિરીક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે છે. વિજ્ઞાનમાં આંખથી જોવું એટલે નિરીક્ષણ કર્યું તેમ ન કહેવાય; પરંતુ, બનાવના સ્થળે જઈ જે-તે પરિસ્થિતિનો વિગતવાર અભ્યાસ કરી આંખ અને જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગ દ્વારા જે માહિતી પ્રાપ્ત કરે તેને નિરીક્ષણ કર્યું કહેવાય.

**નિરીક્ષણની વ્યાખ્યા :**

પોલિન યંગના જમાવ્યા પ્રમાણે નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશે માહિતી મેળવવાની પ્રક્રિયા છે. અર્થાત્ જે પરિસ્થિતિ કે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય એ ઘટના બનતી હોય ત્યારે જ ઘટના સ્થળે એ ઘટનાને જ્ઞાનેન્દ્રિયો દ્વારા જોવી અને તેને લગતી માહિતી મેળવવી તેને નિરીક્ષણ કહેવાય.

નિરીક્ષણની વ્યાખ્યા આપતાં પ્રો. ગોપાલ નોંધે છે કે, વાસ્તવમાં ઘટના કે પરિસ્થિતિને સમગ્રપણે નિકટથી હેતુ પૂર્વક જોવી તેને નિરીક્ષણ કહેવાય.

ટૂંકમાં, નિરીક્ષણ એટલે જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. તેમાં સંવેદન, ધ્યાન, પ્રત્યક્ષીકરણ સમાયેલું હોય છે.

**નિરીક્ષણનું મહત્ત્વ/ઉપયોગિતા**

1) કોઈપણ બનાવ કે ઘટના વિશેનો વાસ્તવિક ખ્યાલ આવી શકે છે.

2) જુદી જુદી સંસ્કૃતિઓના અભ્યાસમાં નિરીક્ષણ પદ્ધતિ ખૂબ ઉપયોગી બની શકે છે. દા.ત. આદિવાસી સંસ્કૃતિ

3) અભ્યાસ જેનો કરવાનો છે તે વ્યક્તિ જ્યારે જવાબ આપવા માટે તૈયાર ન હોય અથવા અસમર્થ હોય તેવા સંજોગોમાં નિરીક્ષણ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી બની રહે છે. નિરીક્ષણની ખૂબ ચોકસાઈપૂર્ણ રીતે વિશ્વસનીય માહિતી મેળવી શકાય છે.


સમાજકાર્ય સંશોધનમાં જુદા જુદા પ્રકારે નિરીક્ષણ કરવામાં આવે છે. સહભાગી નિરીક્ષણ અને અસહભાગી નિરીક્ષણ અને અર્ધસહભાગી નિરીક્ષણ એ નિરીક્ષણ પદ્ધતિના જુદાજુદા પ્રકારો છે. સહભાગી નિરીક્ષમમાં જાતને સહભાગી બનાવવાની વાત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. અસહભાગી નિરીક્ષણમાં જૂથની પ્રવૃત્તિઓનાં સહભાગી બન્યા વગર જૂથની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવાનું હોય છે. જ્યારે અર્ધસહભાગી નિરીક્ષણ પદ્ધતિમાં જરૂર પડ્યે પોતાની જાતને સામેલ કરવાની અને જરૂર ન હોય ત્યારે પોતાની જાતને પ્રેક્ષકની માફક નિરીક્ષણ કરીને માહિતી મેળવે છે. આમ, સમાજકાર્ય સંશોધનમાં નિરીક્ષણ પદ્ધતિ ઘણી ઉપયોગી બની શકે તેમ છે.

### 2.2.4 એકમ અભ્યાસ પદ્ધતિ (Case Study Method)

સામાજિક સંશોધનમાં એકમ અભ્યાસ પદ્ધતિનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. સમાજજીવનનાં જુદા જુદા પાસાઓના અભ્યાસ માટે એકમ અભ્યાસ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી બની રહે છે.

**એકમ અભ્યાસ પદ્ધતિ એટલે શું ?**

કોઈ પણ સામાજિક એકમના વિસ્તૃત અભ્યાસને એકમ અભ્યાસ કહેવાય.




આપણી ભારતીય સમાજજીવનનાં ઘણા અભ્યાસો એક કે બીજી રીતે એકમ અભ્યાસ પદ્ધતિના ઉપયોગથી થયેલા છે. એવા ઘણા સમાજશાસ્ત્રીઓ છે કે જેણે આ એકમ અભ્યાસનો ઉપયોગ કરીને નામાંકિત અભ્યાસો કરેલા છે.

આઈ.પી.દેસાઈએ "સમ અસ્પેક્ટ્સ ઓફ ફેમિલીઈન મહુવા અને વડેછી આંદોલન" એકમ અભ્યાસના ઉત્તમ ઉદાહરણો છે. આ એકમ અભ્યાસની મદદથી સામાજિક પાસાંઓનો અભ્યાસ શક્ય બને છે. વ્યક્તિ, કુટુંબ, ગામ, શહેર, જ્ઞાતિ, કારખાનું, ક્લબ, મંડળી વગેરે જેવા કોઈપણ એકમનો વિગતે અભ્યાસ કરી શકાય. સામાજિક જુદાજુદા એકમોનો સમગ્રતાથી અને ઊંડાણપૂર્વકનો અભ્યાસની મદદથી કરી શકાય છે.

### 2.2.5 ગુણાત્મક માહિતીનું એકત્રીકરણ :

સંશોધનમાં પ્રાથમિક માહિતીમાં ગુણાત્મક માહિતી એકત્રીકરણ કરવા ચર્ચા વિચારણાંમાનું મહત્ત્વનું યોગદાન છે. વિષય પસંદગીથી શરૂ કરીને અભ્યાસના અંત સુધી સતત ચર્ચા વિચારણા કરવાથી સંશોધન કાર્યને મદદ મળે છે તેમાં થતી ભૂલો સુધારી શકાય છે અને નવી બાબતોને ઉમેરીને યોગ્ય રીતે રજૂ કરી શકાય છે. ગુણાત્મક માહિતી એકત્રીકરણ માટે કેન્દ્રિત જૂથ ચર્ચા (Focus Group Discussion)અને ચાવી રૂપ માહિતી આપનાર (Key Information) પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવે છે. ગુણાત્મક માહિતીનું એકત્રીકરણ મોટાભાગે માહિતીદાતા પાસેથી પ્રાપ્ત થયેલ માહિતીને ટેકારૂપ થતી હોય છે. તેમજ તે માહિતી ચકાસણી પણ શક્ય બનતી હોય છે. આથી, સંશોધનમાં સંશોધક દ્વારા પ્રાથમિક માહિતી એકત્રીકરણની પ્રયુક્તિમાં ગુણાત્મક માહિતી એકત્રિત કરવા જુદા જુદી પ્રયુક્તિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ માહિતી પણ પ્રાથમિક માહિતી તરીકે ઓળખવામાં આવે છે.

## 2.3 તમારી પ્રગતિ ચકાસો

1. સંશોધક ઉત્કલ્પનાનું નિર્માણ કર્યા પછી ઉત્તરદાતા પાસેથી કેવી માહિતી મેળવે છે ?

   (A) વિશ્વસનીય (B) આધારભૂત

   (C) 1 અને 2 બન્ને (D) એકપણ નહીં

2. સંશોધનના ઉપકરણ કયા છે ?

   (A) પ્રશ્નાવલિ (B) મુલાકાત અનુસૂચિ

   (C) મુલાકાત (D) ઉપરોક્ત તમામ

3. 'પ્રશ્નાવલી એટલે પત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવાની એક પ્રયુક્તિ એટલે પ્રશ્નાવલી' - આ વ્યાખ્યા કોણે આપી ?

   (A) ગુડે અને હટ્ટ (B) સેમફોર્ડ લેકો

   (C) રોબર્ટ હેગેડૉન (D) ઉપરોક્ત તમામ

4. મુલાકાત એટલે શું ?

(A) માહિતી મેળવવાના હેતુથી થતી વાતચીત (B) સંવાદની પરિસ્થિતિ

(C) શાબ્દિક આપ-લેની પ્રક્રિયા (D) ઉપરોક્ત તમામ

5. નિરીક્ષણ એટલે 'વાસ્તવમાં ઘટના કે પરિસ્થિતિને સમગ્રપણે નિકટથી હેતુપૂર્વક જોવી તેને નિરીક્ષણ કહેવાય' – આ વ્યાખ્યા કોણ આપી ?

(A) પોલિન યંગ (B) પ્રો. ગોપાલ

(C) ગુડે અને હટ્ટ (D) રોબર્ટ હેગેર્ડોને

## 2.4 ઉપસંહાર :

સમાજકાર્ય સંશોધનમાં પ્રાથમિક માહિતીનું ઘણું મહત્વ છે. પ્રાથમિક માહિતીમાં સંશોધક જુદા જુદા માધ્યમો અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને માહિતી મેળવે છે. જેના પરિણામે વિશ્વસનીય માહિતી મેળવી શકાય છે. માહિતી મેળવવા માટે સંશોધક પ્રશ્નાવલિ, અનુસૂચિ, મુલાકાત, નિરીક્ષણ અને એકમ અભ્યાસ જેવા ઉપકરણોનો ઉપયોગ કરે છે. સંશોધન કરવા માટે કયા ઉપકરણનો ઉપયોગ કરવો તે મુદ્દો પણ ઘણી વિચારણા માગી લે તેવો છે. દરેક ઉપકરણનાં લાભાલાભ છે. પરંતુ જ્યાં એક ઉપકરણ અસરકારક નીવડે છે. ત્યાં બીજી અસરકારક ન પણ નીવડે, શક્તિ, નાણાં, સંશોધનના હેતુઓ સંશોધનનો વ્યાપ વિસ્તરે વગેરેને ધ્યાનમાં રાખી માહિતી એકત્રિકરણનાં ઉપકરણો પસંદ કરવામાં આવે છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (2) 1 અને 2 બન્ને
2. (4) ઉપરોક્ત તમામ
3. (1) ગુડે અને હટ્ટ
4. (4) ઉપરોક્ત તમામ
5. (2) પ્રો. ગોપાલ

## 2.6 ચાવીરૂપ શબ્દો

1. **પ્રશ્નાવલી :** પ્રશ્નોનું બનાવેલું પત્રક
2. **અનુસૂચિત મુલાકાત :** પ્રશ્નોનું એવું પત્રક કે જેમાં સંશોધક ઉત્તરદાતાને મળીને ભરે છે.
3. **મુલાકાત :** મુલાકાત એ સંશોધક અને માહિતીદાતા વચ્ચેની શાબ્દિક આપ-લેની પ્રક્રિયા છે.
4. **નિરીક્ષણ :** પરિસ્થિતિને નજીકથી સમગ્રપણે હેતુપૂર્વક જોવાની પ્રક્રિયા.
5. **કેસ સ્ટડી :** કોઈ વ્યક્તિની સમગ્ર માહિતીનો વિસ્તૃતમાં દરેક પાસાંનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.7 સ્વાધ્યાય લેખન

1. **પ્રાથમિક માહિતી એકત્ર કરવા વિવિધ ઉપકરણોમાં એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. **સંશોધન માટે માહિતી એકત્રીકરણ માટે પ્રયુક્તિની પસંદગીમાં કઈ કઈ નોંધપાત્ર બાબતોનું ધ્યાન રાખશો, તે જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. **પ્રશ્નાવલિ અને અનુસૂચિમાં શું તફાવત છે, તે જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**4. નિરીક્ષણ એટલે શું ? તેની વ્યાખ્યા આપો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 2.8 પ્રવૃત્તિ

1. શાળામાં ડ્રોપઆઉટ બાળકના કારણો અંગેની તપાસ માટે પ્રશ્નાવલીનું નિર્માણ કરો.
2. વિધવા મહિલાબેનની કેસસ્ટડી તૈયાર કરો.

## 2.9 કેસસ્ટડી

1. વ્યવસાય કરતી મહિલાઓને નડતી સમસ્યા એ વિષય ઉપર અનુસૂચિ તૈયાર કરો.
2. આદિવાસી સમાજના રીત-રિવાજો અંગે નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કઈ રીતે કરશો તે વિસ્તૃતમાં જણાવો.
3. એઈડ્સના દર્દીની પરિસ્થિતિ અંગે કેસસ્ટડી તૈયાર કરો.

## 2.10 સંદર્ભસૂચિ


1. સામાજિક સંશોધનોની પદ્ધતિ : પો. એ.જી. શાહ
   પ્રો. જે.કે. દવે
   અનડા પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ
2. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ : ડૉ. હરિભાઈ જી. દેસાઈ
   : ડૉ. કૃષ્ણકાંત જી. દેસાઈ
   યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
   અમદાવાદ.
3. સામાજીક સંશોધન પદ્ધતિઓ : ડૉ. અરવિંદરાય નારણજી દેસાઈ
   યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

| | | |
|---|---|---|
| 4. | સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર | : ડૉ. આર. એસ. પટેલ<br>જય પબ્લિકેશન, ઓગણજ - અમદાવાદ. |
| 5. | શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં :<br>સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર | ડૉ. ડી. એ. ઉચાટ<br>રાજકોટ. |

| એકમ–3 | આંકડાશાસ્ત્રનો અર્થ અને સમાજકાર્ય સંશોધનમાં મહત્ત્વ |
|---|---|

# એકમ–3 આંકડાશાસ્ત્રનો અર્થ અને સમાજકાર્ય સંશોધનમાં મહત્ત્વ

: એકમનું માળખું :


**3.0 પ્રસ્તાવના**

**3.1 એકમના હેતુઓ**

**3.2 આંકડાશાસ્ત્રનો અર્થ**

**3.3 આંકડાશાસ્ત્રની જુદી જુદી વ્યાખ્યાઓ**

**3.4 સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રની ઉપયોગિતા**

**3.5 આંકડાશાસ્ત્રના ઉપયોગના ક્ષેત્રો**

**3.6 તમારી પ્રગતિ ચકાસો**

**3.7 ઉપસંહાર**

**3.8 તમારી પ્રગતિ ચકાસાના જવાબ**

**3.9 ચાવીરૂપ શબ્દો**

**3.10 સ્વાધ્યાય લેખન**

**3.11 પ્રવૃત્તિ**

**3.12 કેસસ્ટડી**

**3.13 સંદર્ભગ્રંથ**


## 3.0 પ્રસ્તાવના

આધુનિક યુગમાં માનવીય જ્ઞાનના વિકાસમાં આંકડાશાસ્ત્રનો ફાળો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંશોધનમાં સમસ્યાને અનુરૂપ મેળવેલી માહિતી માટે આંકડાશાસ્ત્રને લગતી બાબતોની સમજણ જરૂરી છે. આંકડાશાસ્ત્રના મુખ્ય બે કાર્યો છે. તેનું પ્રથમ મહત્ત્વનું કાર્ય છે વર્ણન કરવાનું છે જેને આંકડાશાસ્ત્રની પરિભાષામાં વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર કહે છે અને બીજું મહત્ત્વનું કામ છે, અર્થઘટન કરવાનું, જેને અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્ર કહે છે. વર્ણનાત્મક આંકડાશાસ્ત્રમાં સામાન્ય રીતે કોઈપણ એક જૂથ પાસેથી મેળવેલી માહિતીને સંકોચીને જૂથના ગુણધર્મો વર્ણવી શકાય છે. જ્યારે અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રમાં નમૂના પાસેથી મેળવેલી માહિતી ઉપરથી ગણતરી કરીને વ્યાપ વિશ્વનો મૂલ્યો વિશે અનુમાન કરવા માટે ઉપયોગી બની રહે છે.

સમાજકાર્ય સંશોધનમાં અભ્યાસના વ્યાપ વિશ્વમાંથી સમસ્યાના સંદર્ભમાં વિગતવાર માહિતી એકત્ર કરવામાં આવે છે. ત્યારપછી મળેલ માહિતીના પૃથ્થકરણ માટે આંકડાશાસ્ત્રને અસરકારક ઉપયોગ કરવામાં આવે છે. માહિતીનું મહત્ત્વ અને મૂલ્ય આંકડાશાસ્ત્રના ઉપયોગના આધારે વધી જાય છે. આંકડાશાસ્ત્રનો ઉપયોગના આધારે મળેલ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી અસરકારક રીતે રજૂઆત કરી શકાય છે. વિષય પસંદગીમાં મહદ્અંશે સંશોધકો ગરીબી, બેરોજગારી જેવી સામાજિક સમસ્યાઓ ઉપર સંશોધન હાથ ધરતા હોય છે. આ પાયાના પ્રશ્નોને આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરી તેને સમજી શકાય છે. કોઈપણ પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ આંકડાશાસ્ત્રના આધારે આવે છે. સંશોધનમાં સરેરાશની વાત હોય, મધ્યવર્તી સ્થિતિનાં જુદા જુદા માયો,ચલોની ચકાસણી વગેરે બાબતોમાં આંકડાશાસ્ત્ર ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે. પ્રસ્તુત એકમમાં આંકડાશાસ્ત્રની વિભાવના સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 3.1 એકમના હેતુઓ

1. આંકડાશાસ્ત્ર વિશેની પાયાની સમજણ પ્રાપ્ત થશે.
2. આંકડાશાસ્ત્ર વિશેની પાયાની સમજણ પ્રાપ્ત થશે.
3. આંકડાશાસ્ત્રને અર્થ જાણવા મળશે.
4. આંકડાશાસ્ત્ર અને સમાજકાર્ય વચ્ચેનો સબંધ સ્પષ્ટ થશે.
5. વિદ્યાર્થીઓ સંશોધનકાર્યમાં સંદર્ભમાં આંકડાશાસ્ત્રની ઉપયોગિતા સમજતા થશે.
6. વિદ્યાર્થીઓનો આંકડાશાસ્ત્રની વિસ્તૃત વિભાવના પ્રાપ્ત થશે.
7. વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનનાં સંદર્ભમાં આંકડાશાસ્ત્ર વિશેની ઉપયોગિતા વ્યવહારમાં મૂકતા થશે.

## 3.2 આંકડાશાસ્ત્રનો અર્થ

શાબ્દિકરૂપમાં આંકડાશાસ્ત્ર અંગ્રેજીમાં Statastics તરીકે ઓળખાય છે. લેટિન ભાષામાં Status શબ્દ પરથી Statastics શબ્દ બન્યો છે. જેનો અર્થ રાજ્ય [state] છે. આમ, આ રીતે પ્રાચીનકાળમાં આંકડાશાસ્ત્રને રાજ્ય અથવા રાજાઓનું વિજ્ઞાન Science of king તરીકે ઓળખવામાં આવતું હતું; પરંતુ, હવે આંકડાશાસ્ત્રનો વ્યાપ ખૂબ જ વધી રહ્યો છે. માટે આપણા બધા સામાજિક અને પ્રાકૃતિક વિજ્ઞાનોમાં આંકડાશાસ્ત્રનો વિશેષ ઉપયોગ થવા લાગ્યો છે. ઉપકલ્પાનાની રચના, સંશોધન યોજના, માહિતી એકત્રીકરણ, અર્થઘટન અને માહિતીની રજૂઆત વગેરે, તમામ સ્તરે આંકડાશાસ્ત્રી ખૂબ જ ઉપયોગી બન્યું છે.

## 3.3 આંકડાશાસ્ત્રની કેટલીક વ્યાખ્યાઓ

1. બાઉલેના કહેવા પ્રમાણે આંકડાશાસ્ત્રનું તાત્પર્ય સંશોધનના કોઈ પક્ષની સંબંધિત માહિતીના એવા સંખ્યાત્મક વિવરણથી છે, જેને એકબીજાના સંબંધમાં રાખી શકાય.

2. વેલિસ અને રોબર્ટસનાં મત અનુસાર આંકડાશાસ્ત્ર માહિતીના પરિણાત્મક પાસાંઓનું સંખ્યાત્મક વિવરણ છે જે ગણતરી તથા માપના રૂપમાં વ્યક્ત હોય છે.

3. કિંગનાં મતાનુસાર આંકડાશાસ્ત્ર એટલે આંકડાઓની ગણતરી પરથી કે એકત્રિત કરેલ માહિતીના પૃથ્થકરણ પરથી મેળવેલ પરિણામ દ્વારા નૈસર્ગિક કે સામાજિક સમૂહગત ઘટનાઓ પર નિર્ણય આપવાની પદ્ધતિનું વિજ્ઞાન.

4. બોડિંગ્ટનના મત અનુસાર આંકડાશાસ્ત્ર એટલે અનુમાનો અને સંભાવનાઓનું વિજ્ઞાન.

5. એરિસ્ટાટેલના મતાનુસાર આંકડાશાસ્ત્ર વિષયને આરંભ અને અંત છે. તેમાં રાજ્યની સર્વાંગી અને સંપૂર્ણ બાબતો અભિવ્યક્ત થયેલી હોવી જોઈએ.

6. વેબ્સ્ટર રાજ્યના લોકોની સ્થિતિ સંબંધી હકીકતો જેને વિશેષ કરીને સંખ્યામાં અથવા સંખ્યાનાં કોષ્ટકોમાં દર્શાવી શકાય, વર્ગીકૃત્ત કરી શકાય કે કોષ્ટક સ્વરૂપે ગોઠવી શકાય તેને આંકડા કહે છે.

7. કોરનર આંકડાશાસ્ત્ર કોઈ કુદરતી અથવા સામાજિક સમસ્યાથી સંબંધિત માપની ગણતરી અથવા અનુમાનનો ક્રમબદ્ધ અથવા વ્યસ્થિત પ્રકૃતિ છે જેનાથી તેના આંતરસંબંધોનું પરીક્ષણ થઈ શકે.

આંકડાશાસ્ત્ર માહિતી અથવા તો સંખ્યાત્મક સ્વરૂપમાં ફેરવી શકાય તેવી હકીકતો એકઠી કરવા પૃથ્થકરણ કરવા, રજૂઆત કરવા અને અર્થઘટન કરવા માટેનાં સિદ્ધાંતો સ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે. આંકડાશાસ્ત્રના સિદ્ધાંતો અને પદ્ધતિઓ માત્ર સંખ્યાત્મક માહિતીના પૃથ્થકરણ પૂરતા જ મર્યાદિત નથી. પૂર્વયોજિત હેતુ અનુસાર ચોકસાઈના વ્યાજબી ધોરણે મેળવાયેલ વિવિધ પરિબળોની અસર નીચે આવતી પરસ્પર સંબંધ ધરાવતી સંખ્યાત્મક માહિતીને એકઠી કરી તેનું વર્ગીકરણ, પૃથ્થકરણ અને સંકલ્પ કરી સંભાવનાના સિદ્ધાંતો અનુસાર તેમાંથી અનુમાનનો અને નિર્ણયો તારવવાની જુદી જુદી પદ્ધતિઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે આંકડાશાસ્ત્ર.

## 3.4 સમાજકાર્ય સંશોધનમાં આકડાશાસ્ત્રની ઉપયોગિતા

સમાજકાર્ય સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે. માહિતી વગર સંશોધન ક્ષેત્રમાં આગળ વધવું મુશ્કેલ છે. સંશોધનના હેતુઓને અનુરૂપ સંશોધનના ક્ષેત્રે આગળ વધવા માટે આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવો જરૂરી છે. આંકડાશાસ્ત્રનાં વિવિધ કાર્યો નીચે પ્રમાણે છે.

વિસ્તૃત માહિતીને ટૂંકાણમાં રજૂ કરવાનું પાયાનું કામ આંકડાશાસ્ત્ર કરે છે. મળેલ માહિતીનું વર્ગીકરણ કરી તેને સરળતાથી યાદ રહી જાય તે રીતે બનાવવાનું કામ આંકડાશાસ્ત્ર કરે છે. ઘણી વખત આંકડા સાંભળવા વાંચવા કે સમજવા અઘરા અને અટપટા લાગે છે. તેવા કિસ્સામાં આલેખ ખૂબ જ રીતે માહિતીને રજૂ કરી શકે છે.

દા.ત. ક્રિકેટનો સ્કોર (ઓવર પ્રમાણે)

વિદ્યાર્થીઓનું પરિણામ - વર્ષ પ્રમાણે

આવક-ખર્ચનો હિસાબ - વર્ષ પ્રમાણે

વ્યક્તિગત આવકનું વર્ગીકરણ આમ આ રીતે (1) અઘરી અને અટપટી માહિતીને રજૂ કરવા માટે આંકડાશાસ્ત્ર ઘણા ઉપયોગી છે. (2) અનુમાનો અને આગાહીઓ કરવામાં આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી બની રહે છે. (3) ભૂતકાળનો માહિતીના આધારે ભાવિ ઘટનાઓ અંગેના અનુમાનો કરવામાં આંકડાશાસ્ત્ર ઉપયોગી બની હોય છે. (4) આ ઉપરાંત આંકડાશાસ્ત્ર જુદાં જુદા પ્રકારની નીતિઓના ઘડતરમાં દિશાસૂચન કરવાનું કામ કરે છે. (5) આંકડાશાસ્ત્ર માર્ગદર્શક તરીકેની ભૂમિકા અદા કરે છે. (6) મળેલ માહિતીનું વૈજ્ઞાનિક ઢબે પૃથ્થકરણ કરી ભાવિ આયોજન અંગે નીતિ વિષયક નિર્ણયો લેવામાં આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી બની રહે છે. (7) આંકડાકીય વર્ગીકરણ આધારે જુદા જુદા પ્રકારની નીતિ ઘડવા માટે વર્ગીકૃત માહિતી ઘણી ઉપયોગી બની રહે છે. જેમ કે આયાતનીતિ, નિકાસનીતિ, મજૂરનીતિ, પર્યાવરણ વિષયક નીતિ, પાણીનીતિ વગેરે બનાવવા માટે આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી છે. આંકશાસ્ત્રનો ઉપયોગ સરળતા આંકડાકીય સ્વરૂપ, તુલના કરવા, સહસંબંધ જાણવા, વ્યક્તિગત અને અનુભવના જ્ઞાનમાં વધારો કરવા, નીતિ ઘટવા માટે, ભવિષ્ય માટે અનુમાન કરવા સિદ્ધાંતો અને ઉપકલ્પનાઓની ચકાસણી કરવા વગરે જેવી ઉપયોગો જોવા મળે છે, તેને વિગતે જોતા હોય છે.

1. સરળતા– આંકડાશાસ્ત્રની મદદથી જટિલ તથ્યોકે હકીકતોને સરળતાથી સમજાવી શકાય છે. આંકડાકીય વર્ગીકરણ કોષ્ટક, ચાર્ટ, આલેખો વગેરેની મદદથી માહિતીને સરળતાથી સમજાવી શકાય છે. વિશાળ માહિતી અને જટિલ અસંબંધ જથ્થામાંથી સામાન્ય ઢળ શોધી કાઢવામાં મદદરૂપ બને છે. મતદાનની ઢબ, જ્ઞાતિ અને રાજકણ વચ્ચેના સંબંધની ઢબ વગેરે આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ દ્વારા શોધી શકાય છે.
2. નિર્ણયો લેવામાં ઉપયોગી– આંકડાશાસ્ત્ર સંખ્યાત્મક માહિતી એકત્રિત કરવા સાથે સંકળાયેલ છે. જુદી જુદી ઘટનાઓ વસ્તી, કૃષિ લશ્કર, ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય, શિક્ષણ વગેરેને લગતા આંકડા એકત્રિત કરે છે. આર્થિક બાબતોને લગતા આંકડા એકત્રિત કરાવનો મુખ્ય હેતુ ઉદ્યોગ, વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે આંકડાશાસ્ત્ર શ્રમ, ઉત્પાદન વેચાણ નફો, નુકસાન, વ્યાજ વગેરેને લગતી સંખ્યાત્મક માહિતીના આધારે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ તેમના ક્ષેત્રને લગતા મહત્ત્વના નિર્ણયો લે છે. રાજ્યની વસ્તી, સંપત્તિ, કૃષિ, ઉત્પાદન, વેપાર વાણિજ્ય, શિક્ષણ, આયાત, નિકાસ, આરોગ્ય, સામાજિક કલ્યાણ વગેરેને લગતી સંખ્યાત્મક માહિતી એકત્ર કરવાનો છે, જેનાથી તે યોગ્ય નિર્ણય લઈ શકે છે.
3. તુલના કરવા ઉપયોગી આંકડાશાસ્ત્રમાં સંખ્યાત્મક માહિતીને એકત્રિત કરવામાં આવે છે. આથી, કોઈપણ બે ઘટનાની તુલના કરવી હોય તો સરળતાથી કરી શકાય છે અને કઈ બાબત વધુ સારી

અને ઉપયોગી છે તેનો નિર્ણય લઈ શકાય છે એટલે કે આંકડાશાસ્ત્રની મદદથી હકારાત્મક અને નકારાત્મક બાબતોને ઓળખી શકાય છે.

4. ભવિષ્યના અનુમાન માટે - આંકડાશાસ્ત્ર દ્વારા વર્તમાન અને ભૂતકાળ તથ્યોના આધાર પર સામાજિક વૈજ્ઞાનિક ભવિષ્યનું અનુમાન લગાવી શકાય છે.

5. નિયમો કે ઉપકલ્પાનોની ચકાસણી માટે - આંકડાશાસ્ત્રની મદદથી સમાજશાસ્ત્રી કોઈપણ સામાજિક સમસ્યાના વિસ્તારનો ખ્યાલ સરળતાથી મેળવી શકે છે. જે નિયમો કે સિદ્ધાંતો સ્થાપિત છે તેની ચકાસણી કરી નવા નિયમો કે સિદ્ધાંતો સ્થાપિત છે તેથી ચકાસણી કરી નવા નિયમો કે સિદ્ધાંતો સ્થાપિત કરવા માટે આંકડાશાસ્ત્ર મદદરૂપ થાય છે.

6. સંખ્યાત્મક સ્વરૂપ- સમાજશાસ્ત્રીય સંશોધનમાં આંકડાશાસ્ત્રાના ઉપયોગથી ગુણાત્મક આંકડાને સંખ્યાત્મક રૂપમાં વ્યક્ત કરવામાં સહાયતા મળે છે.

7. સહસંબંધ- જુદી જુદી હકીકતો અથવા જુદા જુદા તથ્યો વચ્ચેના સહસંબંધોની જાણકારી મેળવવા માટે સમાજ વૈજ્ઞાનિકો અને સંશોધકો આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરે છે.


8. વ્યક્તિગત અને આનુભાવિક જ્ઞાનમાં વૃદ્ધિ- આંકડાશાસ્ત્ર વ્યક્તિગત જ્ઞાન અને અનુભવમાં વૃદ્ધિ કરે છે કારણ કે તેના પ્રયોસોથી પ્રત્યેક સમસ્યાની વિવેચના સુક્ષ્મથી સરળરૂપમાં કરવામાં આવે છે.

આંકડાશાસ્ત્રીય માહિતનીના આધારે આર્થિક વિકાસની આ યોજનાઓની રચના થાય છે. એટલું જ નહી; પરંતુ, જે લક્ષ્યાંકો સિદ્ધ થાય છે. તેની ચકાસણી પણ આંકડાશાસ્ત્રીય ઉપકરણો દ્વારા જ કરવામાં આવે છે અને આ રીતે આયોજનનું અસ્તિત્વ આંકડાશાસ્ત્ર વિના કલ્પવું મુશ્કેલ છે. જયાં સંખ્યાત્મક માહિતીનો ઉપયોગ કરી, તેનું પૃથ્થકરણ કરી તેને આધારે નિર્ણય મેળવવામાં આવે છે. ત્યાં આંકડાશાસ્ત્રનું પોતાનું અનોખું સ્થાન છે. અન્ય વિજ્ઞાનો સાથેના એના આવા ઘનિષ્ઠ સંબંધોને કારણે એમ કહેવામાં આવે છે કે આંકડાશાસ્ત્રથી વંચિત વિજ્ઞાનને કૂળ નથી અને વિજ્ઞાનથી વંચિત વિજ્ઞાનને અનુકૂળ નથી અને વિજ્ઞાનથી વંચિત આંકડાશાસ્ત્ર મૂળ નથી.

આમ, ઉપરોક્ત બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે આંકડાશાસ્ત્ર અનેક રીતે એક કે બીજી રીતે ઉપપયોગી નિવડે છે.

## 3.5 સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગના ક્ષેત્રો

આપણા વ્યાવહારિક જીવનનાં જુદા-જુદા ક્ષેત્રોમાં આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી છે.




વિજ્ઞાનો અને શાસ્ત્રોમાં આજે આપણે વિવિધ પ્રકારની જે સિદ્ધિઓ હાંસલ કરવામાં આંકડાશાસ્ત્ર મદદરૂપ થાય છે. આંકડાશાસ્ત્ર વગર નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરવી શક્ય નથી. વિકાસના દરેક ક્ષેત્રે અસરકારક પરિણામો પ્રાપ્ત કરવા માટે આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી બની શકે છે. આંકડાશાસ્ત્રના કેટલાક મહત્ત્વનાં ક્ષેત્રોનો ટૂંકાણમાં અહીં પરિચય કરવામાં આવેલ છે. સમાજકાર્યના વિષયમાં જૂદો - જુદાં શાસ્ત્રો અને વિજ્ઞાનોનો પરિચય કરવામાં આવે છે. આ ઉપરાંત સમાજકાર્યનાં જુદાં જુદાં ક્ષેત્રો વિશે પણ અભ્યાસ કરવામાં આવે છે. આમ, આ દૃષ્ટિએ આંકડાશાસ્ત્ર ઉપયોગ અંગેની વિગત અંગે પ્રસ્તુત છે.

**1. રાજકીય ક્ષેત્રે :**

સમાજકાર્ય રાજકીય વ્યવસ્થા જાણવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરે છે. આંકડાશાસ્ત્રનો ઇતિહાસ વર્ષો જૂનો છે. પ્રાચીન સમયમાં રાજ્યની વહીવટી પ્રવૃત્તિઓમાંથી આંકડાશાસ્ત્રનો જન્મ થયો છે. રાજ્યની સ્થાપનાની લગતો રેકોર્ડ સાચવવામાં આવતો હતો.

જેમાં રાજ્યની વસ્તી, સંપત્તિ અને જુદા જુદા પ્રકારના કરવેરાને લગતા આંકડાઓ એકત્ર કરવામાં આવતો હતા. ધીમે ધીમે રાજ્યની વસ્તીમાં વધારો થતો ગયો, રાજ્યનું કાર્યક્ષેત્ર વધતું ગયું તેમ આંકડા સંબંધી વિગતોની ઉપયોગિતાનો પ્રમાણમાં વધારો થતો ગયો છે. આજે તો કલ્યાણ રાજ્યની વિભાવના વિકસી છે. નાગરિક જીવનનાં તમામ પાસાંઓને આજે આંકડાશાસ્ત્ર સ્પર્શે છે. રાજ્ય લગભગ નાગરિક જીવનની વિવિધ બાબતોમાં રસ લેતુ થયું છે.

સરકારના વિભાગો જેવાં કે નાણાખાતું, વાહનવ્યવહાર, સંરક્ષણ, અન્ન, વાણિજ્ય, પાણી, તાર-ટપાલ, રેલ્વે, ખેતીવાડી, પશુપાલન, જેવા ક્ષેત્રોનું સંચાલન કરવામાં આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી છે.

**2. અર્થશાસ્ત્રના ક્ષેત્રે :**

અર્થશાસ્ત્ર આર્થિક બાબતોનો અભ્યાસ કરે છે, અર્થશાસ્ત્રનું મુખ્યકામ આંકડા સાથે છે. આર્થિક

સિદ્ધાંતોના ઘડતરનું કામ આંકડાશાસ્ત્ર કરે છે. માંગ, પુરવઠો અને કિંમતના આધારે તે જુદા જુદા નિયમો તારવે છે. એટલું જ નહીં, આ નિયમોની યર્થાથતાની ચકાસણી પણ આંકડાશાસ્ત્રની પદ્ધતિઓથી થઈ શકે છે. આવક અને સંપત્તિના વિતરણની અસમાનતા ઘટાડવામાં પણ આંકડાશાસ્ત્રનો મોટો ફાળો છે. ગરીબી, બેકારી, બેરોજગારી, વસ્તી વધારો જેવાં આજના સળગતા સવાલોના ઉકેલ માટે આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી બની શકે તેમ છે. વિદ્વાન અર્થશાસ્ત્રી પ્રો-આલ્ફ્રેડ માર્શલ જણાવે છે. આંકડાઓ ઘાસના તણખલા સમાન છે. જેમાંથી આંકડાશાસસ્ત્રના સિદ્ધાંતોની ઈંટો તેવા અર્થશાસ્ત્રીઓ ગમે.

**3. વેપાર વાણિજ્ય ક્ષેત્રેઃ**

વસ્તુના વિવિધ ઉત્પાદન અને ચોક્કસ પ્રકારની આગાહી આંકડાના આધારે થઈ શકે છે. પહેલાના સમયમાં જુદી જુદી વેપારી પેઢીઓ ચાલતી હતી. પેઢીનો એક માલિક તમામ પ્રકારના કામ કરતો હતો; પરંતુ આજે ટેકનોલોજીમા ઘણા ફેરફારો થયાં છે. જેના પરિણામ વેપાર વાણિજ્યના ક્ષેત્રે ઘણાં ફેરફારો આવ્યાં છે. નાણાકીય હિસાબોમાં પણ આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી બન્યું છે. વાણિજ્ય વ્યવસ્થાના જુદા જુદા નિયમો તારવામાં આંકડાશાસ્ત્રીય ઉપકરણોની રચના, માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન માટે મદદ લેવામાં આવે છે. આમ, વેપાર અને વાણિજ્યના ક્ષેત્રે નવી આર્થિક નીતિ અમલમાં આવ્યા પછી  જે વિકાસ માટે ખૂબ ઉપયોગી સાબિત થયેલ છે.

**4. વેપારી સાહસોમાંઃ**

વેપારના ક્ષેત્રો જેવા કે  બેંકો, વીમા કંપનીઓ, રેલ્વે, તાર-ટપાલ વગેરે ક્ષેત્રોમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ વધતો જાય છે. બેકિંગ ક્ષેત્રેની વિવિધ નીતિઓના ઘડતરમાં આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી છે ધિરાણ નીતિ અને તેમાં ક્યા ક્યા પ્રકારના ફેરફારો કરવા તે અંગેની વિગતો એકત્ર કરી તેના અભ્યાસ ઉપરથી વાસ્તવિક સ્થિતિ વિશેનો ખ્યાલ આવી શકે છે. રેલ્વે કંપનીઓ, ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે વિવિધ પ્રકારની વ્યવસ્થા ગોઠવવા અને તેના હિસાબી કામોની સરળતા માટે આંકડાશાસ્ત્ર જરૂરી છે.

**5. આયોજન ક્ષેત્રેઃ**

વર્તમાન યુગ આયોજનનો યુગ છે તેમાં આર્થિક આયોજનનું ઘણું મહત્ત્વ આર્થિક આયોજન વગર વિકાસતા ક્ષેત્રે એક ડગ ભરવું પણ મુશ્કેલ છે. આર્થિક આયોજનનો મુખ્ય હેતુ દેશના ઉપલબ્ધ નાણાકીય અને ભૌતિક સાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ કરી લોકોનું જીવન ધોરણ ઊંચુ લાવવાનો છે.


આયોજન અને આંકડાઓને સીધો સંબંધ છે જ્યારે જ્યારે આપણે આયોજનનો વિચાર કરીએ તે એ ત્યારે આંકડા વિશેની વિચારણા કર્યા વગર ચાલે તેમ નથી. આપણાં દેશમાં આયોજનબદ્ધ વિકાસ માટે પંચવર્ષિય યોજનાઓ બનાવવામાં આવેલ છે. આ આયોજનને ધ્યાનમાં રાખીને

વિવિધ સમસ્યાઓના નિવારણ માટે જુદા જુદા પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આમ, આ રીતે આંકડાકીય બાબતોના આધારે આવે છે. આમ, સમાજકાર્ય સંશોધનમાં સંશોધનની પ્રક્રિયાને વધારે અસરકારક બનાવવા માટે આયોજન કરવું જરૂરી છે.

**6. અન્યશાસ્ત્રોમાં**

જુદા જુદા શાસ્ત્રોમાં આજે આંકડાશાસ્ત્રને ઉપયોગ ઘણો વધી ગયો છે. જીવશાસ્ત્ર અને મનોવિજ્ઞાનમાં પણ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ વિજ્ઞાનોએ આંકડાશાસ્ત્રની વિવિધ આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી અસરકારક પરિણામો મેળવ્યાં છે.

આમ, માનવજીવનને સ્પર્શતા જુદો જુદો શાસ્ત્રો અને વિજ્ઞાનોમાં પણ આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે.




ઉપરના શાસ્ત્રો અને વિજ્ઞાનો સિવાય યુદ્ધ દરમ્યાન પણ આંકડાકીય માહિતીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા આવે છે, યુદ્ધની સફળતા માટે આંકડાકીય બાબતોનું વિશ્લેષણ ઘણું ઉપયોગી બની રહે છે.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

1. શાબ્દિકરૂપમાં આંકડાશાસ્ત્રને અંગ્રેજીમાં કયા નામે ઓળખાય છે ?

   (A) Statistics (B) State

   (C) DATA (D) ઉપરોક્ત તમામ

2. આંકડાશાસ્ત્રની ઉપયોગીતા જણાવો ?

   (A) વર્ગીકરણ કોષ્ટક, ચાર્ટથી શક્ય છે. (B) નિર્ણય લેવામાં ઉપયોગી

   (C) તુલના કરવા ઉપયોગી (D) ઉપરોક્ત તમામ

3. સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રનાં ઉપયોગના ક્ષેત્રો જણાવો ?

   (A) શિક્ષણશાસ્ત્ર (B) માનવશાસ્ત્ર

   (C) સમાજકાર્ય સંશોધન (D) ઉપરોક્ત તમામ

4. અન્ય શાસ્ત્રોમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ થાય છે ?

(A) જીવવિજ્ઞાન (B) પ્રાણીવિજ્ઞાન

(C) તબીબીશાસ્ત્ર (D) ઉપરોક્ત તમામ

5. આંકડાશાસ્ત્રમાં ગુણાત્મક માહિતીને કઈ માહિતીમાં ફેરવવામાં આવે છે.

(A) સંખ્યાત્મક માહિતી (B) રેખાત્મક

(C) ભાવાત્મક (D) ઉપરોક્ત તમામ

## 3.7 ઉપસંહાર

આંકડાશાસ્ત્રએ પાયાનું શાસ્ત્ર છે. જ્યાં સંખ્યાત્મક માહિતીનો ઉપયોગ કરી તેનું પૃથ્થકરણ કરી તેને આધારે નિર્ણયો લેવામાં આવે છે. વિજ્ઞાનના જુદા જુદા નિયમોના માત્ર ઘડતર માટે જ નહીં; પરંતુ, તેના નિયમોની સત્યતાની ચકાસણી માટે પણ આંકડાશાસ્ત્રની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. રાજ્યની સમગ્ર શાસનવ્યવસ્થા અને વહીવટી પ્રવૃત્તિઓના હાર્દ સમુ આ શાસ્ત્ર આ જે તો સામાન્ય માણસ માટે પણ એક મહત્ત્વનું સાધન બની ગયું છે. નીતિ-વિષયક નિર્ણયની પ્રક્રિયામાં પણ આંકડાશાસ્ત્રનું મહત્ત્વનું યોગદાન છે. રાજકીય ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, વેપાર- વાણિજ્યનાં ક્ષેત્રે, ઉપરાંત, અન્ય વેપારી સાહસોમાં આંકડાશાસ્ત્રનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવે છે. બેંકો, વીમા કંપનીઓ, રેલ્વે વગેરે જેવાં ક્ષેત્રોમાં પણ આંકડાશાસ્ત્રનો ઘણો ઉપયોગ છે. કોઈપણ વેપારીને નવો વેપાર કઈ રીતે શરૂ કરવો તે નક્કી કરવા માટે પણ જુદી જુદી આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરી જાણકારી મેળવવામાં આવે છે. આમ, આંકડાશાસ્ત્રની વ્યવહારમાં ઘણી ઉપયોગિતા છે. ખાસ કરીને સમાજકાર્ય સંશોધનમાં વિવિધ પ્રકારની માહિતીની રજૂઆત અને તેના ઉપયોગ માટે આંકડાશાસ્ત્ર ઘણું ઉપયોગી છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (1) Statistics
2. (4) ઉપરોક્ત તમામ
3. (4) ઉપરોક્ત તમામ
4. (4) ઉપરોક્ત તમામ
5. (1) સંખ્યાત્મક માહિતી

## 3.9 ચાવીરૂપ શબ્દો :

- **આંકડાશાસ્ત્ર :** જેમાં ગુણાત્મક માહિતીને આંકડાના સ્વરૂપમાં દર્શાવી તેનું અર્થઘટન કરવાની પ્રક્રિયા

- **આંકડાશાસ્ત્રના ક્ષેત્રો :** વ્યવહારિક જીવનમાં જુદા જુદા ક્ષેત્રોમાં પણ જ્યાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ થાય છે.

## 3.10 સ્વાધ્યાય લેખન

1. આંકડાશાસ્ત્રનો અર્થ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

2. આંકડાશાસ્ત્રની ત્રણ વ્યાખ્યા આપો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

3. આંકડાશાસ્ત્રની ઉપયોગિતા સમજાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

4. આયોજન ક્ષેત્રમાં આંકડાશાસ્ત્રનું મહત્ત્વ સમજાવો.

..............................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 3.11 પ્રવૃત્તિ

1. આંકડાશાસ્ત્રના ક્ષેત્રોનું લીસ્ટ તૈયાર કરો.
2. આંકડાશાસ્ત્રની ઉપયોગિતા વાંચીને ટૂંકી નોંધ તૈયાર કરો.
3. આંકડાશાસ્ત્રનો અન્ય શાસ્ત્રમાં ઉપયોગિતાના નામ દર્શાવો.

## 3.12 કેસસ્ટડી

1. વ્યસનના પ્રકાર ઉત્તરદાતાને 30 વ્યક્તિ બીડી પીવે છે, 20 સિગરેટ પીવે છે, 30 અફીણ પીવે છે, 10 તમાકુ ખાય છે, 10 દારૂ પીવે છે.

   **નોંધ :** ઉપરોક્ત આંકડાકીય માહિતીનું કોષ્ટક બનાવી તેનું તારણ કાઢો / પૃથક્કરણ કરો.

2. મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ જોતાં 30 મહિલાઓ માધ્યમિક શિક્ષણ સુધી અભ્યાસ કર્યો છે. 20 ઉચ્ચતર માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે. 20 કૉલેજ ગ્રેજ્યુએશન કરેલ છે. 30 મહિલા અશિક્ષિત છે.

   નોંધ ઉપરોક્ત માહિતીને ગ્રાફના સ્વરૂપમા દર્શાવો.

## 3.13 સંદર્ભ સૂચિ


| | |
|---|---|
| 1. સામાજિક સંશોધનની પદ્ધતિઓ. | પ્રો.એ.જી.શાહ<br>પ્રો.જે.કે.દવે<br>અનડા, પ્રકાશન, અમદાવાદ<br>સુધારેલી બીજી આવૃત્તિ 2008-09 |
| 2. સમાજકાર્ય સંશોધન | ડૉ.દિપ્તી એસ.ક્યુરીયા<br>ડૉ.જિજ્ઞેશ બી.તાળા<br>યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,<br>અમદાવાદ-01<br>પ્રથમ આવૃત્તિ |

3. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. ડૉ.હરિભાઈ જી. દેસાઈ

ડૉ.કૃષ્ણકાંત જી.દેસાઈ

યુનિવર્સિટી ગંર્થનિર્માણ બોર્ડ,

અમદાવાદ-01

આઠમી આવૃત્તિ

4. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર ડૉ.આર.એસ.પટેલ

જય પબ્લિકેશન

અમદાવાદ

પ્રથમ આવૃત્તિ

5. શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર

ડી.એ. ઉચાટ

રાજકોટ.

6. સામાજિક સંશોધન પદ્ધતિઓ સ્વ.ડૉ.અરવિંદરાય નારણજી દેસાઈ

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,

અમદાવાદ

બીજી આવૃત્તિ

# એકમ–4 સંશોધન અહેવાલલેખન, અર્થ ઉપયોગિતા અને અહેવાલલેખનનું માળખું

: એકમનું માળખું :

**4.0 પ્રસ્તાવના**

**4.1 એકમના હેતુઓ**

**4.2 અહેવાલલેખનનો અર્થ અને હેતુઓ**

**4.3 અહેવાલલેખનની ઉપયોગિતા**

**4.4 અહેવાલલેખનનું માળખું**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 ઉપસંહાર**

**4.7 તમારી પ્રગતિ ચકાસાના જવાબ**

**4.8 ચાવીરૂપ શબ્દો**

**4.9 સ્વાધ્યાય લેખન**

**4.10 પ્રવૃત્તિ**

**4.11 કેસસ્ટડી**

**4.12 સંદર્ભગ્રંથ**

## 4.0 પ્રસ્તાવના

કોઈપણ ઘટના કે અભ્યાસનું મહત્ત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થાય ત્યારે તેની પદ્ધતિસરની નોંધ કરવામાં આવે છે. આ નોંધ એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે તેનાથી અભ્યાસકર્તા કોઈપણ વ્યક્તિ તે ઘટના કે પ્રસંગે અંગેનો સંપૂર્ણ ખ્યાલ મેળવી શકે છે અને તેને સમજી શકે છે આથી નોંધને અહેવાલ કહેવામાં આવે છે. સંશોધનકાર્ય પૂર્ણ થયા બાદ સંશોધન કર્તા તેનું પદ્ધતિસર વિશદ રીતે નોંધ તૈયાર કરે છે તેને સંશોધન અહેવાલલેખન કહેવામાં આવે છે. સમાજકાર્યમાં અહેવાલલેખનને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. સમાજકાર્યમાં સમાજકાર્યકર્તા ક્ષેત્રકાર્ય દરમ્યાન કરેલ કામગીરીનું તેનાં દ્વારા હાથ ધરવામાં આવતાં સંશોધનનું પદ્ધતિસર અહેવાલ લેખન કરે છે. વિષયવસ્તુ અને રજૂઆતની દૃષ્ટિએ અહેવાલલેખન એ સંશોધનનો ખૂબ જ અગત્યનો ભાગ છે. સંશોધન કાર્યમાં માહિતી એકત્રીકરણ પછી તેની પદ્ધતિસર રજૂઆત થવી જરૂરી છે. તો જ સંશોધનકર્તા તેના તારણો અને સામાન્ય કારણો તારવી શકે છે. કોઈપણ બાબતો કે ઘટનાને સમજવા માટે તેના જુદાજુદા વિભાગો અને તે દરેક

વિભાગમાં શું શું સમાવિષ્ટ છે તે જાણવું ખૂબ જ જરૂરી છે સંશોધન અહેવાલલેખન એ સંશોધન ક્રિયાનું અંતિમ સોપાન છે. અહેવાલલેખન એ સમય અને મહેનત માંગી લે તેવું કામ છે. સંશોધનકર્તામાં અહેવાલ લેખનની કુશળતા હોવી ખૂબ જ જરૂરી છે. સંશોધન કર્તામાં ખાસ કરીને લોકો સાથે વાતચીત કરવાની, આયોજનની ક્ષમતા, નિરીક્ષણ કરવાની સાથે સાથે લેખનની કુશળતા અને ક્ષમતા હોવી જોઈએ.

સંશોધક ક્ષેત્રકારમાંથી જુદી-જુદી માહિતી એકત્રિત કરે છે. આ માહિતીનો અહેવાલલેખનમાં સમાવેશ ન કરે તો મળેલ માહિતીનો કોઈ અર્થ નથી માટે સંશોધકે લક્ષિત જૂથની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વાંચવા માટે સરળ હોય તેવી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ.

## 4.1 એકમનાં હેતુઓ

1) અભ્યાસકર્તાને સંશોધન અહેવાલની સંકલ્પનાનો ખ્યાલ આવશે.

2) સંશોધન અહેવાલલેખનની ઉપયોગિતાની સમજ પ્રાપ્ત થશે.

3) સંશોધન અહેવાલલેખનનાં માળખાંની સમજ પ્રાપ્ત થશે.

4) સંશોધન અહેવાલ લેખનની મૂળભૂત બાબતોનો જવાબ પ્રાપ્ત થશે.

## 4.2 અહેવાલલેખનનો અર્થ

સામાજિક સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી તથ્યોને એકત્રિત કરવાનો છે. વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી જે તથ્યો પ્રાપ્ત કરવામાં આવે છે જ્યારે તેને વૈજ્ઞાનિક રીતે ક્રમબદ્ધ કરવામાં આવે છે ત્યારે તે સિદ્ધાંત બની જાય છે. તથ્યોનું વર્ગીકરણ અને સારણીકરણ કરવામાં આવે છે. આ નિષ્કર્ષને સામન્યીકરણના નામથી ઓળખવામાં આવે છે. જ્યારે સામાન્યીકરણને વિજ્ઞાનની મદદથી લખવામાં આવે છે તેને અહેવાલલેખન કહેવામાં આવે છે. સંશોધનકાર્ય પૂર્ણ થયા બાદ સંશોધનકર્તા તેની પદ્ધતિસર વિશેષ રીતે નોંધ તૈયાર કરે છે તેને અહેવાલલેખન કહેવામાં આવે છે.

ગુડે અને હટ્ટના અનુસાર - અહેવાલ તૈયાર કરવો એ સંશોધનનું આખરી પગથિયું છે. તેનો ઉદ્દેશ્ય રસ ધરાવતા લોકોને અભ્યાસના સમસ્ત પરિણામોને વિસ્તારથી બનાવવાનો છે. તેને એવી રીતે વ્યવસ્થિત કરવાનો છે, જેનાથી દરેક અભ્યાસકર્તાને સમજવા અને પોતાને તેના તારણોને પ્રામાણિકતા નક્કી કરવા માટે યોગ્ય બનાવે.

**અહેવાલલેખનનાં હેતુઓ**

અહેવાલલેખનમાં સંશોધન પ્રક્રિયાનું લેખિત વિવરણ હોય છે. અહેવાલલેખન સંશોધનકર્તા દ્વારા તૈયાર કરવામાં આવે છે. અહેવાલલેખન હેતુઓ આ મુજબ જોવા મળે છે.

1) અહેવાલલેખનનો હેતુ મનુષ્યના જ્ઞાનને વિસ્તૃત કરવા માટે મદદ કરવાનો છે.

2) અહેવાલલેખન સંશોધકને પોતાનું જ્ઞાન વધારવા માટે ઉપયોગી થાય છે.

3) બીજા અભ્યાસકર્તાને સંશોધનનાં તારણોથી પરિચિત કરાવીને બીજાનાં જ્ઞાનમાં વધારો કરવા મદદ કરે છે.

4) અહેવાલના આધારે યોજનાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જે અહેવાલથી યોજનાઓની સફળતા, નિષ્ફળતા કે સુધારણા માટેનાં ઉપાયોનો ખ્યાલ આવે છે.

5) અહેવાલ અભ્યાસ વસ્તુનાં અંતનિહિત તથ્યોની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન કરાવે છે.

6) અહેવાલ તારણોનાં સત્યાપન અને સંશોધન માટે આધાર દસ્તાવેજનું કામ કરે છે.

## 4.3 અહેવાલલેખનની ઉપયોગિતા

સંશોધન અહેવાલલેખનનો મુખ્ય ઉદ્દેશ્ય લક્ષિત જૂથ અથવા અભ્યાસકર્તાને તેના તારણોથી વાકેફ કરવાનો છે. આથી અહેવાલ વૈજ્ઞાનિક રીતે લખાવો જોઈએ. નીચેની બાબતો પરથી સંશોધન અહેવાલલેખનની ઉપયોગિતા વધુ સ્પષ્ટતા કરી શકાશેઃ

1) માહિતીની યોગ્ય રજૂઆત

2) સરળ વિશ્લેષણ

3) ખૂટતી માહિતીનું એકત્રીકરણ

4) હેતુઓ અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય

5) કોઈપણ ઘટના કે પ્રસંગમાં ભલામણો કરવા અંગેની માહિતી પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત ઉપયોગિતાને વિગતે જોઈએ તો,

**1) માહિતીની યોગ્ય રજૂઆત**

સંશોધનમાં સંશોધક ઘણી બધી સૈદ્ધાંતિક અને પ્રાથમિક માહિતીનાં સ્રોતો પાસેથી માહિતી એકત્રિત કરે છે. આમાંની ઘણી માહિતી આડીઅવળી હોય છે. સંશોધનમાં એકત્રિત કરેલી માહિતીને વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી પદ્ધતિસર રજૂ કરી તારણો તારવી શકાય, માહિતીની યોગ્ય રજૂઆત કરવા માટે સંશોધન અહેવાલલેખન સંશોધકને મદદ કરે છે. સંશોધનના શરૂઆતનાં તબક્કામાં સંશોધકને પોતાના વિષય સંબંધી જે કંઈ માહિતી મળે છે એકત્રિત કરે છે. એમાંની કેટલીક માહિતી ગૌણ પ્રકારની હોય છે. જે સંશોધકની સંશોધન તે અંગેની સમજ વિકસાવે છે. અહેવાલલેખનના કારણે સંશોધક તેને અલગ અલગ તારવી પોતાની સૈદ્ધાંતિક સમજ વધુ સારી બનાવી શકે છે.

દા.ત. પીવાના પાણી અને સ્વચ્છતાનાં વિષયમાં મહિલાઓની ભૂમિકા અંગે સંશોધક સંશોધન હાથ ધરવાના હોય ત્યારે સંશોધક આ વિષયનાં સંદર્ભમાં જે કંઈ માહિતી મળે તે એકત્રિત કરે છે; જેમકે, પાણી અને સ્વચ્છતાને લગતી સરકારની જાતિઓ, યોજનાઓ, તેનાં લાભાર્થીઓ, તેની નાણાકીય જોગવાઈઓ, પાણી અને સ્વચ્છતા અંગે વિશ્વમાં, દેશમાં, રાજ્યમાં, જિલ્લામાં, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ થયેલ પ્રયાસોની માહિતી એકત્રિત કરે છે. સંશોધક વિષય અંગેની પોતાની સૈદ્ધાંતિક સમજ સ્પષ્ટ કરવામાં જે માહિતી એકત્રિત કરી છે તેને આ મુજબ રજૂ કરવાનો પ્રયાસ કરે છે.

દેશમાં, રાષ્ટ્રમાં, રાજયમાં, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પાણી અને સ્વચ્છતામાં મહિલાઓની ભૂમિકા અંગે સ્તર પ્રમાણે માહિતીને રજૂ કરે છે, જેમાં એ પણ દર્શાવે છે કે તે માટે કઈ કઈ યોજનાઓ હતી અને નાણાકીય જોગવાઈઓ કેટલી હતી; જેનાથી, સંશોધકનો સૈદ્ધાંતિક દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે. જે સંશોધનનાં પ્રથમ પગથિયાં તરીકે ગણાવી શકાય. ટૂંકમાં, અહેવાલલેખનથી સંશોધનકર્તા પદ્ધતિસર માહિતીની રજૂઆત કરે છે.

**2) સરળ વિશ્લેષણ કરવામાં ઉપયોગી બને છે.**

સંશોધન અહેવાલ સરળ વિશ્લેષણ કરવામાં આવેલ હોય તો સામેની વ્યક્તિને સરળતાથી તેની સમજ પ્રાપ્ત થાય છે. સંશોધકે ખાસ કરીને એ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેનો વાચકવર્ગ કોણ છે ? તેમની જરૂરિયાત શું છે ? તેને ધ્યાનમાં રાખી એકત્રિત માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ કરવામાં આવેલ હોય તો અઘરી કે અટપટી માહિતીને એકદમ સરળ રીતે રજૂ કરી શકાય છે.

પેયજળ અને સ્વચ્છતા યોજનામાં મહિલાઓની સહભાગીતાથી સશક્તિકરણન કારણે તેમના જીવન પર થયેલ અસરનાં અભ્યાસમાં એકત્રિત માહિતીને સંશોધનકર્તા દ્વારા આ મુજબ કોઈપણ સરળતાથી સમજી શકે તે માટે રજૂ કરવામાં આવી.

1) ''મુલાકાત અનુસૂચિ'' દ્વારા એકત્ર કરવામાં આવેલી જથ્થાબંધ પ્રાથમિક માહિતીને ગુણાત્મક સ્વરૂપમાં ફેરવવા માટે તેને સંજ્ઞાસૂચિ(coding)માં વર્ગીકૃત કરવામાં આવી. તૈયાર કરવામાં આવેલી 'સંજ્ઞાસૂચિ'ના આધારે કમ્પ્યૂટરમાં SPSS પ્રોગ્રામમાં વર્ગીકરણ કરવામાં આવ્યું.
2) SPSS પ્રોગ્રામના આધારે માહિતીનું કોષ્ટકીકરણ કરવામાં આવ્યું. SPSS પ્રોગ્રામનાં કારણે સંખ્યાત્મક માહિતીને સ્તરીત કરવા માટે સમયનાં આધારે વર્ગીકરણ કરવા માટે તથા ભૌગોલિક ક્ષેત્રનાં આધારે સરળતાથી વર્ગીકૃત કરી શકાય છે. આથી, આંકડામાં માપી શકાય તેવા ઉંમર, આવક, જાવક, ખર્ચ, દેવું, જમીન, કુટુંબનું કદ, પાણી મળવાનો સમય અને ઋતુ પ્રમાણે ફાળવવો પડતો સમય, પાણી સંગ્રહ કરવાનાં વાસણોની સાફ સફાઈ, પાણીવેરો અને માંદગીમાં સારવાર માટે ખર્ચવા પડતાં નાણાં વગેરે સંખ્યાત્મક માહિતીનાં કોષ્ટકોનો આંકડાકીય રીતે માપી શકાય છે.
3) અભ્યાસના હેતુઓ અને ઉત્કલ્પનાની ચકાસણીનાં સંદર્ભે કોષ્ટકોનું પૃથક્કરણ અને વિશ્લેષણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું. કોષ્ટકીકરણ તાલુકા પ્રમાણે કરવામાં આવ્યું અને ટકાવારી દર્શાવવામાં આવી.
4) કોષ્ટકોની અર્થઘટિત માહિતીનાં આધારે તારણો તારવવામાં આવ્યાઃ
5) અભ્યાસનાં તારણોને આધારે ક્રિયાત્મક પગલાંઓ કે અભિગમોનાં સૂચનો કરવાની સાથે નવા કેવા પ્રકારનાં સંશોધનો થઈ શકે તેની ભલામણો કરવામાં આવી.

ઉપર મુજબ એકત્રિત માહિતીને સરળ રીતે વિશ્લેષિત કરી રજૂ કરવામાં આવી, જેના માટે અહેવાલ ખૂબ જ ઉપયોગી છે.

**3) ખૂટતી માહિતી મેળવી શકાય છે**

અહેવાલલેખન દરમ્યાન કેટલીક માહિતી સંશોધન માટે ઉપયોગી હોય તે ન મળી શકી હોય અથવા એકત્રિત કરવાની રહી ગઈ હોય તો અહેવાલલેખન દરમ્યાન તે બાબત ધ્યાન પર આવતાં ખૂટતી વિગતો એકત્રિત કરી સંશોધન અહેવાલમાં સામેલ કરી શકાય છે.

**4) કામગીરી અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય**

સંશોધન એ સતત ચાલતી પ્રક્રિયા છે. સંશોધક સંશોધનના મૂળ હેતુઓને અનુરૂપ માહિતી એકત્રીકરણની પ્રક્રિયા હાથ ધરે છે. અહેવાલ લેખન દરમ્યાન કામગીરી અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય છે, માટે અહેવાલલેખન જરૂરી છે.

**5) ભલામણો કરવા અંગેની માહિતી મળે.**

સંશોધક સંશોધનના અંતે જે તે સમસ્યાની નિવારણ માટે શું ભલામણ કરે છે તે બાબત અહેવાલલેખનનું મહત્ત્વનું પાસું છે. આ બાબત સંશોધનની સફળતા અને ભવિષ્યનાં સુધારણાત્મક પગલાં માટે આધારભૂત છે. દા.ત.પીવાના પાણી અને સ્વચ્છતા સંશોધનમાં સંશોધક દ્વારા આ મુજબની ભલામણો કરી.

1) લોકફાળા અંગે સંશોધકે ભલામણ કરી કે લોકફાળો માત્ર રોકડમાં જ નહીં; પરંતુ, શ્રમદાનનાં રૂપમાં પણ લઈ શકાય તેવી જ રીતે કોઈ સંસાધનો પૂરા પાડી શકે તેમ હોય તો તેઓ સંસાધનો પૂરા પાડી લોકફાળો આપી શકે.

2) પીવાના પાણી અને સ્વચ્છતાની કામગીરીમાં માહિતી, શિક્ષણ અને પ્રત્યાયનના માધ્યમથી પુરૂષોનો આ કામમાં સહયોગ મેળવી શકાય.

3) સ્વચ્છતાની સ્થિતિ સુધારા માટે શૌચાલયની ઉપયોગિતા વિશે લોકોને માહિતી આપવા ફળિયા-બેઠકો, જાહેર કાર્યક્રમો, રેલીઓ અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી લોકોને માહિતગાર કરી સંવેદનથી બનાવી શકાય જેથી તેઓ શૌચાલયનો ઉપયોગ કરતાં થાય.

4) પાણીની ગુણવત્તાની ચકાસણી માટે ગ્રામ્ય કક્ષાએ પાણી ગુણવત્તા ચકાસણી સમિતિ બનાવી તેને તાલીમ આપી તૈયાર કરી શકાય.

5) શિક્ષણ સ્તરમાં સુધાર માટે સાક્ષર ભારત જેવા કાર્યક્રમોનો અમલ કરીને વંચિત લોકોને શિક્ષિત કરી શકાય વગેરે જેવી સંશોધકે સંશોધનનાં અંતે ભલામણો કરી જે સંશોધન અહેવાલલેખનનાં કારણે બની શકે છે.

આમ ઉપરોક્ત મુજબ સંશોધનમાં અહેવાલલેખનની અનેકવિધ ઉપયોગિતાઓ જોવા મળે છે.

## 4.4 અહેવાલલેખનનું માળખું

સંશોધન અહેવાલમાં મુખ્યત્વે (1) પ્રારંભિક માહિતી (2)મુખ્ય માહિતી અને (3) આધાર કે સંદર્ભ માહિતી એમ ત્રણ પ્રકારની માહિતી રજૂ કરવામાં આવે છે, જે આ મુજબ છે.

**અહેવાલલેખનનું માળખું**

| પ્રારંભિક માહિતી | મુખ્ય માહિતી | આધાર કે સંદર્ભ માહિતી |
|---|---|---|
| - શીર્ષક | - પરિચયમાત્મક | - સંદર્ભસૂચિ |
| - સ્વીકૃતિપત્ર | વિભાગ | - અનૂપૂર્તિઓ |
| - ઋણસ્વીકાર | - કાર્યપદ્ધતિ | - ઉપકરણો |
| - અનુક્રમણિકા | વિભાગ | - સ્વઅધ્યયન આવિષ્ટ |
| - સારણી સૂચિ | - પરિણામ | - ટેપ કાર્યક્રમ |
| -આલેખ/આકૃતિ | વિભાગ | - લાંબી ગણતરીઓ |
| - સંજ્ઞાઓની સૂચિ | | - માંગોની યાદી |
| - સંશોધન સારાંશ | | - લખેલા પત્રો |
| | | - શબ્દસૂચિ |

ઉપરોક્ત અહેવાલ લેખનનાં મુખ્ય ત્રણ ભાગો પૈકી પ્રારંભિક માહિતી વિશે જોઈએ તો,

**પ્રારંભિક માહિતી**

**1) સંશોધનનું શીર્ષક**

સંશોધન અહેવાલ કે કોઈપણ અહેવાલલેખનમાં તેનું શીર્ષક ખૂબ જ અગત્યનું છે. અહેવાલ લેખનનાં શીર્ષક ઉપરથી અહેવાલ કયા વિષયનો છે તેની ઉપછલ્લી માહિતી પ્રાપ્ત થતી હોય છે. ક્યારેક શીર્ષકનાં આધારે વાચકો-જે તે અહેવાલોનું વિહંગાવલોકન કરતા હોય છે. કેટલાંક અહેવાલોમાં શીર્ષક કયા અક્ષરોમાં લખવું, અક્ષરોનું કદ કેટલું રાખવું, બે લીટી વચ્ચે કેટલું અંતર રાખવું, શીર્ષકને કઈ જગ્યાએ દર્શાવવું વગેરે અંગે માર્ગદર્શિકા બનાવવામાં આવતી હોય છે. એ પણ સત્ય છે કે માત્ર શીર્ષક ઉપરથી હાથ ધરાયેલી સંશોધનનો પૂરતો પરિચય મળી શકે નહિ, આ માટે અન્ય કેટલાંક પાસાંઓને પણ સંશોધકે ધ્યાનમાં રાખવાં પડે છે.

**2) સ્વીકૃતિપત્ર**

સંશોધન અહેવાલલેખન પૂર્ણ થયું હોય ત્યારે તેને જે-તે સંસ્થાને અહેવાલ જમા કરાવવાનો હોય છે. આ અહેવાલ જમા કરાવવાનો એક પ્રફોર્મા હોય છે જેમાં સંશોધક પોતાની અહીં સંબંધિત સંસ્થાના વડાની સહી કરી રજૂ કરે છે.

**3) ઋણસ્વીકાર**

ઋણસ્વીકાર એટલે કે આભારદર્શન સંશોધકને સમગ્ર સંશોધન કાર્યમાં શરૂથી લઈને સંશોધન

અહેવાલ જમા કરાવવા સુધી સમગ્ર પ્રક્રિયામાં સંશોધનનાં માર્ગદર્શક/સલાહકારથી લઈને ઘણા બધાની મદદ મળતી હોય છે. ઋણસ્વીકારમાં સંશોધક તેનાં સંશોધન કાર્યમાં મદદરૂપ થનાર તમામનો આભાર વ્યક્ત કરવાની લાગણી વ્યક્ત કરે છે.

**4) અનુક્રમણિકા**

સમગ્ર સંશોધન અહેવાલનું વિહંગાવલોકન કરવા માટે અનુક્રમણિકા ખૂબ જ ઉપયોગી છે. અનુક્રમણિકાનાં અભ્યાસ પરથી વાચકને કે અન્ય અભ્યાસકર્તાએ સમગ્ર અભ્યાસનું અધ્યયનનાં કટનાં પોતાને જેટલી જરૂરી હોય તે વિગતોનું  અધ્યયન કરી પોતાનું કામ આગળ ધપાવે છે. અનુક્રમણિકામાં મુખ્યત્વે સમગ્ર સંશોધન અહેવાલને પ્રકરણ પ્રમાણે દર્શાવવામાં આવે છે દરેક પ્રકરણમાં શાનો સમાવેશ કરેલો છે તેની મુખ્ય બાબતો મૂકવામાં આવે છે સાથે કયું પ્રકરણ કયા પાના નંબર ઉપર આવેલ છે તે દર્શાવવામાં આવે છે. જેથી સંશોધનને લગતી કોઈપણ માહિતી સંશોધક કે અન્ય અધ્યયનકર્તા ઝડપથી મેળવી શકે છે.

**5) સારણી સૂચિ**

અનુક્રમણિકા પછી સંશોધક સંશોધન અહેવાલમાં જેટલાં કોષ્ટકો મૂક્યા હોય ત્યાં તે કોષ્ટકોની યાદી સંશોધન અહેવાલમાં મૂકે છે. સારણી સૂચિમાં ક્રમબદ્ધ રીતે સારણી શીર્ષક અને તે કયા પાના નંબર ઉપર આવેલ છે તે દર્શાવવામાં આવે છે. જેથી સંશોધક કે અન્ય કોઈ અધ્યયનકર્તા જે સારણીની જરૂરિયાત હોય તે સારણી ઝડપથી મેળવી શકે છે.

**6) આલેખ/આકૃતિ**

સંશોધક પોતાના સંશોધન અહેવાલમાં જરૂર જણાય ત્યાં જુદાં જુદાં આલેખો કે આકૃતિઓ રજૂ કરે છે. જેથી અધ્યયનકર્તા અન્ય કોઈ સંશોધન સાથે સરખામણી કરે તો બંને વચ્ચેના તફાવતને ઝડપથી બતાવી શકે છે. આલેખ/આકૃતિનું શીર્ષક અને પાના નંબર દર્શાવે છે.

**7) સંજ્ઞાસૂચિઓની યાદી**

લંબાણપૂર્વકની માહિતી હોય ત્યાં સંશોધક સંજ્ઞાસૂચિનો ઉપયોગ કરે છે. સંજ્ઞાસૂચિમાં સંશોધક લંબાણવાળી માહિતી ટૂંકમાં દર્શાવવા માટે કોઈ સંજ્ઞા/નામ આપે છે. જે નામનાં આધારે તે શેની વિગત છે તે ઓળખવામાં આવે છે. દા.ત.ઉંમરનો સંજ્ઞા-1, શિક્ષણની સંજ્ઞા-2, આવકની સંજ્ઞા-3 વગેરે રીતે દર્શાવવામાં આવે છે.

**8) સંશોધન સારાંશ**

અહીં સંશોધક સમગ્ર સંશોધનનો સારાંશ રજૂ કરતાં નથી; પરંતુ, સમગ્ર સંશોધનમાં કઈ કઈ વિગતો ક્યાં ક્યાં મુક્વામાં આવી છે તે દર્શાવવામાં આવે છે.

ઉપરોક્ત મુજબ સંશોધન અહેવાલલેખનના પ્રથમ ભાગ પ્રાથમિક માહિતીમાં સમાવેશ કરવામાં આવે છે.

**મુખ્ય માહિતી**

સંશોધન અહેવાલની પ્રથમ ભાગમાં પ્રાથમિક માહિતી દર્શાવ્યા પછી બીજી ભાગમાં સંશોધન અંગેની મુખ્ય માહિતીનું વર્ણન કરવામાં આવે છે. મુખ્ય માહિતીને ત્રણ ભાગમાં રજૂ કરવામાં આવે છે.

1) પરિચયાત્મક વિભાગ

2) કાર્યપદ્ધતિ વિભાગ

3) પરિણામ વિભાગ

સંશોધનની મુખ્ય માહિતીને રજૂ કરતાં ત્રણ પેટાભાગો પૈકી પરિચયાત્મક વિભાગ વિશે જોઈએ તો-

**1) પરિચયાત્મક વિભાગ**

સંશોધકે સંશોધન માટે પસંદ કરેલ સમસ્યાનો વિસ્તૃત પરિચય સંશોધન અહેવાલમાં રજૂ થાય તે આવશ્યક છે. સંશોધન અહેવાલમાં રજૂ થાય તે આવશ્યક છે. સંશોધન અહેવાલમાં પરિચયાત્મક વિભાગ સંશોધક નીચેની બાબતોને ધ્યાનમાં રાખી શકે. આ વિભાગને પણ બે ભાગમાં રજૂ કરી શકાય.

**1) સંશોધનની સમસ્યા અંગેની વિગતો**

આ ભાગમાં બાબતોનો સમાવેશ કરી શકાયઃ

**પ્રાસ્તાવિક**

કોઈપણ બાબતની શરૂઆતમાં પૂર્વભૂમિકા બાંધવામાં આવે છે. પૂર્વભૂમિકામાં હાથ ધરાયેલ સંશોધનને ધ્યાનમાં રાખી તેનો પરિચય આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**સમસ્યાકથન**

અહીં સંશોધક સમસ્યા શું છે ? તેઓ શેના પર સંશોધન કરી રહ્યાં છે, તેનું સ્પષ્ટીકરણ દર્શાવે છે જેથી કોઈપણ અભ્યાસકર્તા સમસ્યા અંગેનો ખ્યાલ મળી શકે.

**સંશોધન સમસ્યાના વિષયવસ્તુને સંબંધિત વિગતો**

અહીં સંશોધનકર્તા સંશોધન સમસ્યાના વિષય વસ્તુને મુકવાનો પ્રયાસ કરે છે. આમાં થોડી બાબતો સાહિત્ય સમીક્ષાની પણ આવી જાય છે.

**અભ્યાસના હેતુઓ**

સંશોધક શા માટે સંશોધન કરે છે તેના માટે અહીં સંશોધન હેતુઓ દર્શાવે છે. જે હેતુઓને આધારે તે અભ્યાસની કામગીરી હાથ ધરે છે અને તે માટે પ્રાથમિક અને ગૌણ માહિતીનું એકત્રિકરણ કરે છે. અભ્યાસના હેતુઓ એ સંશોધન અહેવાલમાં હોવા આવશ્યક છે. કોઈપણ સંશોધન હેતુઓ વિના થઈ શકતું નથી.

**સંશોધનનું ક્ષેત્ર**

સંશોધનના ક્ષેત્રો વિશાળ છે. એટલે સંશોધકે જે ક્ષેત્રમાં સંશોધન હાથ ધર્યું હોય તેની વિગતો જેમાં ભૌગોલિક વિસ્તારની સાથોસાથ કયા ક્ષેત્રમાં સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક કે અન્ય ક્ષેત્રમાં સંશોધન કરવાના છે, તે દર્શાવે છે.

**સંશોધનના પ્રકાર**

અહીં સંશોધક પોતાનું સંશોધન કયા પ્રકારનું છે તે દર્શાવે છે. દા.ત.ગુણાત્મક પ્રકારનું છે કે સંખ્યાત્મક, મૂલ્યાંકન પ્રકારનું છે કે સરખામણી માટેનું, ઐતિહાસિક ઘટનાઓ સંબંધીઓ છે કે વર્તમાન પ્રવાહો સંબંધી છે. તે દર્શાવવાનો પ્રયાસ અહીં કરે છે.

**ઉત્કલ્પનાઓ**

ઉત્કલ્પના વિશે આપણે આગળ જોયું તેમ ઉત્કલ્પના એ હેતુઓને ધ્યાનમાં રાખી રચવામાં આવે છે. જેથી, સંશોધક સંશોધન અંગેની યોગ્ય માહિતી મેળવી શકે. ઉત્કલ્પનાથી સંશોધકને માહિતી એકત્રિત કરવાની દિશાઓ અને માર્ગદર્શન મળે છે.

**અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

સંશોધક પોતાના સંશોધનનાં જુદા જુદા ચલોનો ઉપયોગ કરે છે. આ ચલોનું સરળ ભાષામાં સામાન્યીકરણ અને સ્વાધ્યાયીકરણ સંશોધકે કરવાનું હોય છે. જેથી, સંશોધકે સંશોધનમાં કયા કયા ચલો ઉપયોગ કયો છે તેનો ખ્યાલ આવે છે.

**અભ્યાસની ઉપયોગિતા**

સંશોધનમાં સંશોધકનો પ્રયાસ કરે છે. જેથી સંશોધન અભ્યાસથી શું શું ફાયદો થશે અથવા કયા નવા જ્ઞાનનો વિકાસ થશે તે જાણી શકાય છે આ ઉપરાંત કોઈ ગ્રામીણ વિકાસની યોજના વિશે સંશોધન હાથ ધરવામાં આવેલ હોય તો સંશોધન અભ્યાસથી તેનાં પરિણામો જાણી શકાય છે. અને કંઈ તેમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો તે માટે જાતિ વિષયક બદલાવ માટે સૂચનો કરે છે એટલે અહીં સંશોધક સંશોધન અહેવાલમાં પોતાના અભ્યાસની અગત્યતા જણાવે છે.

**અભ્યાસનો વ્યાય**

સંશોધક જે સંશોધન કરવાના હોય તેનો વ્યાપવિશ્વ કેટલું છે તે દર્શાવવાનો પ્રયાસ અહીં કરે છે. જેનાથી ભૌગોલિક વ્યાય નક્કી કરી શકાય છે. દા.ત.પાણી અને સ્વચ્છતા સમસ્યા સમગ્ર વિશ્વમાં જોવા મળે છે; પરંતુ, સંશોધકના અભ્યાસનો વ્યાપ કે વિસ્તાર કેટલો છે, તે અહીં દર્શાવે છે.

**અભ્યાસની મર્યાદાઓ**

સંશોધન અહેવાલમાં સંશોધક પોતાના અભ્યાસની મર્યાદાઓ દર્શાવે છે. જેથી તેના પછી આગળ સંશોધન કરનારને યોગ્ય દિશા મળે છે અને સંશોધનમાં થયેલી ક્ષતિઓને દૂર કરી શકે છે.

**અભ્યાસની કાર્યરૂપરેખા**

સંશોધન સમસ્યા અંગેની વિગતો સંશોધક અહીં સંશોધન અભ્યાસ અને અહેવાલલેખનનાં પ્રકરણીકરણની વિગતો રજૂ કરે છે. જેમાં ક્યા પ્રકરણમાં શું સમાવિષ્ટ કરવામાં આવેલ છે જેની ટૂંકી વિગત પ્રકરણ પ્રમાણે રજૂ કરવામાં આવે છે.

**2) સમસ્યા સાથે સંબંધિત સાહિત્ય અંગેની વિગતો**

સંશોધન અહેવાલ લેખનનાં પરિચયાત્મક વિભાગમાં સમસ્યા સાથે સંબંધિત સાહિત્ય અંગેની વિગતો ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી સંશોધકે મૂકે છે.

**1) સંશોધન સમસ્યાને અનુરૂપ સૈદ્ધાંતિક માહિતી**

સંશોધન અહેવાલ લેખનમાં સંશોધનનું સૈદ્ધાંતિક દષ્ટિકોણ સ્પષ્ટ કરવા માટે સંશોધક અહીં સંશોધન અભ્યાસ સંબંધી સૈદ્ધાંતિક બાબતો રજૂ કરે છે. દા.ત.જમીન સંપાદન અને સજ્જડ (ખાસ ઈકોનોમીક જોન)ના સંદર્ભમાં અભ્યાસ હોય તો સંશોધન અહીં જમીન સંપાદન, એટલે શું ? તેની પ્રક્રિયા, તેના કાયદાઓ વગેરે અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એટલે શું ? તેમાં શેનો સમાવેશ થાય છે. દેશ દુકાળમાં અને રાજ્યમાં હાલમાં અંગેની શું સ્થિતિ, વગેરે બાબતોમાં સ્પષ્ટીકરણ માટે સૈદ્ધાંતિક બાબતો સંશોધક અહીં સંશોધન અહેવાલમાં રજૂ કરે છે.

**2) પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોનો સારાંશ રજૂ કરવો**

સંશોધન અહેવાલલેખન કરતી વખતે સંશોધકે જે વિષયમાં સંશોધન હાથ ધર્યું છે તે અંગે અગાઉ કયા પ્રકારનાં સંશોધનો થયા છે તેનો અભ્યાસ કરી ટૂંકમાં સારાંશ સંશોધન અભ્યાસ રજૂ કરે છે. ક્યારેક સંશોધન અહેવાલ વચ્ચે પરસ્પરની સામ્યતા, ભિન્નતા અને સામાન્યીકરણ પણ રજૂ કરવામાં આવે છે. પૂર્વે થયેલી સંશોધનોનાં અભ્યાસથી સંશોધકને પોતાના સંશોધનોમાં નવીનીકરણ લાવવાની દિશા મળે છે, એટલે સંશોધન અહેવાલમાં સંશોધકે હાથ ધરેલ સંશોધન અંગે પૂર્વે થયેલા સંશોધનમાં સારાંશ રજૂ કરે છે.

**3) સારાંશો પરથી સમીક્ષા**

સંશોધકે જે જે સંશોધન અભ્યાસોનો સારાંશ કર્યો હોય તેના પરથી સંશોધક સંશોધન અભ્યાસોની સમીક્ષા કરે છે. તેમાં એકબીજા સંશોધનની પરસ્પર તુલના કરવામાં આવે છે. વિભિન્નતા રજૂ કરવામાં આવે છે. તેમજ સામાન્યતા પણ રજૂ કરવામાં આવે છે. આ સમીક્ષા કરવાના કારણે સંશોધક આ સંશોધનોની મર્યાદા પણ જાણી શકે છે. આથી સંશોધક આ બધી મર્યાદાઓને દૂર કરી પોતાનું સંશોધન વધુ સારૂ થાય તેવા પ્રયત્નો કરી શકે છે. ટૂંકમાં, સંશોધન અહેવાલ લેખનમાં સંશોધક બીજા સંશોધનોની સમીક્ષા કરી તેની ખૂબ જ ટૂંકાણમાં વિગતો રજૂ કરે છે.

**4) સંશોધનની વિશેષતા**

અહીં સંશોધક પોતાના સંશોધન અભ્યાસની શું વિશેષતા છે તે દર્શાવે છે. તેમનું સંશોધન બીજા સંશોધનોથી કેવી રીતે જુદું પડે છે. તે જણાવે છે જેથી ક્યાંક પુનરાવર્તન તો નથી થયુંને

તેની જાણકારી પ્રાપ્ત થાય છે દા.ત.કેટલાક સંશોધનો સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય અને પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવેલ છે. સંશોધકનું સંશોધન ક્યા દષ્ટિકોણ  કરવામાં આવ્યું છે તેની વિશેષતા શું છે તે અહીં સંશોધન અહેવાલ લેખનમાં સંશોધક રજૂ કરે છે.

સંશોધન અહેવાલલેખનનાં પ્રથમ વિભાગ એટલે કે પરિચયાત્મક વિભાગમાં ઉપરોક્ત મુજબની વિગતો સમાવેશ સંશોધક કરે છે.

**2) કાર્યપદ્ધતિ વિભાગ**

સંશોધનકાર્યમાં સંશોધકે કયા કયા કાર્યો કઈ રીતે હાથ ધર્યા હતા તેની ઊંડાણપૂર્વકની વિગતો આ વિભાગમાં મુકવામાં આવે છે, જેને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**1) પદ્ધતિકીય બાબતો**

સંશોધન અહેવાલલેખનમાં પદ્ધતિકીય બાબતો અંગે સંશોધક ખાસ કરીને વ્યાપવિશ્વ, નમૂના પસંદગી, સંશોધન પદ્ધતિ, ઉપકરણ અને માહિતી એકત્રીકરણ પ્રયુક્તિઓ રજૂ છે. સંશોધક પોતાનું સંશોધનનું વ્યાપ વિશ્વ રજૂ કરે છે. જેનાથી સંશોધનનું ક્ષેત્ર કેટલું છે, તે જાણી શકાય છે. દા.ત.સમગ્ર રાજ્ય છે, કોઈ એક જિલ્લો છે કે તાલુકો છે. અથવા કોઈ એક તાલુકો પૈકીના ગામો છે તે સ્પષ્ટ થાય છે માટે નમૂના પસંદગી કરે છે. નક્કી કરેલ નમૂના પસંદગી કરવા સંશોધક પોતાના સંશોધનમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત થઈ શકે તે પ્રકારે નમૂના પસંદગી કરે છે. નમૂના પસંદગીની જુદી જુદી પદ્ધતિઓ પૈકી કઈ પદ્ધતિથી નમૂનો પસંદ કરવો તે નક્કી કરી શકે છે. અહીં, સંશોધક નમૂના કેવી રીતે પસંદ કરશે તે સંશોધન અહેવાલ લેખનમાં રજૂ કરે છે.

નમૂના પસંદગી કર્યા બાદ પસંદગી કરેલ નમૂના પાસેથી માહિતી એકત્રિત કરતા ક્યા પ્રકારનાં ઉપકરણની જરૂરિયાત છે અથવા કયા ઉપકરણની વધુ સારી સચોટ માહિતી મળી શકે તે પ્રકારનાં ઉપકરણની પસંદગી કરે છે. જે પસંદ કરેલ નમૂના પાસેથી પ્રશ્નાવલિ દ્વારા કે મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્રિત કરવી તે અહીં દર્શાવે છે અને તે પ્રમાણે ઉપકરણની રચના કરે છે. માહિતી એકત્રીકરણનાં ઉપકરણની રચના બાદ સંશોધકે માહિતી એકત્રિત કરવા માટે કયા ઉપકરણની તમે પ્રયુક્તિનો ઉપયોગ કર્યો તે અહીં રજૂ કરે છે. માહિતી એકત્રીકરણની જુદી જુદી પ્રયુક્તિઓ જેવી કે રૂબરૂ મુલાકાત, જૂથ ચર્ચા, ચાવીરૂપ માહિતી દાતા પાસેથી માહિતી એકત્રિત કરવી વગેરે પ્રયુક્તિનો ઉપયોગ સંશોધક કરે છે. તે અહીં અહેવાલલેખનમાં સંશોધક અહીં રજૂ કરે છે. ટૂંકમાં, સંશોધન અહેવાલલેખનનાં કાર્યપદ્ધતિ વિભાગમાં પદ્ધતિકીય બાબતોને રજૂ કરવામાં આવે છે.

**2) ઉપકરણની રચના અંગેની વિગતો**

માહિતી એકત્રીકરણ માટે સંશોધક કયા કયા ઉપકરણોનો ઉપયોગ કરશે, તે અહીં દર્શાવવામાં આવે છે. જેમાં ખાસ કરીને જે ઉપકરણની રચના કરવામાં આવી હોય તેમાં કંઈ કંઈ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે તે રજૂ કરે છે. તૈયાર થયેલ ઉપકરણને આખરી ઓપ આપતા

પહેલા સંશોધક વિષય નિષ્ણાંતો સાથે તેની ચર્ચા કરે છે. સમીક્ષા કરે છે. તેની નોંધ સંશોધન અહેવાલલેખનમાં સંશોધક અહીં કરે છે. ઉપકરણ વધુ સારૂ અને અસરકારક બનાવવા માટે ક્ષેત્રમાં તેની ચકાસણી કરવામાં આવે છે જેને ઉપકરણનું પૂર્વેક્ષણ તરીકે ઓળખી શકાય છે. સંશોધકે જે ઉપકરણની રચના કરી છે. તેની ચકાસણી કરવી તે ક્ષેત્રમાં જઈને સંભવિત નમૂના પાસેથી માહિતી એકત્રિત કરે છે. જેમાંથી તેમા ખૂટતી માહિતીનો સમાવેશ કરે છે અને કંઈ માહિતી વધારાની છે તેને દૂર કરે છે; આ ઉપરાંત ઉપકરણમાં કયા કયા સંભવિત નમૂનાને સમજવામાં મુશ્કેલી પડે છે.તેવા શબ્દોને સરળ ભાષામાં મૂકે છે અને તેમાં સુધારણા કરે છે. ટૂંકમાં,ક્ષેત્રમાં ઉપકરણની પૂર્વેક્ષણ કર્યા બાદ સુધારણા કરીને ઉપકરણને આખરી ઓપ આપે છે. જેનાથી તેની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતનામાં વધારો થાય છે. તેમજ ઉપકરણની રચના માટે માર્ગદર્શન પણ પ્રાપ્ત થાય છે. સંશોધક અહીં માહિતી એકત્રીકરણનાં ઉપકરણની રચના માટે જે જે પ્રયાસો અને પ્રક્રિયા કરે છે તેની વિગતો સંશોધન અહેવાલલેખનમાં રજૂ કરે છે. ઉપકરણની રચના અંગેની વિગતો સંશોધન અહેવાલલેખનમાં મુકવાથી તેની વિશ્વસનીયતા અને પારદર્શિકતામાં વધારો થાય છે.

**3) માહિતીના વિશ્લેષણ અંગેની વિગતો**

સંશોધન અહેવાલલેખનમાં સંશોધક પોતાના સંશોધનની પદ્ધતિકીય બાબતો, ઉપકરણની રચના અંગેની બાબતોને રજૂ કર્યા બાદ એકત્રિત માહિતીનું વિશ્લેષણ કેવી રીતે કરવામાં આવ્યું છે, તે રજૂ કરે છે. તેમાં ખાસ કરીને હેતુઓ અને ઉત્કલ્પનાઓનાં સંદર્ભમાં વિવિધ કોષ્ટકો દ્વારા વિશ્લેષણો અને અર્થઘટનો રજૂ કરે છે. તેની સાથે સાથે જરૂરી આલેખો રજૂ કરી કરવામાં આવેલ અર્થઘટનો દર્શાવે છે. સંશોધન અહેવાલલેખનમાં આ બાબત મૂકવી ખૂબ જ આવશ્યક છે. આ બાબતોનાં આધારે જ સંશોધક નિષ્કર્ષ પર આવી શકે છે અને નવા નવા તારણો તારવી શકે છે. ક્યારેક તારવવામાં આવેલ તારણોને અન્ય સંશોધનો કે માહિતી સાથે તુલના કરવામાં આવે છે. દા.ત. સંશોધન અહેવાલમાં પ્રાપ્તિ થયેલ સ્ત્રી-પુરૂષનો ગુણોત્તર, કુટુંબનું કદ વગેરે જેવી બાબતોની સેન્સર્સની માહિતી સાથે તુલના કરી શકાય છે. જે અહીં સંશોધન અહેવાલલેખનમાં સંશોધક રજૂ કરે છે.

**3) પરિણામ વિભાગ**

સંશોધન અહેવાલ લેખમાં મુખ્ય માહિતીનો આ ત્રીજો મહત્ત્વપૂર્ણ ભાગ છે. અહીં સંશોધક પોતાના સંશોધનમાંથી પ્રાપ્ત થયેલ પરિણામો દર્શાવે છે. સાથે સાથે અહીં સંશોધક ઉત્કલ્પનાની ચકાસણી રજૂ કરે છે. ભૂતકાળનાં સંશોધનોનાં તારણો સાથે તેની સરખામણી પણ કરે છે. જેનાથી તેના સંશોધનનાં જે હેતુઓ હતા તે હેતુઓ સંદર્ભે શું પરિણામો પ્રાપ્ત થયા તે જાણી શકાય છે. ઉપરાંત પ્રાપ્ત થયેલ પરિણામો આધારે કાર્યાત્મક પગલાંઓ પણ સૂચવે છે અને ભાવિ સંશોધકને દિશા સૂચન પણ પુરું પાડે છે. આ વિભાગમાં મુખ્યત્વે ઉત્કલ્પનાની ચકાસણીના સંદર્ભમાં અર્થઘટનોની રજૂઆત, પરિણામોની રજૂઆત, ભૂતકાળના સંશોધનો સાથે તુલના,

પરિણામો પરથી તારવેલા તારણો, સૂચિત ક્રિયાત્મક પગલાંઓ અને ભાવિ સંશોધનો અંગેની ભલામણો રજૂ કરે છે. સંશોધન અહેવાલલેખનમાં આ ભાગનું પણ ખૂબ જ મહત્ત્વ રહેલું છે.

સમાજકાર્ય સંશોધનમાં અહેવાલલેખન એ ખૂબ જ મહત્ત્વનું અંગ છે. સંશોધનની સફળતાનો આધાર અહેવાલલેખન ઉપર છે. ટૂંકમાં, સંશોધન અહેવાલ લેખન સારી અને સરળ ભાષામાં, રસપ્રદ અને સંબંધિત માહિતીનો ઉપયોગ કરી વાક્યોની ક્રમબદ્ધ ગોઠવણી કરી ભાષાકીય ભૂલો વિના કરવું જોઈએ; જેથી, અહેવાલ લેખનની સાર્થક નીવડી શકે.

**3) આધાર કે સંદર્ભ માહિતી**

સંશોધન અહેવાલનાં માળખાનો અંતિમ ભાગ છે આ ભાગમાં સંશોધક સંદર્ભસૂચિઓ માહિતી એકત્રિત કરવાનાં ઉપકરણો, સ્વ અધ્યયન સાહિત્ય રેકોર્ડીંગ દ્વારા એકત્રિત કરેલ માહિતી, શાખાઓ/પાત્રોનો યાદી, લખેલ પત્રો અને શબ્દસૂચિ મૂકે છે. સંશોધક પોતાના સંશોધન અહેવાલમાં વૈજ્ઞાનિક રીતે સંદર્ભસૂચિની રજૂઆત કરે છે. જેમાં સંદર્ભગ્રંથો, સામાયિકો, પત્રિકાઓ, માહિતી પુસ્તિકાઓ, સમાચાર પત્રોમાંથી પ્રાપ્તિ થયેલ માહિતીઓ વગેરે વિગતો સંદર્ભસૂચિમાં મૂકે છે. આ ઉપરાંત માહિતી એકત્રિત કરવા માટે જે જે ઉપકરણોની રચના કરી હોય તે સંશોધક અહીં રજૂ કરે છે. જેનાથી સંશોધકે પ્રાથમિક અને ગૌણ પ્રકારની માહિતી કેવી રીતે એકત્રિત કરી છે તેની જાણકારી મેળવી શકાય છે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. શાબ્દિકરૂપમાં આંકડાશાસ્ત્રને અંગ્રેજીમાં કયા નામે ઓળખાય છે ?

(A) તારણ (B) નિષ્કર્ષ

(C) પૃથક્કરણ (D) અહેવાલલેખન

2. અહેવાલલેખનની ઉપયોગીતા જણાવો.

(A) માહિતીની યોગ્ય રજૂઆત (B) સરળ વિશ્લેષણ, ખૂટતી માહિતી ઉમેરવી

(C) હેતુઓ અને પરિણામો વચ્ચે સંબંધ સ્પષ્ટ કરવો (D) ઉપરોક્ત તમામ

3. કયા પ્રોગ્રામના કારણે માહિતીનું કોષ્ટકીકરણ શક્ય બન્યું ?

(A) DATA (B) BTTA

(C) SPSS (D) Google

4. અહેવાલલેખનમાં મુખ્ય કેટલા ભાગ છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

5. મુખ્ય માહિતીમાં કઈ માહિતી આવે છે ?

(A) પરિચયાત્મક વિભાગ (B) કાર્યપદ્ધતિ વિભાગ

(C) પરિણામ વિભાગ (D) ઉપરોક્ત તમામ

## 4.6 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં સંશોધન અહેવાલલેખન એટલે શું ? તેની ઉપયોગિતા શું છે ? તેનાં હેતુઓ કયા છે પ્રશ્નો અંગે વર્ણન કરવામાં આવેલ છે અહેવાલલેખનની સામાન્ય સમજ સ્પષ્ટ થયા પછી ખરેખર સંશોધન અહેવાલલેખન કેવી રીતે લખી શકાય તેની જાણકારી સંશોધન અહેવાલલેખનનાં માળખા પરથી સ્પષ્ટ થશે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (4) અહેવાલ લેખન
2. (4) ઉપરોક્ત તમામ
3. (3) SPSS
4. (3) ત્રણ
5. (4) ઉપરોક્ત તમામ

## 4.8 ચાવીરૂપ શબ્દો :

- **અહેવાલલેખન :** સંશોધનકાર્ય પૂર્ણ થયા બાદ સંશોધક પદ્ધતિસરની નોંધ તૈયાર કરે છે તેને અહેવાલલેખન કહે છે.
- **અહેવાલલેખનનું માળખું :** અહેવાલલેખન નક્કી કરેલા માળખા અનુસાર તૈયાર કરવાની પ્રક્રિયા.

## 4.9 સ્વાધ્યાય લેખન

1. અહેવાલલેખનનો અર્થ અને વ્યાખ્યા આપી તેના હેતુઓની ચર્ચા કરો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

2. સંશોધન અહેવાલલેખનની ઉપયોગિતા વિશે વિગતે ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. સંશોધન અહેવાલ લેખનનું માળખું ટૂંકમાં જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 4.10 પ્રવૃત્તિ

1. અહેવાલ લેખનની ઉપયોગિતા ઉદાહરણ સાથે જણાવો.
2. અહેવલા લેખનના માળખનો ચાર્ટ બનાવો.

## 4.11 કેસસ્ટડી

1. ગરીબી રેખા હેઠળ જીવતા ગ્રામીણ લોકોની ગરીબીના કારણો અને ઉપાયો

   **નોંધ :** ઉપરોક્ત વિષય અંગે પ્રારંભિક વિભાગનો કાચો ડ્રાફ્ટ તૈયાર કરો.

2. તમારા સેન્ટર પરની લાઈબ્રેરીમાં અથવા કૉલેજની લાઈબ્રેરીમાં જુના સંશોધન જોઈને માળખાની સમજ મેળવી નોંધ તૈયાર કરો. શીખવા મળેલ બાબતોની નોંધ તૈયાર કરો.

## 4.12 સંદર્ભસૂચિ

1. સામાજિક સંશોધનની પદ્ધતિઓ. પ્રો.એ.જી.શાહ

પ્રો.જે.કે.દવે

અનડા, પ્રકાશન, અમદાવાદ

સુધારેલી બીજી આવૃત્તિ 2008-09

2. સમાજકાર્ય સંશોધન — ડૉ.દિપ્તી એસ.ક્યુરીયા

ડૉ.જિજ્ઞેશ બી.તાળા

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,

અમદાવાદ-01

પ્રથમ આવૃત્તિ

3. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. — ડૉ.હરિભાઈ જી. દેસાઈ

ડૉ.કૃષ્ણકાંત જી.દેસાઈ

યુનિવર્સિટી ગંર્થનિર્માણ બોર્ડ,

અમદાવાદ-01

આઠમી આવૃત્તિ

4. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર — ડૉ.આર.એસ.પટેલ

જય પબ્લિકેશન

અમદાવાદ

પ્રથમ આવૃત્તિ

5. શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર

ડી.એ. ઉચાટ

રાજકોટ.

6. સામાજિક સંશોધન પદ્ધતિઓ — સ્વ.ડૉ.અરવિંદરાય નારણજી દેસાઈ

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

અમદાવાદ

બીજી આવૃત્તિ

BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in